Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वीरेन्द्र



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

વૈતરણી તીરે

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ વાર્તાનો કથાપ્રદેશ ને પ્રકાર આપણે ત્યાં ખેડાએલા સાહિત્યમાં જરા જુદો તરી આવશે. મૂળ લેખક શ્રી. વનફૂલ ધંધે દાકતર છે. આ કૃતિમાં એમણે પોતાના દાકતરી જીવનના અનુભવોને શબ્દદેહ આપ્યો છે. અહીં આ વાર્તામાં વિશેષ કરીને મૃત્યુ પછીના જીવનને, જીવનને પેલે પારથી આવતી મૃત્યુ પામેલા-ઓની વાણીને–એમની વેદનાને અને વ્યથાને, એમનાં સુખ દુઃખને, એમના એકરારને અને એમના આત્માને લેખક વાચા આપે છે.

મૃત્યુ પછીના જીવન વિષે આપણા સાહિ-ત્યમાં કેટલું ખેડાણ થયું છે એની ખબર નથી. પરંતુ 'વૈતરણી તીરે' એવા સાહિત્યમાં એક ગણનાપાત્ર કૃતિ થશે એવી શ્રદ્ધા છે. અહીં રજુ થતાં શબ્દશિલ્પમાં આત્મનિરક્ષણયુક્ત સમાજદર્શન દેખા દે છે. આ દર્શન જેટલું વેધક છે એટલું જ સહૃદય પણ છે અને લેખક-નું સામર્થ્ય પણ એમાં જ રહ્યું છે.

આવી આ નવતર ને પ્રાણભરી કથાને ગૂજરાત આવકારશે એવી શ્રદ્ધા છે.

ग/१६
४७८
कार की निशानियां
जन पन्द्रह दिन से
ने पास नहीं रख
के लिये पुनः आज्ञा

એ ૪. કે. મે ઘા ણી
૧૪ • અમરતલ્લા • કલકત્તા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri





स्टाक प्रमाणीकरण ११८४-११८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી૦ બલાઇચાંદ મુખોપાધ્યાય ('વનફૂલ') કૃત

વૈતરણી તીરે

અનુવાદક

રમણિક મેઘાણી

પ્રકાશક

એલ. કે. મેઘાણી

પુસ્તક-પ્રકાશક અને વિક્રેતા

૧૪, અમરતલ્લા સ્ટ્રીટ કલકત્તા ૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂળ લેખકની પરવાનગી મેળવીને પ્રગટ
થતાં આ પુસ્તકના ગ્રંથ સ્વામિત્વના
સર્વ હક્ક અનુવાદકને સ્વાધીન છે.

વૈતરણી તીરે
પ્રથમ આવૃત્તિ ૧૨૫૦
જાન્યુઆરી ૧૯૫૦
કિંમત
સવા બે રૂપિયા

અનુવાદકની અન્ય કૃતિઓ

પ્રગટ

૦ તણખલાં ૦ ચિત્રલેખા ૦ મન્વંતર ૦ શેષ સંભારણાં ૦ મરુભૂમિમાં

પ્રેસમાં

મૂંગું રુદન

અપ્રગટ

૦ દ્વીપાન્તર ૦ અજ્ઞેયની વાર્તાઓ ૦ સત્યાન્વેષી ૦ ભૂલીનાઈ
૦ જીવનની પગથારેથી ૦ ગુરુદેવ-અમારે આંગણે વગેરે.

મુદ્રક: જયંતિ ચેલાભાઈ દલાલ, વસંત પ્રિન્ટીંગ પ્રેસ, ખીકાંટા અમદાવાદ
પ્રકાશક: એલ. કે. મેઘાણી, ૧૪ અમરતલા સ્ટ્રીટ, કલકત્તા ૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્પણ

દાક્તર તરીકેની પોતાની ફરજ આખર સુધી
બજાવતાં બજાવતાં મુંબઇના કોમી રમખાણમાં
એક પાગલ ગુંડાની છરીનો ભોગ બની ગયેલા

મારા પૂજ્ય કાકા

સ્વ. દાકતર મેઘાણીને

(ડૉ. વ્રજલાલ ધરમચંદ મેઘાણી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'માણસનાં દરદોનો કંઈ પાર છે! અને અમારા અજ્ઞાનનો યે કયાં પાર છે! અમે છીએ એ હતભાગી તણખલાં, જેને હાડચામનાં બનેલાં માનવી, સંસાર-પૂરમાં ડૂબતાં ડૂબતાં તણખલાં જાણવા છતાં યે હાથ લંબાવી પકડે છે. અમેયે જઈએ છીએ બસ તણાતા-ડૂબનારાં કોઈક દિન અમારા તરફ હાથ લંબાવે એ આશાએ' — વાર્તાલેખક

क्षमा याचना

આ પુસ્તકના પ્રકાશનમાં મુદ્રક, પ્રકાશક, મિત્રો સૌની શુભેચ્છા છતાં રહી જવા પામેલા મુદ્રણ દોષો માટે સર્વ વાંચકો, વિવેચકો, અભ્યાસીઓ અને મુદ્રણ વિશારદોની અંતઃકરણપૂર્વક ક્ષમા યાચું છું. આ અંગે વધુ ખુલાસો અંદર 'થોડીક પેટ છુટી-'માં કર્યો છે. રમણિક મેઘાણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડીક પેટછુટી—

ફૂલછાબ નવપ્રકાશન શ્રેણીમાં ૧૯૪૩ માં પ્રથમ પ્રગટ થયેલ અને પછી ચાર જ મહિનામાં બીજી આવૃત્તિમાં પ્રવેશ પામેલ 'તણખલાં'ને મળેલા ઉમળકાભર્યા આવકારને પરિણામે એજ લેખકની બીજી એવીજ સુંદર કૃતિને ગુજરાતીમાં રજુ કરવાનું મન થયું, ને પરિણામે 'વૈતરણી તીરે' બંગાળીમાંથી ગુજરાતીમાં અવતાર પામ્યું.

પ્રસ્તુત અનુવાદનાં પ્રકાશન માટે ઘણાં પરિચિત પ્રકાશક મિત્રો સાથે વાતચિત થઈ, પણ ત્રણ કે પાંચ વરસે માંડ હજાર–બારસો પ્રત ઉપડતી હોઈ દસ ટકા જેટલી રોયલ્ટી મૂળ લેખકને આપવી આપણાં પ્રકાશકોને પોસાતી નથી, અને તેથી આનું પ્રકાશન આખરે હું જાતેજ કરી રહ્યો છું.

'વૈતરણી તીરે'નો કથા પ્રદેશ અને વાર્તા પ્રકાર આપણે ત્યાં ખેડાયેલા સાહિત્યમાં જરા જૂદો તરી આવશે એમ લાગે છે. મૂળ લેખક શ્રી વનફૂલ (બલાઈચાંદ મુખોપાધ્યાય) ધંધે દાક્તર છે. "તણખલાં"ની જેમ અહીં આ કૃતિમાં પણ એમણે પોતાનાં દાક્તરી જીવનનાં અનુભવોને શબ્દદેહ આપ્યો છે. પરંતુ અહીં વિશેષ કરીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
पुस्तकालय
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
મૃત્યુ પછીનાં જીવનને, જીવનને પેલેપારથી આવતી મૃત્યુ પામેલાઓની વાણીને,–એમની વેદનાને અને વ્યથાને, એમનાં સુખ–દુઃખને, એમના એકરારને અને એમના આત્માને લેખક વાચા આપે છે.

મૃત્યુ પછીનાં જીવન વિષે આપણાં સાહિત્યમાં કેટલું ખેડાણ થયું છે એની ખબર નથી. પરંતુ 'વૈતરણી તીરે' એવા સાહિત્યમાં એક ગણનાપાત્ર કૃતિ થશે એવી શ્રદ્ધા છે. અહીં રજુ થતાં શબ્દ-શિલ્પમાં આત્મનિરિક્ષણયુક્ત સમાજદર્શન દેખા દે છે. આ દર્શન જેટલું વેધક છે એટલું જ સહૃદય પણ છે અને લેખકનું સામર્થ્ય પણ એમાં જ રહ્યું છે.

'તણખલાં'ની બીજી આવૃત્તિ પણ સારો આદર પામી હતી, પરંતુ કેટલાંક કારણોસર એની નવી આવૃત્તિ થઈ શકી નહોતી. લગભગ પાંચેક વરસથી અપ્રાપ્ય થયેલ એ કૃતિને આ 'વૈતરણી તીરે' સાથે શામિલ કરી દઉં છું. બંનેનું વાર્તા–વસ્તુ, કથન–પ્રકાર, અને લેખક પણ એકજ હોઈ ને એમ કરવામાં ઔચિત્ય પણ છે જ.

ગુજરાતી સાહિત્યનાં મુદ્રણ–પ્રકાશનનાં આદિ કેન્દ્ર જેવા અમદાવાદ–મુંબઈથી કલકત્તા ઘણું ઘણું દૂર હોઈને આ પુસ્તકના મુદ્રણ અંગેની બધી વ્યવસ્થા ભારતી સાહિત્ય સંઘ લિ૦ નાં કુશળ સંચાલક શ્રી. ઈશ્વરલાલ દવે તથા ગતિ–રેખા અને વસંત પ્રેસના બાહોશ સંચાલક શ્રી. જયંતિ દલાલ હસ્તક રાખી હતી, તેમજ પ્રુફ સુધારણાનું કામ પણ શ્રદ્ધા હતી તેવા એક જાણીતા ભાઈને સોંપેલું. આમ સારાં ને સુંદર પ્રકાશન માટેની બધીયે ઈચ્છા અને વ્યવસ્થા હોવા છતાં પ્રુફરિડર અને પ્રેસની જબ્બર શરતચૂકને કારણે આ પ્રકાશનને અત્યંત સહેવું પડયું છે તે જોઈ દિલ બળી જાય છે.

આકરી મોંઘવારી ન હોત તો કદાચ આ આખું પ્રકાશન નવેસરથી કરવાનું મને ગમત, પણ આજના સંજોગોમાં એ બહુ આકરું થઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
પડે એમ છે, એટલે છેલ્લે જરૂરી શુદ્ધિપત્રક જોડી આ પ્રકાશનને જેવા છે એવા રૂપે જ ગુજરાત પાસે સાદર રજૂ કરું છું. સુજ્ઞ વાચકો અને વિવેચકો આ પ્રકાશન અંગેનું મારું અંતર-દુઃખ સમજશે એવી શ્રદ્ધા છે.

ભવિષ્યમાં નવી આવૃત્તિ વેળા આ કૃતિ સંપૂર્ણપણે દોષ મુક્ત રહે તેવી કાળજી રખાશે. 'વૈતરણી-તીરે' તથા 'તણખલાં'માં વચ્ચે વચ્ચે આવતાં કાવ્યો પણ પદ્યાનુવાદ સાથે આપવાનો ઇરાદો છે.

મૂળ લેખક શ્રી વનફૂલનો એમણે આપેલ પરવાનગી માટે આભાર માનું છું. તેમજ આ પ્રકાશન અંગેની બધીજ વ્યવસ્થામાં હાર્દિક સહકાર આપવા બદલ શ્રી ઈશ્વરભાઈ દવે તથા શ્રી. જયંતિ દલાલને પણ કેમ ભૂલી શકું ?

૧૪ અમરતલ્લા સ્ટ્રીટ
કલકત્તા ૧.
તા૦ ૨૧-૧૨-૪૯.

રમણિક મેઘાણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તણુખલાં
પ્રથમ આવૃત્તિ

ફૂલછાબ નવપ્રકાશન શ્રેણીના સંપાદકનું નિવેદન.

નવપ્રકાશન શ્રેણીનાં બેઉ ઝૂમખાં મળીને કુલ બાર પુસ્તિકાઓ આજે પૂરી થાય છે. વાચકોએ એને સારી પેઠે સત્કારી છે. એનું સ્થાન સ્થાયી બન્યું છે. આથી પ્રોત્સાહન પામીને ત્રીજું એક ઝૂમખું પણ વિચારી રહ્યા છીએ. જાહેરાત માટે 'ફૂલછાબ' જોતા રહેજો.

બારેમાં આ છેલ્લી એક જ પુસ્તિકા અનુવાદ છે, અને તે બેધડક પિરસવા લાયક લાગી છે. અનુવાદ અનાયાસે અમારા હાથમાં આવ્યો. સમાજના જીવનનાં અંતસ્તલો સુધી પહોંચનાર એક સહૃદયી લેખકનું ઉત્કટ આત્મમંથનયુક્ત આ જીવન-દર્શન છે. એ દર્શન એક ડૉકટરે કરેલું છે. 'વનફૂલ' તખલ્લુસધારી અસલ તો શ્રી. બલાઈચાંદ મુખોપાધ્યાય નામના બંગાળી ડૉકટર છે. એમણે રજૂ કરેલાં આ ચિત્રો કશા જ મોટા ફેરફાર વગર આપણા સમાજ-જીવનને પણ લાગુ પડે તેવાં છે. અને એની નિરૂપણ-પદ્ધતિમાં પ્રબળ ઊર્મિવેગ સાથે વાણીસંયમનો જે સુમેળ વરતો છે તે એને ગુજરાત આગળ મૂકવાને વધુ પાત્ર બનાવે છે.

આવું તો આપણા ડૉકટરો યે લખી શકે—એકલા ડૉકટરો જ શા માટે? વકીલો, પોલીસ અમલદારો, રેલ્વેના ટીકીટ-ચેકરો વગેરે જે જે વર્ગો રોજીંદા પ્રજાજીવનની ખરી આંતરદશાના ગાઢ તેમ જ સીધા સંપર્કમાં આવે છે, તેમાંની અનેક વ્યક્તિઓ આવા ચિતારો ઉતારી શકે. આપણા ડૉ. પ્રાણજીવનદાસ મહેતાએ પણ 'ઓપરેશન કોનું અને બીજી વાતો' લખ્યું છે. ડૉ. વૃજલાલ મેઘાણી પણ મુંબઇ શહેર સુધરાઈની પોતાની નોકરીમાં નિરખેલ કંગાલ-જીવનના નર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારને પોતાની કલમે બોલતું કરતા રહે છે. પરંતુ આ પુસ્તકની વિશેષતા એના શબ્દ–શિલ્પમાં રહેલી છે. આ ચિત્રાંકનનું સાચું બળ આ સમાજદર્શકની સહૃદય, તિરસ્કારવિહીન અને ક્ષમાવંત જીવન-દૃષ્ટિમાં રહ્યું છે. લેખક પોતે આધુનિક બંગાળના જાણીતા સાહિત્યકાર છે.

'ડૉક્ટર સાહેબ!'

'કોણ એ? અંદર આવો.'

એ શબ્દોથી શરૂ થતા પ્રસંગોનો જે ઉઠાવ પોતે પોતાની અંતઃપીડિત એકલતાની વેદનામધુર પળોમાંથી કરે છે તેના તો હૈયે ચિરભણકાર રહી જશે.

અનુવાદક ભાઈ રમણિક મારો સગો ભત્રીજો છે. કલકત્તામાં એ પોતાનો ધંધો બેડે છે. અનુભવની શાળામાં જ ઉછરેલો શીખેલો, હજુ તો જીવનના ઉંબર પર ઊભેલો જુવાન છે. સાહિત્યનો એ સર્વરસગ્રાહી, બિનધંધાર્થી ઉપાસક છે. આ ભાષાન્તર મને દોષમુક્ત તેમ જ ભાવવાહી લાગ્યું. એની ગુજરાતી હથોટી મજબુત માલમ પડી છે.

ઝવેરચંદ મેઘાણી

અનુવાદકનું નિવેદન

'ટ્રેનમાં વાંચવા માટે એકાદ સારું પુસ્તક આપો ને?' ગયા ડિસેમ્બરમાં વ્યવસાયાર્થે મારે મુંબઈથી કલકત્તા જવાનું થતાં, મેં અમારા મલાડના પાડોશી, મુરબ્બી અને સહૃદય મિત્ર જેવા શ્રી. શરદિન્દુ બન્દ્યોપાધ્યાયને કહ્યું. અને એમણે શ્રી 'વનફૂલ'નું 'તૃણખંડ' મારા હાથમાં મૂક્યું.

ટ્રેનમાં મેં પુસ્તક ઉઘાડ્યું, વાંચવું શરૂ કર્યું અને પૂરું કર્યા વિના હું એને નીચે મૂકી શક્યો નહિ. 'તૃણખંડ' મને એટલું બધું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગમ્યું કે એને મેં ગુજરાતીમાં ઉતાર્યું ત્યારે જ મને જંપ વળ્યો. મૂળ પુસ્તકમાં વચ્ચે આવતાં કાવ્યો મેં ઉતાર્યાં નથી. છતાં એથી અનુવાદમાં રસક્ષતિ થતી નથી.

શ્રી શરદિન્દુ બાબુના મારા પરના પ્રેમ માટે અને શ્રી 'વન-ફૂલ'નો એમણે આપેલી પરવાનગી માટે હું આભારી થયો છું. ફૂલછાબ નવપ્રકાશન શ્રેણીમાં આની માગણી થતાં તે તક મેં સહર્ષ ઝડપી છે, કારણ કે આ પ્રકાશન સંસ્થાને એની વિશિષ્ટ પ્રતિષ્ઠા છે.

સૌરાષ્ટ્ર કાર્યાલય રાણપુર
તા. ૧૫-૬-૪૩ } રમણિક મેઘાણી

બીજી આવૃત્તિ વેળા

'તણખલાં' તો ધાર્યા કરતાં વધુ વખણાયું. મૂળ અને અનુવાદ બન્ને બહુ આદરપાત્ર બન્યાં. અનુવાદકની કારકીર્દીનો એ શુકનવંતો પ્રારંભ ગણાય. આશિષ આપું છું કે એની સાહિત્યો-પાસના સદૈવ આવી ગંભીર રહે. આ વખતે તો પુંઠા પરનું ચિત્ર પણ ઉમેરાયું છે.

નૂતન વર્ષ
વિ સં. ૨૦૦૦. તા. ૩૦-૧૦-૪૩ ઝવેરચંદ મેઘાણી

ત્રીજી આવૃત્તિ—

સદરહુ કૃતિની ત્રીજી આવૃત્તિ જુદી પુસ્તિકા રૂપે ન કરતાં હવે એને એજ લેખકની એવીજ બીજી કૃતિ 'વૈતરણી તીરે' સાથે સાંકળી લીધી છે. હવે પછીની આવૃત્તિમાં મૂળનાં ગીતો પણ મૂકવાનો ઈરાદો છે.

૨. મે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૈતરણી તીરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૈતરણી તીરે

મુર્દાં એની વાત કહેતા હતા.

આજે આ અંધારી ને કમનસીબ રાતે ટોળેટોળાં મુર્દાંઓ મને ઘેરીને ઊભાં છે. એ સહુ પોતપોતાની જીવનકથા કહેવા જાણે વ્યાકુળ ને વ્યગ્ર બન્યાં છે. અને માત્ર જીવનકથા જ નહિ, મરણકથા પણ. આમાંનાં ઘણાંની મરણકથા જાણું છું એમ આજ સુધી હું માનતો હતો, પણ આજે જોઉં છું કે હું જે જાણતો હતો તે સત્ય નહોતું. આજે એ સમજી શક્યો કે કોઈપણ ઘટનાનું મૂળ કારણ નક્કી કરવું આપણાં માટે લગભગ અસંભવિત જ છે. વસ્તુ માત્રને ઓળખવા આપણે આપણી યા અન્યની પંચેન્દ્રિયોની મદદ લઈએ છીએ, પરંતુ આજે મનમાં થાય છે કે આપણી આ પંચેન્દ્રિયો મિથ્યાવાદી છે. કદાચ આ મારી ભ્રાન્તિ યા ભૂલ પણ હોય, પરન્તુ મનમાં તો એમ જ લાગે છે.

હું દાક્તર છું. સરકારી નોકરી કરું છું. મારા નિત્યનાં કર્તવ્ય તરીકે મારે મુર્દાં ચીરવાનાં હોય છે. આજ સુધીમાં અનેક મુર્દાં ચીર્યાં છે. એક બે નહિ પણ અનેક. એ સૌની વાત અને આકૃતિ મારા સ્મૃતિપટ પર બરાબર આલેખાઈ ચૂકી છે. કંઈ જ ભૂલ્યો નથી. એમાંનું કંઈજ હું વિસર્યો નથી–વિસરી શક્યો નથી.

આપઘાત કરીને મરનારાઓ આજે ટોળે વળીને અહીં આવીને ઊભા છે. પોતપોતાના જીવન અને મરણની સત્યકથાઓ તેઓ કહ્યે જાય છે. જાણે બોલતું છાયા ચિત્ર. હું એકલો બેઠો બેઠો એમનો એ કલરવ સાંભળું છું. આંખમાં મારે ઊંઘ નથી. રાત્રે હું ઊંઘી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકતો નથી, કેમેય કરીને ઊંઘ આવતી નથી. હાથમાં એક ચોપડી લઈને જાગતો બેઠો છું.

કેટલાકનાં હોઠ અફીણનાં વિષથી સાવ નીલા પડી ગયાં હતાં તો કેટલાકના ગળે હજુયે કસકસાવીને બાંધેલી દોરી નજરે ચડતી હતી. ને એની અચળ સ્થિર આંખો ફાટેલી ને લોહિયાળ જણાતી હતી, કેટલાક આખાયે શરીરે સળગી ગયેલાં દેખાતાં હતાં, અને હજુયે એમાંથી ઘાસલેટની વાસ આવતી હતી. કોઈ ડૂબીને મર્યું હતું, જેનું શરીર કોહવાઈને ફૂલી ગયું હતું, વિવિધ આકારનાં અનેક મુર્દાં ઊભા હતાં. આ બધાં શું ખરે જ મુર્દાં હતાં? પણ હજુ તો એમનામાં સુખ-દુઃખ, સ્મૃતિ-વિસ્મૃતિ, વ્યથા-વેદના, પ્રેમ-ઘૃણા બધું જ જીવતું જાગતું છે. આપણી જેમ એ બધા પણ નિજ નિજની વાત કહેવા વ્યગ્ર બન્યા છે, તેમ છતાં શું આ બધાં મુર્દાં છે?

હા, મુર્દાં, અને છતાં એ બધાં જ બોલે છે.

એ બધાં જ પોતાની વાત કહેવા ઇચ્છે છે.

એ બધાં જ કહેવા માગે છે કે-"તમે કોઈ અમને ઓળખી યા સમજી શકતા નથી તેથી જ અમારી ઘૃણા કરો છો, જો તમે અમને ઓળખી-સમજી શકતા હોત તો તમે સૌ અમને ચાહત. કાયદાનાં કઠોર કારાગારની લોખંડી દિવાલો સાથે માથું અફાળી અફાળીને અમે મુક્તિની આશાએ મર્યાં, પણ અમારી એ આશા સફળ ન થઈ. મુક્તિ અમને મળી નહિ. હજુયે કારાગારમાં જ પડ્યા છીએ, નિર્મમ સ્મૃતિના ભીષણ કારાગારમાં. એ જ મુક્તિની આશાએ અહીં પણ એ કારાગારનાં લોખંડી દરવાજા સાથે માથું અફાળીએ છીએ. પરંતુ મુક્તિ જેવું કંઈ છે પણ ખરું? આપણે જેને મુક્તિ માનીએ છીએ તે એક બીજું નવીન બંધન જ નથી શું? કેવું નિષ્ઠુર છે એ બંધન! કેવી દારુણ છે એની વ્યથા-વેદના! અમારી દુઃખ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કથા સાંભળશો?"

"સાંભળું છું."

"તમે તો જાણો છો ને કે હું અફીણ ઘોળીને મરી હતી. મારું પેટ ચીરીને તમે એ જાહેર કરેલું. છરી વડે મારું પેટ ચીરેલું. ઓ...કેવી ગઝબની ધારદાર હતી તમારી છરીઓ ને કેવી ચમકતી! પણ એક વાત તમે નથી જાણી શકયા, દાક્તર બાબુ! અફીણ ઘોળ્યાં પહેલાં જ હું મરી ગઈ હતી, ને એ વાત મારા પેટમાં નહોતી. એ હતી મારા મનમાં. ને મનને તો ઓછું તમે છરી વડે ચીરી શકો છો? ભલેને ગમે તેટલી ધારદાર છરી તમારી પાસે હોય-"

એક નવયૌવના, સોળેક વર્ષની સૌન્દર્યવતી સ્ત્રી. એનો ચહેરો હજુયે કોમળ હતો. આવું મઝાનું રૂપાળું શરીર અફીણના વિષથી નીલવર્ણું થઈ ગયું હતું. જાણે અધ-ખીલ્યું નીલપદ્મ. જરાવાર રહીને એ ફરીથી બોલવા લાગી.

"હા, હું એ ઝેર પીધાં પહેલાં જ મરી પરવારી હતી, મૃત્યુ કેટલા પ્રકારના થાય છે તે જાણો છો? તમે તો દિ'રાત આ મુર્દાં ચીરવા-ચુંથવાનું કામ જ કરો છો. આત્મા અમર કહેવાય છે એ તો જાણો છો ને? પણ એ ખોટી વાત છે. આત્મા પણ મરે છે. તમારી આજુ-બાજુ કેટલાયે જીવંત મુર્દાં ફર્યાં કરે છે એ તમે જો જાણી શકતા હોત! એમાંનું કો'ક કદાચ તમારો ખાસ મિત્ર હશે, કો'ક કદાચ તમારા પિતા હશે, કો'ક કદાચ તમારી પત્ની હશે. ઘણાંના આત્મા મરી ગયા હોય છે પણ તમે એ જાણી નથી શકતા. એમનાં મૃત આત્માની દુર્ગંધ એમની વાતોમાં, વ્યવહારમાં અને વિચારો વાટે સહુને અસ્થિર કરી મૂકે છે ને છતાં તમે સમજી શકતા નથી કે એ મુર્દાં છે. છતાં એમને તમે સળગાવી મૂકતા નથી. મારો આત્મા પણ મરી ચૂકયો હતો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આટલું કહી જરા હસીને એ આગળ બોલી—

"તમે ધારતા હશો કે હવે કંઈક પ્રેમની વાતો શરૂ થશે, પ્રેમની નહિ પણ મૃત્યુની. એ પ્રણયી નહોતો, યમ હતો. પણ શું મનોહર હતો એ. એનો બહુ દોષ પણ નહોતો. મેં જ એને ફાંસલામાં લીધો હતો. મેં જ મારા મોતને બોલાવ્યું હતું. મદારી જેમ સાપ સાથે રમે છે, તેમ હું પણ બરાબર એ રીતે જ એની સાથે રમત રમતી હતી. મારી મોરલીનાં સૂરે મુગ્ધ બની એ ચમકતા ચપળ વિષધરે ફેટફેટલાયે બેલ કર્યા હતા એની ફેણ પહોળાવીને. અને મારી કરામત પર હું પોતે જ મુગ્ધ થઈ જતી. પરંતુ એક દિવસ એ મને કરડ્યો, કાળ-કરાળ થઈને કરડ્યો ને હું મૃત્યુ પામી." આટલું કહી એ ચૂપ થઈ ગઈ.

મારા ટેબલ લેમ્પની પ્રદક્ષિણા ફરતા નાના-મોટાં વિવિધરંગી જીવડાંઓ ચક્રાવે ફરતા હતા. એકાએક એક મોટું રંગીન પતંગિયું આવી પાંખ ફફડાવતું ચિમનીનાં કાચ સાથે અફળાયું ને અમે બેઉ મૂંગા મૂંગા એ તરફ જોઈ રહ્યા.

એ ફરીથી ધીરે ધીરે બોલવા લાગી—"મારા એ મોતની ખબર તમને નથી પડી ડાક્તર બાબુ. એ બહુ શોચનીય મૃત્યુ હતું. મા થઈને પોતે જ પોતાનાં બાળકને મારી નાંખવું, હસશો નહિ. મેં એકલે હાથે એ હત્યા નથી કરી. સમાજે એ બાળકનાં પગ ઝાલ્યા હતા, શાસ્ત્રે એના હાથ ઝાલ્યા હતા, ને મેં મારા ડાબે હાથે એની ડોક દબાવી દીધી હતી. રૂંધાતો આર્ત્તનાદ કરી એ મરી ગયું અને એની સાથોસાથ હું પણ મૃત્યુ પામી. વિચારણીય છે એ મૃત્યુ, છતાં સમાજ હજુ મર્યો નથી, ને શાસ્ત્ર પણ હજુયે જીવતાં જ છે. મારા આ મોતની વાત તમે જાણતા'તા?"

"ના."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મારી વાત માન્યામાં આવે છે?"

"મને તો કંઈજ માન્યામાં આવતું નથી."

"મારી વાત માન્યામાં નથી આવતી?"

"ના."

"શા માટે?" આટલું કહી એ આતુરતાપૂર્વક મારી તરફ જોઈ રહી. એની આંખોમાંથી એક અવ્યક્ત વેદના જાણે નીંગળતી હતી. વિનતી કરતા એ ફરી બોલી—"બોટું હું બોલતી નથી, ડાક્તર બાબુ! જીવતાજીવત ઘણીવાર જૂઠું બોલી છું. પણ હવે—અત્યારે જે કંઈ બોલું છું એ પૂરેપૂરું સત્ય છે!"

"કોણ જાણે કદાચ સાચું યે હોય. કદાચ આ બધું જ આપણી કલ્પના યે હોય. હું મારા પોતાનાં ઉપર પણ હવે વિશ્વાસ મૂકતો નથી."

"પરંતુ મારી આ વાત બાત્રીપૂર્વક માનજો કે અફીણ બાર્યા ને મારૂં આ શરીર પછી મર્યું હતું. હું તો એ પહેલાં જ મૃત્યુ પામી હતી. મારૂં એ શબજીવન વહેતી હું જીવી શકતી ન હતી, અને એથી એમાંથી બચવાની આશાએ મેં અફીણ ઘોળ્યું હતું. હવે હું બચવા ઇચ્છું છું, સમસ્ત અંતઃકરણપૂર્વક જીવવા ઇચ્છું છું-બરૂં માનજો....."

એને વચ્ચે જ અટકાવી એક જુવાન આગળ આવ્યો. એની માથાની બોપરી ફાટી ગઈ હતી, ને એની એક તરડમાંથી થોડું એવું મગજ બહાર ધસી આવ્યું હતું. આબે ચહેરે અણિયાળા દાઢી મુછ હતા. કોણ જાણે કેટલાયે દિવસથી ઉતરાવ્યા નહિ હોય.

એ જુવાન બોલવા લાગ્યો—"જુઓ. આ પૃથ્વી પરના માનવી પાસે દુઃખ રોવું નકામું છે, તે હજુયે સમજ્યા નથી શું? તેઓ જ્યાં સુધી જીવતા હોય છે ત્યાં સુધી સ્વાર્થ સિવાય બીજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ વાત જાણતા જ નથી–જાણી શકતા જ નથી, તેઓ સ્વાર્થરૂપી કસોટીના પાણાં પર જેનો ઘસરકો બરાબર આવે છે તેવા એક પ્રકારનાં સુવર્ણને જ ઓળખે છે. પૃથ્વી પરની બાકીની બીજી બધી જ ચીજો એમને માટે નકામી છે."

આટલું બોલી જરા આગળ આવી મારા ટેબલ લેમ્પ ઉપર ઝૂકી એ ત્યાં ફરતાં જીવડાંઓ તરફ જોવા લાગ્યો. વિવિધ વિચિત્ર વર્ણાં પતંગિયાઓ તરફ થોડી વાર એકટશે જોઈ રહ્યા બાદ હસતો હસતો તે બોલ્યો—

"જીવતો હતો ત્યારે આ બધા પર કવિતા લખતો, કોણ જાણે કેટકેટલીયે ઉપમાઓ આપી હતી. સ્ત્રી જાણે શમા છે અને પુરુષ જાણે પરવાનો. શમા પર મુગ્ધ થઈ પરવાનો એનાં પર ઝંપલાવે છે ને સળગીને ખાક થઈ જાય છે. છે ને ગઝબની ફક્કડ મુખરોચક ઉપમા!" ને પછી થોડીવાર સુધી એ શમા પાછળ પાગલ પરવાનાઓ તરફ જોઈ રહ્યો. અને પછી પેલી સ્ત્રી તરફ જોઈને બોલ્યો.

"પૃથ્વી પરના માણસો એક સ્વાર્થની વાત સિવાય બીજું કંઈ સમજ્યા જ નથી, સમજતા જ નથી. તેઓ નિસ્વાર્થભાવે જે કંઈ કરે છે એમાં પણ એમનો સ્વાર્થ સમાયેલો જ હોય છે. અને તે આત્મતૃપ્તિનો. હું કવિ હતો. કોઈનું કંઈ જ બગાડ્યું નહોતું. મારી નાની ઝૂંપડીમાં પડ્યો પડ્યો મનોમન હું મસ્ત રહેતો. બહારની દુનિયા સાથે બહુ જ ઓછો સંબંધ મેં રાખ્યો હતો. મનને રુચતું તેમ કવિતા લખતો. છતાં સહુએ મને એવી અવળી રીતે સમજાવવા શરૂ કર્યો કે એ લોકોની વચ્ચેથી ખસી જવું મારે માટે જરુરી થઈ પડ્યું. મારા મિત્ર–બાંધવ, આત્મીય સ્વજન સહુએ મળીને ઠરાવેલું કે હું પાગલ છું. છંદ પછી છંદોમાં કવિતા રચી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેને વંદના કરેલી એ પણ મને સાચી રીતે સમજી ન શકી–એ પણ મને..." કહી એ હા હા કરતો હસી પડ્યો.

હસતા હસતા જ એ બોલવા લાગ્યો—"હવે સાંભળ્યું છે કે એ બહુ પસ્તાવો કરે છે. જાણ્યું છે કે મારા મૃત્યુ પછી એણે પણ મારું અનુકરણ કર્યું છે–એ પણ મૃત્યુ પામી છે. એ ક્યાં ગઈ છે તેનો પત્તો લાગતો નથી. અહીં જેમને જોઉં છું એ બધા જ અણ ઓળખીતા લાગે છે. જો તમને એ કયાંક મળી જાય તો એને જરા મોકલજોને મારી પાસે."

પેલી યુવતીએ હસીને પૂછ્યું—"તમે એને ચાહતા હતા?" કવિએ કંઈ ઉત્તર ન આપ્યો. એનું સમસ્ત વદન સહસા લાલચોળ થઈ ગયું ને પાછું તુરત ફીકકું પડી ગયું. માથાની તરડમાંથી થોડુંક વધુ મગજ ધીરેકથી બહાર નીકળી આવ્યું. કંઈ કરતા કંઈજ એ બોલ્યો નહિ.

પેલી યુવતીએ ફરીને પૂછ્યું. "કેમ કંઈ ઉત્તર આપતા નથી?"

એ વાત ન પૂછશો. "ચાહતો હતો" એ શબ્દો એટલા તો સસ્તા થઈ ગયા છે, એટલા બધા ચૂંથાઈ ગયા છે કે એનો ઉપયોગ કરતાં મને શરમ આવે છે! એમ કહેવાથી એને અપમાન કર્યાં બરાબર ગણાશે. યાદ છે. એક વાર મારી એક કવિતામાં મેં લખ્યું હતું કે—

પેલી યુવતીએ ફરી હસીને પૂછ્યું—"દેખાવે એ કેવી હતી?"

"દેખાવે? ભીને વાને, ભારો એક વાળ ને મોટી મોટી આંખો. હાસ્ય તો એનાં મોં પર સદાય રમતું જ રહેતું. બસ, સ્મિત કરતી મીઠું મીઠું હસ્યા જ કરે. એના હોઠ પર જ્યારે હાસ્ય ન હોય ત્યારે એની આંખો હસતી હોય. અજબ હતું એનું એ હાસ્ય. જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાત્રે રિવૉલ્વર વડે મેં મારી ખોપરી ઉડાડી દીધી, એને વળતે જ દિવસે એ પણ સળગી મરી એમ સાંભળ્યું છે. શરીર પર ધાસલેટ છાંટીને બળી મરી! અરરર એવી સ્ત્રી બળી મરી. શા માટે એણે મોતને સાદ દીધો! કેવો સરસ હતો એનો પતિ ને એનો સંસાર! જો કયાંક એનો ભેટો થઈ જાય—અરે! આ શું? કયાં ચાલી ગઈ—' પેલી બાળ-હત્યારી નીરવ પગલે કયારે અદૃશ્ય થઈ ગઈ તે કવિને ખબર જ ન પડી. હવે એ મારા તરફ ફરીને બોલ્યો. " જુઓ, એ જો તમને કયારેક મળી જાય તો મારી વાત એને કહેજો...કહેજો કે હું એની શોધમાં છું. ને કહેજો કે તે દિવસે રાત્રે તો કંઈ જ નહોતો બોલી શકયો પણ હવે મળીશ ત્યારે બધુંયે કહીશ, એ મને બરાબર નહોતી સમજી શકી. હવે હું સાચી વાત સમજાવી એની ભ્રાન્તિ દૂર કરવા માગું છું." આટલું કહીને એ જુવાન ચાલ્યો ગયો.

૨

હું ચુપચાપ બેઠો છું.

આજુ-બાજુ ને દૂર-નજદીક મુર્દાંઓ ફરતાં ફરે છે.

પેલું વિચિત્રવર્ણું પતંગિયું જાણે બોલી રહ્યું છે—

" હે માનવનિરમ્યાં દીવડા, તને જોઈને મારું હૃદય કરુણાએ ભરાઈ આવે છે. હે પ્રકાશજ્યોત-હે બંદિની, તારી દુર્દશા જોઈ અનુકંપાથી મારું આખુંયે અંતઃકરણ ભરાઈ આવે છે. માનવીના હાથમાં ક્ષુદ્ર રમકડા જેવો તું, વિધાતા-વાંછિત આ વિપુલ અંધકારને વિદારવા વ્યર્થ મથતો નાહકનો બળી બળીને મરી રહ્યો છે. અંધકારને તું અજવાળી શકીશ નહિ. માત્ર એની સ્નિગ્ધતાનો તેં નાશ કર્યો છે. તારું આ અકિંચિત્કર અસ્તિત્વ કેટલી હદ સુધીનું હાસ્યાસ્પદ છે તે તું સમજી શકતો નથી. તને જોઈને મને દયા આવે છે. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ધ્રુજતી પ્રકાશ-જ્યોતે સભય એને પૂછ્યું-કોણ છો તું?"

"હું? હું છું પ્રકાશનો ઉપાસક. આલોકનો આરાધક. દૂર સુદૂર આકાશમાં વસતો પ્રદીપ્ત સૂર્ય છે મારો ઉપાસ્ય-દેવ. મારી આ બહુ-રંગી ચિત્ર-વિચિત્ર પાંખોને આધારે હું રોજ એની જ શોધમાં આકાશની સફરે નીકળું છું. પરંતુ વધુ દૂર મારાથી જવાતું નથી. અશક્ત પાંખો મારી થાકી જઈ વધુ કામ કરવા ના પાડે છે, ને પૃથ્વીનાં ખેંચાણે હું ફરી આવી પડું છું નીચે ધરતી ઉપર. દિવાકર સૂર્ય અસ્તાચળે જાય છે, ને અંધારું આવી આ પૃથ્વી પર પથરાઈ જાય છે. છતાં હું તો અંધકારની એ ઘોર નિબિડતામાં પણ એજ મહાજ્યોતિષ્માન સૂર્યનું જ ધ્યાન ધરીને બેસી રહું છું. તેં આવીને મને તપોભંગ કર્યો. તને હું અભિશાપ આપત, પણ તને જોઈને મને દયા આવે છે. હે નકલી-બનાવટી જ્યોતિષ્ક, હે છદ્મવેશી અહંકાર, હે મેશપ્રસારિકા ધાસલેટી જ્યોત, દિવ્યજ્ઞાન મેળવી તું નિર્વાણને પામો."

પ્રકાશજ્યોત ધ્રુજવા લાગી.

જોયું તો પેલું પતંગિયું પ્રકાશજ્યોતની ચારે બાજુ પ્રદક્ષિણા ફરી રહ્યું છે.

૩

"કાયદામાં માનો છો?"

એક લાંબા પાતળા ઊંચા ને સુકલકડી યુવાને મને પૂછ્યું. તરવાર જેવું અણિયાળું એનું નાક હતું. એના દુર્બળ વદનમાં ઊંડી ગયેલી બંને આંખોમાં એક અસ્વાભાવિક-અસાધારણ તીવ્રતા દેખાતી હતી. તેમાં પ્રકાશ નહોતો. જ્વાળા હતી. એને માથાનાં આગલા ભાગમાં ટાલ હતી. બાકીના ભાગમાં લાંબા ને વિખરાયેલા વાળ હતા. કાનની પાસેનાં થોડાં વાળ કપાળ અને ચહેરાને જરાક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવરી લેતા હતા. જાણે થોડુક અંધારું ત્યાં આવીને જામી ગયું હતું. એની પાતળી અણિયાળી દાઢી ઉપર પણ થોડાંક આછા વાળ આવી ચૂક્યા હતા. એના હોઠ ધ્રુજતા હતા.

ભમ્મર તાણીને એણે ફરી પૂછ્યું—"કાયદામાં માનો છો? કાયદામાં? જેને માટે આટ–આટલી અદાલતો, ન્યાયાધીશો, ધારા-પોથીઓ, વકીલો, બારીસ્ટરો આ બધું છે, જે કાયદાને મદદ કરવા તમે રાત–દિવસ હાથમાં છરી લઈને બેસો છો, એ કાયદામાં તમને શ્રદ્ધા છે? એ કાયદામાં તમે માનો છો?"

અને એની બેઉ આંખો સળગી ઊઠી. જાણે એ જ્વલંત અંગારા, હું જોઈ જ રહ્યો. એનાં નસકોરાંમાંથી ઉષ્ણ શ્વાસ બહાર આવતો હતો. એ પોતાનું મોં મારી વધુ નજદીક લાવી એકીટશે મારી તરફ જોઈ જ રહ્યો. એનો ઊનો શ્વાસ મારા મોંને સ્પર્શતો હોય તેમ ભાસ થયો. એનાં બન્ને હોઠ ઓચિંતા ફફડી ઊઠ્યા—"...કાયદામાં માનો છો?"

મેં કહ્યું–"માનું જ છું ને? કાયદામાં ન માનીએ તો જીવી કેમ શકીએ?" ને એનાં બેઉ હોઠ પર વીજનાં ચમકારા જેવું એક વેધક હાસ્ય ફરકી ગયું. પોતાની સળગતી બેઉ આંખોને સહેજ તીણી કરતાં એ બોલવા લાગ્યો—

"ઓહ ભૂલી ગયો કે તમે હજુ જીવતા છો. તમે તો કાયદામાં માનો જ ને! તમને પૂછવું નકામું છે. સમાજના જીવંત માનવી તમે, તમને તો એમાં વિશ્વાસ હોય જ ને!" આટલું બોલી એ ઓચિન્તો એકદમ ચૂપ થઈ ગયો. ને પછી એ મનમાં ને મનમાં બોલતો હોય એમ બોલવા લાગ્યો—

"જ્યાં સુધી કોઠાર છે ત્યાં સુધી ઊંદર પકડવા ઊંદરીયું મૂકવું જ જોઈશે. અને એમાં ઉપરાઉપર રોજ ઊંદરો ફસાવાના જ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ ઊંદરોનો ન્યાય તોળવાની વૃત્તિ કે નિવૃત્તિ જીવંત માનવીને નથી હોતી. ન હોઈ શકે. "સ્ટ્રગલ ફોર એક્ઝીસ્ટેન્સ"નું સુંદર સૂત્ર ઠીક જન્માવ્યું છે તમે. એ એક સૂત્રને ચક્રાવે લાખો કરોડો બલિદાન ચડ્યાં છે, તમે તો કાયદામાં માનવાના જ. જીવતો હતો ત્યારે હું યે માનતો હતો ! કેટલાયે મુકદ્દમા માંડ્યા હતા. ગઝબનો વિશ્વાસ હતો કાયદાનો. ઘણાયે વકીલોનાં ગજવા મારા નાણાંથી ભરાયાં છે. એ શું કંઈ જેવી તેવી શ્રદ્ધા હતી ? બંધુ-બાંધવ, આત્મિય સ્વજન સૌ કહેતા હતા કે " તું એમાં ફાવીશ નહિ. હારી જઈશ. વાત પડતી મૂક. જતી કર." પણ હું કંઈ એમને એમ જવા દઉં ખરો ? કાયદા ને કોર્ટો પર કંઈ અજબ વિશ્વાસ હતો મને, અને એનો પુરસ્કાર પણ મને મળ્યો છે. દેશ આખા આગળ તે દિવસે કાયદા ને અદાલત દ્વારા સાબિત થઈ ગયું કે મારી પત્ની સતી સ્ત્રી છે અને નિર્મળ એક ચારિત્રવાન યુવાન છે. " ઍાનરેબ્લી એકવીટેડ. " કાયદો ! હવે મને એમાં નામનીયે શ્રદ્ધા નથી, શ્રદ્ધા છે માત્ર રૂપિયામાં, પૈસામાં. કારણ એ નિર્મળ ખૂબ ખૂબ પૈસા વાળો હતો. ને એને બળે જ મુકદ્દમામાં એ જીત્યો હતો. " આટલું કહી એકાએક એ અદૃશ્ય થઈ ગયો.

૪

હું એકલો બેઠો રહ્યો. જે ચોપડી વાંચતો હતો તે ફરીથી ઉપાડીને વાંચવી શરૂ કરી. લેપલેન્ડ દેશની એ વાર્તા હતી, એક પરદેશી યુવાનને માર્ગ દાખવતી એક લેપ યુવતી આગળ વધી રહી છે. યુવાન કહે છે—

" એ યુવતી મને રસ્તો બતાવતી આગળ ને આગળ લઈ જાય છે. શું સુંદર છે એનું વદન, ને કેવો અજબ છે એનો વેશ પરિધાન ! મૃગ-ચર્મમાંથી તૈયાર કરેલ એનું જાકીટ, માથે ઊનની લાલ ટોપી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કમર ઉપર ચામડાનો પહોળો પટ્ટો, ને એમાં નીલા પીળા રંગનું ભરત, થોડે થોડે અંતરે રૂપાનાં મોટાં બટન, કોઈકે ગોળ તો કોઈક ચોરસ. અને એ પટ્ટામાં ઝુલે છે એક છરી, તમાકુની નાની એવી એક થેલી, પાણી પીવાનો એક ચંબુ, અને નાની એવી એક કુહાડી. એનાં પગ ઘુંટીથી ગોઠણ સુધી નરમ, શ્વેત મૃગ-ચર્મથી આવરાયેલ છે, ને મૃગચર્મની ઝિચીસ સાથે એ મજબુત રીતે બાંધેલ છે. જોડા પણ મૃગચર્મનાં જ છે, વાદળી સુતરનાં સુંદર ભરત-કામવાળા. એની પીઠ પર એક પોટલું છે, એ પોટલું બાર્ચવૃક્ષની છાલનું બનેલું છે, ને એમાં છે એનાં ઉપયોગની બીજી અનેકવિધ સામગ્રી. મારે બબે પણ એક પોટલું હતું પણ એનું પોટલું એ કરતાં બમણું ભારે હતું.

મોટા મોટા ઢોળાવદાર પહાડો ઉપર થઈને અમે ચાલ્યા જઈએ છીએ. એની ગતિ નીરવ ને ઝડપી છે. સામે વૃક્ષોનાં થડ કે નાનકડી પહાડી નદી આવતાં એ અનાયાસે એને કૂદીને વટાવી જાય છે. આગળ જતાં એક જબ્બર પહાડ અમારી વાટ રોકીને ઊભેલો જણાયો. એ મૃગલીની ચપળતાથી એના પર કૂદી પડીને ચારે બાજુ બારી બારીને જોવા લાગી કે કઈ બાજુએ મારગ છે, પહાડ પરથી ઊતરીને જોયું તો ઠીક ઠીક મોટી એવી એક નદી, સારી પેઠે પહોળી, કૂદીને પાર થવું અશકય હતું. વિચારું છું કે કઈ રીતે પાર ઊતરીશું, ત્યાં તો એણે નિશંકચિત્તે એમાં ઝંપલાવ્યું. મેં પણ એનું અનુસરણ કર્યું. હું પણ એ હિમ-શિતળ જળમાં વિના દ્વિધા કૂદી પડયો..."

૫

"આ શું વાંચો છો ?"

જોયું તો પેલો પાગલ ફરીથી આવ્યો હતો. એની સળગતી આંખો મારા મોં પર ઠેરવી એ બોલ્યો-"આ વાર્તાની ચોપડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હમણાં એક બાજુ મૂક ને મારી સાચી વાર્તા સાંભળ! હું, આપણે કયાં સુધી આવ્યા હતા?"

—"પેલો નિર્મળ 'ઍાનરેબ્લી એકવીટેડ' થઈ ગયો ત્યાં સુધી."

"બરાબર. 'ઍાનરેબ્લી એકવીટેડ.' એ વખતે છાપાંઓ દ્વારા એ સમાચારે ગઝબની સનસનાટી ફેલાવી દીધેલી." એ બોલ્યો ને થોડી વારે એણે વાત આગળ વધારી—"મને એક વાર મન થયેલું. શું થયું હશે કહે તો?" આમ કહી એ મારા તરફ તીણી નજરે જોઈ રહ્યો. ને પછી મારા મનની વાત કળી ગયો હોય તેમ તીવ્ર વ્યંગ કરતાં એ બોલી ઊઠ્યો—"ના ના, અપીલ કરવાનું નહિ પણ એનું ખૂન કરવાનું. પણ હાથમાં પૈસા નહોતા. ખૂન કઈ રીતે કરવું? બંદુક ન હોય તો કંઈ નહિ. પણ ઓછામાં ઓછો એક છરો તો જોઈએ જ ને! હાથમાં તો કંઈ હતું જ નહિ જેથી હું એ ખરીદી શકું. અસ્ત્રા જેવું ઘરમાં કંઈ હોય તો એક ઘુઘ્ઘી ખખડી ગયેલી સુડી અને એથી યે વધુ બુઠ્ઠું શાક સમારવાનું ચપ્પુ. કાયદા જેવું તીક્ષ્ણ શસ્ત્ર પણ જ્યાં નકામું નીવડ્યું ને પાછું ફર્યું ત્યાં તેનું ખૂન કરવા માટે અત્યંત તેજ હથિયાર હોવું જરૂરી છે, ખૂન કરવા જવા માટે પણ પૈસા હોવા જરૂરી છે. એકદમ ગરીબ કોઈનું ખૂન પણ નથી કરી શકતો. ખાસ કરીને જો એ મારા જેવો નબળો હોય તો તો ચોક્કસ."

આટલું બોલી એ હસવા લાગ્યો. બદસુરત હતું એનું એ હાસ્ય. ભડભડાટ કરતી કોઈ ચિતા નજર સામે બળી રહી હોય એમ લાગવા માંડ્યું.

થોડીવાર પછી એ ફરી આગળ બોલ્યો—વિચારી જોયું, તો લાગ્યું કે અશક્તો માટે મૃત્યુ સિવાય બીજો માર્ગ, આરો—વારો જ નથી. મૃત્યુ જ એમનું એક માત્ર મિત્ર, મૃત્યુની વાટ જ એમનો એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માત્ર પથ છે, પણ મારી વાત માનશો! મરતાં હું બહુ કષ્ટાયો છું. મરવાની મને ઇચ્છા નહોતી. હું રાહ જોતો હતો—હા મેં એને માટે ઘણાં દિવસ સુધી રાહ જોઈ હતી, અસતી જાણ્યા છતાંયે હું એને ચાહતો હતો. આજે મનમાં થાય છે કે કદાચ અસતી હોઈને જ એ મને વધુ ગમતી હશે! વળી પ્રેમ સારા માઠાનો, સતી—અસતીનો વિચાર નથી કરતો. વિચાર્યું હતું, આશા હતી કે એ એક દિવસ પાછી ફરશે. પણ એ પાછી ન ફરી.

"નિર્મળની ઝગઝગારા કરતી મોટી મોટરમાં બેસી એ આનંદે વિહરવા લાગી ને આનંદ માણવા માંડી. આ પછી મારા ગરીબ ઝૂંપડે એ શા માટે આવે? અને ત્યારે મેં મોતનું શરણું સ્વીકાર્યું." આટલું બોલી એ ફરી હસવા લાગ્યો.

અને મેં જોયું કે મરવા માટે પણ પૈસા જરૂરી છે. ગામનાં તળાવમાં ડૂબવા જેટલું પાણી નહોતું, ગળામાં કઈ રીતે દોરડું બાંધવું એ હું જાણતો નહોતો. અફીણ ઘોળવા અફીણના પૈસા જોઈએ, બળી મરવા માટે પણ કેરોસીન તો ખરીદવું જ રહ્યું. ખરું કહું છું કે ખીસામાં રાતી પાઈ પણ નહોતી. એને પાછી મેળવવા મામલા મુકદ્દમામાં એકદમ પૂરેપૂરો નીચોવાઈ ગયો હતો...એવે વખતે જોયું તો આંગણામાં દાડમીનાં ઝાડ પર ઢગલેઢગલા ફૂલ આવ્યા છે—અગણિત, અજસ્ર. નાનો હતો ત્યારે બહુ શોખથી બહુ મહેનત લઈને મેં એ વાવ્યું હતું. એણે મને સ્નેહથી સાદ દીધો, ને અધીર થઈ દોડતાં જઈ એનાં થોડાંક ફૂલ હું ખાઈ ગયો. મૃત્યુ તો મળ્યું પણ હું ગજબનો કષ્ટાયો. પૈસા હોત તો થોડું કે અફીણ યા સાઈનાઇડ મેળવી શકત. સાંભળ્યું છે કે સાઈનાઇડથી જરાયે પીડાવું નથી પડતું ને..."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬

"ખોટી વાત."

અને એક બીજો જણ આગળ આવ્યો.

"હું સાઈનાઈડ ખાઈને મર્યો હતો. કાળી વેદના થાય છે એથી. આ દાક્તર બાબુ જાણે છે કે એથી કેવી પીડા ઉપડે છે. પણ વેદના પામ્યો છું એટલે જ તો હું સુખી છું, વધુ કષ્ટાવું પડ્યું હોત તો વધુ તૃપ્તિ મળત. પ્રાયશ્ચિત પૂરું થાત! તમે આ વિચારો છો ને કે પ્રાયશ્ચિત માટે હું આટલો અધીર કેમ છું? અરે! પણ પેલો કયાં ગયો?"

જોયું તો દાઢીનાં કૂચ ખાઈને જે મૃત્યુ પામેલો તે મૂંગો મૂંગો અદૃશ્ય થઈ ગયો હતો.

નિહાળીને જોયું તો નવ-આગન્તુક એક ઉછરતી ઉમ્મરનો યુવાન હતો. માંડ ઓગણીસ-વીસ વર્ષનો હશે. સુંદર-સોહામણો ને નિરોગી ફક્કડ ઓળેલાં ઝુલ્ફાં ને બે ચળકતી આંખો, મોતી જેવા દાંત, ઉઘડતા ભીના વાનવાળા એ જુવાનને જોતાં જ હૈયામાં પ્રેમ ઉમટતો. મારી તરફ જોઈ એ બોલ્યો-"કેમ વાર્તા સાંભળવી છે ને! સાંભળો ત્યારે, વાર્તા પણ સત્ય કથા, વખત છે ને તમને? તમે તો દાક્તર રહ્યા, તમારો સમય કિંમતી છે. ચાલો ટૂંકમાં જ કહું." આટલું બોલી એ જરા હસ્યો. સુંદર સ્વચ્છ દાંતને અંગે એનું એ હાસ્ય સુંદર લાગતું હતું.

"કૉલેજમાં ભણતો હતો એ દિવસોની બધી વાત સ્વપ્નની જેમ આજે યાદ આવે છે. ત્યારે હું જાણે સ્વપ્નસૃષ્ટિમાં વિહરતો. જે દિવસે સૌ પહેલું આ જાણ્યું કે પાણી એ ગેસોના મિશ્રણમાંથી જન્મે છે તે દિવસે હું અવાક્ બની ગયો હતો. અને મારું એ આશ્ચર્ય દિવસોદિવસ વધતું જ ગયું. કોણ જાણતું હતું કે મામુલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મીઠામાં પણ ક્લોરીન ગેસ જેવો આવો એક દારૂણ ગેસ છૂપાયેલો હશે ? અજબ વાત હતી, વિજ્ઞાન જગતમાં રોજેરોજ નવનવી વસ્તુઓ–શોધો જોઈ હું જાણે કે પાગલ થઈ ગયો.

આટલું બોલી થોડીવાર એણે ચૂપકીદી પકડી. એનું એ તન્મય આત્મમગ્ન રૂપ જોઈ મનમાં થયું જાણે એ કોઈનું ધ્યાન ધરી રહ્યો છે. એની બન્ને આંખો ઉઘાડી હતી, અને છતાંયે તે કંઈ જોતો નહોતો.

" વોલ્ટા, ગેલ્વાની, લેવોયશેર એ સહુની જીવનકથા વાંચી. કેવી અદ્‌ભુત હતી એ બધાની સાધના, સત્યની શોધ માટેની તપસ્યા ! અને મને યે થયું કે હું પણ એમના જેવો થઈશ. શું અધીરતા-પૂર્વક વીત્યા છે મારા એ દિવસો, ઓચિન્તુ એક દિવસ એ બધું ઉંધું–ચત્તું થઈ ગયું. અમારા ઘરમાં–મારા જીવનમાં એક આંધી ઊઠી. તૂફાન આવ્યું. મોટાભાઈને પોલિસ ઉપાડી ગઈ, રાજકીય સંદેહને કારણે !"

" અદાલતમાં મુકદ્દમો ચાલ્યો, એમને ફાંસીની સજા થઈ. ગુનો હતો રાજદ્રોહ. અને સાથોસાથ મારા મને પણ મારા વોલ્ટા, ગેલ્વાની, લેવોયશેર સહુને ફાંસી આપી દીધી. મોટાભાઈ સાચે જ રાજદ્રોહી હતા કે નહિ એ હું જાણતો નહોતો. પણ હું તો ત્યારથી સાચે જ અગ્નિમંત્રનો સાધક થયો. " આટલું બોલી એણે જરા સ્મિત કર્યું.

" મારા જેવા ભીરૂ–ભાવુક માનવી માટે આ કામમાં હાથ નાખવો બરાબર નહોતું. પણ બાનું અવિરત રુદન, અને ભાભીનાં વિધવા વેશે મને ગાંડો કર્યો હતો. ત્યારે વિચાર કરવાનો મારે અવસર નહોતો કે હું એ કામ માટે યોગ્ય છું કે નહિ. ત્યારે હું ભૂલી ગયો હતો કે હું માત્ર ભાવુકતાથી ભરેલો રબરના એક રંગીન ફુગા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવો જ છું, મારા શરીરથી ટાંચણીની અણી પણ નહિ સહેવાય. પરંતુ એ વખતે વિચાર કરતું'તુ પણ કોણ? અદનો ગમારો જ્યારે આવેગભર્યો ઓચિંતો આકાશમાં ઊડીને પોતાને નક્ષત્ર સમો નક્ષત્રોનો સગોત્ર માનવા લાગે ત્યારે એને એમ કરતો અટકાવી યે કોણ શકે? મને પણ એ જ રીતે કોઇ વારી–અટકાવી ન શક્યું. હું બોમ્બપાર્ટીમાં દાખલ થયો. અગ્નિમંત્ર! સુંદર વાત છે, ને આગ નહોતી એમ પણ નહોતું જ!" આટલું બોલી એ ફરી સહેજ હસ્યો.

"એ પ્રકારની આગ મેં દીઠી નહોતી. દૂરથી લાગે કે સ્વપ્ન છે પણ પાસે જતાં લાગે કે શિખા છે. દૂરથી નજીક ખેંચે ને નજીક જતાં દૂર હડસેલી દે! ફોડ પાડીને જ કહું. હું પ્રેમમાં પડયો, અમારી ટોળીની જ એક છોકરી સાથે. આનંદમઠ વાંચ્યું છે? સ્ત્રીઓ સાથે આવી એટલે જ બધું ધૂળ મળી ગયુ. અમારૂં પણ એમ જ થયું. અમારૂં કામ હતું એને પ્રસન્ન કરવાનું. સૌ મળીને એની ચારે બાજુ ટોળે વળ્યાં. અને એ જ બની અમારી આરાધ્ય દેવતા. દેશ નહિ, એ જ બની અમારૂં લક્ષ્ય,–ને દેશ બન્યો એક ઉપલક્ષ્ય જ!"

× × ×

પ્રકાશ જ્યોતને ઉદ્દેશીને પતંગિયું કહી રહ્યું હતું. "તારે જ્યોતિ છે. શિખા છે, અને ઉત્તાપ છે હું સ્વીકારું છું પરંતુ કેટલો ક્ષુદ્ર, કેવા હીણો છો તું? એકદમ સાધારણ એવા કાચના કારાગારમાં તું બંદી બન્યો છો! તું શું અગ્નિ છો? તું શું એ જ અનલનો સગોત્ર છો જેનો પ્રકાશ સૂર્યમાં, નક્ષત્રમાં, વિદ્યુતમાં ને ઇન્દ્રધનુમાં સદૈવ દેખાય છે? ચમકે છે? જો દાવાનળ ને વડવાનલમાં પ્રગટ થાય છે? જો સાચેસાચ એમજ હોય તો તને ધિક્કાર, શત શત ધિક્કાર છે તને! તું દેવતા, અદના એવા માનવીના હાથે બંદી બની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મામુલી ગુલામ જેવું જીવતર જીવતાં તને શરમ નથી.

હવે જુવાને વાત આગળ વધારી—

'દેશોદ્ધારનો નશો ઉતરી ગયો. નવા નશામાં ચકચૂર બન્યો. અદ્‌ભૂત હતો એ ઉન્માદ. વેલટા, ગેલ્વાની, લેવોયશેર, દુઃખી મા, તાજા જ વિધવા થયેલા ભાભી, દેશનું કામ બધું જ તણાઈ ગયું. રહ્યા અમે બે–એ અને હું–હું અને મારી એ. એ દેવી ને હું એનો પૂજારી. અચાનક ઓચિન્તા એક દિવસ ખબર પડી. મારી સગી આંખે મેં જોયું કે એણે એક બીજાને જ વરમાળા પહેરાવી. મારી પોતાની આંખે જ મેં જોયું કે હવે એ મારી નહિ પણ કો'ક બીજાની જ હતી, અને બીજા જણને તમે જાણો છો ? મારો જ એક આત્મીય મિત્ર, રબરનાં ફુલાવેલા પુગામાં ટાંચણી ભોંકાણી ને પળવારમાં ફુગો ફૂટી ગયો. તાજનાં સાક્ષી બની મેં એને પકડાવી દીધો. મિત્રને ? હા, મિત્ર હતો, અત્યંત ગાઢ મિત્ર હતો, એવો મિત્ર જિંદગીમાં મળ્યો નથી ને બીજો મળશે પણ નહીં. છતાં મેં એને પકડાવી દીધો. મારૂં આખુંયે અંતઃકરણ ઈર્ષ્યાની બાણપથારીમાં સૂતું તરફડતું હતું, એને પકડાવ્યા વિના હું રહી ન શકયો. આ વિષે છાપાંઓમાં તમે વાંચ્યું જ હશે. એ છાપામાં આવેલ હકીકત ખોટી હતી. એને પકડાવી દેવાનું સાચું કારણ તો મેં તમને કહ્યું તે જ હતું. એને ફાંસી મળી, ને મને મુક્તિ મળી. ને પેલી છોકરી ? એ પકડાઈ જ નહિ.

—"દેવી પૂજામાં સાધારણ રીતે પશુઓનું બલિદાન ચડાવાય છે. મેં આ દેવી પૂજામાં મારા આત્મિય જેવા આવા મોટા એક મહામાનવનું બલિદાન આપ્યું–મારામાંના વિવેકનું બલિદાન આપ્યું. મારૂં જે કંઈ પ્રિય હતું તે સમસ્તનો ત્યાગ કર્યો, છતાં દેવી પ્રસન્ન ન થઈ તે ન જ થઈ. એ દેવીએ શું કર્યું હશે કહો તો ?" આટલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોલી મારા તરફ જોઈ એ આછું આછું હસવા લાગ્યો. વળી થોડી-વાર પછી એણે વાત આગળ ચલાવી—

" નહિ, નહિ, તમે માનો છો એમ નથી. આપઘાત એણે કર્યો નથી. અને સાંઘુડી પણ એ થઈ નથી. વિલાયતથી તાજા જ પાછા ફરેલા એક આઈ. સી. એસ ને એ પરણી ગઈ છે. એની જ્યોર્જે-ટની સાડીનો રંગ હવે નિત્ય નવીન હોય છે. મોટર વિના તો એ કદી બહાર નીકળતી જ નથી ! રંગ-બે-રંગી નાના-મોટાં કુરકુરિયાં હવે એનાં બોળામાં રમતાં હોય છે, ને તેનાં હાથમાં ઝુલે છે એક અતિ સોહામણી, ' વેનિટિ બેગ '. ધ્રુજતી જ્યોત જેવી એ હજુયે મોજથી ફરતી ફરે છે ! " અને એ ચૂપ થઈ ગયો. જોયું તો એની બેઉ મોટી આંખો અશ્રુ છલછલ હતી,

" છતાં હજુયે એ મને ભૂલી નથી. એની ભલામણને અંગે જ એનાં આઈ. સી. એસ. ધણીએ મને ' નોકરીએ વળગાડી દર્શિશ ' એવો બોલ આપેલો. અવાર-નવાર મને 'ટી-પાર્ટી' માં યે નોતરતા. પણ મારાથી ન રહેવાયું. ગમે તેમ કરીને મેં ' સાયેનાઇડ ' મેળવ્યું. વેદના તો થઈ જ ! પણ હમણાં પેલાને મોંએ સાંભળ્યું કે દાઝીનાં બી એથીયે વધુ વેદનાદાયી હોય છે. પહેલા જાણ્યું હોત તો એ જ બાત. મને સજા થવાની જરૂર છે. માણસ ફાંસી મળ્યા પછી કયાં જાય છે જાણો છો ? "

—" જહન્નમમાં. "

૭

—" જહન્નમમાં—"

ચોંકી ઊઠયો. જોયું તો સારી પેઠે ઊંચો એવો એક માણસ મારી બાજુમાં આવીને ઊભો છે. એનો વાન ચમકતો કાળો છે. આવા કાળા માણસો બહુ ઓછા નજરે પડે છે. એ એટલો તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાળો હતો કે એનાં માથાનાં વાળ કયાંથી શરૂ થઇ કયાં પૂરા થાય છે એની ખબર જ ન પડે. મોટું ઓવું માયું અને અંગાર જેવી મોટી મોટી બે આંખો, અજબ લાગતી હતી એ. હોઠ ઉપર કોઢનો ધોળો ડાઘ, અને ગળા પર કો'ક ભયંકર ઘાનું નિશાન ઝગમગે છે. એણે પોતે જ પોતાનાં ગળા પર છરી ચલાવી હતી. ગજબ ભયંકર હતો એ ઘા.

મને ચોંકી ઊઠતો જોઈ એ ખડખડાટ હસી પડયો. એનું એ હાસ્ય કેમ જાણે એનાં ગળાનાં ઘામાંથી જ ન આવતું હોય તેમ લાગતું હતું. એ ઘા આખોયે લોહીથી ભરાઈ ગયો હતો, ને લોહીનાં બુદબુદ ઉપર ઉભરાઈ આવ્યા હતા !

અને એ પેલા 'સ્વદેશી ચળવળવાળા યુવાન તરફ જોઈ ચિત્કાર કરી ઊઠયો—" જહન્નમમાં જઈને શોધ એને.-એ જાતનાં ફાંસીના ગુનેગારો ત્યાં જ જાય છે, તું પણ ત્યાં જ જા. જહન્નમમાં જાવ, તમે બધાં જહન્નમમાં જાવ, જહન્નમમાં—"

એનો સ્વર ઉત્તરોત્તર ઉંચો થતો જતો હતો.

પેલો સ્વદેશી યુવક પળવારમાં અદૃષ્ય થઇ ગયો.

અને ત્યારે એ કૃષ્ણમૂર્તિ મારા તરફ જરા આગળ આવી મારી તરફ ગળું થોડું લંબાવીને બોલવા લાગી-" જુઓને ડાક્તર સાહેબ, આને કંઈ સિલાઇ-બીલાઇ કરીને કોઇપણ રીતે સરખું કરી શકાય એમ છે કે નહિ. બહુ રોષે ભરાઈને જોરથી અસ્ત્રો ચલાવ્યો હતો. અસ્ત્રો તીક્ષ્ણ ધારદાર હતો. સારી કિંમતે ખરીદ્યો હતો....જરાયે લોભ નહોતો કર્યો.

—" પરંતુ મર્યા પછી હવે અફસોસ થાય છે ? મારા આટલાં બધાં છોકરા-છોકરી ભૂખ્યા મરી જશે. ત્રણ મહિનાનું ઘરભાડું ચડી ગયું છે. મકાનમાલિકે નક્કી એ લોઢાને કાઢી મૂકી રસ્તા ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

64 ગ/૧૬ ૨૪૬૮૯
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રઝળાવ્યા છે ! મારે હવે ત્યાં પાછા ફરવું છે-હવે !"-આટલું બોલી એણે એની ગરદન મારી તરફ આગળ કરી કહ્યું-" આ ગરદન સાંધી આપો ને !"

હું શું બોલું ? મુંગો જ રહ્યો.

—" નહીં સાંધી આપો ?" એણે ફરી પ્રશ્ન કર્યો.

—" હવે એ સંધાઈ શકે તેવુ નથી રહ્યું !" મેં કહ્યું.

—" ખરું કહો છો ? ખન્ ખન્ કરતાં રોકડા રૂપિયા ફીના મળશે. તો પણ શું એ નહિ બને ? તમે તો પૈસા મળતાં બધુંજ કરી શકો છો ને !"

આટલું બોલી એ ફરી હસવા લાગ્યો.-ને ફરી તેના ગળા પરનો ઘા લોહીથી ઊભરાઈ ગયો ! એના આખાયે વદન પર એક કટુ-વ્યંગાત્મક હાસ્ય નાચી ઊઠયું.

હું ચૂપચાપ જ રહ્યો.

—" ગુસ્સે થયા કે શું દાક્તર બાબુ ? ભલા થઈ ગુસ્સે ન થશો હો. ગઝબના દુઃખપૂર્વક બોલાયા હતા એ વચનો. દુનિયામાં કોઈએ મારા પ્રત્યે જરાયે હમદર્દી દાખવી નથી, કોઈએ સુવિચાર સેવ્યો નથી, કોઇએ જ નથી કર્યો. જીવનમાં જેટલી સગવડ મળી છે તે બધી નાણાં આપીને ખરીદવી પડી છે. દિકરો થઈને જન્મ્યો હતો એથી જ લાગે છે કે બા એ બાળપણમાં વિના પૈસે દૂધ પીવડાવ્યું હતું, ભવિષ્યનાં લાભની દૃષ્ટિએ. એ આશાએ ! દિકરી લેખે જન્મ્યો હોત તો પૂરી કઠણાઈ થાત ! મારે એક બેન હતી. મારા જેવીજ કુરૂપ. બા એને એક મીઠી નજરે જોતી યે નહિ. એને ધવરાવતી ખરી, પણ એ તો ધાવણ નહોતું જીરવાતું તેથી." બહારનું ગાય-ભેંશનું દૂધ પીતાં એને મેં કદીયે દીઠી ન હતી. આ વાતમાં બા-બાપુ બન્ને સહમત હતા કે ' છોકરીને તે વળી દૂધ શું

पुस्तकालय
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપવું ?' એ કરતાં તો પેલા રાજપુતો વધુ સારા હતા-જે પુત્રી જન્મતાં જ સુવાવડીના ઓરડામાં જ એનાં મોંમાં મીઠું ભરીને એને મારી નાખતા ! સાંભળ્યું છે કે જૂના કાળમાં આફ્રિકામાં કુમળી કુમળી છોકરીઓને જળમાં નાખી તેઓ મગર ને ફસાવતા ! છોકરીઓ કરતાં મગર મૂલ્યવાન ચીજ ગણાતી. એક મગર પકડતાં તેમને ઘણાં ઘણાં રૂપિયા મળતાં ! માતા-પિતા જો પૈસાના લોભે પુત્ર કરતાં પુત્રી ઉપર ઓછો પ્રેમ રાખે તો પછી તમે પૈસા ન મળે ત્યાં—"

હું બોલી ઊઠ્યો-"તમે મરી ગયા છો એ કેમ ભૂલી જાવ છો ? મુવેલા માણસને ઓછા અમે જીવતદાન દઈ શકીએ છીએ ? પૈસા મળવા છતાંયે જ્યાં અમારું કંઈ ચાલી જ શકતું ન હોય ત્યાં અમે શું કરી શકીએ !"

અને એ હિ...હિ કરતો હસી પડ્યો.

પરંતુ હું તો માનું છું કે પૈસા મળ્યે મુવેલા માણસ પણ કળ વાળીને બેઠાં થાય છે ! આપી શકો છો મને બેઠા રૂપિયા ! હમણાં જ જુઓ કે હું બેઠો થાઉં છું કે નહિ ?"

"કેટલા રૂપિયા જોઈએ ?"-મેં પૂછ્યું.

"દેશો ! વાહ ! તમે તો ભલા માણસ લાગે છો ને ?

પેલું સામેનું ખાનું ઉઘાડ, ને એમાં જે છે તે લઈ જા.

કયાં ? કયું ખાનું ?"-એણે ફરી પૂછ્યું.

મેં એને ખાનું બતાવી આપ્યું. અને એ લાંબા લાંબા ડગલા ભરતો તે તરફ ચાલ્યો ગયો. હું ફરીને મારું મન પુસ્તકમાં પરોવું છું ત્યાં તો એ ફરીથી આવીને ઊભો રહ્યો.

—'આ તે કેવી નવાઈની વાત ! એનાં હેન્ડલને હું કેમેય કરતાં પકડી ન શક્યો. કોણ જાણે કેમ એ હાથમાંથી સરી સરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાય છે ! મારૂં શરીર શું હવા થઇ ગયું છે ?" અને તે પછી એ વારંવાર પોતાનાં પહોળા કરેલા બેઉ હાથ તરફ જોવા લાગ્યો. વારંવાર બેઉ હાથની મુઠ્ઠી વાળીને તે ઉઘાડ-બંધ કરવા લાગ્યો. એના આખાયે વદન પર એક વિચિત્ર હાસ્ય હતું. થોડીવાર પછી એ ફરી બોલ્યો "— એથી જ તો ! એથી જ તો ! બધું બદલાઇ ગયું લાગે છે. તમે મને જોઇ શકો છો ?"

"હા."

"મારૂં બોલવું સાંભળી શકો છો ?"

"હા. સાંભળી શકું છું."

—"પણ મારૂં તો બધું જ પલટાઇ ચુકયું છે. બધું જ હવા થઈ ગયું છે. નક્કર હવે કંઈ જ નથી રહ્યું. પેલું બાનું હું બોલી શકયો નહિ. સમયસર પૈસા મળ્યા હોત તો કદાચ બચી જાત. હવે તો પૈસા મળ્યે યે એ હાથમાં ઝાલી નહિ શકું. જીવતા જીવત તમારી સાથે ભેટો થઇ ગયો હોત-તો કદાચ હું મરત નહિ. કદાચ મારે—"

મેં પૂછ્યું—"શા માટે મર્યા હતા તમે ?

—"શા માટે ? પેલો જે છોકરો આવીને ભાષણ ઠોકતો'તો, એ જ-એ લોકો જ છે મારી આ અવદશાનાં કારણભૂત. વાટે ને વાટે છાપાંઓમાં ને શહેરની ભીંતો ઉપર બધે એકજ સૂર કાઢયો કે "બોયકોટ ફોરેઇન ગુડસ" આ બધા છોકરાઓનાં બરાડાઓને અંગે મારી દુકાનદારી મારી ગઈ. મારી દુકાન સામે ઊભા રહીને એ લોકો પીકેટીંગ કરતા. ત્યારનો શું એ પવન હતો પીકેટીંગનો ! "બોયકોટ ફોરેઇન ગુડસ !" એમનું એ વાકય જ 'ફોરેઇન' (પરદેશી) હતું તે એમને કોણ સમજાવે ! મારી દુકાનદારી એમણે મારી નાંખી, ને સાથે સાથે મનેયે મારી નાખ્યો ! સરસ મઝાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુકાન હતી મારી...એ દુકાન હોત તો દીકરીનાં લગ્ન માટે દાયજાનો સવાલ રહેત ? પણ દુકાન મારી ટકી નહિ. ટકવા દીધી નહિ. દુકાનમાં માલ હતો બધો પરદેશી, એટલે દુકાન સમેટી લેવી પડી. એ દુકાન જ હતી મારો એક માત્ર આધાર ! ને પછી મારા પર કરજ વધવા માંડયું.''

એ હાંફી ગયો હતો. જરા રહીને એ ફરી આગળ વધ્યો– ''મારે માથે કરજ વધવા લાગ્યું અને એ સાથે દિકરીની ઉમ્મર પણ વધવા લાગી. મારી દિકરી. સહજ જ કલ્પી શકશો કે વર્ણે એ કેવી કાળી હશે. એને પરણાવવા મોટી રકમની જરૂર હતી. બજારમાં ભાવની તપાસ કરી જોઇ. ઓછામાં ઓછા ત્રણ હજાર રૂપિયા તો જોઇએ જ.

''કો'ક વ્યાપારી પેઢીના એક પ્રૌઢ કલાર્કને બીજી કરવાની જરૂર ઊભી થઈ હતી. એણે કહ્યું કે એક પ્રતિમા જેવી છોકરી મારે માટે તૈયાર થઈને બેઠી છે રૂપિયા બે હજાર લઈને. તપાસ કરી તો વાત ખોટી ન હતી. અને મેં વિચારી જોયું કે મારી દિકરી માટે કોઈ જુવાન પાત્ર મેળવવું મારે માટે સંભવિત ન હતું. ઓછામાં ઓછા વીસેક મુરતિયાને ચા–પાણી કરાવ્યા હશે, પણ કોઈએ હા ન ભણી. આખરે પેલા પ્રૌઢ કલાર્કને જ પકડી પાડયો, મારા સાળા મારફત. મારો સાળો અને એ સાથે ભણતા. એણે દયા બતાવીને મારી પુત્રીનો હાથ ઝાલવા હા પાડી–પણ ત્રણ હજાર રૂપિયા તો આપવા જ જોઈએ, જ્યારે મારા ગજવામાં તો પુરા ત્રણ રૂપિયા પણ ન હતા. રૂપિયા માટે હું પાગલની જેમ ભટકવા લાગ્યો. કેટલાયની પાસે હાથ લંબાવ્યો. વચ્ચે વચ્ચે ચોરી કરવાની વૃત્તિ પણ થઈ આવતી. અહા, તે વખતે જો તમારી સાથે ભેટો થઈ ગયો હોત ! પણ પછી મારે પૈસાની વધુ જરૂર ન રહી. એક દિવસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંજે આવીને જોઉં છું તો મારી પુત્રી ઘરમાં નથી, એ ક્યાંક ચાલી ગઈ છે! ખૂબી તો જુઓ! જેને પોતે કાળી હોવાને કારણે કોઈ પાત્ર શોધ્યું યે જડતું ન હતું એને પણ કો'ક પ્રણયી મળી ગયો! એના મૂળમાં પણ પેલા હતભાગી જુવાનીયાઓ જ--એ હરામજાદા બેટાઓ—જહન્નમમા જજો એ બધાં!"

એનાં ગળા પરનાં ઘામાંથી દડ દડ કરતું વહેતું લોહી એની છાતી પર થઈને ચાલ્યું જતું હતું. જતાં પહેલાં એ કહેતો ગયો—

"છતાં હું મરત નહિ પણ કજીયાળીને બોલકી પત્નીનાં વાકય બાણ હું સહી ન શકયો. છતાં અચરજ થાય છે કે મારૂં મન એને માટે જ વ્યાકુળ બન્યું છે. ખરું કહું છું કે આજે એને માટે મન અધિરૂં બન્યું છે!"

છાયામૂર્તિ વિલય થઈ.

હું મૂગો મૂંગો બેઠો છું.

ઘડિયાળમાં ટન ટન કરતાં ટકોરા પડ્યા. કેટલા-એનો ખ્યાલ ન રહ્યો. એ જાણવાનું જાણે મન જ ન હતું.

ચારે બાજુ નિસ્તબ્ધતા છવાઈ ગઈ.

એકલા બેઠા બેઠા ફરી પેલી લેપલેન્ડની વાતમાં મન પરોવ્યું હતું. પેલા બન્ને હિમવત શીતળ પાણીમાં તરતાં સામે પાર જઈ રહ્યા હતા. પેલા યુવક અને યુવતી બન્ને એક બીજાની ભાષાથી લગભગ અજાણ જ હતા યુવક હતો સ્વીડનવાસી, જ્યારે યુવતી હતી લેપલેન્ડવાસી. યુવક કંઈક કહી રહ્યો હતો—

—"જ્યારે અમે સામે કાંઠે પહોંચ્યા ત્યારે અમારાં શરીર ઠંડીથી જાણે થીજી ગયાં હતાં. કિનારો સરખી સપાટીનો નહિ પણ ઉબડ-ખાબડ, ચઢાણ-ઢોળાવવાળો હતો. ઉપર પહોંચતાં પહોંચતાં તો અમે પરસેવે રેબઝેબ થઈ ઉઠ્યા. પેલી યુવતી ખાસ કંઈ બોલતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન હતી. અને બોલી હોત તો પણ કંઈ ખાસ સરળતા ન થાત. કારણ એની ભાષા મારે માટે દુર્બોધ્ય હતી. ચઢાણ ચડતાં થોડીવારે અમે ઉપર પહોંચ્યા. ઉપર જઈને અમે શેવાળનાં આસને બેસી જમવામાં પરોવાયાં.–જવની લુખ્ખી રોટી, તાજું માખણ અને પનિર–અને ધીમી આંચે શેકેલ હરણની જીભ પણ હતી. યુવતી એનાં પવાલામાં પહાડી ઝરણાનું શિતળ–મીઠું પાણી ભરી લાવી. આવી રીતે તૃપ્ત થઈને ઘણાં વખત થયા જમ્યા ન હતા. જમવાનું પતાવી અમે બેઉ હોકકી સળગાવી બેઠા બેઠા ઘુમાડા કાઢતા પરસ્પરની ભાષા સમજવા પ્રયત્ન કરવા લાગ્યા.

"પેલા પંખીનું નામ જાણો છો ?" મેં પૂછ્યું.

"લાહોલૂ" હસીને યુવતીએ ઉત્તર આપ્યો.

એ પંખીનું ગળું બરાબર બંસી જેવું–અજબ કોમળ હતું. લેપલેન્ડવાસીઓનું નિર્જનનું એ સાથી હતું. પાસેનાં જ એક વૃક્ષ પરથી એક બીજું પંખી કિલકારી ઊઠ્યું. અજબ હતો એનો કંઠ, એની ડોક આસમાની હતી.

"જિલો જિલો,' યુવતી હસતા હસતા બોલી ઊઠી.

લેપ લોકો માને છે કે આ નીલ–કંઠ પંખીના ગળામાં કુદરતે એક ઘંટડી મૂકી છે ને એ એકવીસ પ્રકારનું વિવિધ સંગીત જાણે છે. બરાબર અમારા માથા ઉપર જબ્બર એવું એક કાળુ વાદળું આસમાની આકાશને વક્ષે સ્થિર થઈને ઊભેલું જણાયું. પંખીરાજ ગરૂડ તેના ગતિ–વેગને સંયમિત કરતાં પોતાના નિર્જન સામ્રાજ્યનું પરિદર્શન કરી રહ્યા છે. દૂર પહાડી સરોવર તરફથી હંસનો વિચિત્ર સ્વર તણાઈ આવતો હતો. બધું યે જાણે માયાજાળ હતું.

"રો—રો—રેઈફ્" યુવતી બોલવા લાગી

અર્થાત્ આજનો દિ' રળીયામણો, આજનો દિ' સારો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને સરોવરમાંથી હંસોનો ઉત્તર સંભળાયો— "ભાર લુફ્, ભાર લુફ્, લુફ્, લુફ્" અર્થાત–"વર્ષા થશે, વર્ષા થશે.–થશે થશે!"

હું આડો પડીને જોઉં છું તો યુવતી એનો સામાન ગોઠવતી હતી. નાની એવી આસમાની ગરમ શાલ, એક જોડી મૃગચર્મના સુંદર જોડા, દેવળમાં પહેરવા માટે એક અતિ સુંદર ભરતકામ કરેલ લાલ હાથ મોજાં–ને એક બાઇબલ. હું મુગ્ધ થઈ જોઈ જ રહ્યો– શું સુંદર હતા એના એઉ હાથ!"

૯

—"ડાકટર સાહેબ, સાંભળો. પેલી યુવતી જો તમારી પાસે આવે, પેલી કાળી યુવતી—" જોયું તો કવિ આવ્યો હતો. ચોપડી બંધ કરી એની તરફ ફરીને બેઠો. એનાં માથાની તરડમાંથી થોડું વધુ રક્તરંજિત મગજ બહાર નીકળું નીકળું થઈ રહ્યું હતું.

—"જુઓ ડાકટર, પેલી છોકરી, પેલી શામળી છોકરી આવે તો એને કહેજો કે મેં એને માટે એક કવિતા લખી હતી, પણ એને એ સંભળાવવાનું નથી બની શકયું. સંભળાવવાની તક જ ન મળી, તક એણે આપી જ નથી."

ને પછી જરા અચકાતા અચકાતા એ બોલ્યો–"તમે સાંભળશો એ? તમે તો દાકતર રહ્યા, કદાચ કવિતા તમને રૂચતી યે નહિ હોય છતાં—"

એની આંખોમાં, અને એના આખાયે વદન ઉપર એક કરુણ વિનતી–આજીજી–યાચના ઉપસી આવી, સિતારના તાર સ્પર્શ થતાં જ જેમ ધ્રુજી ઊઠે છે તે જ રીતે કવિની આંખમાં આતુરતા થરથરી રહી હતી.

"સાંભળશો એ કવિતા? જો એ આવે તો કહેશો એને—"

"ભલે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને કવિ કવિતા ગણુગણવા લાગ્યો. હું બેઠો બેઠો એ સાંભળવા લાગ્યો. એ સાંભળતા સાંભળતા મારું મન પણ દૂર સુદૂર અતીતમાં વિહરવા લાગ્યું.

★

સાંભળતા સાંભળતા હું માનસચક્ષુએ નિહાળવા લાગ્યો, ને મેં જોયું: દુબળો એવો એક ગરીબ જુવાન ઉઘાડે પગે મજલ કાપી રહ્યો છે. એના પેટમાં અન્ન નથી, ને માથામાં તેલ તથી, રૂક્ષ ને વિખરાયેલા વાળ અને લંવર-વંધર ચિંથરીયાં એના વસ્ત્રો છે, પણ એ તરફ એનું ધ્યાન જ નથી. એની આંખોમાં જળહળે છે એક જાજ્વલ્યમાન જ્યોત, ને એના અંતરમાં છે અમૃતની પ્યાસ. અમૃતનું પ્રલોભન આપી એક કિશોરી એને પોતાની નિકટ આવવા સાદ પાડે છે ને એના જવાબમાં એ એની પાસે ચાલ્યો જાય છે. એ કિશોરીની ઊંચી થયેલી બે આંખોમાં એક અપૂર્વ રસાભાસ હતો. એમાં કેવું ભાષાવિહોણું ને નીરવ નિવેદન હતું?

★

ખોલી નાખો, બંધન, ખોલી નાખો મારાં—

ધીમા દબાયેલા સાદે પોતાની કથની કહેતી એક યુવતી આગળ આવી. એની લોહીયાળ આંખો બહાર નીકળું નીકળું થઈ રહી હતી, એના ગળા પરની દોરી સખત રીતે બાંધેલી હતી. બન્ને હાથો વડે ખેંચાખેંચી કરી એણે પોતે જ પોતાનું બંધન-ફાંસીનો ગાળીયો કાઢી નાખ્યો. અવ્યવસ્થિત હતા એના લાંબા સુંવાળા વાળ, એના પાતળા હોઠ ઉપર એક વિચિત્ર હાસ્ય રમી રહ્યું હતું.

—"કયાં ગયો પેલો કવિ! કવિતા આખરી ટાણે મૃત્યુનો ફાંસલો બની ટોટો પીસીને બેસે છે એની એને ખબર છે?"

ઓહ-કવિતા તો ઘણીયે સાંભળી છે આ જીવનમાં, પણ આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાતની વ્યાખ્યા કેટલી કવિતાની થઈ શકે ?

—"હું જ્યાં પણ જાઉં છું ત્યાં હજારો આંખો સામટી મારા તરફ અધીર આતુરતાથી મંડાઈ રહે છે, કેમ જાણે એ બધી મને આંખો વાટે ગળી જવા ન માગતી હોય! હિન્દુ, મુસલમાન, જૈન, ખ્રિસ્તી બધા જ ધર્મનાં આબાલવૃદ્ધ જુવાન સહુની આંખોમાં એક જ ભૂખી નજર જોઉં છું. કવિઓએ કવિતા લખી છે ને ધનિકોએ ધન પાથર્યું છે. જેની પાસે કંઈ જ નહોતું, જે બીચારા એકદમ કમનસીબ હતા તેઓએ વિનતી ગુજારી છે! અસહ્ય છે આ બધું!"

ને પછી મારી વધુ નજીક સરી એ બોલી—"વારુ, ડાક્તર! એક વાત કહી શકશો તમે? પુસ્તકોમાં પ્રેમની જે બધી વાતો આવે છે એ બધી શું સાચી હોય છે! શું સાચેસાચ એમ થતું હોય છે? મારા જીવનમાં મેં તો જોયું છે કે પુરુષો મને લઈને રમત જ રમ્યા છે! કેમ જાણે હું કૂટબોલ ન હોઉં? ચબરાક ખેલાડીઓ મને ઘેરી વળતા, સૌ મારા તરફ લોલુપ નજરે જોતાં, અને એમ છતાં મને પોતાની નિકટ આવેલી જોઈ લાકડી મારી દૂર ફંગોળી મૂકતાં, અને મને આમ દૂર હડસેલી ફરીને તેઓ મારી પાછળ મને પકડવા દોડતાં! કેવી અજબ જેવી આ વાત છે કહો તો!"

આટલું બોલી એ આગળ આવી દીવા પાસે ઊભી રહી અને દીવા પાસેનાં કૂદાં–પતંગિયા વગેરે જીવડાં જોવા લાગી, એમાંના કેટલાક મરી પરવાર્યા હતા, કેટલાક મરું મરું થઈ રહ્યા હતા, તો કેટલાક હજુયે જીવનની મઝા માણતાં એકધારી રીતે પ્રકાશજ્યોતને પ્રદક્ષિણા ફરી રહ્યા હતા.

× × ×

—"ડાક્તરબાબુ–તમે એ તો મને કહ્યું નહિ કે ફાંસો બાધા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી માણસ કયાં જતો હશે? કહો ને!"

જોઉં છું તો પેલો સ્વદેશી ચળવળવાળો યુવાન.

—"કહો ને!" એણે ફરી પૂછ્યું.

"—મને ખબર નથી એની!"

—"તમને ખબર નથી?"

"ના."

—"વારૂ, વોલ્ટા, ગેલ્વાની, લેવોયશેર, પાશ્ચર, ગેલીલિયો વગેરે કોઈ આવે છે?"—એણે પૂછ્યું.

—"ના,"

અને એ યુવક ચાલ્યો ગયો. અદ્‌ભુત હતી એની દૃષ્ટિ.

પેલી યુવતી આ દરમ્યાન દીવા પાસેનાં જીવડાં જોઈ રહી હતી. સ્વદેશી ચળવળીઓ ચાલ્યાં જતાં મારી પાસે આવી એણે પૂછ્યું—"હમણાં જે ગયા એ કોણ હતા?"

જે કંઈ જાણતો હતો તે મેં કહ્યું. અને હસતાં હસતાં એ બોલી—"સહુનું સાંભળો છો તો મારૂં યે જરા સાંળળી લો. વારૂ, પેલા ભાઈ જેના નામો બોલી ગયા એ બધા કોણ હતા? કેવી અદ્‌ભૂત હતી એ નામાવલિ! શું કરતા હતા એ સૌ?"

"એ બધા મોટા મોટા વૈજ્ઞાનિકો હતા. એ બધા જ મરી પરવાર્યા છે. એ છોકરો એમને જ શોધતો ફરે છે."

"ત્યારે તો એ ભાઇ બહુ વિદ્વાન હશે?"

"હા"

ને કોણ જાણે કેમ એ અન્યમનસ્ક જેવી થઇ ગઈ. થોડીવારે એ બોલી—"મારી વાત સાંભળશો?"

—"બોલો—" મેં કહ્યું.

—"કુળવાન બ્રાહ્મણ કુટુંબની હું કન્યા. મા નિષ્ઠાવાન હિન્દુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિધવા. મહિનાના વધુ ભાગના દિવસો એ ઉપવાસ ઉપર ગુજરતી. ગરીબ હોવા છતાંયે માની નિષ્ઠાના જોરે અમારી આબરૂ બહુ સારી હતી. માનું મોં મને હજુ યે બરાબર યાદ છે બહુ સુંદર હતી એ. બગલાની પાંખ જેવો ઉજળો એક સાળુ પહેરતી એ." કહી તે જરા ચૂપ થઈ ગઈ.

—એવી માની દિકરી થઈ ને હું આવી કેમ થઈ એ જ વિચારૂં છું. હું જ્યારે નવ વરસની હતી ત્યારે જ મારા લગ્ન થઈ ગયેલાં, માએ મારૂં કન્યાદાન આપી પુણ્ય લીધું હતું. આડોશી–પાડોશીને બોલતાં સાંભળેલાં કે હું દેખાવે સુંદરી–ગૌરી જેવી જ હતી, મારા એવા રૂપને અંગે જ એક મોટા માણસના દિકરા સાથે મારા લગ્ન લેવાયા હતા, કોઇક ગરીબને હાથે પડી હોત તો કદાચ આટલી દુર્દશા ન થાત!"—બોલી એ જરાક હસી.

"સહુએ મારા રૂપના વખાણ કર્યાં, એક મારા એ સ્વામી સિવાય. કદાચ એણે કોઈ દિ' નિરાંત કરીને મારી સામે જોયું પણ નથી. દારૂમાં એવા તો ચકચૂર રહેતા કે મારી સામે જોવાનો એમને વખત જ ન મળતો. રાત્રે એમની ગંધાતી ઉલટી સાફ કરતી ત્યારે એમની હાજરીની ખબર પડતી. પતિ દેવતા હોવા છતાં ભાગ્ય અમર નહોતું. એથી છૂટકારો પામી દેવતાઓ સ્વર્ગમાં વસે છે એમ સાંભળ્યું છે, કોહવાઇ ગયેલી બરોળ સાથે એ પણ સ્વર્ગે જ સીધાવ્યા હોય એમ આશા રાખું છું. પણ જવા દો,–મારે નથી જવું એ સ્વર્ગમાં!"—

"—સ્વામી સ્વર્ગે સિધાવ્યા ત્યારે હું તેરેક વર્ષની હતી, પરણી ત્યારે સાંભળેલું કે તેઓ બહુ મોટાં ખોરડાના ખાનદાન છે એ વાત ખોટી ન હતી. એ મોટા ઘરનાં હતા. એમનાં બાપનાં બાપે–દાદાએ વ્યાપાર–ધંધો ખેડેલો, અને એ ઠીક ઠીક કમાયેલા, પણ પછી આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકો બે પેઢી થયાં વિવિધ રીતે એ કમાણી ખર્ચી રહ્યા હતા. મારા પતિને ભાગે જે ધન આવેલું તે દારૂમાં ઉડાડી દીધા પછીયે એમની ઊંઘ ન ઊડી. મૃત્યુ પહેલાં થોડું કે કરજ પણ કરી ગયેલા. —પણ તમને આ બધું સાંભળવું ગમે છે?"

"—ગમતું તો નથી છતાં આગળ કહો—"

—"ગમતું નથી? કોહવાઈ ગયેલા મુડદાં ચીરવા ગમે છે, બોટે બોટી પ્રેમની નવલો વાંચવી ગમે છે અને મારા જીવનની આ સાચી કથની સાંભળવી નથી ગમતી?"

મેં કહ્યું—"સત્ય સદાયે અપ્રિય હોય છે, તું તારે આગળ વધ."

અને એ આગળ બોલવા લાગી.

"હું શું કહેતી હતી, સ્વામી મારા સ્વર્ગે સંચર્યા અને હું રહી ગઈ આ મર્ત્યલોકમાં; અને બીજા એક રહી ગયા મારા સ્વામીના મામાના દિકરા ભાઇ 'પુલક દિયરજી' એ જ હતા મારા પહેલા પ્રેમી"-બોલી સ્મિત કરતાં તે આગળ વધી—

"આપણા દેશમાં સતી થવાનો રિવાજ જ સારો હતો, પતિ સાથે પત્નીને બાળી નાંખતા-પછી નિરાંત! આ રીતે બળી-જળીને મરવાનું તો ન રહેત! આ દેશમાં કયારે યે સતીદાહની પ્રથાનો લોપ શકય છે? આજ પણ દેશમાં ઘેર ઘેર સતીઓ બળી જ મરે છે ને! માત્ર અગ્નિનું સ્વરૂપ પલટાયું છે. પહેલા હતો ચિતા-અનલ હવે છે તુષા-અનલ. (ભારેલો અગ્નિ)—"

મેં જોયું તો યુવતીના મોં પર એક વિચિત્ર હાસ્ય હતું.

"હા. મારા આજ સુધીનાં જીવનમાં અવાર-નવાર એની સાબિતીઓ મળી છે. આ તુષા-અનલને બુઝાવવા મેં ઘણાયે પ્રયત્ન કર્યા, પણ પાણી હું મેળવી શકી નહિ, નરકમાં કદિયે પાણી મળે ખરું? બસ ન જ મળ્યું. આ મર્ત્યલોક જ મારે માટે નરક બની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયેા. અને એ નરકને મેં ગુલઝાર પણ બનાવી દીધુ ! મારા આ સામાન્ય દેહ વડે મેં આટ–આટલા માણસેાને કઇ રીતે મુગ્ધ કર્યા હતા એ જ વિચારૂં છું. અને એ પણ પ્રતિદિન પ્રતિપળ આવતા નવા નવા માણસ ! એક સામાન્ય વારાંગનાના જીવનનું વિસ્તૃત વર્ણન કરીને તમારી ધીરજ નહિ ખુટાડું ! માત્ર એટલું જાણી લેજો કે મારૂં એ જીવન સુખમય નહેાતું. ગળે દેારડું કંઈ હેાંશે હેાંશે નહેાતું બાંધ્યું. શકય હેાત તેા ઘેાડાગાડીનાં ઘેાડાએા પણ આપઘાત કરત, અશકય છે એટલે જ નથી કરતા.

" જીવનમાં મારે સૌથી મેાટું દુઃખ શું હતું જાણેા છેા ? હું કેાઇને ચાહતી નહેાતી. ચાહવા જેવું કેાઇ જ મારી પાસે ફરકયું નથી. અને છતાં પૈસાની જરૂરિયાતે નિરંતર ચાહવાનેા ડેાળ–દંભ કરવેા પડયેા છે ! કેવા અજબ છે આ પુરૂષેાનાં માનસ ! ઘરની સુંદર સતી સ્ત્રીઓને મૂકીને તેઓ દેાડયા આવે છે અમારી પાસે. મારા પતિ એમ જ જતા તેવું સાંભળેલું. પુરૂષેાને આ અ–સતી સ્ત્રીઓ ઉપર શું સેાળ આના માયા હેાય છે ?–અસતી જાણીને જ તેઓ અમારી પાસે આવે છે અને છતાં આવતાં વેંત જ એકનિષ્ઠાનેા દાવેા ઠેાકી બેસે છે, અને અમે પણ પૈસાનાં લેાભે એકનિષ્ઠતાનું નાટક ભજવતા રહીએ છીએ. મરી છું, પણ ઓછી ઇચ્છાથી ? "

આટલું બેાલી હસતી હસતી એ ચાલી ગઇ.

અદ્‌ભૂત હતું એનું એ હાસ્ય.

ઉઘાડી બારીમાંથી હેમાળાશેા પવન હુ–હુ કરતેા અંદર આવવા લાગ્યેા. ગજબની ટાઢ હતી !

અને મેં સાંભળ્યું–પેલું પતંગિયું પ્રકાશજ્યેાતને ઉદ્દેશી બેાલતું હતું—"હું નીલાકાશમાં વિચરનાર જ્યેાતિમય સૂર્યનેા ઉપાસક–મુકત પ્રકાશ અને નિર્મળ પવનમાં ફરતેા ફરૂં છું. આ બંધ ઓરડાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંકીર્ણતાએ મારૂં સમસ્ત અંતર ભરાઇ આવે છે—" બારીમાંથી ફરી થોડોક પવન અંદર પ્રવેશ્યો. જોયું તો પ્રકાષજ્યોત જરા ઝુકી જાણે વધુ ઝગમગી ઊઠી.

પતંગિયાઓ ફરીને એને ઘેરીને ફરતા ફરતા મૃદુગૂંજન કરતાં કંઇક બોલવા લાગ્યા, પરંતુ હું એ સમજી શકયો નહિ.

૧૧

" ઊંઘ આવતી નથી, શું કરૂં કહો ને !"

હું પોતે જ દાક્તર છું. ઉપાય કરવામાં બાકી નથી રાખ્યું, છતાં કેમે કરી ઊંઘ નથી આવતી. સુંવાળી ને નરમ પથારી, સખત બિછાનું, વગેરે ઘણાં અખતરા અજમાવી જોયાં. પણ કોઇથી કાંઈ થયું નથી. ઘરમાં અંધારૂં ઘોર કરીને જોયું. અને સતત પ્રકાશ રાખીને યે જોયું, પણ બધું એ ને એ, પ્રકાશનો રંગ પણ બદલી જોયો, જેસા ખર્ચાય છે માત્ર, ઊંઘ નથી જ આવતી. ઊંઘ લાવવા માટેનાં બધા જ ઉપાય અજમાવી ચૂકયો છું; એક પણ બાકી નથી રાખ્યો, છતાં ઊંઘનું નામનિશાન નથી.

નિંદર વિસર્યા નયને એકલો બેઠો છું. ઘરની આ બારી જ છે એક માત્ર મારી સાથી ને સંગી. ચોપડી વાંચવી યે જ્યારે નથી ગમતી ત્યારે બારી તરફ જોતો બેઠો રહું છું.

આંખ મીંચીને કયાંય સુધી એકથી હજાર ગણ્યા કર્યું છે. કલ્પના કરી છે જાણે કોઇ પહાડી ખીણમાંથી ટોળું એક ઘોળા ઘેટા બહાર આવી રહ્યા છે. એક આવ્યું, ત્યાર બાદ એક બીજું–ફરી એક બીજું વળી પાછું એક આમ કેટલાયે હજાર ! છતાં ઉંઘ નહોતી આવતી.

મારી દવા–દારૂ ને સારવારથી આજસુધીમાં જે જે દર્દી મર્યા છે તે બધા કાલે આવ્યા હતા. આજે આવે છે આપઘાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરીને મરેલાઓ–જેમનાં શબ મેં છિન્નભિન્ન કરીને તપાસ્યા હતા તે, નિર્વિકાર ચિત્તે તેમની વાત હું સાંભળું છું. આંખમાં ઉંઘ મારે જરીકે છે જ નહિ.

અજબ છે મારી આ બારી ! આ વિશ્વ–જગતની તુલનામાં એ તો કંઈ જ નથી. ગગનવ્યાપી લક્ષ–કોટિ નક્ષત્ર–સમાજ પાસે કેટલા ક્ષુદ્ર છે આપણા આ સૌર જગતના સીમાડાઓ ? અને એ સૌર જગતનો એક ક્ષુદ્ર ગ્રહ તે આપણી આ પૃથ્વીના એક ખૂણામાં કેટલું અદનું છે આ મારું નાનકડું ઘર ? અને આ ઘરની એક ભીંતમાં આ એક નાની બારી–કેવી મામુલી–ને છતાં કેવી મહાન ? આ ક્ષુદ્ર બારીમાંથી બહારની દુનિયા દેખાય છે. આકાશપટ પર વિશ્વરૂપ જોઈ શકું છું. પ્રકાશ પામું છું અને અંધારૂંયે આવે છે.

૧૨

"દાક્તર બાબુ ! દાક્તર બાબુ !! દાક્તર બાબુ !!!"

જોયું તો પેલી બાળ–હત્યારી માતા આવી છે. એની ગોદમાં એક મરેલું બાળક છે.

"જુઓ તો દાક્તર બાબુ, હજુયે જીવે છે કે નહિ ? હજુ પણ હૃદય પાસે જરા ધક્ ધક્ થતું લાગે છે, જુઓ તો જરા !"

"ક્યાંથી મળ્યું આ બાળક ?" મેં પૂછ્યું.

"નદી કાંઠે પડ્યું હતું. કુતરૂં એક હાથ ચાવતું હતું, જુઓ તો, જીવ છે કે નહિ ?"

આટલું કહી એણે એ મૃત બાળક મારી સામે ધર્યું. ધબકારા વિહોણું પ્રાણવિહિન શરીર. એક આંખ નહોતી, કદાચ કો'ક કાઢી ગયું હશે. કુમળા હાથ તરફ જોયું તો સાચે જ આંગળાં નહોતાં, કુંતરૂં ચાવી ગયું હતું.

"દાક્તર બાબુ અહીં આ કાળા ડાઘ શાના હશે ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એ તો ત્યાંથી જ તમે ડોક દબવી'તી ને?"

બાળકને ગોદમાં લઈને એ યુવતી થર થર ધ્રુજતી હતી.

"હજુયે એનો શ્વાસ જરા ચાલતો જણાય છે, જીવે છે શું? જરા જુઓ ને ડાક્તર!"

હું શું કહું?

"મહેરબાની કરીને મને કહી દો ડાક્તર બાબુ, કે આ જીવે છે યા મરી ગયો છે? કોઈ પણ રીતે આને બચાવી આપો!"

"હા, હજુયે થોડોક જીવ છે—" હું ખોટેખોટું જ બોલ્યો.

"હેં?" આટલું બોલી એ પાગલ માતાએ ઉપરા ઉપર ચુંબનો ચોડીને એ મૃત શિશુનું અંગેઅંગ ભરી દીધું. એના વસ્ત્રો અસ્ત-વ્યસ્ત થઈ ગયા, એની વેણી ખુલી ગઈ, એ કહેતી હતી—"બાપા મારા, રતન મારા, મારા ફૂલ, મારાં બાળ-મારાં..."

× × ×

બહાર પવન જોરથી ફૂંકાતો હતો.

હું બારીમાંથી બહાર જોઉં છું. ઘનઘોર ઘટાટોપ ઘેરાયેલાં વાદળાં આકાશમાં એક દિશામાંથી બીજી દિશા તરફ દોડયે જાય છે. નક્ષત્ર વિહોણી અંધારી રાત ઘેરાઈ આવી છે. સદૈવનાં પેલા ઉજ્વળ શાશ્વત નક્ષત્રો દેખાતા નથી. સાધારણ એવા વાદળોની યે કેવી અસામાન્ય શક્તિ, કે એ નક્ષત્રોને પણ વિલુપ્ત કરી નાખે છે.

મન આ બધાયે તિમિરને ભેદીને દૂર-સુદૂર તણાયું જાય છે, સીમાડ વિહોણાં સ્મૃતિનાં સાગરમાં અંતર આખુંયે ડૂબું ડૂબું થઈ વહી રહ્યું છે. જાણે એક મામુલી તુંબડું ચારે બાજુ કોટાનકોટિ સાગર તરંગો...! ને મનોચક્ષુ સમીપ એક ચિત્ર સ્પષ્ટ થઈ રહ્યું છે.

ગામની એક પુષ્કરિણી, ચોને કાંઠે નાળિયેરી, સોપારી, આંબા, જાંબુ, કણસ, અનનસની વાડી ચારે તરફ હરિયાળી જ હરિયાળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છવાઇ છે. સૂર્ય અસ્તાચળે જાય છે, કયાંક કયાંક કો'ક કોયલ ટહુકે છે. સરસર કરતી એકાદ ખીસકોલી સુકાં પર્ણો ખખડાવતી દૂર ચાલી જાય છે.

આ પુષ્કરિણીની બીજી બાજુએ એક જીર્ણ દેવાલય-શિવ મંદિર છે ત્યાંથી આવતા ધૂપ-ધૂણીની સુગંધે સાંજની હવા ભારે થઇ ઊઠી છે. શંખનાદથી ચારે દિશા ગાજી ઊઠી છે.

ઘાટ ઉપર સ્નાનાર્થીઓની ભીડ છે. દિવસ આખાના ઉપવાસ સાથે માતાઓ સંતાનોની મંગળ કામના અર્થે શિવપૂજાએ આવી છે. આજે નીલ છઠ છે.

પ્રત્યેક માતાના મોં પર, આંખમાં, આચાર વિચાર અને અવયવે અવયવમાં એક જ ભાવ-ભાષા દેખા દેતા હતા કે-" મારાં સંતાનનું કંઇ જ અનિષ્ટ ન થજો. હે દેવતા, હે શંકર! મારાં બાળકોને સદાય સાજાં-નરવાં ને સુખી રાખજે!"

વિચારું છું, આ માતાઓ પણ જરૂરિયાતે નિજ સંતાનોની હત્યા કરે છે, એ જ જરૂરિયાતે શિવ-પૂજા પણ કરે છે અને નિજ બાળની હત્યા પણ કરે છે અને વિચાર કરતાં લાગે છે કે આ જગામાં જરૂરિયાતનો અધિકાર જ સૌથી મોટો અધિકાર છે. દયા, માયા, વિવેક-નીતિ-અનીતિ સમસ્તનો ભૂકો કરતો જરૂરિયાતનો આ લોહ 'રોલર' દુનિયાના રાજમાર્ગ પર ગર્જના કરતો જોરથી ચાલ્યો જાય છે, એને અટકાવવો આકરો છે એ જરૂરિયાતના દબાણે મા પણ બાળકનું ગળું દબવી શકે છે! પતિ પત્નીને બીજાને—

૧૩

મારૂં દોરડું મને પાછું આપો—

ચોંકીને જોયું તો મારી સામે અનિમિષ નયને એક વૃદ્ધા જોઇ રહી છે. એના મોં પરની ચામડી કરચલી વાળી થઇ ચીમળાઇને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝુલી પડી છે. અવસ્થાને અંગે માથું ધ્રુજતું જ રહે છે. વાળ શ્વેત નહિ પણ પીંગળા છે. જ્યોતિહીન આંખોની દૃષ્ટિ મારા તરફ ચોડીને એ ફરીથી બોલી.

"પાછું આપ, મારૂં દોરડું મને પાછું આપ! મારા ગળામાંથી શા માટે તેં એ બોલી નાંખ્યું? ક્યાં રાખ્યું છે એ? લાવ, ફરીને મારે એ ગળે બાંધવું છે, મને ખબર છે કે હજુ હું બરાબર નથી મરી, મને બધું યાદ છે, બધુંજ—"

આટલું બોલી એ વૃદ્ધા એના કંપતા હાથ પહોળા કરી જરા વધુ નજીક આવી,

ચાલ, મારૂં દોરડું પાછું આપ. હું બરાબર જીવતી છું, ના જીવવું નથી મારે. જીવતી હું નહિ રહી શકું—હું નહિ જીવી શકું, હવે આ વખતે મને પૂરેપૂરી મારી નાંખજે!"

—"તમે તો મરી જ ગયા છો લગભગ મહિના—" મેં કહ્યું.

—"જુઠી વાત, એક મહિના પહેલા મરવા માટે મેં દોરડું બાંધેલું એ ખરૂં, પણ ત્યારે હું મરી નહોતી. મને બધું જ યાદ આવે છે. મારા ગળામાંથી દોરડું તેં કાઢી નાખ્યું હતું."

હું ચૂપ રહ્યો.

ભમ્મર ખેંચી તીણા સાદે એણે પૂછ્યું—"કેમ? તેં નહોતું નાખ્યું?"

—"હા, કાઢી નાખ્યું હતું, પણ એ તો તમારા મૃત્યુ પછી—"

"—તો મને બધું જ યાદ કેમ આવે છે?"

"શું યાદ આવે છે?—"

"ઓહ, અતિ દુઃખદ છે એ વાત. મારા મોં પર એ તડાતડ જોડા મારે જતો હતો! મને ચોટલેથી ઝાલીને આંગણામાં પછાડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેટ–છાતી પર લાકડીના ઘા ઉપર ઘા કર્યા, મારા હાડકા પાંસળા ભાંગીને ભૂક્કો થઈ ગયાં. આ જો—"

અને મને યાદ આવ્યું કે એની છાતીનું એક હાડકું ભાંગી ગયું હતું. એ જગ્યા ચીરીને ભાંગેલું હાડકું મેં તપાસ્યું હતું. વૃદ્ધાએ એજ ઘા દેખાડ્યો. જોયું તો એ લોહીયાળ ઘામાંથી ભાંગેલા હાડકાનો થોડોક ભાગ હજુ દેખાતો હોય તેમ જણાયું.

—"હું હવે ફરીથી મરીશ. ખરૂં કહું છું ડાક્તર સાહેબ–મને મારી નાંખો. આ સ્મૃતિ મારે માટે અસહ્ય છે."

અને એ વૃદ્ધાની આંખમાંથી ટપ–ટપ કરતાં બે આંસુ નીચે દડી પડ્યાં.

—"માનવીનો સહુથી મોટો શત્રુ કોણ છે જાણો છો ? એનાં પોતાનાં પેટનાં સંતાન. એથી મોટા શત્રુ બીજા થતા નથી. ખાસ કરીને એ જો મારા જેવી વિધવા માતાનું એકનું એક સંતાન હોય તો. દુશ્મન ! દુશ્મન !! કાતિલ દુશ્મન !!! જ્યાં સુધી પેટમાં હતો ત્યાં સુધી મારૂં લોહી પીધું. ધરતી પર આવ્યા પછી પણ એ શોષણ બંધ ન થયું, ઘાવ ઘાવ કરીને શતમુખે એણે મારૂં લોહી પીધું છે. સાંભળ્યું છે કર્યાય કે આઠ વરસનો છોકરો ઘાવતો હોય ? કેટલાયે હનમાન ને દેવ–દેવતાનાં દોરા–ધાગા કર્યા, કેટલીયે માનતાઓ માની ને પૂજાઓ કરી આ છોકરાને મોટો કર્યો. એકેય છઠ્ઠ ખાલી જવા દીધી નથી. ઉપવાસ ઉપર ઉપવાસ કરી કરીને શરીર સુકવી નાખ્યું છે મારૂં–"

પળવારમાં મારા મનમાં ચેલી પુષ્પકરિણીને તીરે માનતા કરતી માતાઓનું ચિત્ર ખડું થઈ ગયું. જોયું તો હરિયાળા વૃક્ષોમાં આગ લાગી છે. ગગનચુંબી અગ્નિશિખા ભડ ભડ કરતી બળી રહી છે. અસ્તાયમાન સૂર્યની એ દીપ્તિ હવે નથી રહી. જાણે માત્ર એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સળગતો અંગારો જ ન હોય તેવો એ લાગે છે. કોયલા જોત જોતામાં શકુનિ બની ગઈ. પુષ્કરિણીનાં નીર રાતા લોહીમાં પલટાઈ ગયા. ને તેમાં રાશી ભૂખ્યા ડાંસ જેવા મચ્છર મચ્છ વારાફરતી આવીને એક પછી એક જનેતાનો કોળીયો કરી જવા લાગ્યા. જનેતાઓના આર્તનાદે ચારે દિશાઓ ગાજી ઊઠી. પેલા જીર્ણ શિવ-મંદિરમાં બેઠો છે શિવ નહિ પણ એક મહાભયંકર રાક્ષસ. જે જનેતાઓની આવી દુર્દશા જોઈ ને ખડખડાટ હસી રહ્યો છે.

"—મારો એ એકનો એક દિકરો હતો. કેટ કેટલાયે દુઃખ વેઠીને એને મોટો કર્યો હતો. જ્યારે જે માંગ્યું ત્યારે તે આપ્યું છે. એની આકાંક્ષા સંતોષવા મારી પાસે હતું તે બધું યે આપ્યું. છેલ્લું ઘરેણું સુદ્ધાં વેચી નાખ્યું. સાંભળ્યું છે કયાંય કે તેર વરસનો છોકરો રૂપાની ઘડિયાળ બાંધીને નિશાળે જાય? સાંભળ્યું છે કદિયે કે એક પણ ચોપડીમાં પાસ ન થનાર ડોઢ છોકરાને રોજેરોજ નવાં કપડાં જોઈએ? જુદા જુદા રંગનાં ને પ્રકારના કપડાં એને માટે ખરીદી આપ્યાં છે, કેટલીયે જાતના જોડા અને કેટલીયે જાતની સોટી એને માટે-એના શોખ માટે વસાવી હતી. ગામની નિશાળમાં ન ગમ્યું એટલે શહેરમાં મોકલ્યો. કેટ-કેટલી વેઠે એની ખરચી ભેગી કરતી, ને મોકલતી? મારૂં દુઃખ તમે નહિ સમજી શકો. પોતાના પેટનું સંતાન જ્યારે દારૂ પીને આવીને જોડા મારે ત્યારે જનેતાના મનમાં કેવું દુઃખ થાય એ સમજવાની તમારી તાકાત નથી. લાવો મારૂં દોરડું મને પાછું આપો. હું ફરીને એ ગળે બાંધીશ. કયાં છે! કયાં છે મારૂં દોરડું!"

બહાર અંધકાર તરફ નિર્દેશ કરી મેં કહ્યું-"એ પણે પડ્યું."

ને એ વૃદ્ધા ધ્રુજતી ધ્રુજતી અંધકારમાં ભળી-ઓગળી ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬૪

બારી વાટે નિહાળીને જોયું તો ચારે તરફ મેઘ ઘેરાયો છે. માત્ર થોડું એવું આકાશ હજુયે મેઘવિહોણું—સ્વચ્છ રહ્યું છે, ને ત્યાં ટમટમ કરતો એક તારો ટમટમી રહ્યો છે. મહાસાગરમાં જાણે એક નાના શા દ્વીપમાં દીવો બળે છે. કોઈ પથ ભૂલ્યા પથિકને જાણે માર્ગદર્શન ન આપતો હોય! એ મેઘના મહાસાગરમાં કોઈ નાવિક પણ છે કે શું? અને નાવિક હોય તો શું એ પથ ભૂલે? ને પથભૂલ્યે શું પેલા એકલા તારાનાં પ્રકાશે એને દિશા સુઝશે? તારલાના પ્રકાશમાં પથ નહિ ભૂલાય?

પરંતુ શું સુંદર શું ઉજ્વળ છે એ તારો? ઘનઘોર આ અંધકારમાં એ એકેક નક્ષત્રને જોઈ મનને ખાત્રી થાય છે, મનમાં થાય છે કે બધે જ ઘોર અંધાર નથી, અજવાળું પણ છે. મનમાં ધીરે ધીરે આશાનો સંચાર થાય છે. જોત જોતામાં મેઘવિહોણું થોડુંક આકાશ પણ વાદળોથી ઘેરાઈ ગયું. નક્ષત્ર અદૃષ્ય બન્યું. ઘમઘમકારે અંધકાર જાણે કંપી ઊઠ્યો...વિચારું છું કે આકાશનો સરજનહાર જ આ મેઘનો પણ સર્જક હશે શું? પ્રકાશ અને અંધકાર શું એક જ કવિની કવિતા છે? પાપ ને પુણ્ય? સત્ય ને અસત્ય?

× × ×

"સત્ય અસત્યનાં સર્જક આપણે જ છીએ. મરીને હું એ જાણી શકી છું, જરા પાણી આપી શકશો? બહુ બળતરા ઉપડી છે, આગ હજુયે જાણે નથી શમી—"

જોયું તો એક નગ્ન અર્ધદગ્ધ નારી ઊભી ઊભી થરથર કંપે છે. એનું પેટ, છાતી અને પગનો થોડોક ભાગ બળી ગયેલ છે. ચામડી ઠેકઠેકાણેથી ઉતરડાઈ ગઈ છે, ને એમાંથી લાલ માંસ લબકારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતું બહાર નીકળી આવ્યું છે. આખા શરીર પર મોટા મોટા ફરફોલા પડયા છે.

એ બાઈના મોં તરફ નિહાળીને જોયું તો આટલા દુઃખમાં પણ એ આછું આછું હસી રહી છે. મઝાનાં ઢગલો એક વાળ શામળા મોં પર મોટી મોટી બે વેદનાતુર આંખો. છતાં જાણે રહસ્યમય.

"આપોને થોડું પાણી. બળતરા હજુયે ઓછી નથી થઈ; મરી ગઈ છું તો પણ; આ તે કેવી બળતરા!"

રડતાં રડતાં પણ એ જાણે હસતી હતી, હાસ્ય અને રુદન જાણે તડકા-છાયાની જેમ એનાં મોં પર આવ-જા કરે છે. એ શામળી હતી તેમ છતાં શું સુંદર હતું એનું મોં! ઓચિન્તુ મને યાદ આવ્યું, આ પેલી યુવતી તો નથી ને જેની વાત કવિ—"

એ હસીને બોલી—"તમે શું વિચારો છો કહું?

"શું?"

"પેલા કવિની વાત. એ તમારી પાસે આવી ગયો હશે એમ લાગે છે? બિચારો!" કહી એણે એક કુટિલ હાસ્ય કરતાં કરતાં મને પૂછ્યું—"એની બધી વાત તમે ખરી માની શકયા? કવિતા એણે તમને સંભળાવી? કવિતા મઝાની લખે છે કેમ?" અને એની મોટી મોટી આંખો મારા તરફ ખોડી રાખી એ આછું હસવા લાગી.

"બિચારો સાચી વાત જો જાણત! એનો ભ્રમ મેં કાઢ્યો' ભાંગ્યો નથી. કારણ એમાં મારો સ્વાર્થ હતો. પરંતુ હવે જો એક વાર મળી જાય તો એનો ભ્રમ ભાંગી નાખું. હવે તો હું સમસ્ત સ્વાર્થ સર્વ ભ્રમ-ભ્રાન્તિ બધાય દ્વંદ્વથી પર છું. ફરીને જો એ આવે તો એનો ભ્રમ તમે ભાંગશો?

"શો ભ્રમ?"

"મેં કદિયે કયારેય પણ એને ચાહ્યો નથી. કવિતા બવિતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને મુદ્દલ ગમતી જ નથી. મને તો એ બધાં ઢોંગધતુર લાગે છે. કદાચ હું એ સમજી પણ નથી શકતી—"

હું મુંગો મુંગો સાંભળવા લાગ્યો.

"પણ આથી એમ ન માનતા કે હું મારા પતિને જ ચાહતી હતી. એના તરફ તો હું નજર માંડીને જોતી પણ નહોતી, મારો પતિ લોહી-માંસનો બનેલો માનવી જેવો માનવી ન હતો. જેવું લબડતું એનું શરીર હતું, એવું જ લબડતું એનું મન હતું, એનાં શરીર કે મનમાં જરા જેટલીયે શક્તિ મેં કદિ જોઈ નથી! એ જો કોઈ અતિ બળવાન જંગલી, એકાદ ચોર-લુંટારો હોત તો પણ હું એનાથી ઘણી ઘણી સુખી થાત! એમ. એ. ડિગ્રીને મારે શું ધોઈ પીવી'તી? ના, એમ. એ. પાસ પ્રોફેસર પતિ મને જરાયે ગમતો નથી. મારી એક વાતો સાંભળશો? વાતો નહિ સાચેસાચી વાત. જીવતો જીવત એ વાતને સાચી સ્વીકારતાં હું મારી જાત પાસે જ શરમાતી હતી. પણ હવે શરમ શાની-ને બીક પણ શાની?"

કહી એ આછું આછું હસવા લાગી.

"અમારા મકાનની બાજુમાં જ એક હલકો માણસ રહેતો. હલકો એટલે કે ગરીબ માણસ. મારા ઘરની બારીમાંથી એના ઘરનું આંગણું દેખાતું. પહેલવાન માણસ, માથે મઝાની બાબરી, મોટી મોટી મૂછ ને ગલપટા જેવી દાઢી સાક્ષાત જમદૂત જેવો લાગે. એ રોજ રાત્રે આવી એની વહુને ચોટલેથી ઝાલીને ઝુડતો. એ ચોરની સજા હતી! વહુના હૈયાફાટ રૂદને શેરી આખીનાં બધાં જ અસ્થિર થઈ ઊઠતાં! ને કયારેક એ જ માણસ વહુને વહાલ કરતો પણ દેખાતો. એટલું અજબ વહાલ કરતાંયે કદીયે કોઈને નથી દીઠો. એટલો પ્રેમ કોઈ પુરૂષ કોઈ સ્ત્રીને કરી શકતો હશે એ પણ મારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલ્પના બહાર હતું. સાચું કહું છું એની વહુને જોઈને મને ઈર્ષા આવતી. અહાહા કેવું સુંદર પતંગિયું બળી મર્યું જુઓ—"

જોયું તો પેલું રંગીન પતંગિયું સાચે જ દીપશિખા પર પડી સળગી રહ્યું હતું. એની એક પાંખ સળગી ગઈ હતી. મત્યુયંત્રણાએ એ તરફડતું હતું, જાણે એ કહેતું હતું કે—જેવી હીન તને માની હતી તેવી હીન તું ન નીકળી–તું બન્દિની છો, છતાં તું સુંદરી છે."

સળગીને એ ખાખ થઈ ગયું. એક અગમ્ય ગંધે ચારે દિશા ભરાઈ ગઈ, જોયું તો દીપશિખા હસી રહી છે!

વિશ્વની સમસ્ત નિસ્તબ્ધતા જાણે આ ઓરડામાં જ છવાઈ ગઈ છે. કોઈ કરતાં કોઇના મોંમાં કંઈ જ વાણી નથી.

એકાએક એ યુવતી ફરી બોલવા લાગી.

—"હું યે ચાહતી હતી, કોને જાણો છો? એ કવિનો જ એક ભાઈ હતો તેને. સરસ છોકરો હતો તે. એ કવિતા યે નહોતો લખતો, તેમ બહુ લખતો–વાંચતો પણ નહોતો. પરંતુ ફક્કડ છોકરો હતો. શું એની તબિયત? ને શું–કેવું બળવાન હતું એનુ મન? બહુ વાતો એ ન કરતો. એના ભણવામાં જ લીન રહેતો. બી. એ. કે કંઈક એવું જ ભણતો. ત્યારે યે એનું ભણતર પૂરું થયું નહોતું! એનું નામ હતું વિરેન. કવિ પાસે કવિતા સાંભળવાને બહાને એને જોવા જ જતી. કવિ માનતો કે હું એના પ્રેમમાં પડી છું. એની કવિતા પર મુગ્ધ બની છું—એથી વિવિધ બહાને રોજ તેને ત્યાં જતી. કેવો ગજબનો અહંકારી હતો આ કવિડો!"

આટલું કહી એ થોડીવાર ચૂપ રહી.

—"હું જતી મારા મનમાં જુવાન એ વિરેનને જોવા–અને અને કવિ માનતો–કવિએ માન્યું કે હું એના પ્રેમમાં પડી છું! કટકેટલાયે અસત્યોએ સત્યનું મ્હોરું પહેર્યું હોય છે? એ કવિ હતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારા પતિનો મિત્ર. એક મોટા મકાનમાં એ જુદા જુદા ભાગમાં અમે રહેતા. કવિના ઘરમાં અબાધપણે હું જતી–આવતી, પણ આથી રખે માનતા કે મારો પતિ ઉદારમતવાદી હતો. જરાયે નહિ, પણ એનામાં હિંમતપૂર્વક મને તેમ કરવાની સાફ ના પાડવાની તાકાત જ નહોતી. એની નબળાઈનો લાભ લઈ હું મરજી પડે ત્યારે કવિને ઘેર ચાલી જતી. અને એક બીજો સુયોગ હતો. કવિના એક વૃદ્ધ મોટીમા હતાં એ ઘરનાં કરતાં–કારવતાં. એ મને ખૂબ ચાહતા. વારંવાર સાદ પાડીને મને બોલાવતાં. એની પાસે જવાને બહાને રોજ ત્યાં જઈને ઊભી રહેતી.

—કવિ મને એકલી જોતાં જ કવિતા સંભળાવવા મંડી પડતો. હું સમજતી કે એ કવિતા દ્વારા મને એનો પ્રેમ–અર્ઘ્ય અર્પતો, બધું જ જાણતી–છતાં કંઈ જ ન કહેતી. ઉલટાનો મારો મુગ્ધ ભાવ બતાવતી. દેખાવ કરવામાં હું કેવી પટુ છું એ તો તમે જાણો છો ને?" કહી એ ફરી બેહુંક આછું હસી, ને પછી બોલી— "ઓહ! બહુ બળતરા થાય છે! આખું શરીર મારું સળગી ગયું છે! હજુયે શું આગ નથી બુઝાઈ! કંઈક ઉપાય કરો ને ડાક્તર સાહેબ!"

—"પહેલાં વાત પૂરી કરો—"

—"એ અધુરી વાત છે. વીરેનને હું ન પામી શકી. માણસ જેમ બસલેલ કુતરાને હડય હડય કરી દૂર હાંકી મૂકે, એમ જ એણે મને હાંકી મૂકી. એક દિવસ જ એને એકાન્તમાં મળી શકી હતી, પાંચ મિનિટ માટે જ, માત્ર પાંચ મિનિટ, ને કદાચ એટલી પણ નહિ હોય. શરમ બળગી કરી એ દિવસે એની પાસે મારું સમરત મન મેં મોકળું મૂકયું હતું પણ એણે શું કહ્યું જાણો છો? એણે કહ્યું કે–"ફરી બીજીવાર આ વાત મારી પાસે ઉચ્ચારશો મા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને હતું કે તમે સારા માણસ છો! પણ આ તમે શું બોલો છો! અહૅ, અહૅ, ઘેર જાવ ઘેર"–ને આટલું કહી એ ઓરડા બહાર ચાલ્યો ગયો. વજ્રાહત શી અવાક થઈને ઉભી જ રહી. મનમાં થવા લાગ્યું, જાણે પગ નીચેની ધરતી સરી રહી છે. મારો આખોયે જન્મારો, મારી સમસ્ત સત્તાના જાણે ચૂરેચૂરા થઈ ગયા. આખી દુનિયા મારી આંખ સામે ડોલતી લાગી! બરાબર એ જ સમયે કવિ આવ્યો. એણે પણ મને એકલી જોઈ, અને એણે મને કહ્યું કે, મારા સિવાય બીજી કોઈ એની માનસી નથી એ વાત કહેવાની આજ પહેલાં એમને તક નહોતી સાંપડી, એ સ્નિગ્ધ સંધ્યાની સુદુર્લભ નિર્જનતાની નિબિડતામાં–ધૂળ–પાપ, મને તો બરાબર યાદ પણ નથી એ બધા શબ્દો. હકીકતમાં એ પણ મને એકલી જોઈને પ્રેમ, અર્ઘ્ય અર્પવા આવ્યો હતો એ દિવસે. વિરેનના શબ્દો મારા કાનમાં જ ગુંજતા હતા, અદલે અદલ એ જ શબ્દો કકડાવી ગઈ."

ને થોડીવાર એ ચૂપ રહી.

"—પછી શું થયું?" મેં પૂછ્યું.

—"એ પછીની વાત તો તમે જાણો છો. કવિએ એ રાત્રે જ રીવોલ્વરથી આપઘાત કર્યો. ને બીજે દિવસે હું યે બળી મરી! બળી મરવા પહેલા બેશક રોજ જેમ પતિ સાથે ઝઘડતી તેમ ઝગડી હતી, એટલે લોકોએ ધાર્યું કે મારું બળી મરવાનું કારણ પતિદેવ સાથેનો ઝગડો હતું. અને મારા પતિએ ધાર્યું કે કવિ સાથેનો મારો પ્રેમ જ મારા મૃત્યુનું કારણ હતો ને કવિએ કદાચ માન્યું હશે કે હું એને ચાહતી હતી. કવિના મૃત્યુનું કારણ તમે નક્કી કર્યું હું માનું છું ત્યાં સુધી ગાંડાર્દ્ધ–"ટેમ્પરરી ઇન્સેનિટી" વિરેને શું માન્યુ એ એ જ જાણે. સત્ય–અસત્યનો કેવો ગોટાળો છે કહો તો!"

કહીને એ હસવા લાગી. એ જ આછું આછું હાસ્ય. જોતજો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તામાં એના મોં પરનું હાસ્ય ઊડી ગયું. એની બેઉ આંખોમાં કરુણ વિનતી તરવરી ઊઠી.

—"ઓહ! બહુ બળે છે રે! કંઈક ઉપાય કરો ને. દાક્તર સાહેબ, બહુ બળે છે—"

"જીવતાનો ઉપાય તો થોડો જાણું છું. પરંતુ મૃત્યુ પામેલાનો શો ઉપાય કરું? એ તો શીખ્યો જ નથી." મૂઢની જેમ એકો એકો સાંભળવા લાગ્યો—"બહુ બળે છે...બહુ...બહુ... બળે છે. ગજબની બળતરા થાય છે..."

ધીરે ધીરે એ આર્તનાદ મૃદુમાંથી મૃદુત્તર થતો અંધારામાં ઓગળી ગયો.

બારી વાટે જોતો એકો છું. ઘનઘોર અંધારને ચીરતી સર્પાકૃતિ વિદ્યુત-શિખા ગગનવ્યાપી ફ્રુજારી કરી રહી છે. સામેનાં મેદાનમાંનું વૃક્ષ ડાકણની જેમ ઊભું છે, એના માથા પર અગણિત આગીઆ છે. ડાકણની હજાર હજાર સળગતી આંખો જાણે અંધારામાં કોઈને શોધી રહી છે...મેદાનની સામે બાજુએ રસ્તો છે. માર્ગની બન્ને બાજુએ વૃક્ષોની હારમાળા છે. અંધારામાં એવું લાગે છે જાણે હરોળની હરોળ પ્રેતમૂર્તિઓ જ ઊભી છે.

એક દેડકાના આર્તસ્વરે અંધકારને થથરાવી નાખ્યો. એને સાપે પકડયો હતો.

૧૫

ફરીને પેલી લેપલેન્ડવાળી વાર્તામાં પરોવાયો છું.

તદ્દન અજાણ્યા બે યુવક યુવતી છે. કોઈ કોઈની ભાષા સુદ્ધાં જાણતું નથી, યુવતી યુવકની પથપ્રદર્શક છે. તુષારમય પર્વત-ખીણો વચ્ચે મારગ પણ સાફ દેખાતો નથી. તેમ છતાં યુવક નચિન્ત મને યુવતીને અનુસરતો તેની પાછળ પાછળ ચાલ્યો જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુવક કહેતો હતો—

"યુવતી પાસે એક નાનો એવો લાકડાનો દાબડો છે."

મેં પૂછ્યું—"શું છે તારા આ દાબડામાં?"

ઉત્તરમાં યુવતી ઘણું ઘણું બોલી ગઈ, પરંતુ એની એ લાંબી વાતચીતથીયે એક શબ્દ પણ મને સમજાયો નહિ. આખરે એ દાબડો ઉઘાડી જોયો. જોયું તો એમાં થોડીક માટી હતી, મેં પૂછ્યું "—આ માટીનું શું કરીશ?"

ફરી એ મને સમજાવવા લાગી. પણ બધું નકામું. એક અક્ષર પણ ન સમજાયો. યુવતીએ કદાચ માન્યું હશે કે મારા ભેજામાં નામની યે બુદ્ધિ નથી. એ ચિન્તો એને કંઈક વિચાર સુઝ્યો. ને એ ધબ્બ કરતીક ચત્તીપાટ પડી ગઈ. આંખ મીચી હાથ પગ સાવ શિથિલ–મૃતવત કરી મૂક્યા. જાણે મુડદું જ, અને પછી ઊભી થઈ ને એ જ્યાં સૂતી હતી ત્યાંથી થોડીક માટી ઉપાડી એણે એ ગંભીરતાપૂર્વક મારા હાથમાં મૂકી.

ત્યારે હું વાત સમજ્યો. એ યુવતી કોઈની કબરમાંથી માટી લઈ આવી હતી. જ્યાં અમે જઈ રહ્યાં છીએ ત્યાંનો પુરોહિત મૃત–વ્યક્તિની સદ્‌ગતિ માટે મંત્રેલું પાણી એ માટી ઉપર છાંટશે અને પ્રાર્થનાના અંતે દેવળના આંગણામાં એ માટી વેરી દેવાશે..... એથી મૃત વ્યક્તિના આત્માની સદ્‌ગતિ થશે.

...ને વળી પાછાં અમે અમારાં પોટલાં ખભે ચડાવી યાત્રા શરૂ કરી. ઢોળાવદાર પહાડ ઉપરથી નીચે ઉતરતાં ઉતરતાં જોયું તો ચારેબાજુનું દૃશ્ય ધીરે ધીરે બદલાતું જતું હતું. અમે ઘાસથી છવાયેલા મોટા મોટા ડૂંગરા વટાવી ગયા. અહીં–તહીં ઢગલે ઢગલા આછા પીળા રંગના 'બેરી' ફળ વેરાયેલા પડ્યા હવા, અમે તે ઉપાડી ઉપાડીને ખાવા લાગ્યા. પહાડ ઉપર જે નાનાં નાનાં ઝાડ હતા તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીચેથી જોતાં ઠીક ઠીક લાંબા જણાતા હતા, જાણે લાંબા લાંબા વૃક્ષઝુંડોની એક એક કુંજ. એશપેન, એશ, વીલો, ચેરી વગેરે વૃક્ષોની,

થોડીવારે અમે ઉંચા 'ફાર' વૃક્ષના એક ગાઢ જંગલમાં પ્રવેશ કર્યો. ને તે પછી બે એક કલાક બીત્યે અમે એ જંગલ વટાવીને બહાર એક સાંકડી ખીણ પાસે આવીને ઊભા રહ્યા.

જોયું તો તે ખીણ ખૂબ જ સાંકડી હતી. અમારી બન્ને બાજુએ ગગનને ચુમતા ઉંચા પહાડો ઊભા હતા. પહાડની ખીણમાં પડતી બાજુએ લીલ બાઝી હતી. ઉપર આકાશ તરફ જોતાં મનમાં થતું જાણે અસ્તાચળે જતાં સૂર્યનો પ્રકાશ હજુયે પૂરો થયો નથી, તેમ છતાં ખીણમાં અંદર સારી પેઠે અંધારૂ છવાઇ ગયું હતું યુવતીનાં મોં તરફ જોયું તો ત્યાં કંઈક બીક–એક ભયચકિત ભાવ દેખાયો. રાત પડવા પહેલા એ આ ખીણીયો માર્ગ વટાવી જાય તો જાણે ઉગરી જાય. ઓચિન્તી એ અટકીને ઊભી રહી. 'તડ્' કરતાં એક ઝાડની ડાળી તુટવાનો અવાજ સંભળાયો. અંધારામાં લગભગ પચાસેક વાર દૂર કોણ જાણે કોઈક ઊભું હોય તેમ લાગ્યું. કોણ હશે એ?

"ભાગી છૂટ તું." યુવતી જાણે કહેતી હતી. એનું મોં સફેદ પૂણી જેવું થઈ ગયું હતું. જમણા હાથે એણે એનો નાનો છરો મજબૂત રીતે પકડયો હતો.

શક્તિ હોત તો કદાચ હું નાસી જ છૂટયો હોત. પરંતુ હું હાલી કે ચાલી જ ન શક્યો. બીકના માર્યા મારા પગની પેશીઓ જાણે જડ બની ગઈ. હું જરાયે હાલ્યો જ ન શક્યો. ચલશક્તિ વિહોણો બની હું પાષાણ–મૂર્તિ શો ત્યા ઊભો જ રહ્યો. પેલી વસ્તુને હવે હું સ્પષ્ટ જોઈ શકતો હતો. એ એક શ્વેત રીંછ હતું. ઝાડીમાંથી પોતાનું માથું અને આગલા બે પગ બહાર કાઢી એ અમારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરફ તાકી રહ્યું હતું. એનાં મોંમાં ઝુમખો એક 'બેરી' ફળ હતા એના આહારમાં અમે વિઘ્ન પાડયું હતું. અતિ જબ્બર શ્વેત રીંછ! શરીર પરની રૂંવાટી જોતાં એ અતિ વૃદ્ધ લાગતું હતું.

"ભાગી જા" મેં પણ યુવતીના કાનમાં ધીરેથી કહ્યું. કોણ જાણે કયાંથી મારામાં થોડુંક પૌરૂષ જાગી ઊઠયું. મને થયું કે ભલે આ યુવતી ભાગી જતી. હું સામી છાતીએ આ રીંછને પાછું ધકેલીશ. એમ કરતાં લડવું પડે તો તે માટે હું તૈયાર છું. મનોમન આ પુરૂષોચિત્ત સંકલ્પ કર્યો તો ખરો. તેમ છતાં ત્યારે પણ મારૂં અંગેઅંગ ચેતનવિહોણું હતું. એ વિશાળકાય પ્રાણી ધીરે ધીરે મારી નજીક આવી રહ્યું હતું છતાં યુવતી ન ભાગી, એણે જે કર્યું તે કોઈ કદિ કરી શકે તેવી કલ્પના પણ કયારેય નથી કરી. એ ભાગી નહિ પણ પેલા રીંછ તરફ જ થોડીક આગળ વધી ને પછી ધીરે ધીરે એણે પોતાનાં બધાં પરિધાન ખોલી નાખ્યા. ને પછી આંગળી ચીંધી પોતાની 'બ્રિચિસ' રીંછને દેખાડવા લાગી. એ જાતની પહેાળી 'બ્રિચિસ' સ્ત્રીઓ પહેરે છે–એટલે કે પોતે એક સ્ત્રી છે–અબળા છે તે વાત એ રીંછને સમજાવવા મથી. રીંછે એકવાર ધારીધારીને એના તરફ જોયું, ફળનું ઝુમખું એના મોંમાથી પડી ગયું. એનાં નસ્કોરામાંથી બે–એક વાર ફૉંસ ફૉંસ અવાજ કરી જંગલના ગાઢ અંધારામાં એ અદૃશ્ય થઈ ગયું. ફરી પાછું ન દેખાયું.

લેપ દેશના લોકોની માન્યતા છે કે શ્વેત રીંછ સ્ત્રીઓને જરાયે હેરાન નથી કરતું.

× × ×

પણ આપણે શ્વેત રીંછ નથી. આપણે માણસ છીએ. નારી–માંસના આપણે ગ્રાહક છીએ.

એ કોણ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું ચોંકી ઉઠ્યો.

જોયું તો અવકાશમાં એક મસ્તક ઝુલી રહ્યું છે. જાડા જાડા એ હોઠમાં એક પાશવિક હાસ્ય છુપાયું છે. માથા પરના વાળ અણિયાળા ને ઊભા છે. મોં પરનાં દાઢી મુંછ પણ એવા જ છે. કોઈ શાહુડી જાણે એના અંગેઅંગના ચૂળાઓને ઊંચા કરી શૂન્યમાં ઝુલી રહી છે.

"નારી-માંસ મને બહુ ભાવતી ચીજ હતી. એનો અભાવ પણ મને કદી થયો નથી. પિતા પુષ્કળ પૈસા મૂકી ગયા હતા. પણ વિવેકબુદ્ધિ આડી આવી, પરંતુ એ વિવેકબુદ્ધિનો હૈડિયો દબાવી દેવાની પણ મેં કયાં ઓછી તૈયારી કરી હતી? બુશામદીયા, દારૂ, અફિણ, ગાંજો, કોકેન મળી શકે તે બધું જ સ્વીકારેલું. તેમ છતાં ન ફાવ્યો. વિવેકનું ખૂન હું ન કરી શકયો. ઉલટાનું એ વિવેકે જ મારૂં ખૂન કર્યું! વાહ, દાકતર! ખૂન કરનાર માનવીને જો ફાંસી અપાય છે તો આ વિવેકને શા માટે ફાંસી ન અપાય? એ વિવેકના ગ્રેર્યા તો રોજ કેટ-કેટલા હત્યાકાંડ રચાય છે તે જાણો છો? ઘણા, એકાદ એ નહિ પણ અનેકાનેક, અને છતાં એ વિવેકને કોઈ કંઈ સજા નથી કરતું. કેવા છે એમના કાયદા?"

અને પછી થોડીવાર એ એકીટશે સામે જોઇ જ રહ્યો. ને પછી પોતાના પ્રશ્નનો જવાબ પોતે જ આપીને હસી પડયો, કે "એમાં કાયદાનો બિચારનો શો દોષ? વિવેકને તો કંઈ પકડી શકાતો નથી, એના હાથમાં હાથકડી નાંખવાનો યે કાંઈ ઉપાય નથી, અજબ અશરીરી ચીજ છે એ વિવેક! અને છતાં કેવો ભયંકર શકિતશાળી, કેવી ગજબ છે એની શકિત! મને બબ્બો પકડીને લઈ જઈને રેલના પાટા પર અવળે મોંએ સુવાડી રાખ્યો, જ્યાં સુધી મારા પર થઈને 'બોમ્બે મેઇલ' પસાર ન થઇ ગયો ત્યાં સુધી! કેમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્યો હું હાલી કે ચાલી ન શકયો. વારૂ દાક્તર. મારૂં ધડ કયાં ગયું તે કહી શકશો ?...એ ધડ વિના મને નથી ફાવતું ! એને શોધતો ફરૂં છું !"

અને ફરી એ કપાયેલું માથું શૂન્યમાં મળી ગયું. મનમાં થયું જાણે દિવાલ પરના પેલા કેલેન્ડર તરફ જઈ એ અદૃશ્ય થઇ ગયું.

૧૬

તદ્દન સાધારણ એવું એક કેલેન્ડર.

એની સામે જોતો બેઠો છું. અનિમિષ નયને, એકી ટશે કેલેન્ડરમાંનાં ચિત્રને આટલી કાળજીપૂર્વક કદીયે જોયું હોય એવું યાદ નથી. પેલું છાયા મસ્તક એ બાજુ એ તરફ જઈને જ અદૃષ્ય થઇ ગયેલું તેથી જ કદાચ એ ચિત્ર તરફ હું આમ જોઇ રહ્યો છું. નિહાળીને જોયું તો લાગ્યું કે સાવ નાખી દેવા જેવું એ ચિત્ર નથી. રૂપ દક્ષ કળાકારનાં અંતરમાંનું સૌન્દર્યદર્શન પીંછીના લસરકે લસરકે જાણે મૂર્ત થઇ ઊડયું છે. નીલાંબરી પાલવના આવરણમાં લપાયેલું સુંદર મુખ–અદ્‌ભુત સાન્દર્ય આટલા સમયથી નજર સામે જ હતું. છતાં ધ્યાનબહાર જ હતું ? આશ્ચર્ય જ કહેવાય ને ?

પણ માનવ–જીવનમાં પ્રત્યેક વેળાએ પ્રત્યેક વસ્તુને નિહાળીને જોવાનો સુયોગ પણ કયાં સાંપડે છે ? માનવી એકી વખતે એક જ વસ્તુ પાછળ મંડયો રહે છે, ઇન્દ્રિયગ્રાહ્ય બાકીની વસ્તુઓ સાથે તો એ માત્ર ઉપરછલ્લો બાહ્ય કહેવા પૂરતો જ સંબંધ રાખે છે. મન દઇને એ એક જ સમયે બધી જ વસ્તુઓના સત્વને સમાનપણે નથી અનુભવતો, નથી અનુભવી શકતો. એ જ એની યોગ્યતા અને એ જ એની અયોગ્યતા પણ છે. ફૂલને જ્યારે જોઇએ છીએ ત્યારે પંખીની વાત ભૂલી જઇએ છીએ.

ચિત્રમાંની સુંદરી એકીટશે મારી તરફ જોઇ રહી છે, હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચારું છું કે છબી પણ શું પ્રેમ કરી શકતી હશે? આપણી જેમ એના હૈયામાં પણ શું સુખ-દુઃખના હિલોળા ઊઠતા હશે? અને જો ઊઠતા હશે તો શું એ આપણી જેમ જ ચંચલ થઈ ઊઠતી હશે? છબી પણ શું કદી રડતી હશે ખરી? કદાચ રડતી હશે, આપણે જોઈ નહિ શકતા હોઈએ. છબીના ક્રંદનની ભાષા કદાચ આંસુ નહિ હોય, બીજું કંઈક હશે, જડ અને ચેતનની વચ્ચે સાચે જ શું કંઈક ફેર છે? આ અખિલ વિશ્વના વિરાટ વસ્તુ પ્રવાહમાં કયું જડ અને કયું ચેતન એ કોણ નક્કી કરી આપશે? સીમા રેખા કયાં? સીમા જેવું કંઈ છે પણ ખરું? સીમા જો કંઈજ હોય તો તે આપણી બુદ્ધિની છે. આપણી પોતાની જ બુદ્ધિ સીમિત હોઈ આપણે પ્રત્યેક વસ્તુની સીમા નક્કી કરવા ઇચ્છીએ છીએ. સીમિતને પામ્યા વિના આપણે અસીમની કલ્પના કરી શકતા નથી. સીમામાં છીએ એટલે જ અસીમની –અપૂર્ણ છીએ તેથી જ પૂર્ણની કલ્પના કરીએ છીએ, ને તેમ છતાં સીમા-રેખાઓ દોરતાં અટકતાં નથી. જીવન આખું વિવિધ ભાવે મર્યાદાઓ પછી મર્યાદાઓ બાંધ્યે જ જઈ એ છીએ. એમાં જ આપણને તૃપ્તિ મળે છે. છતાં જરા વિચારીને જોતાં તુરત સમસ્ત સીમા-મર્યાદા વિલુપ્ત થઈ જાય છે, ચેતન જડ બની જાય છે ને જડમાં ચેતના જાગી ઊઠે છે, બધી જ સીમ-રેખાઓ ભૂંસાઈ જાય છે, જીવન-મરણ વચ્ચેનો ભેદ પછી રહેતો નથી.

એકલો બેઠો છું, કેટલીયે વાતો યાદ આવે છે. યાદ આવે છે પેલા ચિત્રમાંની આંખોની પલક જાણે પીડાય છે, એનો સુડોળ દેહ જાણે ડોલી ઊઠ્યો-ઊંડા નિશ્વાસને દમવાનો અવાજ જાણે સંભળાયો. મનમાં થાય છે જાણે હમણાં જ કંઈક કહેશે. આ એકાકી અંધારી રાત્રિની નીરવતમાં કેલેન્ડરમાંનું એ ચિત્ર અત્યંત નિકટના કો' સ્વજન જેવું લાગે છે. મનમાં થાય છે જાણે એને સાદ પાડીને બોલાવું કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" હે સુંદરી, આ રેખાનાં બંધનમાં કોણે તને બંદિની બનાવી રાખી છે ? તું જીવંત બની જા, મારી સમીપ આવીને ઊભી રહે–ને સાબિત કરી આપ કે જડ ને ચેતનમાં હકિકતમાં કંઈજ ભેદ પ્રભેદ નથી—"

ઓચિન્તી થોડીક ચાંદની બારી વાંટે અંદર પ્રવેશી, ધ્યાનપૂર્વક જોયું–તો વાદળાં વિખેરાઈ ગયાં છે, ને અંધારીઆનો ઝાંખો ચંદ્ર ઊગી રહ્યો છે. હું મુગ્ધ થઈને જોઈ જ રહ્યો. જોયું તો આજુબાજુ હળુયે શ્યામ વાદળાં વહેતાં આંટા મારી રહ્યાં છે.

ને જાણે અંધારિયાની એ વિષાદ ઘેરી ચંદ્રકલાનાં મોં પર કંઈક વેદનાનું હાસ્ય તરવરી ઊઠયું. સુદૂર આકાશમાંથી એની વાત હું સાંભળી રહ્યો હોઉં એવું મને લાગ્યું. જાણે એ કહેતી હતી કે—

" મને જોઈને આટલા મુગ્ધભાવે મારી સામે જ કેમ એકીટશે જોઈ રહ્યા છો ? આજે–અત્યારે તો મારા પર મુગ્ધ થવા જેવું મારામાં કંઈ જ નથી રહ્યું, એક દિવસ હતું ખરું; જ્યારે મારા પર્વતને શિખરે શિખરે જ્વાળામુખીનો ઉત્તપ્ત મહિમા જાગી ઊઠતો. ને મારું પરમાણુંએ પરમાણું ઉર–ધબકને અનુભવતું, પ્રદીપ્ત જ્વાળા વચ્ચે મારા કક્ષમાં ભમતી ભમતી હું યે આકાશની દીપમાળમાં મારો અંતર–દીપ ગૌરવસહ ધરીને ઊભી રહેતી, પરંતુ આજે મારામાં એ કંઈ નથી. આજે હું ડરી ગઈ છું. આજે હું એક અતિ ક્ષુદ્ર મૃત ઉપગ્રહ માત્ર છું. મારા પૂર્વ ગૌરવનું કંકાલ માત્ર છું. આ વિરાટ–વિશાળ આકાશમાં પ્રેતની જેમ ભટકયા કરું છું, જીવન્ત સૂર્યનાં કરુણા કિરણે પ્રકાશિત બનેલો મારો આ પ્રકાશ–એમાં મારે માટે ગૌરવ લેવા જેવું કંઈજ નથી. આજે હું મૃત છું—આજે હું પ્રેતાત્મા છું !"

એક કાળું વાદળ આવી એનાં પર કાળી જવનિકા પાડી ગયું. ચંદ્રકલા દૂર થઈ ને ફરી ચારેબાજુ છવાઈ ગયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાપ ગળ્યા દેડકાંનું ક્રંદન રહી રહીને સંભળાય છે. હું તન્મય બનીને એ સાંળળી રહ્યો છું.

જાણે સુમધુર સંગીત.

૬૭

કોઈ અતિ શિતળ સુંવાળો હાથ મારા બબ્બા પર કોઇએ મૂક્યો હોય એમ મને લાગ્યું. પાછું વાળીને જોયું તો એક સ્ત્રી–કિશોરી, યુવતી કે વૃદ્ધા એ જાણી ન શકાયું. કદાચ એકવાર એ યુવતી હશે સુંદરીયે હશે, પણ અત્યારે એ તદ્દન કુત્સીત હતી. આખુંયે મોં ફૂલીને ફોહવાઇ ગયું હતું. ઘણે સ્થળે માંસ જ નહોતું. ચીરાયેલા ફૂલેલા પેટમાંથી ફોહવાયેલા આંતરડા બહાર ઝુલી પડયા હતા. ગળી ગયેલી જ્યોતિવિહોણી એઉ આંખો પલકવિહોણી હતી.

"ક્યાં ગયો એ ? ક્યાં ખોવાઈ ગયો ! અમે સાથે જ પાણીમાં ડુબેલાં–ને હવે એ કેમ દેખાતો નથી, ક્યાં ગયો ? મરીને પણ શું એને નહિ પામું ? હું એને ચાહું છું. ઓહ, કોણ છો તમે ? શોધી આપોને એને–હું એને નથી શોધી શકતી. મને એ નથી દેખાતો. ચારેબાજુ આ કેવું અંધારું—"

મેં જોયું તો એ કંઈ ફંફોળતા ફંફોળતા ધીરેધીરે અંધારામાં ઓગળી ગઈ. એની એઉ આંખોમાં અંધ જેવી અર્થહીન દૃષ્ટિ હતી.

અજબ ચીજ છે આ પ્રેમ. એના ફાંસલામાં ફસાયેલો માનવી બધું જ કરી શકે છે. એ માટે મોતને ભેટતા પણ એ દ્વિધામાં પડતો નથી. મોટા ભાગની આત્મહત્યાઓના મૂળમાં આ પ્રેમ અથવા પ્રેમના આ વિકાર જ હોય છે. કાં તો ઊંડી વ્યથા હોય છે–કાં તો ઊંડું અભિમાન હોય છે.

મોં પર હાથ દાબીને કોઈ જાણે ખિલખિલાટ હસી ઊઠયું ! પાછું વાળીને જોયું તો એક પ્રૌઢ સજ્જન હસતાં હસતાં મારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામે જોઈ રહ્યા છે. સુંદર પૌરૂષવંત ચહેરો છતાં મોં પર લોહીનું નામ જ નહિ. સાવ પીળું પચ્ચ! તદ્દન ફિક્કું.

"ખોટી કલ્પના કરો છો તમે? બધી આત્મહત્યાનાં મૂળમાં પ્રેમ જ કારણભૂત નથી હોતો. હું પ્રેમમાં પડીને નથી મર્યો. મારી જ રાજીખુશીથી, સભાનપણે અને લહેરથી હું મર્યો છું. પણ એથી એમ ન માનશો કે જીવનમાં હું કયારેયે પ્રેમમાં પડયો જ નથી. ઘણીયે વાર પ્રેમમાં પડયો છું ને પાછો ઊભો થયો છું. પરંતુ આત્મહત્યા કરવાની જરૂર તો કયારેય નથી લાગી!"

આટલું બોલી બન્ને હાથ પાછળની બાજુએ કરી એ સજ્જન ઘર આખામાં આંટા મારતા ફરવા લાગ્યા, એમનો ભાવ કંઈક આવું દર્શાવતો હતો કે મેં આપઘાત કર્યો છે એ ખરૂં, પણ એમાં એવું શું કર્યું છે જેને અંગે મારે સતત કવિત્વ દાખવવું જોઈએ!

ઓચિન્તા મારી નજીક આવી એ બોલવા લાગ્યા—

—"વ્યથા કે અભિમાન કંઈ જ નહોતું. હતો માત્ર વિદ્રોહ: જુઓ જીવનમાં કદિયે-કયારેયે કોઈપણ બાબતમાં પરાજય મેં સ્વીકાર્યો નથી, એમ. એ. સુધીની બધી પરીક્ષામાં બરાબર પ્રથમ રહ્યો છું. માત્ર ભણવા-ગણવામાં જ નહિ, પણ રમત-ગમતમાં પણ હું પ્રથમ જ રહ્યો છું. અને એ એટલે સુધી કે પત્તાંની રમતમાં પણ."—આટલું બોલી એ મારી સામે મીઠું હસવા લાગ્યો.

—"પ્રેમ વિષે પણ હું સદાયે વિજયી જ રહ્યો છું. પિતા પાસે પુષ્કળ પૈસા હતા, તેથી પેટ માટે પણ કોઈની પાસે હાથ લંબાવવાની જરૂર પડી નથી. હું સદાયે "કુંવારોલાલ" રહ્યો, લહેરમાં જ હતો. લિજ્જતથી દિવસો વીતાવતો'તો. ઓચિન્તા એક સવારે ઊઠીને જોયું તો-મેં શું જોયું હશે કહો તો?"

શકય-અશકય અનેકવિધ કલ્પના કરવા લાગ્યો, મારા મનની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થિતિ જાણી એણે જ કહેવું શરૂ કર્યું.

"—ના, એને દિવાળું નહોતું કાઢ્યું. એક સવારે ઊઠીને અરીસામાં જોયું તો માથામાં બે–ત્રણ સ્થળે થોડાંક સફેદ વાળ દેખાયા. બસ મામલો ખલ્લાસ! એ આખી સવાર મન ખરાબ રહ્યું. રોજંદા છાપાંમાં મન પરોવી ન શક્યો, બે ચાર મિત્રો આવ્યા પણ એમની સાથેની વાતોમાં જમાવટ ન આવી".

અને એ જરા ચૂપ રહ્યો.

—"દિવસ તો જેમતેમ કાઢ્યો, પણ રાત્રે એ થોડાક ધોળા વાળ મને બહુ બાળવા લાગ્યા. જ્યાં જરાક ઊંઘ આવી કે તુરત થતું જાણે કો' પ્રેતમૂર્તિની જેમ આવીને એ ધોળાં વાળ સામે ઊભાં છે અને કહે છે કે–"એ ભાગ્યશાળી શ્રીમંત–પુત્ર, હવે તો તારો સમય થયો છે! હવે તો તારો મારી પાસે પરાજય સ્વીકાર્યે જ છૂટકો! હવે વધુ સમય નથી!" ઊંઘ ન આવી. આવું જ લગભગ રોજ બનવા લાગ્યું. અમારી નજદિકમાં જ એક અતિ વૃદ્ધ પુરુષ રહેતા. તદ્દન જ ખખડી ગયેલ વૃદ્ધ. એક દિલસ સ્વપ્નમાં એમને જોયા! એ કહેતા હતા.–

—"કેમ અલ્યા છોકરા, મારી તો ભારે ગમ્મત ઉડાવતો હતો કાં, હવે?" અને આમ બોલતા એ હસતા હતા." ને ફરી એ સજ્જને ચૂપકીદી પકડી.

—"અમારી નજદકમાં જ એ વૃદ્ધ સાચે જ સહુના કૃપા-પાત્ર હતા. એમના મોંમાં એક પણ દાંત નહોતો. આંખે પણ એ જોઈ શકતા નહિ, વૃદ્ધાવસ્થાએ એમનું આખું શરીર પિંડવત્ બની રહ્યું હતું. ઉમ્મરલાયક પુત્ર–પુત્રી પૌત્ર–પૌત્રી વગેરે બધાં જ એક એક કરીને એમની આંખ સામે આ દુનિયામાંથી વિદાય લઈ ચાલ્યા ગયા હતા. છતાં એ જરા જીર્ણ વૃદ્ધનું મૃત્યુ આવ્યું નહોતું–મહા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાળ જાણે એમને પકડી રાખીને ફટકારતો હતો.

અને મને લાગ્યું કે આ હવે મને પણ ચેતવણી જ મળી ગઈ છે. ગમે ત્યારે આવીને માથાનાં વાળ ઝાલશે, ને પછી શરૂ થશે ખેંચાખેંચી. એક તરફથી આત્મિય સ્વજનો ખેંચશે ને બીજી બાજુથી ખેંચશે જમદૂતો. અને એ ખેંચાખેંચીની દારૂણ વેદનામાં જ પ્રાણ નીકળી જશે. અસહ્ય છે, એ કલ્પના પણ અસહ્ય છે! આખરે મૃત્યુ પાસે પરાભવ સ્વીકારવો જ પડશે. સદાયે ઉન્નત મસ્તકે રહ્યો છું. આટલા દિવસે આવો શોચનીય પરાજય? અસહ્ય છે, અકલ્પનીય છે. શા માટે એવા દારૂણ ફેજનો સ્વીકાર કરું? જો મારી પાસે રિવોલ્વર છે જ તો!.....કેમ, ઠીક ન કર્યું?"—હસતે ચહેરે એ ભદ્ર પુરૂષે મને પૂછ્યું.

"માથામાં ગોળી ન જ મારી. મારા આવા સુંદર ચહેરાનો નાશ કરતા મમતા થઇ આવી. વારૂ, જુઓ તો ડાક્તર સાહેબ, મારો ચહેરો તો બરાબર પહેલા જેવો જ છે ને?"

ને હસતાં હસતાં એમણે મારી સામે જોયું. મોં ઉંચું કરી મારી સામે એ જોઈ જ રહ્યા. અને પછી કોટનાં બટન ધીરે ધીરે ઉઘાડી બે હાથે કોટ પહોળો કરી એ કહેવા લાગ્યા.

—"અહીં જુઓ, મહાકાળને પણ પરાજય આપી કાળી ટીલી ચોડી છે."

જોયું તો છાતીમાં બરાબર હૃદય ઉપર જ એક ઊંડો ઘા થયો હતો. મનમાં થયું જાણે એ ઘા પણ હસી રહ્યો છે.

ને કોટનાં બટન બંધ કરીને એ વૃદ્ધે આગળ ચલાવ્યું,—"આટલી સહેલાઇથી મર્યો હતો તેનુ કારણ આ પૃથ્વી પર મને બાંધી રાખનાર કોઈ નહોતું. એ જ હશે એમ લાગે છે. મા-બાપ બાળપણમાં મરી પરવાર્યાં હતાં.—સુખના પારેવાં જેવા થોડાક બંધુ—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંધવીઓ ચોતરફ ધુધવાટ કરતા હતા ખરાં, પણ એમનું આકર્ષણ એવું જબ્બર ન હતું કે જેને કારણે અવસ્થાનો અત્યાચાર સહન કરી શકાય."

આમ કહી એ ભદ્ર પુરુષ અનિમિષ નયને મારી સામે જોઈ રહ્યા. એમનાં મોં પરનું હાસ્ય હવે ઊડી ગયું હતું.

"એ તમારો ભ્રમ છે. બધા જ મૃત્યુની પાછળ કંઈ પ્રેમ જ કારણભૂત નથી હોતો, અપ્રેમ પણ કારણભૂત હોઈ શકે છે, જીવનમાં મારે એક પણ બંધન નહોતું, એથી જ આટલા સુખપૂર્વક મરી શક્યો."

ને એ એકીટશે મારી સામે જોઈ રહ્યા. એમની આંખમાં કંઈક ચળક ચળક થતું હોય એમ એકાએક મને ભાસ થયો. આંસુ કે? પણ હું બરાબર ધારી ધારીને જોઉં તે પહેલાં તો એમની છાયામૂર્તિ અદૃશ્ય થઈ ગઈ.

મોં ફેરવીને જોઉં છું તો ફ્રેમમાંની પેલી સુંદરી હસી રહી છે.

૧૮

બારીમાં જોતો બેઠો છું.

આકાશનું રૂપ ફરી બદલાયું છે. ઘટાટોપ વાદળોને વિખેરી ચંદ્રમા ફરી દેખાવો માંડયો છે. એક જબ્બર કાળું ઘોર વાદળું ચિરાઈને ફાટી ગયું છે. ને એની તરડમાંથી અવિરત ધારે જ્યોત્સના વર્ષી રહી છે.

સૃષ્ટિ સમસ્તમાં અજવાળાં–અંધારાંની આ ચિરંતન લીલા ચાલી જ રહી છે. ને સૃષ્ટિનાં પ્રારંભથી માંડી અંત સુધી એ રહેવાની જ. તડકામાં, ચાંદનીમાં ને ઇન્દ્રધનુમાં વર્ણવેવી મેઘમાળામાં, ઋતુએ ઋતુએ પ્રકાશ–અંધારનું યુગલ રૂપ વિવિધ વેષે પલટાતું રહ્યું છે. એનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિરહ-મિલનના અનવદ્ય પ્રકાશે દશે દિશાઓ સુરંજિત છે!

અંધકારનાં વિરહમાં પડેલો પ્રકાશ આખાયે દિવસનાં તીવ્ર તાપના દાહથી કામના કરે છે સ્નિગ્ધ અંધકારની. ને દિવસની એ અંધારકામના મૂર્ત થાય છે કાળાં ઘોર વાદળાંઓમાં, અગાધ ઊંડા વારિની ઘન-નીલિ કાન્તિમાં ને અરણ્ય-છાયાની સ્નિગ્ધતામાં. પ્રકાશવિરહી ગાઢ અંધકાર રાત્રિની નીરવતામાં ધ્યાન ધરે છે પ્રકાશની શુભ્ર-મૂર્તિનું. અંધકારનું પ્રકાશ-સ્વપ્ન મૂર્ત થાય છે લક્ષ કોટિ નક્ષત્રે જ્યોત્સ્નાનાં સ્નિગ્ધ આવેશમાં-અનન્ત પ્રસારિત શુભ્ર છાયા પથે.

ઓચિન્તું એવું લાગ્યું જાણે આકાશ-પટ પર કવિનું મોં ઉપસી આવ્યું. પેલું વિખરાયેલું વાદળું જાણે એનું ભેદાયેલું મસ્તક હતું. ને પ્રકાશ-ધારા જાણે એનાં ફોહવાઈ ગયેલ માથામાંથી વહી વહીને વહેતી રહી છે. મને મનમાં થયું, જાણે આખુંયે આકાશ અને સમસ્ત અંધકારને આવરી લઈને કવિનો ગંભીર સૂર પડઘો પાડી રહ્યો છે કે—

એકાએક પવનની ગતિ વધી ગઈ.

મોટા મોટા કાળાઘોર વાદળાંઓ ચારે બાજુએથી દોટ મૂકતા આવીને આકાશમાં છવાઈ ગયા જાણે ટોળું એક દાનવો જ દોડતા આવ્યા ન હોય? હૂ-હૂ-હૂ-હૂ. જાણે અંધકારને વક્ષેથી એક સામટી લાખ લાખ કાળી નાગણો જાગી ઊઠી છે. એમની એ ક્રોધ-ગર્જનાથી આખુંયે વિશ્વ કંપી ઊઠ્યું... ચંદ્રમા ઢંકાઈ ગયો કવિ અને એની કવિતા એ વાવાઝોડાનાં વેગમાં કોણ જાણે કયાંય તણાઈ ગયા. પાગલ પવને બારી વાટે ઘરમાં પ્રવેશીને તાંડવ-નૃત્ય આદરી દીધું હતું. ટેબલ ઉપરથી એક કવર ઊડીને આખા ઘરમાં ફેર ફુદડી ફરવા લાગ્યું... કેલેન્ડરમાંની પેલી હસમુખી યુવતીનાં હોઠ પર હવે હાસ્ય નહોતું.

એ જાણે ભયથી થર થર ધ્રુજતી હતી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છતાં બારી મેં બંધ ન કરી હૂ–હૂ કરતો પવન અંદર આવવા લાગ્યો. પેલી વાર્તાની ચોપડીમાં ફરી ચિત્ત પરોવ્યું હતું. પોડશી લેપ યુવતી યુવાનને મારગ દેખાડતી આગળ વધતી હતી, ખીણ વટાવી હવે તેઓ ગાઢ જંગલમાં પ્રવેશ્યા હતા.–એ શેવાળછાયું સહજ અંધારિયું જંગલ હતું. દિવસનું અજવાળું હજુ સાવ ગયું ન હતું તેમ બહુ ગાઢ અંધારું પણ થયું નહોતું. તેવે ટાણે એ બંન્ને ઘોર જંગલમાં પ્રવેશ્યા મારગ બરાબર દેખાતો નહોતો, છતાં તેઓ આગળ ચાલ્યા જ જતા હતા. થોડી જ વારે તેમની પૂર્વ પરિચિત પહાડી નદી ફરી નજરે પડી. એ જ નદી–કાંઠે એમણે વાળુ–પાણી કર્યાં, ને પોટલાંનાં ઓશીકાં કરી નીંદરને સોડમાં બોલાવી પ્રભાતે ઊઠીને ફરી યાત્રા શરૂ થઈ. પહાડી નદી વાંકી ચૂંકી થતી એમની સાથે આગળ વધતી હતી. નજદીકથી અને દૂરથી એનો કલ કલ છલ છલ નાદ સંભળાતો હતો, ક્યારે એ દૂર સરી જાય છે એની ખબર જ પડતી નથી જરાક આગળ જતાં જણાયું કે તે એક સારી પેઠે ઉંચી શિલાને ભેદીને કલહાસ્ય કરતી દોડતી આવતી હતી. થોડી વાર પછી વૃક્ષોનાં પાંદડે પાંદડાં સોનેરી પ્રકાશે ચમકી ઊઠ્યા. સૂર્યોદય થઈ રહ્યો હતો.

એમનાં પગ નીચે દૂર એક પહાડી સરોવર આંખો તાણીને જાણે કંઈક જોઈ રહ્યું હતું. પહાડી નદી ભૂસ્કો મારીને એમાં કુદી પડી હતી.

ધીરે ધીરે નીચે ઉતરીને એઉ જણ સરોવર કાંઠે આવી ઊભા. સામે પાર જવું જ પડશે. એક નાનું નાવડું એક ઝાડના થડ સાથે બાંધેલું પડ્યું હતું. એ કોઈનું નહોતું. અને એટલે સહુનું હતું. નાવિક કોઈ નહોતો. નાવડું આ કાંઠે હોય ત્યારે સામે પાર જનાર યાત્રિકો પોતે જ એ હંકારતા સામે પાર લઈ જતાં, ને પછી એ ત્યાં જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડયું રહેતું. ત્યાંથી આ બાજુ આવનાર કોઈ એ અહીં હંકારી લાવતું તો તે પાછું અહીં જ રહેતું. નાવડું ન હોય ત્યારે તરીને જ સામે પાર જવું પડતું. એમને સદ્‌ભાગ્યે નાવડું આજે આ કાંઠે જ હતું.

સરોવરનું પાણી સ્વચ્છ નીલું એટલું તો સ્વચ્છ કે એનું તળિયું સુદ્ધાં દેખાતું હતું, થોડે દૂર જતાં એમણે જોયું કે બે મોટા મોટા હરણ તરતાં આવે છે એમનાં વાંકા-ચૂંકાં શિંગડાં પાણીની સપાટી પર દેખાતા હતા. નજીક આવતાં જ એમણે નિર્ભય નજરે આ સોકો તરફ જોયું, શું સુંદર હતી એમની આંખો ! કેવી એકદમ ભયવિહોણી ને મૃદુ હતી એમની દૃષ્ટિ ?

નાવડું પેલે કાંઠે જઈ પહોંચ્યું.

કાંઠાનું ઊંચાણ ચડીને તેઓ એક જબ્બર જળભૂમિમાં આવી ચડયા. હિમ જેવું ઠંડુગાર હતું એ જળ. એ જળમય પ્રદેશ વટાવીને આગળ જવાનું છે. પેલી યુવતીનાં મોં પર કંઈક અનિશ્ચિતતાનો ભાવ આવી ગયો. જાણે એ કોઈ રસ્તો નક્કી કરી શકતી નથી. આ જળ ભૂમિમાં મારગ ભૂલતા મોટી મુસીબત થાય તેમ હતું.

એકાએક આંગળી વતી દૂર દિશા દેખાડતી એ બોલી ઊઠી: "રગ" એ બાજુ જોતાં જણાયું કે દૂર દિગન્તમાંથી વાદળોની જેમ કોક તેમની બાજુ આગળ આવી રહ્યું હતું.

થોડી જ વાર પછી સમજાયું—ધુમ્મસ આવી રહ્યું હતું ને કંઈ ખબર ન પડે એટલા સમયમાં તો તેઓ ગાઢ ધુમ્મસમાં આવરાઇ ગયા. પરસ્પરનાં હાથ ઝાલીને એઉ ઊભા છે, નહિ તો એક બીજાથી વિખૂટા પડી જવાનો ડર છે ગોઠણ સુધી હિમ-ગળ્યું પાણી છે ને ચારે બાજુ ઘોર ધુમ્મસ છે અંધ-વાટે મારગ ભૂલ્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯

"ડાક્તર સાહેબ—પેલો છોકરો ફરી આવ્યો હતો ?"

જોયું તો પેલી જ સુંદરી વારાંગના આવીને ઊભી છે. જેણે આખાયે જીવનમાં કદી કોઈને યે નથી ચાહ્યો કહી દોરડું બાંધ્યું હતું તે જ.

સાચે જ એ અજબ-સુંદરી હતી. મૃત્યુ પણ એને મલિન બનાવવામાં ફાવ્યું નહોતું.

જરા અચકાતાં અચકાતાં એણે ફરી પૂછ્યું—"પેલો બોમ્બપાર્ટી વાળો છોકરો ફરીને આવવાનો છે ?"

"કેમ ?"—મેં પૂછ્યું.

ને જોયું તો એના હોઠ બેઉ થર થર કંપતા હતા.

મારો પ્રશ્ન સાંભળી એ આછું હસીને બોલી—"મસ્કરી તો નહિ કરો ને ?"

"ના."—

"તો સાંભળો. હું આકંઠ પિપાસાએ ભરી છું. જિંદગી આખીમાં એક બિન્દુ પણ શીતળ વારિ પામી નથી. ને સડેલું ગટરનું પાણી કદી પીવાય ખરું ? આખાયે જીવનમાં એક પણ નદી જોવા પામી નહિ—બસ ગટર ને ગટર જ. માત્ર ગંધાતું સડેલ પાણી..અસહ્ય ને દુર્દમ્ય પિપાસાને અંગે કેટલીકવાર એ પણ પીધું છે. છતાં મોત ન આવ્યું મરવા માટે આખરે મારે દોકડું શોધવું પડયું પરંતુ મૃત્યુ પછી પણ જોઉં છું તો પિપાસા તો એવી ને એવી જ રહી છે, નામ માત્ર નીચે ઘટી નથી મારું અંતર આખું બિન્દુ એક શિતળ વારિ માટે હાહાકાર કરી રહ્યુ છે, થોડુંક પાણી મળ્યે મારો છૂટકારો થાય એવું લાગે છે. તે દિવસે પેલા કવિનો મેં ઉપહાસ તો કર્યો, પણ આજે લાગે છે કે એ બરાબર જ કહેતો હતો. જીવનમાં પ્રેમનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવિર્ભાવ થતાં નાની એવી તળાવડી પણ મહાસાગર બની જાય છે, ને કથીર સુવર્ણમાં પલટાઈ જાય છે. તે દિવસે જે છોકરાને તમારી પાસે જોયેા હતેા તે કયાં ગયેા ? અહા, બરાબર જાણે ઝરણું જ ! અરે ! પેલું કેાણ ? કેાણ છે એ? આ શું ? મૃત્યુ પછી પણ એ સાથેા સાથ આવ્યેા છે, અહીં પણ એ બળ્યા મેાંનેા મન નહિ છેાડે શું ?"—

અને એ રમણી અદૃશ્ય થઈ ગઈ.

૨૦

જોયું તેા મારી સામે જ એક માણસ લથડિયા લઈ રહ્યો છે. શરીરે દુબળેા ને લાંબેા. ગાલનાં એઉ હાડકાં અસાધારણ રીતે ઊંચા હતા. જવા-ફૂલ જેવી બન્ને આંખેા વિસ્મય પામતી હેાય તેમ પહેાળી કરીને એ મારા તરફ જોઈ રહ્યો છે, અસ્પષ્ટ સાદે એ બેાલે છે—

"દાક્તર મારૂં પેટ ચીરતાં કેટલેા દારવેા મળ્યેા એ જરા કહે તેા ભાઈ? એ દિવસે શું ચીજ દારવેા દીધેા હતેા ? બે સીસા ભરીને ટીપું યે પાણી મેળવ્યા વિનાની વિસ્કી ! પારકે પૈસે સેાગંદથી કહું છું—!"

અને આટલું બેાલી એ ફરી લથડિયા લેવા લાગ્યેા.

થેાડીવારે એણે ફરી શરૂ કર્યું:

"પારકે પૈસે બાજી રાખીને પીધી હતી. ગળું તેા સળગીને ખાખ થઈ ગયું, ખરૂં કહું છું ! મારા જેવેા નંબરી દારૂડીયેા અને સાથેા સાથ—કેાણ સાળેા બેાટું બેાલે ? એકદમ બેભાન બની ગયેા હતેા !"

ને ફરી થેાડા લથડિયાં ખાઇ એણે આગળ ચલાવ્યું "પારકે પૈસે-સાચું કહું છું. પેાતાના તેા હતા જ કે દિ'? રેાજ મેદાનમાં ફરવા જતી, એક જમીનદારનાં નબીરાને "મેાટેા ભા" બનાવ્યેા હતેા. એ સાળાની સાથે બાજી રાખી એને જ પૈસે આમ થયું ખરૂં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહું છું...માન્યું હતું કે સુઈ જઈશ એટલે બધું બરાબર થઈ જશે પણ અત્યારે જોઉ છું તો બધું ધોળું જ ધોળું, મરી જ ગયો છું. આવો એવકૂફ જિંદગીમાં કદીયે થયો નથી હા, અમારી બિન્દીનો સાદ જાણે સાંભળ્યો. અમારી બિન્દી બાઈજી. ઓળખો છો એને? એનું ખરું નામ તો બનતાં સુધી વિનોદિની છે! નાચે છે. બહુ મઝાનું બેટી! એની એ પાતળી કમર ને એનો એ વળાંક! જો એકવાર જુઓ તો બસ, એક ચીજ છે; સાચે જ."

આટલું બોલીને એ બડ બડ કરતો કંઈક બોલવા લાગ્યો. એની સામે જોયું તો એની આંખ ધીમે ધીમે મીંચાતી જતી હતી, એકા-એક આંખો પૂરેપૂરી ઉઘાડી એણે પૂછ્યું—"વારૂ, દાક્તર, આ બાજુએ કલાલની દુકાન કયાં આવી છે એ કહી શકશો? દારવાની ભઠ્ઠી? નહિ તો તાડીની હાંડી? જરાક નથી લેતો તો ઠીક નથી પડતું. ખરેખરું કહું છું,"

અને લથડિયાં લેતો લેતો એ અંધારામાં અદૃષ્ય થઈ ગયો.

વૈતરણીને તીરે કલાલની દુકાન છે ખરી?

કદાચ હશે, ખબર નથી.

× × ×

કંઈ જ તો જાણતો નથી.

જીવતો છું, અને છતાં જીવતા રહેવાનો અર્થ જાણતો નથી અને મૃત્યુ રોજે રોજ સામું મળી જાય છે છતાં એનેયે કયાં ઓળખું છું? નિત્ય એનાં કેટ-કેટલા રૂપ જોઉ છું? કેટ-કેટલી માતાઓના બોળા બાલી કરીને બીલતા ફૂલ જેવા કેટ-કેટલા બાળકોને એ ઉપાડી જાય છે! આશા આકાંક્ષા ને ઉદ્યમપૂર્ણ કેટલા ઉગતા જીવનનો એ અકાળે અંત આણે છે? કેટલાં સ્વપ્નોને ભાંગીને ભૂક્કો કરે છે? કામનાની કેટ-કેટલી વાડીઓને એ વેડે છે? એ નિર્મળ નિર્દય હાથે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિના વિચાર્યે સંહાર કર્યે જ જાય છે.

ફરી એ જ એક જ મૃત્યુનું એક નવું રૂપ, કરુણમય આવિર્ભાવ. ભૂખથી પીડાતા અભિશાપિત જીવનની બધીયે ઝાળ એ એક પળમાં જ બુઝાવી દે છે. વાર્ધક્ય-પીડિત જરાગ્રસ્ત ચામડી જેની લબડી રહી છે તેવા વૃદ્ધની સકળ અશાન્તિનું એ અવસાન આણે છે. જીવનનાં બધાંયે અપમાન, લજ્જા, કલંક, શોક ને દુઃખ ઉપર એ શીતળ શાતાદાયી અંધાર પડદો પાડી દે છે. મારગ દેખાડી મહામુક્તિમય વિસ્મૃતિનાં દેશ વિષે એ આપણને લઈ જાય છે. નિત્ય નિત્ય એ મૃત્યુનાં વિવિધ રૂપ હું નિહાળું છું.

અને આજે પણ હું એ નથી કળી શકયો કે એ મૃત્યુ હકીકતમાં માનવીનું શત્રુ છે કે મિત્ર ?

× × ×

—"મૂળ ચીજ જ રૂપિયા છે-સમજ્યા ને ?'

જોયું તો જે સજ્જને દાઢીનાં કૂલ ખાઈ આપઘાત કર્યો હતો તે આવીને ઊભા હતા. તલવાર જેવું અણિયાળું એમનું નાક કંઈક વધુ ફૂલ્યું હતું. આંખોની દૃષ્ટિ વધુ તેજ થઈ હતી.

—"મૂળ મુદ્દો જ રૂપિયા છે. જીવન અને મૃત્યુમાં કંઈ ફેર નથી જણાયો. એક જ વસ્તુના એ બે રૂપ છે. પાણી અને બરફ કયારેક પાણી જામી જાય છે ને બરફનું રૂપ ધરે છે. એમાં કંઈ ભેદ નથી. મૂળ ચીજ-મુદ્દો રૂપિયા છે. રૂપિયા હોય તો મૃત્યુ પણ સહનીય બને છે, અને રૂપિયા નથી હોતા તો જીવન પણ અસહ્ય બની જાય છે-" અને એક અદ્‌ભૂત હાસ્ય કરી એ સજ્જન ફરી જેમ તેમ બકવા લાગ્યા.

—"રૂપિયા જરૂરી છે. હરકોઈ ઉપાયે આવતા જન્મમાં મહાન શ્રીમંત થવું પડશે. પેલા નિર્મળને બરાબરની સજા કરવી છે. કેવી સજા કરવી તે પણ નક્કી કરી રાખ્યું છે. શું કરીશ જાણો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છો ? માથું પાછલી બાજુ બાંધીને ધગધગતી સાણસીથી એની મોટી મોટી બેઉ આંખો જ પ્રથમ ઉપાડી લઈશ. ને જો ચીસ પાડશે તો ગળું જ દબાવી દઈશ એનું–જીભ જ કાપી નાંખીશ."

અને એ બડખડાટ કરતા હસી પડયા. વિચિત્ર ને વિકટ હતું એ હાસ્ય !

—"તે પછી એના અંગેઅંગ ચીરીને એની ચિરાડોમાં સરખી રીતે મીઠું–મરચું ભરી દઈશ, અથાણામાં જેમ સંભાર ભરે છે તેમ ..જરાયે દયા–માયા નહિ રાખું. નામ માત્રની યે નહિ! દયા નામની કોઈ ચીજ છે ખરી?...એમ કરતાં પણ જો એ નહિ મરે તો કડકડતા તેલમાં નાખીને એને જીવતો તળી નાખીશ, અને મારી વહુને? ના, એને નહિ મારું, એને મોટર ખરીદી આપીશ. દુનિયામાં જેટલી મોટર છે એ બધીયે એને ખરીદી આપીશ ને કહીશ એને કે–જા, બસ. હવે ફર્યા કર ને ફર્યા જ કર! એક પળનો યે પોરો નહિ ખાવા દઉં. ને એને એક પછી એક એમ જુદી જુદી મોટરોમાં સતત ફર્યા જ કરવું પડશે. જોઈશ કે એ મોટરમાં કેટલું ફરી શકે છે ? મોટર થોભાવી શકશે જ નહિં–સતત ફર્યા જ કરવું પડશે એને. મોટર થોભાવશે કે તુરત ચાબુક ! કાયદો ! પાસે પુષ્કળ પૈસો હોય પછી કાયદાનો ડર હોય ખરો ? પેલો નિર્મળ તમાચો મારીને મારી વહુને ઉપાડી ગયો–એને શું થયું ? કંઈ જ ન થયું. પૈસા હોય તો કંઈ નથી થતું પૈસો હોય તો દુનિયામાં કયાંય— કોઈ જ અટકાવી શકતું નથી. મોત પણ તમારું કંઈ જ બગાડી શકતું નથી. છુટ્ટે હાથે નાણાં વાપરીને જો મરી શકે તો ઈતિહાસમાં તમારું નામ સુવર્ણાક્ષરે અમર થઈ જશે. તૈમુરલંગ, ઝંઘીસખાન, નાદીરશાહ–આ કોઈ મર્યા છે ? અને કેટકેટલા ભલા માણસો મરીને વિસ્મૃતિ સાગરને તળિયે જઈને બેઠા છે. એક માત્ર પાસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધન ન હોવાના કારણે ? પૈસા જોઈએ છે, ગમે તે રીતે પુષ્કળ પૈસા જોઈએ છે. આવતા ભવે કરોડાધિપતિ થઈને જન્મવું છે. એ માટે જે કંઈ તપ તપવાનું હોય, કષ્ટ સહવાનું હોય. તે માટે હું તૈયાર છું. એ નિર્મળને એક વાર દેખાડી આપીશ. એને એવી તો સજા કરીશ કે એકવાર પથ્થર પણ ધ્રુજી ઊઠશે. એને દાખી, પીસી, બાળીને મારી નાખવા ઇચ્છું છું. પૈસા જોઈએ છે. પૈસા..... પૈસા...પૈસા—"

ને એ સદ્‌ગૃહસ્થની બેઉ આંખો અગ્નિ-શિખા શી સળગવા લાગી.

કેલેન્ડરમાંની છબી તરફ જોયું તો એ ઉત્સુકતાપૂર્વક બધું સાંભળતી હતી. એની આંખમાં પણ જાણે ભાષા ઉપસતી હતી. એ જાણે કે કહેતી હતી—

—"બરાબર કહો છો બંધુ, પૈસો જ સર્વસ્વ છે. મારા આ પ્રસ્ફુટિત યૌવનને કલાકારની દૃષ્ટિ સમીપ મેં ધરી રાખ્યું હતું માત્ર પૈસા ખાતર જ રંગના બંધને બંદી બનીને પૈસાને જ મેં ઉપાસ્યા હતા. મારા દેહની સકળ માધુરી સમર્પી પ્રલુબ્ધ દર્શકની મુગ્ધ દૃષ્ટિ સમીપ મારી જાતને મેં પ્રસારી હતી, માત્ર પૈસા માટે જ. મારા દેહનો આ પ્રદીપ્ત વર્ણ-વિન્યાસ, અર્ધ નગ્ન આ યૌવન શ્રી નીરવ ભાષામાં સહુને સાદ પાડી પાડીને કહે છે કે પૈસા લાવો, પૈસા લાવો, અરે ઓ, કંઈક પૈસા તો આપી જાવ—"

બહાર ઓચિંતો અંધકારને ચિરતો એક ચમકારો ઝળાંઝળાં પ્રકાશનો પ્રકાશી ઊઠ્યો. અને સાથોસાથ પ્રચંડ વીજળી પડ્યાનો એક અવાજ આવ્યો. અને એ પછી બધું જ ચૂપચાપ.

પવનની ગતિએ દીવો ઓલવાઈ ગયો હતો, તે ઊભા થઈને ફરી પ્રગટાવ્યો, ને જોયું તો પેલું પતંગિયું પાછું ઊડતું આંટા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દઈ રહ્યું છે, જે હજુ થોડીવાર પહેલાં જ સળગીને ખાખ થઈ ચૂક્યું હતું.

મૃત્યુની સોડમાં લપાતા દેડકાનો કરુણ આર્તનાદ રહી રહીને બારી વાટે સંભળાવા લાગ્યો.

૨૬

ભૂતકાળ યાદ આવ્યો.

કેવું દુઃખદ હતું એ જીવન. પિતા મહેતાજી હતા. સાવ મામુલી મહેતાજી, મહિને પિસ્તાળીસ મળતા. કાચા ભીંતડાનાં મકાનમાં રહેતાં. અમે ત્રણ ભાઈ ને પાંચ બહેન. અમારા આ ધરમના થાંભલા જેવા દેશમાં માસિક પિસ્તાળીસની કમાણીવાળા મહેતાજીને ત્યાં પાંચ પાંચ પુત્રીઓ એટલે અમારી સ્થિતિ કેવી હશે એ તમે જ વિચારી જુઓ. કેવા દુઃખમાં વીત્યું છે અમારું શૈશવ! અત્યારે એ બધું એક દુઃસ્વપ્ન જેવું લાગે છે!

અને મને યાદ આવે છે મારા પિતા. જીવનમાં એમને કદી નામની યે શાન્તિ નથી મળી. સવારે જેમ તેમ પેટનો ખાડો પૂરી એ ઓફીસે જતાં–તે પાછા ફરતાં છેક રાત્રે આઠ વાગે. ને ઘેર પાછા ફરીને પણ એમને શાન્તિ રહેતી તેમ નહોતું. ઘેર મારી માનાં મેણાં–ટોણાં તો એમને નસીબે રોજનાં હતાં જ. અને બિચારી માનો પણ દોષ નહોતો. એ યે માણસ જ હતી ને–એનો દેહ પણ રૂધિર માંસનો જ હતો, જેવા તેવા ભાંગલા એક ભીંતડા ઘરમાં આટઆટલા બાળકો સાથે એકલા હાથે ઘર ચલાવતાં માનસિક સમતોલતા જાળવવી એના કાબુમાં ન રહેતું. એમાં મીઠું વેણ આવી જ ન શકતું. સાદી વાત પણ કટુ બની જતી. એને દોષ નથી દઈ શકતો. સ્ત્રીઓ પોતાનાં અંગત દુઃખ–દર્દો સહી શકે છે, પરંતુ સંતાનોનાં દુઃખદર્દ સહન કરવા એમની શક્તિ બહારનું હોય છે. પોતાનાં બાળકને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કંઈક સારું ખાવા-પીવાનું. યા ઝબલુ-ખમીસ અપાવવા ગરીબ માતાઓ ગમે તેવું કષ્ટ સહેવા તૈયાર હોય છે, મારી મા પણ ઓછું નહોતી સહેતી. પૈસા બચાવવા ઘરનું તમામ કામ એ જ કરતી. અમારા સહુના કપડા પણ એજ શીવતી. પરંતુ આટલું કરવા છતાંયે ત્રણ દિકરા અને પાંચ દિકરીઓની મોટા ભાગની જરૂરિયાતો વણપુરી જ રહી તી. અને બાજુમાં જ એક બીજી પીડા હતી. પાસેનાં મકાનમાં એક શ્રીમંત રહેતા. એમને ત્યાં રોજેરોજ ઉત્સવ હોય. ત્રણ ચાર મોટરો ચિત્ર-વિચિત્ર અવાજો કરતી અવારનવાર આવ-જા કરતી. એને ત્યાં રાત-દિ' ગ્રામોફોન ચાલુ જ હોય. ટોળું એક રૂપાળાં છોકરા-છોકરી કોઈ ને ચંપકવર્ણું સુંદર રેશમી ફ્રોક ને સુંદર મઝાની વેણી હોય, તો કોઈ સેલર્સ 'સુટ'માં સજ્જ થઈ બગલમાં ફૂટબોલ મારીને જતું હોય, ' કોઇના મોઢે સુંદર બંસી રહી ગઇ હોય તો કોઇનાં હાથમાં રંગીન ફૂગો હોય. નિત નવાં રમકડાં લઇ, નિત નવાં પરિધાન પહેરી એ સૌ અમારી આંખો આંજતા ફરતા રહેતા અને અમે ? અમારી વાત ન કહું એ જ સારું છે. થીગડીયાં ઓઢણાં, ને ચીંથરીયા જબ્ભા પહેરી અમે આતુર આસક્ત આંખે એ લોકો તરફ જોઇ રહેતા. અને શું વિચારતા એ વર્ણવવું અહી બિનજરૂરી છે.

પરિણામે માના મનમાં શાન્તિ નહોતી. અને આવા સંજોગોમાં કોઈપણ માતાના મનમાં શાન્તિ રહી ય ન શકે. અને આ બધાનો પ્રત્યાઘાત થતો પિતા ઉપર. એમના ઉપર જ એ બદલો વાળતી.

પિતા કોઇ દિવસ કંઈજ બોલતાં નહિ. બીજા કેટલાયે દુઃખોની જેમ આ મેણાં-ટોણાં પણ એ મુંગે મુંગા સહી લેતાં. અજબ હતી એમની સહન શક્તિ. પણ મા એમની એ સહનશક્તિની પરવા જ ન કરતી એ સહનશક્તિને કારણે જ મા પાસે એમની શરમનો પાર ન રહેતો. માને ઘણીવાર આમ બોલતા સાંભળી છે—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"માનવીનું લોહી જ તમારામાં નથી કે શું? આ બાળકોને કંઈ જ કપડાં નથી, છોકરીઓ બિચારી ઠંડીમાં ધ્રુજી રહી છે. એ તમને દેખાતું જ નથી? તમારી આ આંખો તે માણસની છે કે પથ્થરની?"

પિતા ક્યારેય કંઈ જવાબ ન વાળતા. એમના મનમાં કદીયે કંઈ ફેરફાર નથી જોયો. ઓફીસેથી આવી કપડાં બદલાવી હાથ મોં ધોઈ એ નિર્વિકાર ચિતે સંધ્યા-પૂજા કરવા બેસી જતાં, કદાચ પરમ-બ્રહ્મનાં વિચારો કરતાં,

૨૨

"જુઓ તો ડાક્તર સાહેબ, હું દેખાવે બહુ ખરાબ લાગુ છું?"

જોયું તો સ્થુળાંગી ને શ્યામવર્ણી એક સ્ત્રી આવીને ઊભી છે.

"સાચે જ શું હું બહુ ખરાબ દેખાઉ છું? કોઇએ મને પસંદ ન કરી. ટોળે ટોળા પાત્રો આવ્યા ને ચાલ્યા ગયા. એમાંથી કોઇ કરતાં કોઇએ મને પસંદ ન કરી! કેમ કરતાં કેમેય હું લગ્નનો લહાવો લઇ ન શકી"

એ એકદમ કુરૂપ હતી તે નિશંક હતું.

"કહો ને તમે? હું દેખાવમાં શું બહુ ખરાબ છું?"

અને મેં અચકાયા વિના કહ્યું—"ના,"

"તો પછી કોઇએ પણ મને પસંદ કેમ ન કરી? શા માટે આમ અફીણ ખાઇને મારે આપઘાત કરવો પડયો? મારા આ દેહનું સર્જન મેં તો નહોતું કર્યું! કોણે એનું સર્જન કર્યું છે તે તમે જાણો છો? એના ઠેકાણાની તમને ખબર છે?"

અને એની બેઉ આંખો વાઘણની જેમ સળગી ઊઠી.

"આ મારો કાળો વાન, જાડા હોઠ. આગળ આવેલા બહાર નીકળી ગયેલા દાંત છે, ને નાકનું ટેરવું પોપટ જેવું અણિયાળું નથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ માટે કોણ જવાબદાર છે? મારે આ વાતનો એની પાસેથી ખુલાસો મેળવવો છે. હું ચિત્કાર કરીને એને પૂછવા માગું છું કે શા માટે તું એકને રૂપસી-સુંદરી સરજે છે ને બીજીને કુરૂપા બનાવે છે? શા માટે—શા માટે—શા માટે? કયો અપરાધ કર્યો હતો મેં તમારો? ને ચીસો પાડતી પાડતી એ અંધારામાં વિલિન થઇ ગઇ.

× × ×

મારા પિતાએ પણ કયાં ઓછું સહ્યું હતું પુત્રીઓને કારણે? એક, બે નહિ પણ પુરી પાંચ પુત્રીઓ! પ્રથમ ત્રણને પરણાવતાં ઘરમાંનું સર્વસ્વ વેચાઈ ગયેલું. દેશમાં એક વિઘો જમીન હતી, તે પણ વેચાઈ ગઈ. બાપદાદાનું ઘર હતું એ પણ ગયું. કંઇ જ બાકી ન રહ્યું—

૨૩

—"દાક્તર, દાક્તર!"

જોયું તો પેલો એનાર્કિષ્ટ યુવાન દોડતો આવે છે. એનું મોં સુકાઇ ગયું છે. અંગ થર થર ધ્રુજે છે!

—"પેલા માણસને અહીંથી દૂર ચાલ્યા જવાનું કહો ને, એ જોતાં વેંત જ મને ધમકાવે છે. આ જુઓ અહીં બટકું ભર્યું છે!"

જોયું તો પેલો પડછંદ કાળો માણસ આવીને ઊભો છે. એના ગળા પર અસ્ત્રાનો લોહીયાળ ઘા હતો આખાયે મોં પર હિંસકભાવ હતો. એ ચીસ પાડતો બોલી ઊઠ્યો—

"બટકું ભરીને તારા ગળાનો હૈડિયો જ તોડી લઇશ. દગાબાજ બદમાશ, પાજી, સાલ્લા, કહે-કયાં છે મારી દિકરી—"

યુવાન ગળગળો થતાં બોલ્યો-"મારૂં માનો, હું ખરૂં કહું છું કે તમારી દિકરીની મને કંઈ જ ખબર નથી, મેં એને દીઠી જ નથી."

ને ભીમની જેમ ગાજતાં પેલો પડછંદ પુરૂષ બોલી ઊઠ્યો—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તું ન જાણતો હોય તો તારા દોસ્તો જાણતા હશે. જા, શોધી આવ ગમે ત્યાંથી–નહિ તો હું તારો હૈડિયો જ તોડીને ખાઈશ. સમજ્યો." કહી એ મોં ફાડી દાંતની બત્રીસી બતાવતો એ પેલા યુવાન તરફ આગળ વધ્યો.

યુવાને ઉંચે શ્વાસે ત્યાંથી છટકીને જીવ બચાવ્યો.

પેલો બોલતો હતો–"બીજું કંઈ જ મારે સાંભળવું નથી, મારી દુકાન મને પાછી આપ, મારી દિકરી મને પાછી સોંપી જા—" જોયું તો એના ગળાનો ઘા ભરાઈ ગયો હતો. ને એમાંથી લોહીનાં અગણિત બુદ્બુદો ફિણાળાં થઈ ઊડતાં હતાં.

વળી પાછી એકદમ નીરવતા.

જોયું તો પેલા પતંગિયાનું ભૂત દીવાની જ્યોત ફરતું ફરી પ્રદક્ષિણા ફરી રહ્યું હતું.

× × ×

આ બધા સાથે મારું જીવન સરખાવી જોઉં છું. બહુ મોટો ફેર કંઈ છે? વિશેષ કંઈ જ ફેર નથી. જે પરિસ્થિતિમાં આ બધા આપઘાત કરીને મર્યા. એવી જ પરિસ્થિતિમાં હું યે એકદા હતો, છતાં મેં કેમ આપઘાત ન કર્યો? આશ્ચર્ય થાય છે. આજે આ નિર્જન ઘરમાં બેઠાં બેઠાં આ ઘટાટોપ મેઘલી રાતના વાતાવરણમાં મને મારી ગઇ જિંદગી સાંભરી આવે છે.

અમે ત્રણ ભાઇ હતા. બંગાળી છોકરાઓ સાધારણપણે જે રીતે જીવન શરૂ કરે છે એ જ રીતે અમે પણ વિદ્યાર્થી તરીકે જીવન શરૂ કરેલું. મારા બેઉ ભાઈ મને બરાબર યાદ છે. એમને નજર સામે જ જોતો હોઉં એમ લાગે છે.

હું I. Sc.માં પાસ થયો ત્યારે એ બેઉ મેટ્રિકમાં હતા. બન્ને એક જ વર્ગમાં હતા. દેખાવે પણ લગભગ સરખા જ. ભણવામાં બેઉ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોંશિયાર હતા. અમે ત્રણેય સારા વિદ્યાર્થી હતા–વર્ગમાં સદાયે આગલે નંબરે જ હોઇએ. સ્કૉલરશીપના રૂપિયામાંથી અમારું ભણતરનું ખર્ચ બરાબર નીકળી રહેતું. અનેક પ્રકારના દુઃખોમાં અમને એક આ ભણતરનું જ સુખ હતું.

જેવો હું I. Sc. માં પાસ થયો તેવો જ પિતાએ મને પોતાની-પોતે નોકરી કરતા તે–ઑફીસમાં રખાવી દીધો. અને એ પછી જે બન્યું એના જેવું આશ્ચર્ય મને જીવનમાં કદીયે નથી થયું. કદાચ એ એકદમ આકસ્મિક જ હશે, છતાં એ બહુ જ વિસ્મયજનક હતું.

જે દિવસે મારી નોકરી પાકી થઈ. બરાબર તે જ દિવસે પિતાનું અવસાન થયું. રોજ જેમ રાત્રે આવી ખાવા પીવાનું પતાવીને સૂતા, એ જ રીતે તે દિવસે પણ એ સૂતા હતા. કંઈ જ દુઃખ દરદ નહોતું. સવારે ઉઠીને અમે જોયું તો એ અવસાન પામ્યા હતા. હું એમનો મોટો દિકરો. મોટા દિકરાને કામે વળગાડી એમણે જાણે પરમ નચિંત મને શાન્તિપૂર્વક છેલ્લો શ્વાસ મૂક્યો. અવની ઠાકૂરનું "**शेष बोझा**" (છેલ્લો ભાર) ચિત્ર જોતાં વારંવાર બાપુજી યાદ આવે છે, જીવન આખું એમનું દુઃખમાં જ વીત્યું હતું, આજ જો એ જીવતા હોત !...

અને મા ? મારી બા ?

એણે પણ કયાં ઓછું દુઃખ વેઠયું હતું જીવનમાં ? ગરીબ માતાના અંતરની વ્યથા–વેદનાને માપવી મારે માટે અસંભવિત છે. કેટકેટલી અધુરી ઈચ્છા, અતૃપ્ત આકાંશા એનાં માતૃ હૃદયને વીંધતી હતી તે હું નથી જાણતો. છતાં આટલું તો જાણું છું કે અમારે માટે ઘણાં દિવસો એ ભૂખે પેટે સૂતી. વિવિધ વ્રત–ઉપવાસો તો હોય જ. અને ભોજન પણ રોજ પેટપુર કયાં મળતું હતું ? પિતાના અવસાન પછી અમારી ઓછી આવક વધુ ઓછી થઈ. જે કંઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળતું તે અલ્પ જ હતું. બા એ બધું અમને પીરસી દઈ પોતે કંઈને કંઈ બહાનું કાઢી ઉપવાસ કરતી. એના કેટલા દિવસ ઉપવાસ અને એકટાણાંમાં વીત્યા હશે એનો કંઈ હિસાબ જ નથી. બા ન હોત તો—"

"દાક્તર સાહેબ આ કયાં જીવતું છે? શા માટે બોલું બોલીને મને ભોળવો છો તમે—"

જોયું તો બાળ-હત્યારી એ માતા-અને એની ગોદમાં પેલું મૃત બાળક!

આ શું કદી જીવી શકે ખરું? એ જીવે તે સંભવિત છે શું? જનેતા જાતે જ જ્યારે પોતાનાં બાળકનું ગળું દાબી દે ત્યારે એ બાળક બચે કયાંથી?

જોયું તો એ બાઈ પૂરેપૂરી પાગલ થઈ ગઈ હતી.

"જનેતા થઈને બાળકની હત્યા! મારા જેવી ડાકણ તમે બીજી કેટલી દીઠી છે દાક્તર? પૃથ્વી પર શું નિત્ય આવી બાળ-હત્યાઓ થતી હશે? ઘણી થાય છે? સૂર્ય-ચંદ્ર શું હજુયે ઉગે છે? ધરતીકંપ થઈને ધરતી હજુયે કેમ ફાટી નથી ગઈ?" આટલું બોલી એ રમણીએ એનાં મૃત-બાળકને હૈયાં સરસું ચાંપ્યું.

"મારાં બાળ-ઓ બાળ મારાં—"

ઘણીવાર સુધી કોઇ કંઈ ન બોલ્યું. ધીરે ધીરે મારી વધુ નજીક સરીને એ બોલી—

"પરંતુ સહુથી વિસ્મયજનક વાત શું છે તે જાણો છો દાક્તર સાહેબ? શું કહો તો? હું એને હજુયે ભૂલી નથી શકી. એ કાળો સાપ હજુયે મારા મનની બંસી સાંભળે છે ને ફેણ પ્રસારી હજુયે એ મારા હૈયામાં ગુંચળું વળીને બેઠો છે. કેમેય કર્યો એ નહિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હલે. કોઈ પણ રીતે એને હાંકી કાઢી નથી શકતી. કોઇ ઉપાય બતાવોને–કે શું કરું તો એ બધું ભૂલી શકું. મને કહો કે શું કરું તો કારમી સ્મૃતિનાં પંજામાંથી છુટકારો મેળવી શકું. મને એ બધુંયે વિસરાવી દોને તમે—"

એનાં શુષ્ક નયન પલ્લવમાં એક બિન્દુયે આંસુ નહોતું.

૨૪

ઓચિન્તાની ઝાપટું એક હવા ઘરમાં પ્રવેશી, ને સાથોસાથ પાણીની વાછટ પણ આવી. બહાર આકાશ ઘેરાયું હતું. વરસાદ શરૂ થયો હતો. સમસ્ત પૃથ્વી જાણે અનરાધાર રોતી હતી. વીજ નહોતી, ચમકારા નહોતા, માત્ર વર્ષા હૈયાફાટ રુદન જેવી સતત વણથંભી વર્ષા. કેલેન્ડરમાંની છબી તરફ જોયું તો એની બેઉ આંખોમાં પણ જળજળિયાં હતાં.

વર્ષા–નાદે ગૂજતા અંધકારને વિક્ષુબ્ધ કરતો કવિનો ઘેરો સૂર સંભળાવા લાગ્યો.

ચોતરફ ઘનઘોર અંધારૂ છે. રિમઝિમ્ રિમઝિમ્ વર્ષાનાં સુર સાથે કવિના મેઘ-ગંભીર બુલંદ ગળાએ એક અજબની એકતાનતા સરજી દીધી. બારી વાટે હિમાળા જેવો શિતળ પવન આવે છે. ઝૂજતી દીપ–શિખાને પ્રદક્ષિણા ફરતાં પ્રેત–પતંગિયાંઓ સતત ફરતાં મરી રહ્યા છે. કવિએ ધીરે ધીરે આવી પ્રવેશ કર્યો. એનાં ભેદાયેલ મસ્તકમાં થઈને ધ્વસ્ત ભેજું બહાર ઝુલી પડયું છે. એના ઉઘાડાં નેજાં પર વર્ષાની વાછટ લાગે છે. બરાબર નિહાળીને જોયું તો કાળું કાળું જે ચોંટયું હતું તે લોહી નહી પણ કાદવ હતો. કવિ આવ્યો ને પાછો બહાર ચાલ્યો ગયો.

એનાં મોંમાં વાણી નહોતી, આંખમાં ઉદાસ દૃષ્ટિ હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારી તરફ બરાબર જોયું પણ નહિ.

*

શું કહેતો હતો?

હા, મારી બાની વાત કહેતો હતો, જીવનમાં મેં એને બહુ બહુ દુભવી છે. હવે એના ગુણગાન કર્યે શું વળવાનું છે? બાપુજી ખૂબ મહેનત કરી મારી નોકરી પાકી કરીને અવસાન પામ્યા હતા, છતાં હું એ નભાવી ન શકયો. એક મહિનો થયો ન થયો ત્યાં મેં એ મૂકી દીધી.

મેં શા માટે એમ કર્યું? એ પ્રશ્ન મેં પોતે જ મારી જાતને હજાર વાર પૂછી જોયો છે. ને જે ઉત્તર મળ્યો છે તે સદ્‌-ઉત્તર નથી. જે હતભાગી કૂટી બદામ વિહોણાંને જેની આવક પર બે કુમારી બહેનો અને બે નાના ભાઈ એનો આધાર છે, જેનાં મોં તરફ મીટ માંડી રાખીને શોકાતુર વિધવા માએ હૈયું કઠણ કર્યું છે એને માટે આત્મસન્માનનું કારણ દર્શાવી ચાલુ નોકરી છોડી દેવી એ ક્ષમ્ય હતું શું? દરિદ્રોને વળી આત્મ-સન્માન કેવું?

આત્મસન્માન ઘવાયું હતું એ ખરું છે, પરંતુ એ જ કારણે નોકરી છોડી દીધી હતી એ સત્ય નહોતું. એનું એક બીજું યે કારણ હતું અને ખરું કારણ કદાચ એ જ હતું. હું પ્રેમમાં પડયો હતો. માનવી જ્યારે પ્રેમમાં પડે છે ત્યારે કોઈ નાનું સાધારણ કામ કરતાં એને સંકોચ થાય છે. એની પાસે મારી જાતને વીસ રૂપરડીનો પગારદાર મહેતાજી કહેવરાવતાં મને શરમ આવતી હતી.

તમે કદાચ વિસ્મય પામીને વિચારતા હશો કે ગરીબ ઘરનાં આ છોકરાને આ રાજ-રોગ કયાંથી લાગુ પડયો? પણ હું પૂછું છું કે ગરીબોનાં સંતાનોને ક્ષય શા માટે લાગુ પડે છે?

પંકમાંથી પંકજ ઉદ્‌ભવે છે. મારી દારિદ્રયની મલિનતાને ધન્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતું પ્રેમનું ફૂલ જીવનમાં ફૂટયું હતું. એ અસંભવિત શા માટે બને? કાળા વાદળામાં શું પ્રકાશ પ્રગટી જ ન શકે?

એક સહાધ્યાયીને ત્યાં મારી આવ-જા હતી. કૉલેજમાં સારા વિદ્યાર્થી તરીકે મારી આબરૂ હતી-સરસ્વતીનાં દરબારમાં રાય-રંકના ભેદ નથી-ત્યાં તો મારા ભાગ્યમાં જ વિજયની વરમાળ હતી. અને દેખાવમાં હું કુરુપ તો નહોતો જ. પરિણામે મિત્રની બહેન મારા પર મુગ્ધ બની એમાં નવાઇ જેવું નહોતું.

અને એમ જીવનમાં એક નવું નાટક શરૂ થયું.

૨૫

—"વાર્તા તો બરાબર જામી છે ને!"

પાછું વાળીને જોયું તો એક કોઢિયો ભિખારી ઊભો ઊભો હસી રહ્યો છે. એના હાથમાં એક પણ આંગળી નહોતી. એનાં નાક, મોં, આંખ ઉપર ખરાબ રોગનો પ્રકોપ ગજબની અસર મૂકી ગયો હતો.

—"વાર્તા તમે સરસ જમાવી છે, પણ હવે પ્રથમ મારી કવિતા સાંભળી લો. જો કે કવિ તરીકે જીવનમાં જરાયે નામના મેળવી નથી, મારી એક પણ કવિતા કદીયે કોઇ માસિકમાં પ્રગટ થઇ નથી, તેમ છતાં મારા મનમાં તો એ હતી જ. ખાવાનું પેટપૂર નો'તું મળતું. ભીખ માગીને જ હું ખાતો હતો, ને છતાં હું કવિ હતો." આટલું કહી એ કવિતા ગણગણવા લાગ્યો,

★

—"મારી વાત ભૂલી ગયા ને ડાક્તર? મારૂં મોટર તળે આવી ગયેલું શબ તમે જ તો ચીરીને તપાસ્યું હતું. મારૂં મોત મોટર નીચે આવી જવાથી જ થયું હતું એ નિશંક હતું પરંતુ એમ છતાં સાચો ઈન્સાફ તમે આપી ન શકયા. ઇન્સાફમાં તમે પેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બિચારા ડ્રાઇવરને સજા કરી, પણ એ બિચારાનો જરાયે વાંક નહોતો. મેં જાણી જોઈને જ દોડતા જઈને એની મોટર નીચે આવી જઈ આપઘાત કર્યો હતો. એણે મને જરાયે જાણી જોઈને ચગદ્યો નહોતો. ઉલટાની બચાવવાની બધી જ મહેનત કરી હતી, તમે બધા જ દયાળુ છો–તમે સૌ અમને બચાવવા જ મથો છો."

અને એની આંખમાં ને એનાં મોં પર એક અદ્‌ભૂત કટાક્ષ હાસ્ય તરવરી ઊઠ્યું–તમે બધાં જ મહાદયાળુ–તમે બધાં જ.....કોઈ કોઈ કયારેક કયારેક પાઈ–પૈસો આપો છો યા મુઠ્ઠી એક ધાન–ચાવલ આપો છો તો કોઈ—"

ઓચિંતી એની વાત અટકી ગઈ. સામેની ભીંત તરફ એ એકીટશે જોતો એકદમ અટકી ગયો.–ને ચૂપ થઈ ગયો. જોયું તો એ કેલેન્ડરમાંની છબી તરફ એકીટશે અનિમિષ નયને જોઈ રહ્યો હતો. એના મોંમાં એકેય શબ્દ નહોતો. અને કેલેન્ડરમાંની છબી પણ એના તરફ જ તાકી રહી હોય એમ દેખાતું હતું.

એ કોઢિયો ભિખારી ધીરે ધીરે તે છબી તરફ આગળ વધ્યો. ને છબીની તદ્દન નજીક જઈ સામો ઊભો રહીને એ બોલતો હતો.

—"મન કહે છે જાણે હું તને ઓળખું છું! શું તું જ મારી મા છો? તારા પ્રત્યે મને આટલું બધું મમત્વ શાથી ઉપજતું હશે? કોણ છો તું? બરાબર તું જ છો મારી મા! મારી મા! તું આવી સુંદરી અને છતાં હું આવો કુરુપ—"

એકાએક હવાનું ઝાપટું ઘરમાં આવતાં જ પેલું કેલેન્ડર નીચે પડી ગયું, ને પેલો કોઢિયો પણ એકદમ કયાંક અદૃષ્ય થઈ ગયો. મેં ઊભા થઈ જોયું તો કેલેન્ડરમાંની પેલી છબી રડતી હતી.

૨૬

સ્ત્રીઓ કેવી સહજ વાતમાં રડી પડે છે ને ફરી કેવી સહજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીતે હસી પડે છે. એ પણ રડી હતી. જે ઘડીએ નિર્વિવાદપણે નક્કી થઇ ગયું કે અમારું મિલન અશકય છે તે પળે મારા હૈયા પર માથું મૂકી મારી છાતીમાં મોં છુપાવી એ કેવી રડી હતી ? અને બીજે પરણ્યા પછી એને ફરી હસતાંયે દીઠી છે, એને અંગે-અંગે સુવર્ણ–અલંકાર, સેંથામાં સિંદુર અને દેહનાં આણુંયે આણુંમાં યૌવનની માદકતા હતી. એ શ્રીમંતની પુત્રી, શ્રીમંતની પત્ની, ને શ્રીમંતની પુત્રવધૂ હતી. શા માટે ન હસે ? જેવું સાચું એનું રોવું એવું જ સાચું એનું હસવું.

જીવનમાં એ જ મારો પ્રથમ પ્રણય અને પ્રથમ નિષ્ફળતા, જેને ચાહતો હતો એ જ્યારે ચાલી ગઇ ત્યારે જગતના બજારમાં હું પૂરેપૂરો દિવાળીયો જાહેર થઈ ચૂકયો. ખરી રીતે સાચું ધન જ ત્યારે સાંપડયું હતું તે વાત તો બહુ મોડેથી સમજાઈ.

એને ન મેળવી શકયો એ જ મોટામાં મોટું દુઃખ હતું. પણ જ્યારે જાણ્યું કે હું ગરીબ હોવાનાં કારણે જ એને મારી નથી કરી શકયો ત્યારે એ મર્મભેદી વેદના હીનતાનાં સ્પર્શે અત્યંત કુરુપા બની ઊઠી. હું મારી જાત પ્રત્યે જ કટાક્ષ કરતો વારંવાર હસ્યો. કે વામનજી થઇને ચંદ્રમાને સ્પર્શવાનો શોખ તો પૂરો કર્યો ને! જેને આવા મોટા એક દેશી રાજનો દિવાન–પુત્ર પુત્ર–વધૂ બનાવીને લઇ ગયો તેને તું તારી ઘરવાળી બનાવવા ઇચ્છતો હતો ! હિંમત તો તારી ગજબની !" ને સાચે જ મારી કામના ઓછી ન હતી. મારી એ ગગનચૂંબી કામના થોડીવારમાં જ ધૂળ મળી ગઈ.

ને હું આગમાં પ્રજળવા લાગ્યો. હજુયે આકરી અગ્નિપરીક્ષા નસીબમાં બાકી હતી. ગરીબાઈની આગે ચારેબાજુ શતશત શિખા પ્રસારીને મને ઝાલ્યો હતો.

બાપુજીનાં અવસાન પછી થોડા દિવસે જ્યારે મેં નોકરી મૂકી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીધી ત્યારે બા એક બહેનને પોતાની સાથે લઈ મારે મોસાળ ચાલી ગઈ. ત્યાં આશરો મળી રહેશે એ એક જ વિચારે એ ત્યાં ગઈ હતી. કંઈ જ આધારવિહોણી હાલતમાં આટલા બાળકોને લઈ ભાડુતી ઘરમાં રહેવું અસંભવિત હતું. હું કંઈક કામ શોધી ન કાઢું ત્યાં સુધી જો મામાને ત્યાં રહી શકાય તો રહેવું એ એક જ આશાએ માએ પિયરની વાટ લીધી હતી.

સમસ્યાનું સમાધાન તો થઈ ગયું. પણ એ બીજી રીતે. બાના ગયા બાદ મારા બે ભાઈને અને એક બેનને કોગળિયું થયું, મને કેમ ન થયું. એ જાણતો નથી. ગરીબ ઘરમાં કોગળિયું થતાં શું સ્થિતિ થાય છે તે નજરે જોયા વિના સમજવું મૂશ્કેલ છે. ત્યારનું એ દૃશ્ય મારા જીવનમાં હું કદીયે નહિ ભૂલું.

દીન દરિદ્ર અમે ત્યારે દાક્તરને બોલાવી તેની પાસે ઉપચાર કરાવવાની વાત વિચારી જ શકતા નહોતા. બોડિયાર માને શરણ ગયા, પરંતુ ઓણે પણ દયા ન કરી ત્યારે એક દિવસ એક ધર્માદા દવાખાનામાં ભિખારીઓનાં ટોળામાં જઈ ભીડમાં ભીંસાતો ભીંસાતો ઊભો રહ્યો, હોંશીયાર દાક્તર બાબુના જ્ઞાનનો લાભ મળવાની આશાએ. સાંભળ્યું હતું કે ગરીબો માટે એ ધર્માદા દવાખાનું છે, અને જઈને જોયું તો ગરીબોનું એક ટોળું એક બાજુએ ઊભું હતું ખરું, પરંતુ દાક્તર તો એમનાં ધનિક દરદીઓમાં પરોવાયેલા હતા. લગભગ દોઢ–બે કલાક ઊભા રહેવું પડયું. એ પછી આવીને દાક્તર સપાટાબંધ અમારી ખબર લેવા મંડી પડયા. આ બધા દવાખાનામાં દાક્તરો નોકરી કરે છે. ઉપચારો કરવાની કુરસદ એમને હોતી નથી. આ ભિખારાઓનાં ટોળાંને અગિયાર પહેલાં વળાવી દેવાનાં છે. આ હોય છે એમનું લક્ષ એ લક્ષ. જેમનું હોય તેમને દોઢસો માણસોનાં અનેકવિધ દરદોની વિગત સાંભળવાની નવરાશ કે ધીરજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય જ કયાંથી ?

પરિણામે મારી વાત સાભળતાં સાંભળતા જ દાક્તર સાહેબે પ્રિસ્ક્રીપ્શન લખવું શરૂ કરી હું વાત પૂરી કરું એ પહેલાં તો મારા હાથમાં તે મૂકી કહ્યું–"જાવ, દિવસમાં છ વાર આ દવા લેવાની છે; બાર્લિ સિવાય બીજું કંઈ જ ન આપશો. "—

મેં કહ્યું—" પણ એમનાં પેટમાં તો પાણીયે ટકતું નથી. "–પરંતુ મારૂં કહેવું દાક્તર સાંભળી શક્યા હોય તેમ ન લાગ્યું. કારણ ત્યારે એમની સામે એક જાડો માણસ જીભ બહાર કાઢીને ઊભો હતો. દાક્તર એની જીભ તરફ ન જોતાં એક હાથે નાડી તપાસતા હતા ને બીજે હાથે દવા લખ્યે જતા હતા.

હતાશ થઈને ઘેર પાછા ફરવું પડયું.

ઘેર પાછા આવતાં જે જોયું તે જીવનમાં કદીયે નહિ ભૂલાય. જોયું તો બે ભાઇ અને એક બેન ત્રણે અવસાન પામ્યા છે. મરવું એ કંઈ વિચિત્ર વાત નથી. પણ કેવું ભયંકર હતું એ મોત ! મળ, મુત્ર અને ઉલટીની વચ્ચે એ ત્રણેય લાંબી નિંદરમાં પોઢી ગયા હતા. માણસ નહિ, જાણે કરમીયાં !...એમની એ જ્યોતિહીન–જડ–ફાટી રહેલી આંખો આજેયે હું નથી ભૂલી શક્યો. ભૂખથી દુર્બળ, પાતળા શુષ્ક ને પીળા પડી ગયેલા એ મુખ પર અસહ્ય વેદનાની અણકથી ભાષા હતી. ત્રણ સુંદર ફૂલને તોડી, મલિન કરી ચિતાની અગનમાં ફગાવી દઈ મહાકાળ જાણે ખડખડાટ હસી રહ્યો હતો.

આજે હું દાક્તર થયો છું. કોગળિયાનાં ઘણાંયે દરદીઓની દવા કરી છે. પણ અજબ જેવી વાત તો એ છે કે ગરીબોનાં–દરિદ્રોનાં ક્રંદને આજે મારૂં હૈયું રજમાત્ર દ્રવતું નથી–વિચલિત થતું નથી. મનમાં થાય છે—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૭

—" સાંભળો, સાંભળો—"

જોયું તો પેલી બિન્દી. એનાર્કિષ્ટ જુવાનને એ બોલાવતી હતી. બિન્દીનું મોં પહેલા જેવું નહોતું. મઝાનો અંબોડો—અંબોડામાં મોગરાનાં ફૂલ ખોસ્યાં છે. ગાલે રંગ, હોઠે રંગ, મોટી મોટી બે આંખોમાં કાજલ આંજ્યું છે, ને મખમલની કિનારીવાળી નવીનકોર સાડી પહેરી છે. રીતસરનો મોહિની વેશ !

એનાર્કિષ્ટ જુવાને પૂછ્યું–" શું કહે છે ? "

જરી સ્મિત કરીને બિન્દી બોલી–" બધું કંઈ જ નહિ. મને પાછળ જરા આ સેફ્ટિપીન લગાવી દે તો–આ જરા અહીં પાછળ–" કહી એ જરા રંગિલી રીતે પાછળ ફરીને ઊભી રહી અને પેલો એનાર્કિષ્ટ જુવાન જરા અચકાતો સેફ્ટીપીન લગાવવા માંડ્યો.

પરંતુ એનું પીન લગાવવાનું–પૂરું જ ન થયું !

જે હતભાગિનીએ જીવતોજીવત પુરૂષનાં આકર્ષણની આગે અસ્થિર થઈને ગળે દોરડું બાંધ્યું હતું. તે પણ મૃત્યુ પછી અભિસારિકા બની ગઇ હતી, અને પેલા નિષ્ફળ પ્રણયીને ભોળવતી હતી, જેણે સ્ત્રી સામે અભિમાન બતાવી શાન્તિની આશાએ સાઇનાઇડનું પાન કર્યું હતું.

*

બહાર નજર કરો તો તોફાનનો વેગ શમતો હતો. આછાં વાદળોના થરને ભેદીને ચાંદનીનો આભાસ સ્પષ્ટ થતો હતો. વર્ષા હજુ એકદમ અટકી નથી. સામેનાં મેદાનમાંના બધા વૃક્ષો ભીંજાય છે. ડાકણની બધીયે આંખો આંધળી બની ચૂકી છે. એકેય આગિયો સુદ્ધાં દેખાતો નથી. દૂર માર્ગ પરની વૃક્ષોની હારમાળામાંથી આવતો એક અસ્ફૂટ મર્મરધ્વનિ સમસ્ત અંધકારને જાણે અકળાવી રહ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો. નજીક અને દૂર બધેય સતત તમરાં બોલી રહ્યા છે. એકાએક જરાક વાદળ વિખરાયું ને બે ઉજ્વળ નક્ષત્રો ચળકી ઊઠ્યાં. મનમાં થયું; જાણે કોઈની કૌતુકભરી બે આંખડી મારા તરફ મંડાઈ રહી છે. જોતજોતામાં પાછું એક વાદળું આવીને ત્યાં ગોઠવાઈ ગયું.

વરસાદ ઓછો થતો હોય એમ એનાં ફોરાં કહેતા હતા. મોત ગળતાં દેડકાંનો આર્તનાદ સ્પષ્ટ સંભળાતો હતો. હજુયે તેઓ મર્યાં નહોતાં.

આ વિચિત્ર વાતાવરણમાં બેઠાં બેઠાં મારાં જીવન સ્મરણો ઉકેલી વિચાર કરું છું કે આ વીસમી સદીનો સભ્ય માનવી અસભ્ય માનવી કરતાં શું સાચે જ આગળ વધ્યો છે ? આજેય પણ આપણે વિધાતાનાં હાથનાં ક્ષુદ્ર રમકડાં જ છીએ ને ? જીવનમાં જ્યારે દુઃખનો સાગર ઉંફાળા મારતો ઘુઘવી રહ્યો હતો. આ અભિશપ્ત જીવનને કયાં છુપાવવું તે જ્યારે હું વિચારી શકતો નહોતો. કિનારા–કાંઠા વિહોણાં મહાસાગરમાં જ્યારે ઝંઝા અને તરંગો સિવાય બીજું કંઈ જ દેખાતું નહોતું ત્યારે ઓચિંતો કિનારો દેખાયો. મારા સહાધ્યીયાનાં પિતાએ મારી વિતક–કથા સાંભળી મારા ઉપર દયા બતાવી. એમની જ કૃપાથી હું મેડિકલ કોલેજમાં દાખલ થયો. કુંવારી બહેનને લઈને બા એને પિયર ગઈ, ને આશા રાખવા લાગી કે હું દાક્તર થઈશ એટલે એનાં બધાંયે દુઃખદર્દોનો આરો આવશે.

માનાં ઘરેણાં વગેરે વેચી હોંશે હોંશે કોલેજની ચોપડીઓ ખરીદી. એ ઘરેણાં જ અમારી આખરી મુડીરૂપ હતા. હવે શેષ હતાં માત્ર બાના આશીર્વાદ અને અમારાં તકદીર.

ભણતરની વાતમાં નસીબ સદાય સારૂં હતું. ભારતી કદિયે વરદાન આપવામાં લોભી નથી બની. મેડિકલ કોલેજની બધીયે પરીક્ષામાં પહેલા વર્ગમાં આવ્યો. બધી જ સ્કોલરશીપ અને બધા જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાંદો મારે ભાગે આવ્યા હતા.

આમ થયું ખરૂં, પણ **चक्रवत् परिवर्तन्ते सुखानि च दुःखानि च** પરંતુ સુખ-દુઃખનું ચક્ર નિરંતર ફરતું જ રહે છે. ફરી દુઃખનો વારો આવ્યો. સ્વચ્છ આકાશમાં ફરી વાદળાં ઘેરાયાં. કડાકા ભડાકા ને વીજના ચમકારાથી ચારે દિશાઓ ધ્રુજી ઊઠી.

જેમની દયા-કૃપાથી હું મેડિકલ કોલેજમાં પ્રવેશ્યો હતો તે મિત્ર-પિતા એકાએક અવસાન પામ્યા. ને હું ફરીવાર નબાપો થયો. ને ફક્ત નબાપો જ ન થયો, પણ મિત્ર વિહોણો પણ થયો. મિત્ર બી. એસ. સી. માં હતો, એક દિવસ આવી એણે કહ્યું-" ભાઇ, તું તારા આ મુવેલાના હાડકા-પાડકાં લઇને બહારનાં ઓરડામાં જઇને રહે, મારી માને આ બધું રુચતું નથી. હું પણ હમણાં કેટલાક દિ'થી એવાં એવાં ખરાબ સ્વપ્નાં જોઉં છું રાતની વેળા—"

મુવેલાંનાં હાડકાં લઈને બે વરસથી ત્યાં રહેતો હતો. આજ સુધી તો એની માતાએ કદી ફરિયાદ નહોતી કરી, કે નહોતાં મિત્રને કંઈ ખરાબ સ્વપ્નો દેખાતાં. એકાએક આ બધું કેમ શરૂ થયું? આવું કેમ થયું તે પ્રથમ તો સમજ્યું જ નહિ. મારી કૃતજ્ઞતાનો પાર ન રહ્યો, કઇ રીતે આ ઉપકારનો બદલો વાળીશ, એ વિષે મારું મન સદૈવ જાગ્રત રહેતું. મારા વર્તનમાં ફરિયાદ કરવા જેવું લેશમાત્ર કારણ મેં આપ્યું નહોતું. તેમ છતાં આમ કેમ થયું?

ઘણા દિવસો વીત્યે કારણ સમજાયું. કારણ બીજું કંઇ જ નહતું-મારી હોંશિયારી જ એને ખટકતી હતી. પ્રત્યેક પરીક્ષામાં હું સ-સન્માન પાસ થતો હતો.-જ્યારે મારો મિત્ર બી. એસ. સી. ની પરીક્ષામાં વારે વારે નપાસ થતો હતો. અને આટલું એના દુઃખ માટે પૂરતું હતું. ઈર્ષા માનવીની એક સ્વાભાવિક વૃત્તિ છે. બહુ ઓછા માણસો એમાંથી સંપૂર્ણપણે મુક્તિ મેળવી શકે છે, મુક્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હશે. આ ઈર્ષા ન કરી શકાય તેવી કોઇ ચીજ નથી. પૃથ્વી પરનાં મોટા ભાગનાં કલહના મૂળમાં પ્રત્યક્ષ યા પરોક્ષ પણ આ ઈર્ષા જ રહેલી હોય છે.

ગમે તે હોય. આને પરિણામે મિત્રને ઘેરથી મારો પડાવ ઊપડ્યો. એને ત્યાં જમતો-સુતો તે બંધ થયું. એટલે ખાનગી ટ્યુશનો કરવા લાગ્યો. દિવસ આખાની કોલેજની કાળજાંતુટ મજુરી પછી એક શ્રીમંતના છોકરાને ભણાવવા જતો. એને શું ભણાવતો એની તો ખબર નથી, હકીકતમાં હું એને કંઇ જ ભણાવતો નહોતો. એ આપમેળે જે ગમતું તે કરતો-હું માત્ર એ જોતો રહેતો. એને ભારપૂર્વક કંઈ કહેતાં એ હીબકી હીબકીને રડવા લાગતો. દુબળો પાતળો એક દશ વર્ષનો બાળક. નાક બેસી ગયેલું ને દાંત સડી ગયેલા પણ મા-બાપનો એ લાડકવાયો હતો. એને કંઇ જ કહેવાતું નહિ. એનું ભણતર જરાયે આગળ ન વધતું જોઇ એના પિતાને એક દિવસ કહ્યું—"બાબા પર જરાક દાબ રાખવો જરૂરી છે-" તો એ ભલા આદમીએ નિર્વિકાર ચિત્તે કહ્યું-"દાબ રાખવાની જરૂર નથી. તમને એ માટે રાખ્યા નથી. સાંજ વેળાએ તમે એને કોઇ પણ ઉપાયે તમારી પાસે પરોવાયેલો રાખજો. થોડુંક કંઈક ભણે તો સારું, અને ન ભણે તો યે કંઇ વાંધો નથી. તમારે જોવાનું ફક્ત આટલું જ કે સાંજ વેળાએ એ કોઇ પણ રીતે છટકીને ઉપલે માળે ચાલ્યો ન જાય."—એ સજ્જન મને પગાર બહુ સારો આપતા. એમની વાતનો મેં વિરોધ ન કર્યો. થોડા દિવસ પછી એનું રહસ્ય સમજાયું. એ બાળકની મા ગાંડી હતી, એને એક ઓરડામાં પૂરી રાખવામાં આવતી. રોજ સાંજે એને પરાણે ખવરાવવામાં આવતું. જબરદસ્તીથી મોં ફાડી, મોંમાં નળી ગોડવી કંઇક ને કંઈક ખાવાનું રોજ એને આપવામાં નહિ આવે તો એ ભૂખી જ મરી જશે એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાક્તરે કહ્યું હતું. પરાણે ખવરાવવાની એ રીત આંખને અણગમતી છે. એ માટે જ આ ભલા આદમીએ હું એમના પુત્રને કોઈ પણ બહાને નીચે રોકી રાખું એવી ગોઠવણ કરી હતી. ભણાવવાનું તો એક બહાનું માત્ર હતું.

૨૮

—"હું તમને જ પરણીશ—તમારે તો આંખ નથી—તમે તો જોઈ શકતા નથી! હું તમને જ પરણીશ—"

જોયું તો પેલી કાળી ને સ્થૂળાંગી છોકરી જ બોલી રહી છે. સામે એક મસ્તકવિહોણો દેહ લોલુપ બેઉ ભુજાઓ પહોળાવીને આગળ આવી રહ્યો છે. જાડો ને બેડોળ મસ્તકવિહોણો એક દેહ!

છોકરી બોલતી હતી—" અરે તમે જ મને સ્વીકારો!—આંખ-વાળાઓ તો મારું દુઃખ જોઈ શકયા નથી. તમારે આંખ નથી, વાણી નથી. કદાચ તમે મારી વેદનાને સમજશો—"

હવાનો ઝોકો આવતાં ઘરમાંની બત્તી બોલવાઈ ગઇ.

ઊઠીને ફરી બત્તી પ્રગટાવી. જોયું તો કોઈ ન હતું. ઘરમાં માત્ર પેલું કવર પાગલની જેમ ઉડતું ફરતું હતું. ઉપાડીને ટેબલ પર દબાવીને મૂકી દીધું. જરૂરી કાગળ હતો.

❋

શું કહેતો હતો?

હા, મારા બાનગી ટ્યુશનની વાત. ગાંડી માનાં એકનાં એક બાળકને કોઈ પણ રીતે સંભાળવાં. મારી સાંજે વીતવા લાગી એમની સાથે મારો સંબંધ ગાઢ થતાં એ ભલી બાઈ શાથી ગાંડી થઇ તે હું જાણી શકયો. કારણ બીજું કંઇ જ નહોતું. એક પછી એક સાત સંતાનોના અવસાનનો આઘાત એને લાગ્યો હતો. આ ક્ષીણકાય પુત્ર જ હવે અવશેષ રહ્યો છે. સાત સંતાનોના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૃત્યુનું કારણ પણ પછી સમજી શકયો. એ સજ્જન અતિશય ચરિત્રહીન હતાં. આટલું થયા છતાં એ સજ્જનનો સ્વભાવ બદલાયો નહોતો. પાગલ પત્નીને ઉપલે માળે ઓરડામાં પૂરી તાળું મારી, છોકરો મને ભળાવી એ રોજ અભિસારે નીકળી પડતા. શરીરે સરસ અફીણનું પંજાબી, પગમાં પેટેન્ટ લેધરનાં પમ્પ શુ, હાથમાં જૂથ કૂલની માળા લઈને અને સૂરાપાને આંખો લાલચોળ કરી હાથમાં કિંમતી સિગાર સાથે ઝગમગાટ કરતી મોટરમાં બેસી એ બહાર પડતા. સાંભળતાં કે રાત્રે એ ઘેર પાછા ન ફરતાં. માનવીમાં આ કામ–વૃત્તિ ભગવાને કદાચ સૃષ્ટિરક્ષા માટે મૂકી હતી. પરંતુ માનવી-એ સભ્ય થયા બાદ–અથવા કદાચ એથીયે પ્રથમથી આ વૃત્તિને સૃષ્ટિનાં ધ્વંસનો ઉપાય બનાવી દીધા છે.

આ જ્વાલામયી પ્રવૃત્તિના ઉત્તાપે કેટકેટલા શિશુઓ દાઝ્યા. કેટકેટલી–સ્ત્રીઓ સળગી મરી–કેટકેટલા સંસાર રાખ થઈ ગયા એનો કંઈ આરો–વારો નથી. એને કારણે કેટકેટલી હત્યાઓ નિરંતર થઈ રહી છે—



કવિ ધીરે ધીરે અંદર આવ્યો.

અજબ હતો એનો ચહેરો, જેનું આખું યે જાણે બહાર નીકળી ન પડતું હોય તેમ લાગે છે. આખનાં ખૂણામાંથી લોહી ઝરે છે—!

કવિ આવ્યો અને ચાલ્યો ગયો.

એની આંખો બેઉ દેખાતી નથી, બહાર ધસી આવેલા ભેજાં નીચે લગભગ ઢંકાઈ ગઈ છે. કામનું એ પણ એક મનોહર રૂપ હતું; છંદ, મેળ ને અનુપ્રાસમાં નિજ અંતરનાં સત્યાસત્યને પ્રગટ કરીને એ જતો રહ્યો, અનિવાર્ય હતું એનું પ્રાગટય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૯

સાચે જ એ અનિવાર્ય હતું.

ઓચિંતાનો એક દિવસ બાનો કાગળ મળ્યો. એ વાંચી ખૂબ આનંદ થયો. ત્યારે સમાજ અને સંસાર વિષેનું મારૂ જ્ઞાન આટલું વિપુલ નહોતું, તેથી વિસ્મય ન થતાં મને આનંદ થયો. અને મારે આનંદિત થવાનું કારણ પણ સાવ સામાન્ય તો નહોતું જ. બાએ લખ્યું હતું કે ચંપાની–મારી બહેનની સગાઇ લગભગ નક્કી થઇ ગઇ છે. હું જઇને આશિર્વાદ આપવા વગેરેનું પતાવી જરૂરી વાતચીત કરી લઉં એટલે એ શુભકાર્ય વિના વિલંબે ઉકલી જશે. જરૂરી વાતચિતમાં જે વાત અકળાવે તેવી હોય છે તે અહીં આ બાબતમાં જરાયે નહોતી. રૂપિયા પૈસા માટે અટકી પડે તેવું જરાયે નહોતું મુરતીયાએ ચંપાને જોઇ કરીને જ હા પાડી હતી. મુરતીયો સારી પેઠે શ્રીમંત હતો. એના ઘરમાં ધણી–ધોરી એ પોતે જ હતો. એટલે પહેરામણી–પાઘડી કંઇજ આપવાનું નહોતું, આથી એક મિત્રને કોલેજમાં મારી "પ્રોકસી" (હાજરી) પૂરાવવાનું કહી પ્રફુલ્લિત મને હું મોસાળ જવા ઉપડયો.

પણ ત્યાં જઇને જે જોયું તેથી હું આભો જ બની ગયો. મારા મોંમાંથી એક વેણ પણ ન નીકળી શકયું. ચમકીને હું વિચારવા લાગ્યો; મુરતીયાની ઉમ્મર પાંસઠ–ના, પંચોતેર કે એથીયે વધુ હશે હું જો પુરાતત્વવિદ હોત તો શ્રી કૃષ્ણકુમાર ચક્રવર્તીની ખરી ઉમ્મર કહી આપત. મેં ફકત એટલું જ જોયું કે એમની ઉમ્મરનું ગામમાં બીજું કોઇ જ જીવતું નહતું.

બહેનનાં મોં પરનું હાસ્ય જોયું તો સાવ સૂકાઇ ગયેલું. બાની આંખનાં આંસુ મોં પરના હાસ્યમાં પલટાઈ જઇને વધુ કરૂણ થઇ ઊઠયા હતા. બંગાળી બ્રાહ્મણ કુટુંબોમાં કન્યાને ઠેકાણે પાડવી એ અતિ આકરી કસોટી છે. બા સામે જોયું તો એ પેલા ડોસા સાથે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંપાનો વિવાહ મેળવવા ઉતાવળી થઈ રહી હતી.

મેં બાને કહ્યું—"આનાં કરતાં તો બહેનને હાથપગ બાંધીને તળાવમાં નાંખી દો ને—" બાએ ઉત્તર આપ્યો—"આ ચક્રવર્તી સુ-પાત્ર નથી તે હું જાણું છું. તારે એ મને સમજાવવું ન પડે. પણ જેનાં હાથમાં કૂટી બદામ પણ નથી એ આનાં કરતાં સારૂ પાત્ર કઈ રીતે મેળવશે તે કહીશ ? ચંપાને સતરમું ઉતરી અઢારમું એનું એની ખબર છે ? ચક્રવર્તીની ઉમ્મર જરા વધુ છે એ ખરૂં, પરંતુ એ સિવાય માણસ એ સારો છે. આ બાજુનો એ એક જાણીતો માણસ છે, પૈસે-ટકે સુખી છે. જર-જમીન બગીચો-તળાવ. ખાવા-પીવાનું દુઃખ કદીયે નહિં પડે ! અને જ્યારે ચક્રવર્તીએ સામે ચાલીને વાત મૂકી છે ત્યારે એનો અનાદર કરવો બરાબર નહિ. ગરીબ ઘરનાં આપણે આથી સારૂં ઠેકાણું બીજે કયાંથી મેળવવાના હતા ?"

બાની દલીલ ખરી હતી એમાં શક ન હતો, પરંતુ એ કામ-લોલુપ ને લબડી ગયેલ ચામડીવાળા ડોસાનાં હાથમાં મારી આવી સુંદર બહેનનો હાથ સોંપવા માટે મન ન વધ્યું.-એ ડોસાનું દાંત વિનાનું એ બોખલું મોં અને એની એ લોલુપ વાતો હજુયે મારી સામે તરવરી રહ્યા છે.

બાને સમજાવી કહીને આવ્યો કે "હજુ થોડા દિવસ ધીરજ ધરો. હું કોઈ સારા મુરતીયાની તપાસ કરૂં છું. મારા મિત્રમંડળમાં એકવાર તપાસ કરી જોઉં જો—"

અને કલકત્તા પાછો આવી હું મારા મિત્રમંડળમાં સારા મુરતીયાની તપાસમાં પડયો. બા દેશમાં રહીને ધીરજ કેળવવા મંડી. હું તપાસમાં બાની આવવા દેતો ન હતો. સતત પ્રયાસમાં રહેતો'તો.

બાએ પણ ઘણી ધીરજ રાખી. દેશમાં યોગ્ય મુરતીયાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુકાળ પડયો હતો તેવું ન હતું, તેમ છતાં કેમે કર્યો કોઈ યોગ્ય મુરતીયો ન જડયો. કારણ? જુગ જૂનું એક જ કારણ–ગરીબી! પહેરા-મણી આપવાની ત્યારે અમારી સ્થિતિ નહોતી. અને વિના પહેરામણીથી પરણે એવો કોઇ સજ્જન સુચરિત જુવાન સાંપડયો નહિ. જોયું તો બધા જ પરિણામદર્શી હતા! ભાવિનો વિચાર કર્યા વિના કોઈ એક ડગલુંયે આગળ વધવા માગતું નહોતું. મારી બહેનનો મોટો બોજો પોતે વહવા તૈયાર હતાં, જો એ ભાર વહન કરવાની મજૂરી હું તેમને ચૂકવી શકું તો પણ એ મજૂરી ચૂકવવાનું તે દિવસે અમારું સામર્થ્ય ન હતું. બે મુરતીયા વિના પહેરામણી લગ્ન માટે તૈયાર થયા હતા એમ છતાં તે ન બન્યું. કારણ એમાંના એકને ભણેલ–ગણેલ છોકરી જોઈતી હતી અને બીજાને અત્યંત સ્વરૂપવાન કન્યા જોઈતી હતી. મારી બેન મામાને ત્યાં ભણી–ગણી શકતી ન હતી, તેમ એ અત્યંત રૂપવતી પણ ન હતી. એનું સૌન્દર્ય મામીયુક્ત હતું. એના વાળ જરા ટૂંકા હતા, મોકળા મૂકતાં એ ગોડણ સુધી પહોંચતા નહોતા.

પરિણામે મારે સતત મુરતીયાની શોધમાં રહેવું પડતું. અને બાને પણ સતત ધીરજ ધરવી પડતી. આમ ચાલતું હતું. અને આમ જ કયાંય સુધી ચાલ્યા કરત, એ કહી શકતો નથી, એવામાં એક દિવસ મામાને ગામથી આવીને એક ભલા જુવાને ખબર આપ્યા–

૩૦

—"બચાવો–બચાવો મને દાક્તર બાબુ!"

મોટે સાદે ચીસો પાડતો પેલો એનાર્કિષ્ટ જુવાન દોડતો આવ્યો–એની પાછળ પેલો ભીમકાય કાળીયો પણ આવી ઊભો. એના મોટા શામળા ચહેરામાં ધોળી બે આંખો ધક્ ધક્ કરતી સળ-ગતી હતી–તેમાં પાગલાર્દ્રની હિંસક દૃષ્ટિ હતી! એના ગળાનો ઘા લાલ થઇ ઊઠયો હતો, અગ્નિનો સંયોગ થતાં જાણે એક મોટો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંગાર નીરવપણે સળગી રહ્યો હતો.

—"કોઈના બાપની યે તાકાત નથી કે તેને બચાવે! મારી દિકરીને ઉપાડી ગયો, મારી દુકાન પડાવી લીધી, અને હું તને જવા દઈશ? કડકડ કરીને તારો હૈડિયો જ ચાવી જઈશ. પાજિ, હરામજાદા, સુવ્વર—"

અને આટલું કહેતા દોડીને સાચે જ એણે પેલા જુવાનનું ગળું ઝાલ્યું.

—"બચાવો—બચાવો મને."

એના આર્તનાદે સમસ્ત અંધકાર જાણે ધ્રુજી ઊઠતો હતો. નસમાંથી લોહીની સેર ફૂટતી હોય એમ મનમાં થયું. પેલા કાળિયાનું આખું યે મોં લોહીથી ખરડાઈ ગયું છે!

ને વીજળીથી ઘવાયેલાની જેમ હું એ નિષ્ઠુર દૃષ્ય જોઈ રહ્યો છું.

ઓચિન્તી આંધીની જેમ બિન્દી દોડતી આવી અને પેલા કાળિયાનાં જટીયાં ઝાલી જોરથી એક આંચકો મારી એ ચીસ પાડી ઉઠી-"છોડી દો-કહું છું કે છોડી દો એને!"

આંચકો લાગતા કાળિયો પેલા જુવાનને છોડી દઈ પાછો વળીને ઊભો અને બોલ્યો—"કોણ છો તું?"

—"જે હોઉં તે, તમે એને મૂકી દો. તમારે પગે પડું છું!"

-ને બિન્દી એકદમ ગોઠણીયે પડી બેસી ગઇ!

૩૧

બારી વાટે બહાર જોતાં અંધારીયાનો ચંદ્ર વાદળાનાં ગાઢ અંધારા ભેદી ધીરે ધીરે બહાર આવતો જણાયો, એનાં મો પર એક અદ્‌ભૂત હાસ્ય હતું. એ પ્રેતનું હાસ્ય હતું. આ જીવતી જાગતી કાદવ કળણ યુક્ત ધરતી તરફ નિહાળી મૃત જ્યોતિષ્ક મૂંગેમૂંગું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અટ્ટહાસ્ય કરતો હતો. નજીકમાં જ કાળપુરૂષની ઉજ્વળ નક્ષત્રાવલિએ પળવાર માટે દેખા દઈ પાછી મેઘલોકનાં ગાઢ રહસ્યમાં આત્મગોપન કર્યું. બહુ મોટું એવું એક કાળું વાદળ ધીરે ધીરે આવીને ચોતરફ છવાઈ ગયું. ચંદ્ર પણ ઢંકાઈ ગયો, ને આછી ચાંદની પણ મરી પરવારી.

વર્ષા હવે થંભી છે.

ઝીણી ઝરમર વર્ષા વાળી એ રાત્રિનાં ગાઢ અંધકારને ચીરતી દેડકાંઓની મૃત્યુ–વેદનાની ચીસો રહી રહીને સંભળાય છે. બહાર ઘોર અંધારૂં છે. ઘરમાં ધ્રુજતી દીપશિખા ને પ્રાદક્ષિણા ફરતાં પેલાં પતંગિયાં હજુયે ચક્કર ફરી રહ્યા છે, એ પતંગિયાને જોતાં એરોપ્લેન યાદ આવે છે! મૃત આત્માનો જીવન્ત પ્રકાશ!

કલેન્ડરમાંની છબી તરફ નિહાળીને જોયું તો એનું નાક ફૂલી ઊઠયું છે. ગાલ ઉપર એક લાલ ડાઘ દ્‌ગ્‌ દ્‌ગ્‌ કરે છે, "કોઢના એંધાણ!" પવનનું ઝાપટું આવ્યું ને મારા પેલા કવરને ટેબલ પરથી ઉડાડી દીધું. મેં ફરી એને જાળવીને ઉપાડી લીધું. એને ગુમાવ્યું નહિ પાલવે. મારો બેન્કનો હિસાબ છે એમાં.

× × ×

હું, મારી બેનની વાત અધૂરી રહી છે.

એ વાત તમે જાણો જ છો. છાપાંઓમાં તમે એ નક્કી વાંચી જ હશે. પણ મારી બેનની આ વિશેષ વાત કદાચ તમને યાદ નહિ હોય અને એમાં કંઇ યાદ રાખવા જેવું પણ નથી. એવું તો અમારા દેશમાં સદાયે બનતું રહે છે. પારકાની બેનની વાત હું યે યાદ નથી રાખતો. પાંચ મોઢાળાં પોપૈયાં કે બે મોઢાળાં વાછડાની વાત એ કરતાં યાદ રાખવી સહેલી છે. મારી બહેનને ગુંડાઓ ઉપાડી ગયા હતા. મારી બેન હતી એથી મને એ યાદ આવે છે. તમને એ યાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન રહે તે જ સ્વાભાવિક છે. મારી બેનને તો ઉપાડી ગયા, પણ મારી વૃદ્ધ માતા પણ એમનાં પાશવિક અત્યાચારોથી બચી ન શકી. ચા પીતાં પીતાં છાપું વાંચતા લગભગ દરરોજ એવા કંઈને કંઈ સમાચારો નજરે પડે છે.

મારી મા–બહેન પર ગુંડાઓ જ્યારે અત્યાચાર ગુજારતા હતા ત્યારે હું મેડિકલ કૉલેજને બીજે માળે એક સુંદર મઝાના ઓરડામાં એક નર્સ સાથે વિવિધ વિષયની ચર્ચા કરી રહ્યો હતો. નર્સ એક તરુણી ને વળી સુંદર હતી. એની સાથે વાતો કરવા સૌ ઉત્સુક રહેતા. સુયોગ સાંપડયે હું પણ વાર્તાલાપની તક ઝડપી લેતો. એને વાર્તાલાપ ન કહેતાં પ્રેમાલાપ કહેવામાં આવે તો અત્યુક્તિ ન ગણાય.

આજે આ મોડી રાતે એકલા બેઠા બેઠા ઘણું ઘણું યાદ આવે છે. યાદ આવે છે પેલા મૃત પુત્રનાં ચાંદી–રોગી પિતા, કવિતા લવતો પ્રેમિક પેલો કવિ. વિવાહ–આતુર લબડી ગયેલ ચામડીવાળો પેલો વૃદ્ધ, સ્ત્રીઓ પર અત્યાચાર ગુજારનાર પેલા ગુંડા અને નર્સની કૃપા યાચતો હું. આ બધાં એક જ વસ્તુનાં જુજવાં રૂપ જ હતાં. ખાસ તફાવત એમનામાં બહુ દેખાતો નહોતો.

કંઈક ભાષાવિહોણો ચીત્કાર અંધકારને ચીરતો ચાલ્યો ગયો! ...આ શું ધુવડ બોલતું હશે? આ જાણે એક અધીર આકુળ ક્રંદન છે. ને મને લાગ્યું, જાણે લેપલેન્ડની પેલી હિમશીતળ જળ–ભૂમિ પર પેલા બેઉ અપરિચિત યુવક–યુવતી હજુયે ઊભાં છે, ચારે બાજુ ધુમ્મસ છવાયું છે. હજુ યે એમને મારગ સુઝતો નથી. કોઈ કોઈની ભાષા સમજતું નથી, છતાં પરસ્પરનાં હાથ સાહીને એકબીજાને ટેકે બેઉ ઊભા છે. ધુમ્મસ વધુ ગાઢ બનતું દેખાય છે. શ્વાસ ગુંગળાવા માંડે છે. એમનાં અંતરની અકળામણ શું આ મોડી રાત્રે રાતનાં પંખીઓનાં કરુણ સૂરે મૂર્ત થઈ ઊઠી?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખેર !

મા અને બહેનનાં સમાચાર એ પછી મને મળ્યાં નથી, કે પેલા ગુંડાઓને પણ હું કંઈ કરી-કરાવી શકયો નથી. કારણ ? એકનું એક જ કારણ, મારી પાસે નાણાં ન હતાં, ને એના વિના દુષ્ટોનું દમન કે શિષ્ટોનું પાલન જરાયે શકય નથી,

એ પછી ?

એ પછી ક્રમ મુજબ નિર્વિઘ્ને મેડિકલ કોલેજની પરીક્ષામાં પાસ થઈ બહાર પડયો. વિના તકલીફે નોકરી મળી, અને નિર્વિઘ્ને મારી પ્રેકટીસ જામવા માંડી, અને હવે બાકીનું જીવન પણ કદાચ વિના તકલીફે વીતી જશે.

મુસીબત થઈ છે રાતે કેમ કરી ઉંઘ નથી આવતી.

૩૨

"ડાકતર બાબુ—"

ચમકીને ઊભો થયો, પેલા સદ્‌ગૃહસ્થ જ આવીને ઊભા હતા, જેમણે વૃદ્ધાવસ્થા થી બચવા મહાકાલને કલંક ચોડવા હાથ પર જ ગોળી દાગી હતી.

—"જુઓ તો ડાકતર બાબુ—મારૂં મોં બરાબર છે કે નહિ ?

જોયું તો એનું મોં જરાયે સારૂં નહોતું.

માથાનાં વાળ બધાં સફેદ થઈ ગયાં છે. ચહેરા પરની ચામડી લબડી ગયેલી છતાં એ સજ્જન સીસોટી મારતા હતા.

"મારો ચહેરો તો બરાબર છે ને ?"

"હા, બરાબર છે !"

"વાળ બહુ ધોળા તો નથી લાગતા ને ?"

"ના"

અને એ સજ્જન ચાલ્યા ગયા,—મારા મોંનાં ખોટાં વખાણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંભળીને એ હસતે મુખે ચાલ્યા ગયા. ડાક્તર તરિકે કામ કરતાં કરતાં શીખ્યો છું કે કયારેક કયારેક ખોટું બોલવામાં પણ મહાપુણ્ય છે.

પૃથ્વીનાં આ જબ્બર કતલખાનામાં શું સાચું ને શું ખોટું ? ભયભીત બનેલા બકરીનાં બચ્ચાંને જો જૂઠું બોલી કોઈ પણ રીતે સમજાવવામાં આવે કે હાથમાં છરો લઈને ઊભેલો પેલો કસાઇ એનો ભાઈ છે, તને એ કંઈ કહેશે-કરશે નહિ, અને એ બકરીનું બચ્ચું થોડીવાર માટે પણ એની વાત માની લે તો એમાં શું ખોટું ?

એ સજ્જનને આમ કહ્યું હોત તો શું સારૂં થાત કે-ભાઇ, તારા વાળ એકદમ ધોળા થઇ ગયા છે. અને ચહેરા પર વૃદ્ધત્વનાં એકે એક લક્ષણ દેખાય છે, હૃદય ઉપર ગોળી વાગ્યા છતાં તું જરાયે ફાવ્યો નથી. કાળનાં અમોઘ નિયમને કોઈ જ ફેરવી શકયું નથી. અને તમે પણ એ પલટાવી નહિ શકો. ફાવે ત્યાં રહો અને ફાવે તે કરો પણ આખરે એને-કાળને-શરણે ગયા વિના તમારો છૂટકારો નથી. પૃથ્વી પર યુગે યુગે આ જે વિવિધ ધર્મો ઉદ્ભવ્યા છે તે ભાનભૂલ્યા માનવીનાં આત્મ-સમર્પણનું જ એંધાણ છે. આ મૃત્યુની છાયાએ ઘેર્યા અંધારમાં માનવીએ આત્મ-સમર્પણ કર્યું છે, અને કરશે. એ સિવાય બીજો ઉપાય જ નથી. તમે તો છાતીમાં ગોળી વાગી ને આત્મ-સમર્પણ કર્યું છે. તમારી રિવોલ્વરે અગ્નિ-પાન કરીને જે કહ્યું છે એ જ પેલા સર્વત્યાગી સંન્યાસીઓ પણ કહે છે કે:

યાવજ્જનનમ્ ભવન્મરણમ્
તાવજ્જનની જઠરે શયનમ્
ભજ ગોવિંદમ્ ભજ ગોવિંદમ્
મજ ગોવિંદમ્ મૂઢમતે !

એ જ એકની એક આત્મસમર્પણની ભાષા. અસહાય નરનારી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનું જુગજૂનું ક્રંદન.

×

ઓછું હસતી હસતી પેલી શામળી છોકરી આવીને ઊભી રહી. એનાં મોં પર હાસ્ય છે, પરંતુ એની આંખોમાં વેદના દેખાય છે.

—"બહુ બળતરા થાય છે દાક્તર સાહેબ, બળતરા-ગજબની બળતરા—".

જોયું તો એના પગ, પેટ, છાતી પરના ઘારાં ભરાઈ ગયા હતા અને એમાંથી ભયંકર દુર્ગંધ આવતી હતી. ડાબી બાજુનું સ્તન સડીને તદ્દન કોહવાઈ ગયું છે અને એમાંથી પરૂ નીકળી રહ્યું છે.

—"બહુ પીડા છે—સળગી ગઈ—આખું શરીર સળગી ગયું છે મારૂં—"

હું ચૂપચાપ સાંભળતો બેઠો છું—સાંત્વના દેવા જેવું શું હતું?

—"મારી બળતરા જરા ઓછી થાય એમ કરો ને? તમારે પગે પડું છું—"

—"હું કંઈ જાણતો નથી—" મેં ઉત્તર આપ્યો.

—"ના, તમે જાણો છો. આવડા મોટા દાક્તર થઈને તમે કંઈ ન જાણો એ બને? મરી પરવારી છું તો પણ આ બળતરા કેમ અટકતી નહિ હોય? તેમ છતાં આટલી વેદના કેમ થતી હશે એ કહેશો?"

શું કહું? એક વાર મન થયું કે ગીતાનો એકાદ શ્લોક બોલી-જાઉં, કદાચ એથી એને કંઈક રાહત મળે તો—

"હાઉ વાઉ—હાઉ વાઉ—"

જોયું તો પેલા ગાંડીયાએ આવીને પેલી યુવતીનાં શરીર પર ઉલટી કરી છે. વધુ જોઈ ન શક્યો. આંખો મીંચી પડયો રહ્યો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૩

આ શેની વેદના હશે કહો તો !

રાતે ઊંઘ આવતી નથી, કેમ કરી નથી આવતી. કેટલીયે રાતે મારી મેળે મોક્ટ્રિયાનાં ઇન્જેકશનો લઈને બાકીની રાત ઉંઘ્યો છું; અને છતાં મારી આવી સ્મરણશક્તિ ! આવી અદ્‌ભૂત સ્મૃતિ પ્રેતની જેમ સદાયે મને ધમકાવતી ફરે છે. જીવનમાં કદીયે કંઈજ નથી ભૂલ્યો. કયાં, કયારે, કોને મોતને ખોળે પડેલો જોયો, કયાં કયારે કોની વિતકવાત સાંભળી, કયારે કોનું "પોસ્ટમોર્ટમ" કર્યું, અને એ સમયે શું સાંભળ્યું–વિચાર્યું હતું તે બધું યે રજેરજ યાદ છે. એમાંનું કંઈજ હું ભૂલ્યો નથી. નાનો હતો ત્યારે એક કુતરાને વાઘરાઓએ ફસાવીને માર્યો હતો. એનું ફૂટી ગયેલું માથું, એની ફાટી રહેલી આંખો આજે યે મારી નજર સામે તરવરે છે. એ કુતરાનું મોઢું મને બરાબર યાદ છે. એનો કાબર–ચિતરો દેહ–એક કાન જરા વધુ પડતો ઝુલતો,–પૂછડી પાસે એક મોટા એવા ઘારામાં ખદબદી રહેલી જીવાત–બધુંયે મને એવું ને એવું જ યાદ છે. ના, કાંઈજ નથી ભૂલ્યો. અસાધારણ છે મારી આ સ્મરણશક્તિ. કયારે કયાં ને કેવા માંકડ માર્યા હતા તે સુદ્ધાં મને બરાબર યાદ છે.

આ નિસ્તબ્ધ રાત્રે નિંદરવિસર્યાં તોણે જાગતો બેઠો છું, ને મારી સાથે જાગતી બેઠી છે મારી સ્મરણશક્તિ. વીત્યા જીવનનાં પ્રત્યેક પ્રસંગો ચલચિત્રની જેમ માનસપટ પર ખડા થઈ જાય છે, ડાકણની જેમ આ સ્મરણશક્તિએ મને રાત્રિની રાત્રિઓ જાગતો રાખ્યો છે.

યાદ આવે છે બાપુજીનો ચહેરો.

સવારે ચોખાનું ઓસામણ પીતા, ઓફીસેથી પાછા ફરીને કંઈજ ન ખાતાં, એમનું એ શાન્ત, ધીર, દુર્બળ વદન યાદ આવે છે–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણે ધૈર્યની પ્રતિમૂર્તિ. ગરીબી, દરિદ્રતા માટે કદિયે કંઈજ અસંતોષ એમણે બતાવ્યો નહોતો. મૂંગે મૂંગા જિંદગીનાં આખરી દિવસ સુધી પોતાનું કર્તવ્ય કરતા ગયા. મૃત્યુએ પણ એમને કષ્ટ ન આપ્યું. મૃત્યુપથારીએ પડેલી એમની મૂર્તિ યાદ આવે છે. જાણે એ થાકી જઈને ઊંઘી ન ગયા હોય એવું જ લાગતું હતું.

અને યાદ આવે છે મારા પેલા ભાઈ–બહેનની વાત–જે કૉલેરામાં વિના ઉપચારે મૃત્યુ પામ્યા હતા. કેવી કરુણ વેદના એમની આંખોમાં દેખાઈ હતી!

"મોટાભાઈ, જરા પાણી આપો. થોડુંક પાણી આપોને! ઓહ, પગમાં ગજબની ખાલી ચડી ગઈ છે"–એમનો કરુણ હાહાકાર હજુયે મારા કાનમાં ગૂંજે છે. વિના ઉપચારે નિરુપાય હાલતમાં પશુની જેમ એમનું મૃત્યુ થયેલું.

ગરીબી એ કેવી નિર્મળ ચક્કી છે!"

પાસે પૈસા ન હોય તો વિના ઉપચારે મરવું પડે, ગુંડાઓ સ્વચ્છંદે મા, બહેનને ઉઠાવી જઈ શકે! આ કેવા અજબ સમાજમાં આપણે વસીએ છીએ–જીવીએ છીએ.!

મને મનમાં શું વિચારો આવે છે તે જાણો છો? મનમાં થાય છે કે સમાજની પ્રત્યેક વ્યક્તિને પકડીને ફટકાવું. ફટકાવી ફટકાવીને એનું ચામડું ઉતરડી નાંખું.! આજે મારી પાસે પુષ્કળ પૈસા છે. સૌ કુતરાની જેમ પૂંછડી પટપટાવતા આવીને મારી ખુશામદ કરે છે, તેમને મારા પગ ચાટવાનું કહું તો તેમ પણ કરે એમ હું માનું છું. પૈસા મળતા હોય તો બધુંયે કરવા તેઓ તૈયાર છે.! અને આજે મારે પૈસાનોયે તોટો નથી, હજુ થોડા સમય પહેલાં જ બેન્ક બેલેન્સનો આંકડો આવ્યો છે. મારી પાસે રોકડા અઢી લાખ રૂપિયા છે બેન્કમાં.! અઢી લાખ રૂપિયા! અને તેમ છતાં આ પૈસાને અભાવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ બાપુજી કેવું દુઃખભર્યું જીવન જીવી એક દિવસ અવસાન પામ્યા હતા. વીણા, પલ્લુ, મન્ટુ કોગળીયામાં વિના દવા-દારૂ મૃત્યુ પામ્યા, ચંપા અને બા પર ગુંડાઓનો અત્યાચાર... એક જ માણસને ભાગ્યે આટ-આટલો દુઃખ-ભાર કોણે મૂક્યો હતો? એનું જ નામ શું ભગવાન? એકવાર જો એ મળી જાય તો..."

× × ×

બહાર કોઈ બારણું ખખડાવે છે.

—"કોણ?"

કંઈ જ ઉત્તર ન આવ્યો.

ઊભા થઈને બારણું ઉઘાડીને જોયું તો તારવાળો એક તાર લાવ્યો છે. તાર! ઝટપટ ઉઘાડીને જોયું- તાર વાંચ્યો.

કહો જોઉં એ તાર શેનો હશે?

મારી ગૂમ થયેલ બહેન કે માનાં સમાચાર એમાં નહોતા. ડર્બીની લોટરીમાં મને પહેલું ઈનામ મળ્યું છે. અઢળક રૂપિયા—

આમ છતાં મારા બાપુ રોટલાનાં દુઃખે જ ઉમર થયાં પહેલાં જ અવસાન પામ્યા હતા. વીણા-પલ્લુ-મન્ટુ પૈસાનાં અભાવે જ વિના ઉપચારે મૃત્યુ પામ્યા હતા, બહેન અને બાને—

×

—"છોડી દો, છોડી દો-છોડી દો મને—"

જોયું તો કવિએ પેલી સળગી ગયેલ યુવતીને હૈયા સરસી જકડી રાખી છે. એના ફાટેલા માથામાંથી ભેજું બહાર આવીને યુવતીનાં આંખ, મોં, શરીર પર ચોંટી રહ્યું છે. કવિ એને કોઈ પણ રીતે છોડતો નથી.

બીજી બાજુ જોયું તો પેલો મસ્તકવિહોણો દેહ પેલી શામળી સ્થુળાંગી છોકરીને ગળે વળગી આગળ વધી રહ્યો છે. ઓચિન્તું પેલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કપાયેલું મસ્તક અવકાશમાં—શૂન્યમાં દેખાયું. એનાં મોં પર એક વિકટ હાસ્ય હતું !

—"ઠગાયો છો ? ગજબનો ઠગાયો છો ! ! મૂકી દે, એઈ મૂકી દે એને ! એ અતિ કુત્સિત કાળી ડાકડીન ! નારી–માંસ આપણને ગમે છે એ ખરું, પણ એથી કંઈ એવી ડાકણ જેવીને રાખીતે નહીં રહેવાય ! છોડી દે એને—"

જોયું તો પેલો મસ્તકવિહોણો દેહ એજ ઘડીએ એ નારીને છોડીને ઘૃણાથી દૂર સરી ગયો ! પેલી સ્ત્રી અવાક્ થઈને ઊભી જ રહી અને પેલું મસ્તક ખડખડાટ હસી રહ્યું. હા...હાહા...હા !

ઘરનાં બીજા ખૂણામાં જોયું તો પેલો હિ–હિ કરતો હસે છે. એનાં સિંહ જેવા મોંમાંથી ઝરતી ઝેરી લાળથી મારા ઘરની છો બગડતી હતી.

જોયું તો સિન્દી પેલા એનાર્કિષ્ટ જુવાનનું માથું બોળામાં લઈને રડે છે. એનાં વસ્ત્રો લોહીયાંળ છે. જાણે હોળી ન રમ્યો હોય !

એનાર્કિષ્ટ જુવાનની નજર દૂર ચોટી રહી છે. એની નજરને અનુસરીને જોયું તો દૂર અંધારામાં એક આછું અજવાળીયું સ્થાન જણાયું. ત્યા ફાંસીને લાકડે એક મડદું ઝુલતું હતું.

× × ×

જેની સ્ત્રીને નિર્મળ ઊઠાવી ગયો હતો એ સદ્‌ગૃહસ્થ પણ આવ્યા છે. એમની સાથે પેલો પડછંદ કાળીયો પણ છે, એના ગળાનો ઘા હજુ રૂઝાયો નથી. હજુ પણ એમાંથી લોહી વહ્યું જાય છે.

એ બેઉ સરખી ચાસો પાડતા બોલતા હતા, "રૂપિયા જોઈએ છે રૂપિયા, રૂપિયા ! રૂપિયા ! ! કહી શકશો દાક્તર, રૂપિયા કઈ રીતે મળે !"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમનાં બેઉનાં હાથમાં બે પરબીડિયા આપ્યા, પરંતુ એ બેઉ પરબીડિયાં પવનમાં ઊડી ગયાં. એ લોકો કેમે કર્યા એને રાખી ન શકયા !

સર્પ–ગળ્યો દેડકો મોટે અવાજે રડી રહ્યો છે.

કેલેન્ડરમાંની યુવતી તરફ ધારી ધારીને જોયું.

એ યુવતીનાં આખાયે શરીરે કોઢ દેખાતો હતો.

★

બારીમાંથી આસમાન તરફ જોતો બેઠો છું.

આકાશનીયે ઉપર એક જબ્બર નદી વહયે જાય છે. એ નદીમાં પાણી નથી. માત્ર રૂધિર તગ તગ કરતું રક્ત જ દેખાય છે. અપાર માંસ અને હાડકાં એમાં તણાયા જાય છે ને મચ્છર અધીરાં બન્યાં છે.

એ જ વૈતરણી હશે કે શું ?"

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તણુખલાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્યાં છો મારા નંદકુંવર ?

તાવ આવ્યો છે, હા, ટાઢિયો તાવ જ ! એઠો બેઠો એને કાગળ લખતો હતો. આમ કાગળ લખવો એ યોગ્ય નહોતું, છતાં લખતો હતો. લખ્યો જ, એના બોલ કો'ક બીજા સાથે બોલાઈ ચૂક્યા છે એ જાણવા છતાં. અને તેમ છતાં મારી કાવ્ય-પ્રેરણા જરાયે કુંઠિત નહોતી થઈ. તાવના બકવાદમાં હું કવિતા બકતો હતો.....

સાચે જ હું પ્રેમમાં પડ્યો હતો. બંધ અંધારા ઓરડામાં બારીની તરડમાંથી કિરણ-રેખાએ પ્રવેશ કર્યો હતો. બંધ ઘરમાં જાણે કો' તેજ-સ્વપ્ન, અને એ પ્રકાશ-રેખામાં શત શત રજકણો વાસનાએ પીડાતાં, ઉન્માદિત બની આથડતા હતા. છતાં એ પ્રકાશ જ હતો. તીરથી ઘવાયેલા કોઈ પ્રાણીની જેમ અંધકાર મુર્છિત બનીને પડ્યો હતો. હું સ્વપ્ન જોતો હતો. મૃત્યુનું ?

'ડાકટર સાહેબ—'

ચોંકીને ઊઠ્યો. 'કોણ એ ? અંદર આવો.'

એક પ્રૌઢ સજ્જન અંદર આવ્યા. હસીને એ બોલ્યા, 'થોડી તકલીફ દેવા આવ્યો છું. જુઓને ડાકટર સાહેબ, આ કેટલાક દિવસથી કોણ જાણે કેમ મારી પત્નીનું મગજ ફરી ગયું છે. પાડોશના મકાનમાં દાણલીલા જોવા જતાં આમ થઈ ગયેલું.'

'કઈ રીતે ?'

'એ પૂરેપૂરી સ્વસ્થ હતી. દાણલીલા જોવા ગઈ. લગભગ રાત્રે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અગિયાર વાગે પાછી ફરી–કંઈક ગાંડી જેવી. આવીને તુરત બોલી, મારો નંદકુંવર! ક્યાં છે મારો નંદકુંવર? ને એ ગાવા લાગી! અને ત્યારથી આ વ્યાધિ ચાલુ જ છે. હવે તો સહન નથી થતું. કોઇ પણ ઉપાયે હવે તો એને આરામ થાય એમ કરો.'

'અત્યારે એ ક્યાં છે?'

'બહાર ગાડીમાં બેઠી છે. લઇ આવું?'

'હા, લઈ આવો.'

ને થોડીવારે એક યુવતી આવી. વિખરાયેલા વાળ, લથર-વથર વસ્ત્રો ને ઉદાસ આંખો. આવતાં વેંત જ એણે પૂછ્યું–'મને કેમ બોલાવી? મને બોલાવી?'

'હા, પણ બેસો.'–મેં કહ્યું.....,

ને પાસેની જ એક ખુરશી પર ધપ્પ કરતીક એ બેસી ગઈ.

'શા માટે બોલાવી મને—કહો ને!'

'તમને શું થયું છે? આમ કેમ કરો છો?'

ને પળવાર એકીટશે મારા તરફ જોઈ રહ્યા બાદ એ બોલી 'મને તો કંઇ યે થયું નથી.'

થોડી વાર માટે નીરવતા વ્યાપી ગઇ.

'તમારા પતિ કહેતા હતા કે તમે ઘેર બહુ ઉત્પાત મચાવો છો. નંદકુંવર કોણ છે?'

'નંદકુંવરનું ગીત સાંભળવું છે! તમે શું નથી સાંભળ્યું એ?' કહીને એ ગાવા લાગી—

'ક્યાં છો મારા નંદકુંવર ઓ
ક્યાં છો મારા માખણચોર.....'

એકાએક ગીત બંધ થઈ થયું. અને એ સામે જોઈ બોલી ઊઠી:
'આવ–બેટા આવ મારી પાસે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં પાછળ ફરીને જોયું, પાસેના જ મકાનના હરીશભાઇના નાના દીકરાને તેડીને એમની ચાકરડી ઊભી છે. છોકરાને ત્રણ દિવસથી તાવ આવે છે. રોજ એને દેખાડવા અહીં લઇ આવે છે.

'આવને બેટા, મઝાનાં મઝાનાં રમકડાં આપીશ ! આવ, મારી પાસે આવ, શું નહિ આવે ? અરે ઓ પાજી, ગંડુ—,

અને આટલું બોલતા એ ગાંડી બાઈએ એકદમ ઊઠીને છોકરાને ચાકરડી પાસેથી આંચકી, છાતી સરસો ચાંપ્યો. બાળક મોટે સાદે ચીસો પાડવા લાગ્યો. ચાકરડી હો હા કરવા લાગી. મેં ઝપાટાભેર ઊઠીને તેની પાસેથી બાળક લઇ લીધું, અને એની આંખ-માંથી ટપ્‌ટપ્‌ આંસુ સરી પડયાં. મારી તરફ ફરીને એ બોલી : 'ડૉકટર, મારી પાસે કોઇ પણ બાળક નથી આવતું ! કોઈ જ નથી આવતું. કેમ નહિ આવતું હોય ભલા ?'

એ બાઈની તબિયત તપાસ્યા પછી, એને બહાર ગાડીમાં બેસા-ડયા બાદ એનાં પતિને કેટલાક પ્રશ્નો પૂછવા મેં જરૂરી ગણ્યા.

'કેટલાક વખત પહેલાં તમને 'ગોનોરિયા' (ગરમીનો રોગ) થયો હતો ?'

એ સજ્જન જરા ખચકાયા, છતાં સાચું જ બોલ્યા 'દશ વર્ષ પહેલાં, ત્યારે મારી ઉમ્મર ઓગણત્રીસ-ત્રીસ હશે.'

'કંઈ બાળક થયાં નથી ?'

'એક થયેલું, પણ તુરત વળી ગયેલું. પછી કંઈ નથી.'

થોડી વાર પછી મેં ફરી પૂછયું : 'તમારાં પત્નીના આખાયે શરીરે કાળા કાળા ડાઘ છે. ચામખાના સોળા જેવા લાગે છે. મારી હતી કે શું ?'

થોડી વાર માટે એ મૂંગા થઈ ગયા. પછી બોલ્યા— હા, બે-ચાર ચામખા એક વાર લગાવ્યા હતા. મિત્ર-દોસ્તો સહુનું કહેવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતું કે આવી ઢોંગીઓ માટે એક જ ઉપાય છે અને તે પ્રહાર. એથી જ જરાક, ખાસ બહુ વધુ નહિ—અર્થાત—'

'ઠીક જુઓ, હવે ફરીથી મારવા બારવાનું ન કરશો, અને સાંભળો, તમારી પત્નીની આ ફરિયાદ, આ દુઃખ એમને એકાદ બાળક નહિ થાય ત્યાં સુધી નહિ જાય; અને બાળક થવાનો સંભવ પણ બહુ ઓછો છે. છતાં દવા અજમાવી જોઈ એ. તમારું નામ ?'

'પાંચુ ગોપાલ વસાક.'

દવા અને સૂચના આપી એમને વિદાય કર્યા ન કર્યા ત્યાં હરીશ બાબુ આવી ઊભા.

'શું થયું સાહેબ ? કોઈ ગાંડીએ શું છોકરાનું ગળું દબાવ્યું હતું ?'

એમને બધી વાત સમજાવીને કહી. એ બોલ્યા : 'જવા દો, કટોકટીની ઘડી તો હવે વીતી ગઇ છે ! તમે એક વાર આવીને જોઈ જજો જરા, ચહેરો સાવ ઊતરી ગયો લાગે છે.'

'વારૂ, ગ્લુકોઝ આપો છો ને ?'

'એ હજુ નથી લાવી શકયો...આજે લઈ આવીશ, તમે તો જાણો છો મારી સ્થિતિ ! આ નાના પગારમાંથી સાત આઠ છોકરાંનો ગુજારો—છતાં તમારી પાંચ જણાની દયા છે એટલે નભી રહ્યો છું. તમે મહેરબાની કરીને એક વાર જોઈ જજો. આજે તો ગ્લુકોઝ નક્કી લઈ આવીશ.'

'સારું.'

હરીશબાબુ ચાલ્યા ગયા. ગરીબ માણસ, કુટુંબ-કબીલાવાળો. છતાં હજુ હમણાં સુધી પુરુષાતનનાં ઇન્જેકશન લેવા ઊંચો-નીચો થતો હતો ! અજબ છે માનવીનું મન. મારા પોતાના મનનો જ વિચાર કરું છું તો આશ્ચર્યે ચુપ બની જવાય છે.

વિદ્યાર્થી-જીવન યાદ આવે છે. અત્યંત ધાર્મિક ને અંધશ્રદ્ધાળુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો. એકવાર મારા પ્રાઇમસ ઉપર કોઇએ કુકડીનાં ઇંડાં આફેલા, તેથી ગુસ્સામાં મેં પ્રાઇમસ ફેંકી દીધો હતો. આજ તો કુકડાના માંસ વિના ચાલતું જ નથી. અરે, ગાયના માંસ સામે પણ ખાસ વાંધો નથી રહ્યો. માનવી સદાય પલટાયા કરે છે! આજનો હું દશ વર્ષ શું, થોડાક મહિનાઓ પછી તદ્દન જુદો જ માણસ નહિ બની જાઉં એની શું ખાત્રી? સ્કૂલ, કૉલેજ, ધર્મ, હિતોપદેશ નીતિ-શિક્ષણ, બધાંએ એક જ સૂરે સમજાવ્યું છે કે: 'પર સ્ત્રી માત સમાન' અને એમ છતાં હું એક પર-સ્ત્રીના જ પ્રેમમાં પડયો છું. થોડા સમય પહેલાં શું મારે માટે આ સંભવિત હતું? ના, નહોતું. કદીયે નહોતું. તમને હસવું આવે છે ને? પણ ન હસતા. પરસ્ત્રી નહિ, છતાં સ્ત્રી તો છે જ. મારી સમગ્ર ચેતનામાં વ્યાપીને એ વિરાજી રહી છે. પણ-જવા દો. વર્ણન નથી કરવું. હું ડૉક્ટર છું અને કવિ પણ. મારી જીવનકથા જાણવી હોય તો મારી કવિતાઓ પણ તમારે વાંચવી પડશે. ને એમાં જ મારા જીવનનો સાચો પરિચય તમને મળશે.

'—ડૉક્ટર સાહેબ.'

'કોણ એ? અંદર આવો.'

મધ્યબિંદુ અને બંધાણી

ચાર બાજુ ઘોર અંધારું છે. નદી ઉપર થઈ હોડીમાં જઈ રહ્યો છું. દૂર ગામડામાં કોઈ સજ્જન એમના એકમાત્ર પુત્રની માંદગીએ દુઃખી છે, અને એથી મારે પણ જરાક દુઃખી થવું પડયું છે.

ગાઢ અંધકારમાં નદીની વાણી સાંભળતો હતો. વેગીલી તરંગિણીની ભાષા. વહેતા ઝરણાંનો કલકલ નાદ. ધીરે ધીરે એ મારી પાસે આવીને બેસે, પણ એ કંઈ જ બોલતી નહોતી. હોડી વહ્યે જતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી, ઝરણું એની વાત કહેતું હતું, સમય ઝપાટાબંધ ચાલ્યો જતો હતો. શતાબ્દિ વીતી ગઈ. છતાં હું એનો સ્પર્શાનુભવ કરી રહ્યો હતો, આખુંયે અંતર એથી પરિપૂર્ણ હતું. મનને ખૂણે ખૂણે રૂદન ઊભરાતું હતું. એ મધુર વેદનામય અનુભવ, એને વાણીમાં કઈ રીતે વર્ણું ? એને છંદે છંદે આખું યે હૃદય જાણે ડોલી ઊઠતું હતું—

★

એવા નકારની એ વાણી જાણે સંભળાવી હતી. જાણે એ બોલતી હતીઃ 'દિવસના પ્રકાશમાં તો હું તમારી કોઈ જ નથી હોતી, ત્યારે હું હોઉં છું પૃથ્વીની ને સમાજની. પરન્તુ આ ગહન ગંભીર અંધારી રાત્રે—'

★

ને એના શ્વાસોચ્છવાસનો સ્પર્શ જાણે શરીર અનુભવતું હતું. એના મુંવાળા કેશકલાપે મારા અંગે અંગને આવરી દીધું.

★

અનંત આકાશમાં અગણિત નક્ષત્રો અંધકારની ઉપેક્ષા કરતા પ્રકાશી રહ્યા હતા. અંધકાર જાણે કહેતો હતો 'મારી ઉપેક્ષા ન કરશો, હું છું એથી જ તમે પ્રકાશી શકો છો; દિવસે કોઈ તમારો ભાવ પણ પૂછે છે ? મારા અંધારાને અંગે જ તમારો પ્રકાશ છે એ ન ભૂલતા.'

★

હે અંધકાર ! અંતર આખુંયે ભરીને અમે તને વંદન કરીએ છીએ. હે નક્ષત્રપ્રકાશક, હે અનન્ત અખંડ, અમે તને પ્રણમીએ છીએ. ઓ અમારા સ્વપ્નસાગરના નાવિક, અસંભવિતને તું સંભવિત કરે છે. સુદૂરને તું સુનિકટ કરે છે, અન્તરની વાતને તું પ્રગટ કરે છે. તું મહદ્ છો. તુ સ્નિગ્ધ છો. તું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીરવ છો. અમારા પ્રણામ તું સ્વીકારજે. પણ જરીવાર પછી તો તું ચાલ્યો જઈશ, અહિં નહિ હો! પ્રકાશના રથનો ઘર્ઘરાટ તો આ સંભળાવા લાગ્યો. એ જ ગુંજન. એ જ સ્પષ્ટ, સત્યવાદી કર્મો તો આ આવ્યો! એ આવશે ત્યારે તું કયાં આત્મગોપન કરીશ? ત્યારે તારી આ સ્નિગ્ધ કાન્તિ તું કયાં છૂપવી રાખીશ? એના શ્વાસની ગતિ વધતી જણાય છે. એનું આલિંગન શિથિલ-બનતું આવે છે. વિખરાયેલા વાળને સમારતી એ જાણે ઊઠીને ઊભી થાય છે. 'જરા વધુ થોભીને! એના દેહની સૌરભે મારૂં સ્વપ્ન માદક બને છે, પણ એ ચાલી ગઇ.

'સાહેબ, જરા ઊઠવું પડશે.' નાવિકે આવીને કહ્યું.

'કેમ?'

'એક મુડદું હોડીને રોકી રહ્યું છે.'

ઊઠીને બહાર આવી જોયું. મુડદું જ હતું—એક બાઇનું. એના વાળ લહેરાતા હતા. હોઠ અને ગાલમાં નામનુંયે માંસ નહોતું. કોઈ જાણે બિભત્સ રીતે હસતું હતું.

જેમને ત્યાં જવું હતું, એ ફાનસ-માણસ વગેરે સાથે ઘાટ ઉપર રાહ જોતા હતા. હું ઊતર્યો કે તુરત દરદીના પિતા નયન-બાણુએ આવીને મારા બન્ને હાથ ઝાલી લીધા ને કહ્યું, 'થોડું કે પગે ચાલીને જવું પડશે ડોકટર સાહેબ. આજ સાંજથી હાલત વધુ બગડતી લાગે છે.'

અમે પગપાળા જ ચાલી નીકળ્યા,

'કેટલા દિવસથી ઠીક નથી?'

'આજે આઠેક દિવસથી.'

'આ અગાઉ તબિયત કોને બતાવી હતી?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એલોપેથિક દવાઓ અમને ફાવતી ન હોઇને હોમિયોપેથિક દવા કરતા હતા. પણ આજે દરદ જરા વધુ જોઈ તમને ખબર મોકલાવ્યા.'

'હું.'

ડબલ ન્યુમોનિયા જણાયો. સ્થિતિ ખૂબ ગંભીર હતી. રાત નહિ કાઢે. દરદી બકવાદમાં બકતો હતો—

'કચાકચ કાપી નાખ્યો. તને દેખાય છે ને! ઓહ, કેટલું લોહી! મને લઇ ચાલો અહીંથી. એ બીજું એક મુડદું પડયું; થાણામાં ખબર આપવા જોઈએ,—ચાલ, ચાલ—આ—'

બહાર આવી દર્દીના વૃદ્ધ પિતાને બધીયે વાત કરી સાચી પરિસ્થિતિ સમજાવી દીધી. એમણે અધીર થઇને કહ્યું—'ત્યારે આજની રાત તમે અહીંજ રહો; તમારી જે કાંઇ ફી હશે તે હું આપીશ.' માફું રોકાવું નકામું છે એ સમજાવવાની મેં જેટલી મહેનત કરી એટલો જ એમનો આગ્રહ વધતો ગયો. આખરે મારે રોકાઈ જ જવાનું નક્કી થયું, અને ત્યારે મેં કહ્યું—'ત્યારે હવે એક કામ કરજો. આજે આખી રાત એક જણે એની પાસે રહેવાની જરૂર છે. તમે વારા ફરતા એની પાસે બેસજો. હું પાસેના જ કો'ક ખંડમાં સૂઈ રહીશ ને વચ્ચે વચ્ચે એને જોઈ જઈશ. કેટલા જણ છો તમે?'

'હું, મહેન્દ્ર, મારા પત્ની અને વહુ. પહેલો વારો વહુનો જ રાખીશું મારી પત્નીને માથાનો દુઃખાવો ઊપડયો છે એટલે એની પાસે એક જણે રોકાવું જરૂરી છે. એને પણ એકવાર જોવાની જરૂર છે. કોણ જાણે કેવાયે ગ્રહ છે ડૉકટર સાહેબ—'

એની પત્નીને જોઈ. પોડશી યુવતી. ત્રીજીવારની સ્ત્રી સામાન્ય રીતે હોય છે તેવી એ હતી. એનું માથું દવાથી મટવાનું નહોતું, છતાં પડીકી એસ્પીરીન ખાઇને સૂઈ જવાનું કહીને એના વૃદ્ધ પતિ તરફ ફરીને મારે કહેવું પડયું, 'એ ખૂબ પીડાય છે, તમે અહીં જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેજો. તમારી જરૂર હશે તો હમણાં જ કહેવડાવીશ.'

ને પછી આવી મૂળ દરદીની સેવા-ચાકરીની વ્યવસ્થા કરી, ઇન્જેકશન આપ્યું. એની સ્ત્રી એના માથા પાસે બેસીને પોતાં મૂકતી હતી, મહેન્દ્ર ઉર્ફે છોકરાના કુવા પાસે ઉભા હતા, એ બોલ્યા– 'ચાલો, હવે કાંઇક પેટને ભાડું આપીએ ડાકટર સાહેબ, તમે ચા પીઓ છો ને ?'

'હા, પીઉં છું કયારેક કયારેક'

બહાર વરંડામાં બેસી નાસ્તો કરતાં કરતાં અમે સાંભળ્યું, દરદી બકવાદમાં બકતો હતો : 'લે, લે–અહાહા...આઉટ થઈ ગયો ! નરેન હમણાં જરાયે રમી શકતો નથી, એઈ...એક બીડી આપજે તો –ઓ રે–અહાહા—'

બહારના ઓરડામાં હું અને મહેન્દ્ર બે જ હતા.

મહેન્દ્ર કહેતો હતો– 'સાળો મચ્ખીચુસ છે મચ્ખીચુસ, ડાકટર સાહેબ ! હું ન આવ્યો હોત તો એ તમને બોલાવત ખરો ?'

મેં સ્મિત કરીને કહ્યું– 'આવીને પણ મેં શું વધુ કર્યું છે ? એના જીવનની તો કોઇ આશા જ દેખાતી નથી.'

જરાયે ડગ્યા વિના કુવા મહાશય બોલ્યા : 'ઓહ ! એમાં તમારો શું દોષ ? શરૂઆતથી જ જો તમારી સારવાર લીધી હોત તો જુદી વાત હતી. પણ કંજુસ છે ને ભાઇ, તમે ન ઓળખો એને. હું તો બંધાણી માણસ. આના દીકરાની તબિયત ખરાબ સાંભળી દોડયો આવ્યો. તમે માનશો નહિ પણ અહીં આવ્યા પછી એક ટીપુંયે દૂધ મારા પેટમાં નથી ગયું. સાળો કંજુસ છે–કંજુસ.'

પ્રસંગ બદલવાના વિચારે પૂછયું– 'શું કામ કરે છે આ છોકરો ?'

'કરશે શું ? બી. એ. માં નપાસ થયા બાદ લગ્ન કર્યાં, હજુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છ મહિના પહેલાં જ. ને એના વિચારોયે બીજા શું હોઈ શકે ભલા ? બાપનો એકનો એક દીકરો, નગદ નાણું, વ્યાજવટુ અને જર–જમીન પણ પૂરતાં છે. છતાં એમાં ભાગ પડાવનાર માટે બાપના પ્રયત્નમાં ખામી નથી. એક પછી એક લગ્ન કર્યે જ જાય છે. પહેલી વારની ગર્ભ અનિદ્રાએ પીડાતી, દવાદારૂ વિના. બીજી વારની ગઇ સર્પદંશે, એને પણ અનિદ્રા–રોગ તો હતો જ. આ વેળા આને થયો છે... ...જોઈએ હવે.' ને થોડીવાર ચૂપ રહી મહેન્દ્રે ફરી શરૂ કર્યું– 'ગજબનો કંજુસ છે, પાકો મુંજી. મને બંધાણીને ટીપું એક દૂધનું દેતાં યે એનું કલેજું ફાટી જાય છે!'

વાત પલટાવવાનો ફરી એકવાર પ્રયત્ન કરતાં હું બોલ્યો' 'તમે જરા બેસો, હું જઈને જોઈ આવું દરદીને.'

કાંડા–ઘડિયાળમાં જોયું તો દોઢ વાગ્યો હતો.

બાજુના ઓરડામાં જઈને જોયું તો આંખો ઠરી ગઈ. શ્વાસ ઊપડયો હતો. વહુ પાસે જ થાકીને લોથ થઈને સૂતી હતી. એના હાથમાંનો પંખો એમ ને એમ રહી ગયો હતો. એના ચહેરા પર અત્યંત પરિશ્રમ પછી ઊંડો થાક દેખાતો હતો, એના સેંથાનો હીંગળો ભડભડતી આગ શો દેખાતો હતો. એને ફરી ન જગાડી. બેગમાંથી ઇન્જેકશન કાઢી આપવા જતો હતો એ જ વખતે બધું ખતમ થઈ ગયું. મહેન્દ્રને ખબર આપ્યા. એ આવીને બોલ્યો 'જવા દો ! એનાં છોકરાં કોઈ દિ' જીવે ખરાં?' ને થોડીવાર રહીને બોલ્યોઃ 'પણે પેલું શું ઢાંકી રાખ્યું છે ?'

'દૂધ લાગે છે.'

'આમાં કે ?'

'ના એમાં કદાચ દૂધ નહિ હોય. પેલામાં છે.'

'ત્યારે એને શા માટે નાહકનું બગડવા દેવું.?' કહી મૃતદેહની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસે ઊભા ઊભા ભૂખ્યા બાળકની જેમ હતું તેટલું બાકીનું બધું જ દૂધ મહેન્દ્ર ગટગટાવી ગયો.

વહુની ઊંઘ ઊડી હતી. એણે હાંફળા-ફાંફળા બની ઝપાટાબંધ પંખો નાખવો શરૂ કર્યો. એ બિચારીને હજુયે કંઈ ખબર નહોતી.

રોકકળ શરૂ થઈ ચૂકી. બહારના ઓરડામાં ગુનેગારની જેમ હું બેઠો છું. કુવા મહાશયે આવી પ્રીના રૂપિયા મારા હાથમાં મૂક્યા, ને કહ્યું : 'વગાડી જોજો મહાશય, આ લોભિયાના-કંજુસના છે ને! કદાચ બધા જ ખોટા આપ્યા હશે.'

ફરી હોડીમાં બેસી હું પાછો ફરતો હતો. આકાશમાં પ્રકાશ-કિરણો ફૂટતાં હતાં. મારા અંતરમાં વસેલી મૂર્તિની ઊંઘ પણ ઉડી ગઇ. એણે હસીને મારા તરફ જોયું. પણ મારૂ મન અત્યારે ખિન્ન હતું. હું માત્ર જરાક હસ્યો.

નદી વચ્ચે જતી હતી.

એ પાગલ કે હું!

હોડીમાંથી ઉતરી ઘેર જઈ જોયું, તો એક પ્રૌઢ સજ્જન મારી રાહ જોતા બેઠા હતા. મને જોતાં જ એ બોલ્યા; 'કાલ સાંજથી તમને શોધું છું.'

હું એમને ઓળખતો નહોતો.

'તમે ક્યાં રહો છો?' મેં પૂછ્યું.

'હું અહીં નથી રહેતો. બે ચાર દિવસ હવાબદલા માટે આવ્યો છું.,

'હં.'

બરોબર ધારી ધારીને એમને જોયા. એમની ઉમ્મર જો કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિસ્તાળીશથી વધુ લાગતી હતી–છતાં પોષાક વગેરેમાં એને અનુરુપ ગંભીરતા નહોતી દેખાતી, ઉલટાના વધુ શોખીન જણાતા હતા.

'શું કામ હતું?' મેં પૂછ્યું.

'તમારે એક વાર મારે ઘેર આવવું પડશે. મારા ભાણેજને આજે ત્રણ–ચાર દિવસથી તાવ આવે છે. ઘેર બીજું કોઈ જ નથી, તમે એક વાર આવશો? ઘોષપાડાના લાલ મકાનમાં જ અમે રહીએ છીએ.'

'સારું' આવીશ.'

ઘોષપાડાના લાલ મકાને ગયો. એ પ્રૌઢ સદ્‌ગૃહસ્થનું નામ હતું પ્રાણકૃષ્ણબાબુ. એ ઊભા જ હતા, એટલે ઘર તરત જડી ગયું. અંદર ગયો. એમના ભાણેજને જોયો, દવાદારૂની સૂચના કરી. પ્રિસ્ક્રીપ્શન લખતાં લખતાં ઓચિન્તુ એકવાર ઊંચે જોયું. તો પ્રાણકૃષ્ણબાબુ બારીમાંથી સામેના મકાનની અગાશી તરફ અનિમેષ નયને જોઈ રહ્યા હતા, અને એમની દૃષ્ટિનું અનુસરણ કરતાં અગાશી પર કપડાં સુકવવા આવેલી એક યુવતી દેખાઈ. મેં એ પણ ધ્યાનથી જોયું કે એ યુવતી તદ્દન નિર્વિકાર હતી–છતાં પ્રાણકૃષ્ણબાબુ એના પર મુગ્ધ હતા.

એમનાં ભાણેજ તરફ જોયું તો તાવ હોવા છતાં એ આછું આછું હસતો હતો. શું હશે?

ઓચિન્તા પ્રાણકૃષ્ણબાબુ બોલી ઊઠયા–'ઓહ!'

મેં પૂછ્યું,—'કેમ? શું થયું?'

'ના, કંઈ નહિ, અને તમને કહેવામાં વાંધો યે શું હોય? આ એક મુસીબતમાં પડયો છું! ચાલો, બહારના ઓરડામાં—'

બહારના ઓરડામાં ગયા. પ્રાણકૃષ્ણબાબુ બોલ્યા: 'મહાશય, મુસીબત પણ કાંઈ જેવી તેવી છે? સામેના મકાનની અગાશી ઉપર જે છોકરીને જોઈ...તમે જોઈને એને?'

'હા, એક છોકરીને જોઈ ખરી—'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ત્યારે એ પ્રૌઢ સજ્જન મારા કાન પાસે પોતાનું મોં લાવી ખૂબ ધીમે ધીમે બોલ્યા–'એ મારા પ્રેમમાં પડી છે. Hoplessly in Love.'

'શું કહો છો ? તમે કઈ રીતે એ જાણ્યું ?'

'હું પેલા ઘરમાં જાઉં છું એટલે તુરત એ અગાશીમાં આવે છે. મને જોતાવેંત જ એનું મોઢું–આંખ શરમથી લાલચોળ બની જાય છે. વધુ શું કહું' અને એ જરાક હસ્યો.

એ જ સમયે એક જાડા એવા શ્યામવર્ણા સજ્જન ત્યાં પ્રવેશ્યા. પ્રાણકૃષ્ણભાઈ એમને આવકાર આપતાં બોલ્યા–'આવો આવો સનાતનભાઈ, ડાક્ટર સાહેબ આવ્યા છે.' અને પછી મારા તરફ ફરી–'એમણે જ મને તમારી પાસે મોકલેલો ડાક્ટર સાહેબ. તમે તો એમને નક્કી ઓળખતા હશો.'

હું એમને ઓળખતો નહોતો, છતાં નમસ્કાર કર્યા.

સનાતનભાઈ બોલ્યા : 'શું જણાય છે આમના ભાણેજને ? તાવ કાંઈ જાતનો લાગે છે ?'

સાચું જ કહેવાનું હોત તો કહેવું પડત કે કાંઈ જ ખબર નથી પડતી, મેલેરિયા હોય તેવું લાગે છે અને તેથી એ માટેની દવા આપી છે. દરદીના અને મારાં નસીબ સારાં હશે તો એથી જ સારૂં થઈ જશે. પરન્તુ દરદીના અત્મીય સ્વજનો પાસે આવું, સરળતાપૂર્વકનું સત્ય ન બોલાય. અસ્પષ્ટતાનો આશરો લઈ આત્મરક્ષા કરવી પડે છે. મેં કહ્યું : 'રેમીટન્ટ જેવું કાંઈક લાગે છે. શરૂઆતથી થોડું ક્વીનાઈન આપવું સારૂં છે, બે–એક દિવસ એ આપી જોઈએ !'

પણ સનાતન બાબુ એમ છોડે એમ નહોતા. એમણે મને પૂછ્યું—'તમારૂં Diognosis (નિદાન) શું કહે છે ?'

'એ તો એમ ને એમ કેમ કહી શકાય ! લોહી તપાસીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો કહી શકાય.' મેં કહ્યું.

અને સનાતન બાબુ એ જ ઇચ્છતા હતા. એ બોલ્યા: આજકાલ તમને લોકોને આ એક ફેશન જ થઈ ગઈ છે કે આ તપાસાવો ને તે તપાસાવો. જૂના વખતના ડાકટરો વૈદો તો એનું નામ પણ નહોતા લેતા. હતા અમારા હેમન્ત ડાકટર—હેમન્ત ડાકટર નાડી જોઇને પેટમાંના ટયુમરને કળી જતા, રમેશ ડાકટર દરદીનો ફોટો જોઈને એને તાવ છે કે નહિ તે કહી આપતા, વિશ્વંભર ડાકટર, પતિત કવિરાજ, હરીકિશોર કમ્પાઉન્ડર, એ બધા જ આપણા સહુ કરતાં વધુ પારદર્શી હતા.' વગેરે ઘણું યે એ બોલી ગયા.

'ભલા એ લોકોની બરાબરી અમે શું કરી શકવાના ? એટલું બધું જ્ઞાન અમને કયાંથી હોય ?' મેં હસીને કહ્યું.

સનાતનબાબુ જરા ખુશ થયા દેખાયા.

એ બોલ્યા : 'એ વખતની બધી વાત જ જુદી હતી. ભાઈ, આપણો ખોરાક કેટલો હતો ત્યારે ? ઢાંસી ઢાંસીને ખાધા પછીયે સહેજે બશેર બરફી અને દશ-બાર લંગડા કેરી તો કેટલીયે વાર ખાધી છે. બોલો, તમે ખાઈ શકશો એટલું ?'

મારે સ્વીકારવું પડયું કે 'જી ના.'

'ત્યારે ?'

આનો કંઈક સારો જવાબ વિચારતો હતો ત્યાં ઓચિન્તા છાતીની પેશીઓ અને હાથના માંસ-ગઠ્ઠા દેખાડતા સનાતન બાબુ બોલ્યા—'જુઓ, હવે આ જુઓ !'

જોયું તો એમના હાડ અને પેશીઓ વિષે શંકા ન રહી. લગભગ સાઠની આસપાસ એમની ઉમ્મર હશે. ઉમ્મરના પ્રમાણમાં એમનું શરીર..એમનાં શરીરનું બંધારણ ઘણું સારું છે એ સ્વીકારવું જ રહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મારી નાડી જુઓ તો એક વાર !' હાથ આગળ ધરી એ બોલ્યા.

મેં એમની નાડી જોઈ. High blood pressure (લોહીનું દબાણ) જેવું લાગ્યું. મેં એમને એ જણાવ્યું. સાંભળીને એ હસતા હસતા બોલ્યા: 'આ પણ એક ફેશન છે આજ કાલની. હાઈ બ્લડ પ્રેશર !'

એ જ વખતે પ્રાણકૃષ્ણભાણુ એમને જરા દૂર લઈ જઈ કંઈક કહેવા લાગ્યા. થોડીવારે એ બન્ને ઓરડામાં પાછા ફર્યા.

અગાશી તરફ જોઈ ચિંતા કરતાં સનાતનભાણુ બોલ્યા–'એ...મ ! એમ છે કે ? આજકાલની છોકરીઓ પણ છે કાંઇ ? કાંઈ જ વિચિત્ર નથી એને માટે !'

પ્રાણકૃષ્ણભાણુએ પ્રેમકથા વર્ણવી હતી ! આ માણસ પાગલ હશે કે શું ?

દર્શની (વીઝીટ ફી) લઈ મેં વિદાય લીધી:

× × ×

હજુ હમણાં જ જરા નીંદર આવી હતી.

રાત કેટલી વીતી હશે તે કહેવું મૂશ્કેલ હતું. કાંડાઘડિયાળ બંધ હતું.

'ડાક્ટર સાંહેબ !'

ઝટપટ ઊઠ્યો. બહાર જોયું તો ફાનસ લઈ એક માણસ ઊભો હતો.

'શું કામ છે ?'

'હમણાં ને હમણાં જરા ચાલો, સનાતનભાણુને ત્યાં.'

'કેમ, શું થયું છે ?

'દિશાએ જઈને આવ્યા પછી એમને ઠીક નથી. સૂઈ ગયા છે.'

શક્ય એટલી ઉતાવળે અમે ત્યાં પહોંચ્યા. જઈને જોઉં તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સનાતન બાબુ પગથી માથા સુધી ઓઢીને સૂતા છે. એમના માથા પાસે બેસીને એમનાં પત્ની વ્યાકુળ ચિત્તે પંખો નાખી રહ્યાં છે.

'સનાતનબાબુ, જોઉં જરા હાથ તો?' મેં પૂછ્યું.

કંઈ જવાબ ન મળ્યો.

ચાદર હટાવીને જોયું, ને શરીર તપાસ્યું તો એમનું અવસાન નીપજ્યું હતું.

પેશીબદ્ધ શરીર બરાબર જ હતું! માત્ર જીવ નહોતો.

Apoplexy! મગજસાં લોહી ચડી આવ્યું હતું.

× × ×

પાછો વળતો હતો, એકલો જ.

એક અંધારી ગલીમાંથી ઓચિન્તો કોઈનો સાદ સંભળાયોઃ 'કોણ ડાકટર સાહેબ કે?'

'કોણ?'

જોયું તો ગલીમાંથી બહાર આવ્યા પ્રાણકૃષ્ણબાબુ!

'તમારી ટોર્ચ જરા આપજો ને ડાકટર સાહેબ.'

'કેમ? શું વાત છે?'

ખૂબ ધીરે ધીરે એમણે કહ્યું–'હજુ સાંજટાંણે જ આ ગલીમાં ...પેલી અગાશીવાળી છોકરીએ કાગળ જેવું કંઈક અહીં ફેંકેલું! બરાબર લવ લેટર જ!'

જોયું તો ગલી પેલી અગાશી અને પ્રાણકૃષ્ણબાબુના ઘરની બરાબર વચ્ચે જ પડતી હતી. કુતૂહલ થયું ને ટોર્ચ લઈને અમે ગલીમાં ગયા.

અનેકવિધ કચરો ત્યાં પડયો હતો. એની વચ્ચે કંઈક ધોળું– કાગળ જેવું કંઈ દેખાતું હતું. પાગલની જેમ દોડી પ્રાણકૃષ્ણબાબુએ એ ઉપાડી લીધું. કાગળમાં જાણે કંઈક હતું!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘડી ઉખેડીને જોયું તો થોડાક વાળ!

છોકરીઓ વાળ ઓળ્યા બાદ ઉતરેલા વાળ ઘણી વાર કાગળમાં વીંટી બહાર ફેંકી દે છે–એમ જ હતું!

'જોયું ને ડાકટર સાહેબ?'

'હા, પણ કાગળ કયાં? આ તો વાળ છે, ફેંકી દો—'

'ગજબના અરસિક માણસ છો તમે! અંગ્રેજી નવલકથાઓમાં વાંચ્યું નથી તમે? પ્રેમિકાઓ પ્રેમીને પોતાના વાળની લટ ભેટ ધરે છે તે? આ પણ એમ જ છે?'

તીણી નજરે મેં એના તરફ જોયું, એની આંખોમાં પાગલાઇ હતી.

અને ખરેખર પાગલ જ હતો ને એ!

ઘેર સખ્ત માંદગી છતાં આ પ્રૌઢ સજ્જન રાતના બીજા પહોરે ગલીના ઉકરડા પાસે પ્રણય-નિદર્શનની તલાશમાં ફરતા હતા. ને મને આ જ પ્રકારના એક પાગલની વાત યાદ આવી. મેં એને જોયો હતો. એ માનતો હતો કે, સમ્રાટ પંચમ જ્યોર્જ ખાનગીમાં એની પાસેથી રૂપિયા કરજે લઇ ગયેલા અને હવે પાછા નથી આપતા. બીજી બધી વાતે પ્રાણકૃષ્ણભાઇ સામાન્ય–ડાહ્યા માણસ જેવા જ લાગતા, પણ કોઇ ખાસ વાતમાં જ એ પાગલ દેખાતા. પૂરેપૂરા પાગલ. એમની માન્યતા હતી કે પેલી છોકરી એમને જોતાં-વેંત જ એમના પ્રેમમાં પડી હતી.

'તમારા ભાણેજને કેમ છે?' મેં પૂછ્યું.

પેલા વાળ કાળજીપૂર્વક ખિસ્સામાં–પાકીટ બુકમાં મૂકતા એ બોલ્યા—'દિવસ આખો આ વિદ્યાધરીમાંથી વખત જ કયાં મળે છે બીજું કાંઈ કરવા કે જોવાનો! પાંચેક વાર અગાશીમાં આવી હતી ને ત્રણ વાર બારીમાંથી ડોકીઉં કરેલું. હેરાન કરી નાખ્યો છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એણે તો મને.'

પાગલની સાથે વધુ વાતો શું કરવી !

'ઠીક ત્યારે ઘેર જાવ.'

ઘેર પાછા ફરી, ફરી પથારીમાં લંબાવ્યું. વિચાર કરવા લાગ્યો, પ્રાણકૃષ્ણ બાબુને પાગલ કહું છું. પણ હું પોતે યે શું એવો નથી ? જેનાં હાસ્ય, છળ અને શરમ-લજ્જા ઉપર હું સ્વપ્ન-મહાલ રચું છું, એ કદાચ મને જરાયે નહિ ચાહતી હોય. કદાચ અગાશી પરની પેલી ક્રોકરીની જેમ મારા પ્રત્યે એ સંપૂર્ણ ઉદાસીન હશે. હું યે પ્રાણકૃષ્ણબાબુની જેમ અંધારી ગલીમાં નાહકનો રખડી રહ્યો છું ને !

નગેનની બિમારી

ઘટાટોપ મેઘ છવાયો હતો.

સવારે ઊઠીને જોઉં છું તો આકાશમાં અને હવામાં વર્ષાની તૈયારી હતી. અનરાધાર વર્ષા. આકાશ મેઘના કડાકા ને ગાજવીજે ગાજતું હતું. આંગણામાં કદંબવૃક્ષ ઉપર અગણિત ફૂલ ખીલ્યાં હતાં. આજે કંઈજ કામ નહોતું. કોઈ પણ રોગીને જોવા જવાનું નહોતું. નોકર ભજુઆને ગઈ કાલે છુટ્ટી આપી હતી, હજુ સુધી એ પણ નહોતો આવ્યો.

નિરાંતવે જીવે-મોજથી પથારીમાં પડયો પડયો હું વર્ષાની ચઢાઈ જોતો હતો.

'आषाढस्य प्रथम दिवसे'—યાદ આવ્યું. આજ અષાડી ત્રીજ હતી ને બીજે યે ઘણો કમેળ હતો. એમ છતાં મેળ પણ ઘણો હતો. બોલવા મન થતું હતું—

આજે સખિ ! થઈ અષાઢની ત્રીજ, ને હું
ઉજ્જૈન વાસી નહિ, નામ ન કાલિદાસ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો યે નિહાળી ઘન મેઘલ આજની આ
આકાશ વ્યાપી અવનિ ભરતી ચંદાઈ

'—ડાકટર સાહેબ !'

'કોણ એ ! અંદર આવો.'

ને તારવાળો અંદર આવ્યો–એના હાથમાં એક તાર હતો.

'Come sharp Nagen seriousy ill.'

અને પરિણામે મારે બધાયે કવિત્વને અભરાઇ ઉપર ચડાવી નગેનની બિમારીના વિચારમાં પડવું પડયું. અમે સ્વતંત્ર ધંધો કરનાર રહ્યા ને! નગેન જાતનો બિહારી બ્રાહ્મણ હતો. મારો મિત્ર,–વિશિષ્ટ મિત્ર હતો.

છતાં એ મને ફી આપતો. બે-ત્રણ વાર ફી લેવાની ના પાડી, પણ એને એ અંતરથી દુઃખકર થતું હતું. એની સદાની એક જ દલીલ હતી કે 'આ તારો ધંધો છે ને તારા મિત્ર તરીકે તો મારી ખાસ ફરજ છે કે હું તને ફી આપું, કારણ એ આપવાની હજુ મારામાં શક્તિ છે, જ્યારે શક્તિ નહિ હોય ત્યારે તારા ઉપર મારો હક્ક તો છે જ. તો પછી અત્યારે શા માટે ન દઉં !' બોલવા જેવું કંઇ જ નહોતું. નગેન રહેતો હતો મોતીહારી. ટ્રેનમાં બેસીને જવું પડશે. રસ્તામાં ત્રણ ઠેકાણે બદલાવું પડશે. આ વણથંભી વર્ષા...પણ નગેન માંદો હતો ! જવું જ પડશે; બીજો કોઈ ઉપાય નહોતો.

મુશળધાર વર્ષા !

સ્ટેશને જતો હતો. ગાડીના બેઉ ઘોડા જાણે વધુ ખેંચી શકતા નહોતા–રસ્તો એટલો તો કાદવ–કિચ્ચડવાળો થઈ ગયો હતો કે ગાડીવાન ઘોડાની પીઠ પરે અવિરતપણે ચાબુક વિંઝ્યે જતો હતો છતાં ગતિ જરાયે વધતી નહોતી. અને ચાબુક તો ફરી ફરીને લાગ્યે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ જતા હતા.

'એઈ...ઘોડાને આટલો બધો માર મા.'

'પણ ગાડીને હવે બહુ વાર નથી સાહેબ—'

'હં. એ ખરું.'

ઘડિયાળમાં જોયું તો ગાડી છૂટવાને ૨૦–૨૫ મિનિટની વાર હતી, અને રસ્તો પણ હજુ દોઢેક માઈલ જેટલો બાકી હતો, ટિકિટ લેવીયે હજુ બાકી હતી એટલે ઘોડાની દયા બાધે ચાલે એમ નહોતું. મેં કહ્યું : 'ઠીક ત્યારે મારી મૂક.'

ને ફરી ફટા–ફટ...ચાબુક વિંઝાવા લાગ્યા.

થોડે દૂર જતાં એક નાળું આવ્યું. સાધારણ કાચા રસ્તામાં જેવું નાળુ હોય છે એવું જ એ હતું. અમારી ઘોડાગાડી જ્યારે એ નાળા પાસે આવી ત્યારે પાસે થઈને જતો કોઈ માણસ ત્યાં નીચે પડી ગયો હોય એમ લાગ્યું ને 'રોકો...રોકો. જો તો, નીચે કો'ક પડી ગયું લાગે છે!' કહી હું પણ ઊભો થઇ ગયો. ગાડીવાળો કાદવે ખરડાયેલ એક સજ્જનને ઉપાડી લાવ્યો. એમનો હોઠ જરાક ચિરાઈ ગયો હતો ને તેમાંથી લોહી વહેતું હતું. એમનું શરીર પૂરેપૂરું ભીંજાયેલું હતું.

પ્રાણકૃષ્ણ બાબુ!

'ક્યાં જતા હતા આવા વરસાદમાં? આવો, ગાડીમાં બેસો. કયાંઈ જવાના છો શું?'

એ હાંફતા હતા. જરા સ્વસ્થ થઈ એ બોલ્યા–'જરા સ્ટેશને જતો હતો. પેલી છોકરી આ ગાડીમાં જ એને સાસરે જાય છે ને! છેલ્લે છેલ્લે દર્શન આપી આવવા મારી ફરજ છે ને?' કહી એ હસવા લાગ્યા! ચીરાયેલા હોઠમાંથી લોહી વહેતું હતું. એમનું હાસ્ય અને લોહી એકરસ થઇ ગયાં હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ટેશને પહોંચ્યો. ઝટપટ ટિકિટ લઈ ગાંડીમાં બેસી, બારી બોલી મોં બહાર કાઢયું, જોયું તો મુશળધાર વરસાદમાં પ્રાણકૃષ્ણભાઈ એ આખાયે પ્લેટફોર્મ ઉપર દોડાદોડી કરતા ફરતા હતા. દરેક ડબા પાસે બારીમાં ડોકીઉં કરી કોઇને શોધતા હતા. કોઈ મોં લંબાવીને એમની રાહ જોતું બેઠું તો નથી ને!

ઓચિન્તા એમને સ્ત્રીઓના ડબા પાસે જઈ, તેનું બારણું ઉઘાડતા જોઈ રેલ્વેના એક અધિકારીએ એમને રોકયા–'જોતા નથી આ સ્ત્રીઓનો ડબો છે? ઊતરો! ઊતરો? ગાડી ઊપડે છે.'

ને ગાડી ઊપડી.

દૂર દૃષ્ટિ કરીને જોયું તો પ્રાણકૃષ્ણભાઈ વીલા થઈને ઊભા હતા. પાગલ જેવી આંખો, કાદવે ખરડાયેલ શરીર અને ચીરાયેલા હોઠમાંથી વહેતું લોહી!

બહારની બધીયે પ્રતિકૂળતાની ઉપેક્ષા કરતી ટ્રેન આગળ વધતી હતી. અગણિત મેદાન, જંગલ, નદી–પર્વત–પહાડોને પાર કરતી એ આગળ ધપતી હતી. એક ડબ્બામાં હું એકલો જ બેઠો છું, ને પ્રાણકૃષ્ણભાઈની વાત વિચારું છું. આહ! માનવી કેવો–કેટલો અસહાય છે!

પ્રાણકૃષ્ણભાઈ વારે વારે નજર સામે તરવરતા હતા.

ચારે બાજુ વરસાદ વણથંભ્યો ચાલુ હતો. તુફાનને વેગે ટ્રેન ચાલતી હતી. બેઠો બેઠો હું વિચારતો હતો, એણે તો કદિયે નથી કહ્યું કે એ મને ચાહે છે! હું પાસે જઉં છું કે તુરત એ તો દૂર ચાલી જાય છે. આપમેળે તો એ આવતી જ નથી. મને સદાયે હરાવતી જ રહી છે! કેમ જાણે હું કોઈ લુંટારો ન હોઉ! અરે જો ખરેખર કોઈ લુંટારો હોત તો તો જબરદસ્તીથી પણ એને ઉપાડી લાવત. જરાયે સંકોચ વિના એક ફૂલને ચૂંટી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લઇએ એ રીતે. પણ હું સદ્‌ગૃહસ્થ હતો. મારા મનના જંગલીપણા ઉપર મેં મોરૂં પહેરી રાખ્યું હતું. છદ્મવેશ હું તજી શકતો નહોતો.

પૃથ્વીરાજે શું મરી ખૂટયા છે? સંયુક્તાઓ છે કયાં?

મનમાં થતું હતું કે ચીસો પાડી પાડીને કહી દઉં:—

ચીસો પાડી પાડીને કહેવા મન થતુ હતું, છતાં કહી શકતો નહોતો. આ સંયમ જ જીવનની સહુથી મોટી કરુણતા છે ને! કદાચ એથી જ જીવન આવું સુંદર છે.

નગેનને ઘેર પહોંચીને જોયું–તો કંઈ નવીન જ જણાયું.

એ નાનકડા ઘરમાં એક જબ્બર સાંઢને લાવવાસાં આવ્યો હતો. દરદી એના પૂંછડાને સ્પર્શવાનો હતો! ગૌદાન દેવાતું હતું! અર્થાત મરવા પડેલો દરદી જો એમ ન કરે તો મૃત્યુ પછી એ વૈતરણી તરી ન શકે! પાર ન કરી શકે! હું હતાશ થઈ ગયો. આખર અવસ્થા ખરી ને! જેમ તેમ સાંઢને બહાર કાઢી નગેનને જોયો! સ્થિતિ ભયંકર હતી–મેનિનજાઇટીસ હતો.

બહાર આવીને બેઠો. નગેન માટે દવા વગેરેની વ્યવસ્થા કરી, હાથ મોં ધોઈ જરા સુવાની તૈયારી કરતો હતો ત્યાં માથે મોટી પાઘડીવાળા એક સજ્જનને આવતા જોયા. આવીને એ મારી પાસે બેઠા. એકદમ ઉજળો વર્ણ, આછી આછી દાઢી મૂછ, આંખોમાં પ્રજ્ઞાની જ્યોત, કપાળમાં મોટો ચાંદલો અને માથે શ્વેત પાઘડી.

નગેનના કુટુમ્બના એ ગુરુ હતા–પુરોહિત હતા. નગેનને માંદો જાણી જોવા આવ્યા હતા. એ એક વિખ્યાત જ્યોતિષી પણ હતા. નગેનની કુંડળીનો બરાબર વિચાર કરી એમણે કહ્યું: 'આજ રાતના બાર સુધી કોઈ પણ રીતે સંભાળી લ્યો. જો એમ થાય તો આ વખતે તો બચી જશે. એમ નહિ થાય તો એનું બચવું અશકય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમારે જે પણ દવા દેવી હોય તે દર્દને પણ ગમે તેમ રાતના બાર સુધી એને ટકાવી રાખો. હું પણ ક્રિયા-કર્મ વગેરે જે કરવાનું છે તે કરું છું.'

એની ભાષા સંસ્કૃતમય હિંદી હતી. મેં અહીં તરજુઓ કરીને મૂકી છે.

ગાઢ રાત્રિ, કેટલા વાગ્યા તેની ખબર નહોતી. આકાશમાં ચારે બાજુ ઘનઘોર મેઘ છવાયો હતો. વિજળી સળકારા કરતી હતી અને મેઘના કડાકા ને ગાજવીજ તો સતત ચાલુ જ હતી. નગેનની પથારી પાસે બેસી થોડી થોડી વારે હું એને બ્રાન્ડી આપતો હતો.

'એઈ કુલેશ્વરી!'

બકવાદમાં એ બકતો હતો. કુલેશ્વરી એની પહેલીવારની પત્ની. ઘણાં દિવસો થયાં ગુજરી ગઇ છે. બીજીવારની પત્ની તેના માથા પાસે બેસી માથું દાબતી હતી ને સાંભળતી હતી કે એના પતિએ એક વાર પણ એનું નામ નહોતું લીધું. એ વારે વારે કુલેશ્વરીને સાદ પાડતો હતો.

બાજુના ઓરડામાં શુદ્ધ, સાત્વિક કુલગુરુ કોપિત ગ્રહોને શાન્ત કરવા હોમાગ્નિ કરી મંત્ર-પાઠ કરી રહ્યા હતા.

અસહાયની જેમ બેઠો બેઠો હું જરા જરા વારે થોડી થોડી બ્રાન્ડી નગેનને પીવડાવી રહ્યો હતો.

વચ્ચે વચ્ચે એ ચીસ પાડી ઊઠતો : 'કુલેશ્વરી!'

ને એની સ્ત્રી સાળુવડે પોતાની આંખો લૂછતી.

બહાર મેઘ, વર્ષા ને વિજળી ગાજતાં હતાં.

અચાનક એકાએક એ બધું જ જાણે થંભી ગયું! બહારનું મેઘ-ગર્જન જાણે ઓછું થઈ ગયું. પ્રકૃતિનો શાન્ત ભાવ ફરી પાછો આવ્યો. ચિન્તા મારી સામે જોઇ નગેને પૂછ્યું:, 'આ શું! તમે ક્યારે આવ્યા?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને પછી એની પત્ની તરફ ફરી એ બોલ્યો--'કમળા, ઓશીકું જરા ઠીક કરી દેજે તો !'

કમળા કૃતાર્થ બની. પંડિતજીએ પૂછ્યું : 'કેટલા વાગ્યા છે ?'

જોયું તો બાર અને દસ મિનિટ. નગેન બચી ગયો હતો.

× × ×

નગેનને સારું થઈ ગયું છે. પ્રાણકૃષ્ણબાબુનો ભાણેજ ટાઈફોઈડ ભોગવી ફરી સારો થઇ ગયો છે.

સાજા થયા પછી એના પાગલ મામાને લઈ એ અહીંથી ચાલ્યો ગયો છે.

મારી પ્રેકટીસ ધીરે ધીરે વધી રહી છે.

ને અન્તરની પ્યાસ પણ વધી રહી છે.

બહારથી હું ખૂબ સજ્જન છું ને છતા અંદરથી હું ખૂબ જંગલી પણ છું ! આદિ-યુગના પેલા ગૂફા-માનવ આજે પણ આપણી વચ્ચે જીવતાં છે. સભ્યતાના બધાયે પ્રયત્નોને એમણે ધૂળ મેળવ્યા છે, નીતિ-વિવેકની વાતોથી કોઇ જ રીતે એમને રોકી શકાય તેમ નથી !

પણ બહારના સભ્ય વેશને ફોડી, અંદરના પશુને લઈને સમાજમાં ફરી નથી શકાતું ને ?

મારા મનમાં આટલી અશાન્તિ, આટલા દ્વંદ્વ ચાલતાં હશે એ બહારથી મને જોનાર કોઇ કહી શકે !

'નમસ્કાર ડોકટર સાહેબ—'

'આવો, આવો.'—હસીને નમસ્કાર કરતાં હું બોલ્યો.

'જરા રામગંજ જવું પડશે. ત્યાં કોલેરા ફાટી નીકળ્યો છે.'

'ચાલો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફરી ન આવતી !

'તું મને નથી ચાહતી ?'

કંઈ જ જવાબ ન મળ્યો.

'બોલ તો ખરી !'

છતાં કંઈ જ જવાબ ન આવ્યો.

'બોલ ને !'

'શું બોલું ?'

'મને ચાહે છે કે નહિ ?'

'ખબર નથી.'

આટલું જ બોલીને એ ચાલી ગઈ. વિમૂઢ જેવો હું બેસી રહ્યો. ત્યારે શું એ મને નહિ ચાહતી હોય ? મારો અન્તરાત્મા તો એ સ્વીકારતો નથી. પણ તો પછી એ બોલતી કેમ નથી ?

★

એ જાણે ફરીથી આવી છે ને પાછળ ઊભી છે પણ મેં પાછા વળી જોયું નહિ, હું લક્ષ્યે જ જતો હતો. એનાં સાળુનો આછો એવો સ્પર્શ મારા વાંસાને થવા લાગ્યો.

★

મનમાં થયું જાણે નમેલાં નેત્રે એ ઊભી છે. એનાં ચહેરા પર લજ્જાની સ્નિગ્ધ શોભા છે. એનાં હોઠ થર થર કંપે છે.

★

એ મારી વધુ નજીક સરી આવી, છતાં મેં મોં ફેરવી એના તરફ ન જોયું. મારેય શું અભિમાન નથી ! છતાં મારી કવિતામાં એ અભિમાન ફૂટતું નહોતું. એમાં તો માત્ર કાલાવાલાંજ દેખાતા હતા ઇચ્છા વિરુદ્ધ હું લક્ષ્યે જતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

★

લળીલળીને જાણે એ જોતી હતી. પાછા વળીને જોયું. એ તો નહોતી !

× × × ×

'કોણ તમે ?'

જવાબ આપ્યા વિના એ ઊભી રહી,

'દુઃખિયારી છું સાહેબ, સાંભળ્યું છે તમે બહુ દયાળુ છો. એથી જ હિંમત કરીને—'

દિવસે આવતાં શું થાય છે ?

'દિવસે તમે બહુ કામમાં રોકાયલા હો, એટલે...'

'શું થયું છે તને ?'

જોયું તો આખા શરીરે મોટાં મોટાં ઘારાં. નાક ફૂલી ગયેલું. હોઠના ખૂણા ઉપર પણ ધોળાં ઘારાં. આંખો બન્ને લાલઘુમ. જાણે કોઢ જ !

'કેટલા દિવસથી આમ છે ?'

'બે મહિનાથી—'

'ઈન્જેકશન આપવાં પડશે, ખર્ચ થશે'

'ગરીબ છું. થોડીક દયા કરો મારા ઉપર. ભગવાન તમારું ભલું કરશે.'

કંઈ સમજી ન શકતાં એ મારા મોં તરફ જોઈ રહી. 'મને સાજી કરી દો, મને સારી કરી દો, સાજી-સારી કરી દો સાહેબ' બોલતી બોલતી હાથ લંબાવી મારા પગ પકડી એ ડુસકાં ભરીભરીને રોવા લાગી, મેં ઝટપટ પગ પાછા ખેંચી લીધા.

મહામુસીબત હતી ! શું કરવું ?

કહ્યું—'ઠીક, મારી ફી ન આપતી, દવાની કિંમત તો ખર્ચી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકીશ ને?'

'મારી પાસે કંઈ જ નથી. તમે દયાના દરિયાવ છો...'

'મૂંગી રે'.'

એક પ્રિસ્ક્રીપ્શન લખી, એક રૂપિયો એના હાથમાં મૂકતાં મેં કહ્યું. 'બત્રીસ ભાગ દવાના આવશે. હવે ફરી ન આવતી મારી પાસે. સારું થવાનું હશે તો આનાથી જ થઈ જશે.'

પ્રમામ કરીને એ ચાલી ગઈ. હું વિચારવા લાગ્યો. પૈસા મળ્યા હોત તો આમ બેદરકારીપૂર્વક એને પતાવી ન હોત. ઝટપટ જેમતેમ અંદાજે જ સિફિલિસનું એક પ્રિસ્ક્રીપ્શન લખી આપ્યું. આ યોગ્ય હતું શું?

મનમાં વિચારી જોયું. એના મોં તરફ આંખ ઊંચી કરીને જોવામાં મને શરમ લાગી. એની આગળ હું જાણે હીણો પડી ગયો હતો.

શું સાચું?

'મને માફ કરજો હરીશભાણુ પણ મારાથી એ નહિ બને.'

એ હતા મારા પાડોશી હરીશભાણુ. એ કલાર્ક હતા અને વિમાના દલાલ પણ હતા. હું એમની કંપનીનો ડૉકટર હતો. એ એક કેસ લાવેલા. શરીર જાડું ને પેશાબમાં સાકર છે. હૃદય પણ બરાબર નથી. હરીશભાણુનો આગ્રહ છે કે હું એને માટે સારો રિપોર્ટ લખી આપું. ફર્સ્ટ કલાસ લાઇફ નહિ હોય તો કંપની તેનો વિમો નહીં ઉતારે. પણ એમ કરાય ખરું? દિવસને રાત કહેવી મારે માટે શક્ય નહોતું. હરીશભાણુ બોલ્યા કેટકેટલી મહેનત અને ખુશામદ કરી એને રાજી કર્યો, અને તમે એ જ મિનિટમાં બધું બરબાદ કરી નાખ્યું! તમારાથી છૂપું તો કાંઈ છે નહિ. છોકરો આજ મહિના દિવસથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાટલે છે. દવાદારૂ જેટલું મેળવતાં યે જીવ ગળે આવી જાય છે. આ કેસ નક્કી થાય તો થોડા રૂપિયા મળી જાય. બરા ફરી વિચારી—'

'એ નહિ બની શકે હરીશબાબુ. માફ કરજો.' મેં કહ્યું.

'માફ તમે જ કરજો ડાકટર સાહેબ. મહેરબાની કરીને કામ કરી દો. મારી કેવી સ્થિતિ છે! વારૂ, છોકરો બચે એમ નથી લાગતું શું?

'દર્દ આકરું છે. ટાઇફોઇડ થયો છે. તમે તો સમજી શકો છો.'

'આ બધું જાણ્યા પછીયે મારા પર થોડી દયા નહિ કરો.?'

'માફ કરો.'

થોડી વાર એ મૂંગા મૂંગા બેઠા રહ્યા. પછી બોલ્યા—'ઠીક, લખી આપો ત્યારે છોકરા માટેનું પ્રિસ્ક્રીપ્શન.'

'વિટામીન 'ડિ'નું શું થયું?'

'એ તો હજુ નથી ખરીદાયું, જોઉં જો આજે—'

ઓચિન્તા મારા બન્ને હાથ ઝાલી એ બોલ્યા—'ખરેખર બહુ જ ખરાબ હાલત છે ડાકટર સાહેબ, પેલા રિપોર્ટનું જો કરી આપી શકો!'

અને ત્યારે મારે નિરૂપાય થઈ એમને કહેવું પડયું—'એને બદલે એક કામ કરો, આ દસ રૂપિયા લઈ...'

મારાથી વાકય પૂરૂં ન કરી શકાયું. ઉત્તેજીત બની હરીશબાબુ બોલી ઊઠયા,—'તમે આ રીતે મારૂં અપમાન કરવાની હિંમત કરી! આજે ભલે હું દુર્ભાગ્યે ગરીબ બન્યો, પણ જાણો છો તમે, હું કેવા મોટા કુટુમ્બનો વંશજ છું તે? રતનગંજના ચાટુજ્જેઓનું નામ આજે પણ આ બાજુના માણસો ભૂલ્યા નથી. લગભગ બસો પાટલા અમારે ઘેર પડતા, અને આજ તમે મને દસ રૂપિયા ભીખમાં આપવા આવ્યા છો। તમારો...!

એ વધુ ન બોલી શકયા. બે બિન્દુ અશ્રુનાં એમની આંખમાંથી સરૂં સરૂં થઈ રહ્યાં હતાં, તે મેં જોયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને અત્યંત શરમ આવી.

જતી વેળા એ કહેતા ગયા–'થેન્કયુ.'

સાંજે એમને ત્યાં એમના દીકરાને જોવા ગયો.

એ ઘેર નહોતા. એમનાં પત્નીએ પૂછ્યું–'આના બાપા ટાઇફોઇડ કહે છે, પણ છોકરો આમ બબડયા કરે છે કેમ: વચ્ચે વચ્ચે ચીસો પણ પાડે છે.'

'ટાઇફોઇડમાં એમ જ થાય,'

'પણ મને તો લાગે છે કે તે દિવસે પેલી ગાંડીએ એને ઝાલ્યો હતો, એણે જ કંઈ નજર–બજર નાખી હશે!'

'ના, ના, એવું કંઈ જ નથી.'

'પણ છોકરો ત્યારથી આમ જ પડયો રહે છે.'

હું કંઈજ ન બોલ્યો. થોડીવાર પછી મેં કહ્યું–'લ્યો આ દવા, રોજ દશ–બાર ટીપાં આપતા રહેજો, ભોજન સાથે ભેળવીને. વિટામીન 'ડિ' છે, ભૂલતાં નહીં.'

'સારૂં, શું કિંમત છે આની?'

'પૈસા નહિ આપવા પડે. એમ જ આવ્યું હતું સેમ્પલમાં–'

ખોટું બોલીને આવું સુખ કયારેયે નહોતું મેળવ્યું.

હરીશભાઇ આવ્યા. આવતાં વેંત જ એમણે કહ્યું–'તમે તો રિપોર્ટ ન આપ્યો તે ન જ આપ્યો–પણ ઑલ ઇન્ડીયા લાઇફ એસ્યુરંસ કું. નો એજન્ટ એ કેસ બરાબર ઝડપી ગયો, અને બગેન ડાકટરે રિપોર્ટ પણ કેવો સરસ ફર્સ્ટકલાસ આપ્યો છે એ પણ જોઈ આવ્યો તમારી જેમ બધા જ ઓછા વે.....'

મેં મૌન જાળવ્યું.

હરીશભાઇના પત્ની કહેવા લાગ્યાં–'જુઓ. આજે એક ઓર્ડલિ-કલોથ લાવવું બહુ જરૂરી છે, પધારી આપો ભીંજાઈ જાય છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સારું–' હરીશબાબુએ જવાબ દીધો.

'અને ગ્લુકોઝ ખલાસ થઈ ગયું છે-'

'સારું''

કોણ જાણે કેમ મને અશાતના થવા માંડી, 'ઠીક, ત્યારે જાઉં કહી હું ઊઠ્યો.

રાત્રે-મોડી, ગહન ગંભીર રાત્રે હરીશબાબુનો છોકરો ગુજરી ગયો. મારા ઓરડામાં હું એકલો એકલો વ્યગ્ર બની માતાનું હૈયાફાટ રૂદન સાંભળતો હતો. પાસેની મિલના મોટા ભૂંગળામાંથી ધીમો ધીમો અવાજ કરતો ધુમાડો નીકળતો હતો-ફૂ...ફૂ...ફૂ...ફૂ...

જાણે કોઈ પાગલી હસતી હતી.

ને મને હું મોટો અપરાધી હોઉં એમ લાગવા માંડ્યું, હરીશબાબુના છોકરાની દવા–ચાકરી બરાબર નહોતી થઈ શકી. ભીની પથારીમાં સૂઈને અને સારૂ પોષણ ન મળવાને કારણે જ કદાચ એનું અવસાન થયું હતું. ટાઈફોઇડમાં નાનાં બાળકો તો મોટે ભાગે મરતાં નથી! ત્યારે?

ગરીબી દરિદ્રતા? હરીશબાબુના પેલા કેસનો જો ફર્સ્ટ ક્લાસ રિપોર્ટ લખી આપ્યો હોત તો શું વાંધો હતો? બગેન ડાકટરે તો એ કર્યું જ ને! મારો જ ખ્યાલ ખોટો ન હોય એનો શું પૂરાવો? એ જાડો, બહુમુત્રનો દરદી બરાબ હૃદયે પણ લાંબો વખત જીવે ય બરો, અને જે બધાને ફર્સ્ટક્લાસનું પ્રમાણપત્ર અપાય છે એમાંના કેટલા બે-ચાર દિવસ પછી નહીં મરી જાય એની શું ખાત્રી? કોઇ જ કળી શકે છે બરું? હરીશબાબુને થતી ગોડીક આવક જ અટકાવીને માત્ર! શું સાચું? શું યોગ્ય? મિલના ભૂંગળામાં પાગલી...

નિંદરમાં હતો.

સ્વપ્નમાં જોયું, એ આવી હતી. પોતાના બન્ને હાથ મારે ગળે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિંટાળી ચૂંબન આપી એ જાણે કહેતી હતી,–'તમે બરાબર જ કર્યું છે. ને મારી ઊંઘ ઊડી ગઈ. ત્યારે સવાર પડી ગયું હતું છતાં હરીશબાબુના ઘરમાં રોકકળ બંધ નહોતી પડી ! ને મિલના ભૂંગળારૂપી પાગલી હસતી જ હતીઃ ફક્, ફક્, ફક્, ફક્,.....! ધુમાડાના છુટા–છવાયા ગોટા વાદળાનું રૂપ ધરી પ્રભાતના આકાશમાં ઊડતાં હતાં. જાણે કોઈ પાગલીના વિખરાયેલા વાળ !

રસુલપુરમાં

'મારે રસુલપુર જવું પડશે.'

ને એ શાન્ત—અભણ ગોવાળો મૂંગો થઈ ગયો. રસુલપુરમાં એના જમીનદાર રહેતા હતા, એટલે સહુ પહેલાં ત્યાં જ જવાની મારી ફરજ ગણાય, તે વાતનો અસ્વીકાર એ ન કરી શક્યો, વળી એ હતો ગરીબ માણસ. ફી દર વખતે ન આપી શકે. વચ્ચે વચ્ચે દૂધ–દહીં મોકલાવી કૃતજ્ઞતા જાહેર કરે. એ મૂંગો મૂંગો ઊભો હતો. મેં તેને કહ્યું–'વળતાં એ બાજુએ થઈને આવીશ, સહુને જોતો જઈશ. સાંજ ટાણે તું ઘેર જ રહેજે.' અને એ ચાલ્યો ગયો.

'મઝામાં છો ને ડાકટર સાહેબ.'

કોણ ?

જોઉ છું તો પેલો મહેન્દ્ર.

'કેમ સારૂં ચાલે છે ને ?'

'હા, હાલ્યું જાય છે જેમ તેમ કરીને. કેમ શું થયું છે ?'

'ખાસ તો કંઈજ નથી જરા ખસ થઈ છે.'

જોયું ખરેજ ખાસ કાંઈ નહોતું. દવા લખી આપી.

'આ માલીસ કરજો. સારૂં ત્યારે હું જાઉં ! ઘણે ઠેકાણે જવાનું છે, કયાં ઊતર્યા છો તમે ? જમ્યા–કર્યા છો ને ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહેન્દ્ર જરા સંકોચાતો હોય એમ લાગ્યું.

'સારૂં ત્યારે. અહીં જ જમજો. એઈ ભજુઆ—'

નોકર ભજુઓ આવ્યો. 'બાબુને બહારના ઓરડામાં બેસાડજે અને મહારાજને કહી આવજે કે એ અત્યારે અહીં જમવાના છે.

× × ×

ઘણે સ્થળે ફર્યો.

કોઇને દાંત દુઃખતા હતા, કોઈ ને ટાઇફોઇડ હતો તો કોઇને ક્ષય હતો. મેલેરિયા, કાળો તાવ, આમાશય, બેરી—બેરી વગેરેનો તો પાર જ નહોતો. કેટલાકને કંઈજ નહોતું તો માનસિક અશાંતના હતી. સુન્દર તબિયત હોવા છતાં કેટલાય પોતાને અપચો છે એમ માનતા હતા. ગમે તેમ પણ સહુને માટે કંઈક સૂચના, દવા આપવાની હતી, કેટલાય મોટા માણસોને જોઉં છું તો દરદ દુઃખનું મૂળ હોય છે નાણાં! કાં તો બહુ વધું પડતું ખાતા હોય, કાં તો દારૂડિયા હોય અને કાં તો પછી હોય ખરાબ ચારિત્ર્યના. અને આમાનું કંઇયે ન હોય તો પછી એમની માન્યતા હોય કે પોતાને બહુ 'કમતાકાત' છે યા એમની ઇન્દ્રીઓ વધુ શિથિલ થઈ ગઈ છે.

એ સહુને યોગ્ય દવા અને સૂચના આપી.

પાછા આવીને જોયું તો દવા, ફી વગેરનાં આવેલ રૂપિયામાં અર્ધા જેટલા બોટા હતા. મહેન્દ્ર વિષે પૂછતાં જાણ્યું કે એ જમીને ચાલ્યો ગયો હતો. મેં પણ ઉતાવળે ઉતાવળે આરોગી લીધું. રસુલપુર જવાનું છે. જમીનદારની મોટી જબ્બર એવી એક મોટર આવીને ઊભી છે.

જતી વખતે ચારે બાજુ મારી કાશ્મીરી શાલ શોધી, પણ ન મળી. ભજુઆએ તનતોડ શોધ કરી, પણ કોઈ પણ રીતે ન મળી તે ન જ મળી. કોઈ બાઈ માણસ વિના ઘર સંભાળવું અસંભવિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતું. અન્તરલોકવાસિની મોં દાબીને હસી !

મોટર ઊપડતી હતી.

તીરવેગે અમે જતાં હતાં. ગતિનો યુગ છે ને! જિંદગીના ગણ્યા ગાંઠ્યા દિવસો ઊંચે શ્વાસે દોડતાં દોડતાં જ વિતાવી દેવાના છે ને ! કેટલી ટુંકી છે માનવીની જિંદગાની ! દોડતાં દોડતાં જોવાય એટલું જોઈ લઈએ. બધું સરખી રીતે જોવાનું તો કયાં અને એમ હતું ? પળવારનો આંખનો પરિચય એ પણ શું ઓછો છે ! સુન્દર પુષ્પે ભર્યા વૃક્ષ, એની પાસે જ એક જોડી બળદ, એકાદ પ્રવાસી, નાનકડો એવો એક પુલ, બે કૂતરા, ફરી એક વૃક્ષ, રૂપાળી રૂપાળી છોકરીઓ ગોટેગોટા ધૂળ ઉડાડતી એક બીજી મોટર, ધૂળ વીંધીને ઝૂમખાંના ઝૂમખાં અશોક-ફૂલ દેખા દઈને તુરત અદૃશ્ય થઈ ગયાં. ડાબી બાજુના મેદાનમાં શું સરસ તળાવ હતું ! બળદગાડીની કતાર ચાલી જતી હતી, માથે ભારો ઉપાડી બે ડોસા--ડોસી ચાલ્યાં જતાં હતાં. સાંતાલ છોકરીઓનું યૌવન કેવું સુડોળ હોય છે !

હું આ નિહાળી રહ્યો હતો, ત્યાં અવાજ આવ્યો, 'રોકો, રોકો.' એક સ્થળે થોડાંક કુકડાં છટકી ગયાં હતાં. ગમે તેમ પણ કુકડા પાછળ દોડતો છોકરો બચી ગયો.

તીર વેગે અમે જતા હતા.

આમ તીર--વેગે જતાં જતાં બરાબર સાંજ ટાણે અમે રસુલપુર પહોંચી ગયા.

રસલપુરના જમીનદાર બે વર્ષ પહેલાં અવસાન પામ્યા હતા.

નિઃસંતાન યુવતી વિધવા રાણી બધી સંપત્તિનાં વારસદાર હતાં.

જમીનદારના નવા નાયબ કુંજબાબુએ મને આદર આપ્યો. અત્યારે એ જ છે અહીંના રણીધણી, અને એમની કાર્યદક્ષતાથી જ જમીનદારીમાં વિસ્તાર ને ઉન્નતિ થયાં હતાં. એને જોયા. જાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિનયનો જ અવતાર,

હું ગાડીમાંથી નીચે ઉતર્યો કે તુરત તેણે નીચા નમીને મારી ચરણરજ લીધી. હું અચકાઈને ના-ના-કરી ઊઠ્યો. એ બોલ્યો— 'એમાં શું, તમે તો બ્રાહ્મણ છો, પછી ના-ના કર્યે, શું ચાલે?'

રમુલપુરના જમીનદાર-ઘરમાં આ થોડા દિવસોથી જ મારી આવ-જા શરૂ થઈ હતી.

નાયબને આ અગાઉ હું ઓળખતો નહોતો.

'કોને ઠીક નથી?' મેં પૂછ્યું.

'અંદર આવો, બેસો, જરાક થાક ઉતારો માંદગીની વાત તો થશે જ.'

હું અંદર ગયો, જઈને જોઉં છું તો સ્વાગતની તૈયારીઓ ચાલે છે. બે નોકરોએ આવી ખુરશીઓ આગળ મૂકી, હાથ-મોં ધોવાનું પાણી, ચા, નાસ્તો-પાણી, પાન-તમાકુ, વિવેકવાણી એક પછી એક આવવા માંડ્યા. કેમ જાણે હું જમાઈરાજ થઈને ન આવ્યો હોઉં.

બધું પતાવ્યા પછી મેં કહ્યું 'ચાલો હવે, દરદીને જોઉં.'

'હા. ભલે ચાલો.'

'કોને ઠીક નથી?' મેં ફરી પૂછ્યું.

'રાણીજીને.'

તપાસી જોતાં પાંચ મહિના ચડ્યા હોય એમ લાગ્યું. ભયનું કારણ તો દેખાતું જ નહોતું. પણ પળવારમાં કારણ સમજાઈ ગયું, એ વિધવા હતી ને! હિન્દુ ઘરની વિધવા!

'પૈસાનો પ્રશ્ન નથી, પણ આ બધું મારાથી નહિ થઈ શકે,'

'હજાર રૂપિયા આપીએ તો પણ નહિ?'

'ના, મને માફ કરજો.'

'આશા રાખીએ છીએ કે વાત ગુપ્ત રાખશો.'

'પક્કી. નચિંત રહેજો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફી લઈ બહાર આવ્યો. મારી ચરણરજ લેવાનો કુંજબાબુનો આગ્રહ હવે ન જણાયો.

વીજળી વેગે પાછો ફરતો હતો. અંતરમાં દારૂણ રોષ જાગ્યો હતો. નાહકનો મારો આટલો સમય બગાડ્યો. અધવચ્ચે જ નીચે ઊતરી ગયો. સવારે કારૂ ગોવાળાને કહ્યું હતું કે પાછો ફરતાં તારે ત્યાં આવી જઈશ, ને હું અત્યંત અન્યમમસ્કપણે વચલે માર્ગે–આડે ધડ ચાલી નીકળ્યો, કેટલો વખત ચાલ્યો હર્ષદ એનુંયે ભાન નહોતું. બારૂપુર ગામમાં પ્રવેશતાં જ હાઉ–હાઉ કરતું એક ફૂતરૂં ભસ્યું, ને હું ભાનમાં આવ્યો. મારી તરંગમાળા તૂટી ગઈ.

તપાસ કરી કારૂ ગોવાળાનું મકાન શોધી કાઢ્યું.

પાસે જતાં હૃદય કંપી ઊઠ્યું.

રૂદનનો અવાજ!

સમજાઈ ગયું. કારૂનો છોકરો થોડીવાર પહેલાં જ મૃત્યુ પામ્યો હતો.

કોગળિયું થયું હતું.

વખતસર ઉપચારો થયા હોત તો કદાચ એ બચી જાત!

કારૂની સ્ત્રીનો આર્તનાદ કાને અથડાવા લાગ્યો–'ઓ રે ડાક્તર–સાહેબ! આટલા મોડા કેમ આવ્યા? મારો દિકરો તો હાલ્યો ગયો રે...'

રાત્રે ઘેર પાછા ફરી કંઈ જ ન ખાધું.

મન બરાબર નહોતું. ભળુઆએ સહાનુભૂતિભર્યા અવાજે પુછ્યું–'થોડીક ચા બનાવી લાવું?'

ચત્તો પડીને સૂતો, કહ્યું—'ના.'

કયારે ઊંઘ આવી ગઈ તે ખબર ન પડી.

ઊંઘ ઊડી ત્યારે ચંદ્ર અસ્ત થવાની તૈયારી હતી. ઝાંખા અજવાળામાં દુનિયા આખીયે તંદ્રામાં હતી. અજબ છે માનવીનું મન! થોડા જ કલાકો પહેલાં આખી દુનિયા રસ વગરની, સ્વાદ વિનાની લાગતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી. હવે આ નિર્જન પાછલી રાત્રે નિદ્રિત પૃથ્વી તરફ જોતાં હૈયું કરુણાએ ભરાઈ આવે છે. અસહાય પૃથ્વી ઊંઘતી હતી—આજન્મ દર્દીની જેમ! દર્દની વિવિધ પીડા પછી ઊંડા થાકે જાણે એ ઊંઘી ગઈ હતી. અને પીતવર્ણું અજવાળું જાણે શ્રમિત પૃથ્વીનું કલાન્ત હાસ્ય હતું.

સામેના બગીચામાં આંટા મારતો હતો. શેફાલીનાં ફૂલ ઝરીને નીચે પડયા હતા—પડતા હતાં. ઘાસ ઉપર સ્થળે સ્થળે ઝાકળબિન્દુ દેખાતાં હતાં. ત્યાં એસીને કોઈ જાણે આખી રાત રડયું ન હોય! કોણ હશે એ? એ શું રાત્રે છુપાઈને અહીં આવતી હશે?

★

સર્ટિફીકેટ જોઇએ છે

કોઈ ગમતું નહોતું.

'જુઓ, તમે મને નથી ઓળખતા પણ નલિનીબાબુને તો ઓળખો છો ને! એ થાય મારા ફઈજીના દીકરા સાળા, ઉપરાંત હમણાં જેઓ પૂર્ણિયામાં સબજજ છે એ પણ મારા નિકટના સગા થાય, સગપણે વેવાઈ કહી શકાય. અને અહીંની...મિલના મેનેજર સર્વેશ્વરબાબુ થાય મારા મોટા બાપુની દિકરી—બહેનના મામા. તમારે ઘેર પણ આવી ગયેલો, પણ ત્યારે તો તમે સાવ નાના—બાળક હતાં. લગભગ ઓગણીસસો ને બારમાં આવેલો. આ બ્રહ્મપુરના બહુ વખણાય છે એ ડોકટર મારા કાકાના દીકરા ભાઇના સાળા થાય, અને આ ઉપરાંત આ બાજુ અમારા ઓળખીતા—પાળખીતા ને સગાં—સ્નેહીઓ તો પુષ્કળ છે. પેલો કાલિકિંકર—પેલા કમિશ્નર સાહેબને ત્યાં કામ કરે છે ને, એને તો સદા મામા કહીને જ બોલાવીએ છીએ. અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હરિહરપુરમાં હમણાં જે દારોગા છે તે થાય મારા મામાના સસરા, અને તમારા આ લત્તામાં રહેતા જીવનબાબુ થાય—'

એમને અટકાવીને મેં પૂછ્યું—'બધુંયે સમજ્યો, પણ તમારે હવે કામ શું છે?'

'આ જરાક કામ પડયું છે તમારું. ખગેન ડૉકટર એટલા બધા પૈસા માગે છે કે અમારા જેવા માટે તેટલા આપવા શકય નથી. સાંભળ્યું છે કે તમે દયા-ધર્મવાળા છો...'

'પણ કામ શું છે, વાત કરો ને?'

'એક સર્ટિફીકેટ જોઈએ છે. ખગેન ડૉકટર મારા પ્રુવાના અનેવી થાય એટલે એ હિસાબે ત્યાં જ ગયો હતો. પણ એનું પોત તો પ્રકાશી ચૂકયું. એક સર્ટિફીકેટના સોળ રૂપિયા માગે છે! એ તે ડાકટર છે કે ડાકુ!'

અથથી ઈતિ સુધી બધી વાત સાંભળ્યા પછી મેં કહ્યું. 'માફ કરજો, પણ ખોટું સર્ટિફીકેટ હું નહિ આપી શકું.

'ખોટું એટલે? હું જે કહું છું તેને શું ખોટું માનો છો?'

'ખોટું નથી માનતો, સાચું યે હોઈ શકે! પણ સાંભળેલી વાતને માની કોઈ સર્ટિફીકેટ હું નથી આપતો.'

થોડીવાર માટે એ ચૂપ થઈ ગયો. એની મોટી મોટી ભમ્મર, કાનના ગુચ્છા ગુચ્છા વાળ નાકમાંથી યે થોડાક વાળ બહાર નીકળેલાં દેખાતા હતા, અનુમાન કર્યું કે છાતી અને વાંસામાં પણ વાળની ખોટ નહિ હોય. માથે ટાલ, દાઢી-મૂછ સફાચટ રાખતો હશે. પણ ચાર દિવસથી હજામત ન કરી હોય એમ લાગ્યું. થોડી થોડી વધી હતી. પળવાર બાદ એના મોં પર એક સ્મિત ફરકી ગયું.

'આવી આફતમાંયે જો મને મદદ ન કરો તો હવે કયાં જાઉં, કહેશો!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'શું કરું ખોલો, લાચાર છું.'

'ફી હું તમને આપીશ, પણ જરા કન્સેશન કરવું પડશે. નોકરી કરી ઘરવ્યવહાર ચલાવવામાં...'

'મને માફ કરજો. મારાથી એ નહિ બની શકે.'

'તમને પૂરેપૂરી ફી આપીશ. તમારી ફી શું છે?'

'પૈસાને કારણે ના નથી કહેતો, પણ આ રીતે સર્ટિફીકેટ હું નથી આપતો!'

'તો શું કહેવા માગો છો, મારી નોકરી જવા દઉં!'

'કઈ રીતે?'

'કારણ કે મેં અરજી આપી છે કે અહીં આવી હું અચાનક માંદો પડી ગયો છું, એક મહિનાની રજા મંજૂર કરજો. એ લોકોએ લખ્યું છે કે વિના વિલંબે એક મેડિકલ સર્ટિફીકેટ રજૂ કરજો.' એક મહિનાની રજા પૂરી થઈ છે. હવે જો કંપનીમાં રજા માટેનું સબળ કારણ રજૂ નહિ કરી શકું તો મને સદાને માટે રજા મળી જશે. ખોલો, હવે શું કરું? મેડિકલ સર્ટિફીકેટ એટલે તમે અને ખગેનબાણુ. ખગેનબાણુ તો બ્રહ્મી સજ્જનીને જ બેઠા છે, ને તમે નીતિ સજ્જનીને બેઠા છો! બરાબર સપડાયો છું આજે!'

મોટી મોટી ભમ્મરને સંકોચતા એ સજ્જન બેઠા, અને એકી જ ટશે મારી તરફ તાકી રહ્યા.

અને હું અશાતના અનુભવવા લાગ્યો.

ભજુઆએ આવી ખબર આપ્યા, બહાર બે જણા તમારી રાહ જોઈ રહ્યા છે. ને મોટી ભમ્મરે પૂછ્યું, 'જરા વિચારી જોશો!'

'માફ કરજો, મારાથી એ નહિ બને.'

એ સજ્જન ઊભા થયા, બારણાં સુધી જઈ, પાછા વળી એ બોલ્યા—'હું બિમાર થયો હતો,—છું એ કદાચ તમને ખરું નહિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગતું હોય, પણ સાચે જ હું મારી માંદગીને કારણે જ કામે ચડી શકું એમ નથી. એલોપેથિક દવા હું કદિયે ખાતો નથી. મારી પાસે મારી પોતાની હોમિયોપેથિક-પેટી છે. એની મદદથી મારી દવા હું જાતે જ કરું છું. મારે માટેનું સર્ટિફીકેટ પણ જો લખી શકતો હોત ! જાઉં ખગેનની પાસે જ. He is more amenable to reasons. He sells his services, but at an exor. bitant rate (એને મનાવવો સહેલો છે. એ એની સેવા વેચે છે, પણ ચીરી નાંખે છે.) એટલી જ મુશીબત છે, અચાનક એમની કાશ્મીરી શાલ પર મારી નજર પડી, એ બરાબર મારી કાશ્મીરી શાલ જેવી જ હતી.

મારી નજરનું અનુસરણ કરતા એ બોલ્યા-'શાલ જુઓછો ને ? કાલે એ ખરીદી એટલે તો હાથમાંના પૈસા વપરાઈ ગયા. એમ ન હોત તો ખગેન પાસેથી જ સર્ટિફીકેટ લઈ લેત. બાર રૂપિયામાં ખૂબ જ સસ્તી કહેવાય ખરું ને ! આ કિંમત ઓછામાં ઓછી સાડા રૂપિયા તો હશે જ.'

'સાડા નહિ પંચોતેર'—મેં કહ્યું.

'હં. એમ કે !'

'કયાંથી ખરીદી તમે ?'

'તમે ઓળખશો ખરા ? સામા કાંઠાનો એક માણસ છે, મહેન્દ્ર છે એનું નામ. આવીને કહેવા લાગ્યો-ભાઈ બહુ મુશ્કેલીમાં છું, આ શાલ લઈને કંઈક રૂપિયા આપો, જોઈને લોભાયો, અને ખરીદી લીધી. ઠગાયો તો નથી ને !'

'જરાયે નહિ.'

અને મારી શાલ શરીરે વીંટી એ મોટી ભમ્મરવાળા ચાલ્યા ગયા, ને હું બેડો બેડો ટાઢે ધ્રૂજવા લાગ્યો. પોલીસમાં જાણ કરવા ઇચ્છા જ ન થઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને મનમાં જાણે કોઈ બોલવા લાગ્યું—'ચોરીની ખબર પોલીસને ન કરીને એક કાયદો જો તોડ્યો જ, તો પછી સર્ટિ-ફીકેટ પણ શા માટે ન આપ્યું ? એ પણ બીચારો રાજી થાત અને તને ય રૂપિયા મળત. ઉપરાંત એને સાચે જ અસ્વસ્થતા તો હતી જ ને ! કદાચ એ માંદો ન પણ હોય, કારણ એણે તારી દવા નથી બાધી.

ગોળીએ દઈ દેત

બીજુઆએ આવી ફરી ખબર આપ્યા, કે 'બહાર પેલા મોણસો રાહ જુએ છે.'

બહાર ગયો.

પહેલો જ દેખાયો એક કાબુલી. એણે સલામ કરી સહજ-સરળ ભાષામાં સમજાવ્યું કે એને પારો ફૂટી નીકળ્યો છે, દવા કરાવવા માગે છે. એને દવા અને સૂચના આપી કે તુરત એ નિયમ મુજબની ફી આપી ચાલતો થયો. ત્યાર બાદ વારો આવ્યો એક બંગાળી સજ્જનનો.

'તમારી સાથે જરા બાનગીમાં વાત કરવી છે.'

'ભલે.' અને અમે બાનગીમાં વાતો કરી.

'શું લાગે છે તમને ?'

'મને તો સિફિલિસ (ચાંદી)જ લાગે છે.'

'કેમ કરતાં થઈ ?'

'એ તો તમે જ બરાબર કહી શકો.'

અને એ સજ્જન જરા ઢીલા-વીલા પડી ગયા.

'કયારેય અશુદ્ધ આચરણ ? (Impure Connection ?)'

જીભ કચરીને એ બોલ્યા-'ના, જી.'

'તો તો પછી લોહી તપાસાવો. મને તો એ સિવાય બીજું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કંઈજ દેખાતું નથી.'

'વારૂ, લૂગડા-લત્તાનો ચેપ લાગે...યા કાંઈ બીજું—'

'હા, થઈ બધું જ શકે, આકાશમાંનો આ સૂર્ય પણ અબઘડી એ ધમ્...કરતો બુઝાઈ જઈ શકે, એને અટકાવે કોણ! બધું જ સંભવિત છે।'

'ઉપાય?'

'લોહી તપાસાવો, અને એ દરમિયાન આ દવાનો ઉપયોગ કરો.'

અને એ ચારિત્ર્યશીલ બંગાળી સજ્જને વિદાય લીધી. કહેતા ગયા: ફી પછી મોકલો આપીશ.

એ પછી આવ્યા એક મારવાડી શેઠ, એમની 'શિકાયત' એટલે ધાતુદુર્બળતા! એમની બગલમાં બંડલ એક પ્રિસ્ક્રીપ્શનો હતાં. દિલ્હીના મોટા હકીમથી માંડી નાના-મોટા કેટલાયે વૈદ-ડાકટરો પાસે એમણે દવા કરાવી હતી પણ જરાયે ફાયદો નહોતો થયો. મારૂં નામ સાંભળી ખૂબ આશા રાખીને એ મારી પાસે આવ્યા હતા. વિજળીક ઉપચારો કરાવવાની એમને ઈચ્છા હતી. શેઠજીએ અનેક રૂપિયા ખર્ચ્યા હતા અને હજુયે કહો તે ખર્ચ કરવા તૈયાર હતા. જો એમનો રોગ જતો હોય તો. જોયું તો દુઝણી ગાય. નાનકડી એવી એક ટૉર્ચથી એને ઘણાં દિવસ દોહી શકાય તેમ હતું, પણ કોણ જાણે કેવી યે દુર્બુદ્ધિ સુઝી કે સામાન્ય એક પાચક દવા લખી આપી એને વિદાય આપી. ફી શેઠજી રોકડી જ આપી ગયા.

એ પછી આવ્યા પેલી બાજુના હારાનદા.

'અરે ડાકટર, કંઈકે ઉપાય કરો ભાઇ, હવે તો નથી સહેવાતું. ભયંકર થતું જાય છે ધીરે ધીરે!'

'પણ છે શું?'

'કાલે રાત્રે મારી વહુએ એક બાળકીને જન્મ આપ્યો આ મળીને પાંચ થઇ,—ચાર છોકરા ઉપરાન્ત. કોઈ ઉપાય બતાવો ભાઈ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ નહિ થાય તો તો મર્યો પડયો છું. કૉન્ટ્રાસેપ્શન વગેરે કંઈક છે ને તમારા આજકાલના ઉપાયો, એવું જ કંઈક કરવું પડશે હવે તો.'

'મુખાંઇ પ્રૂફ કોઈ કૉન્ટ્રાસેપ્શન છે ખરું? મને તો ખબર નથી.' મેં હસીને કહ્યું.

'એટલે શું કહેવા માગો છો? હું મૂર્ખ છું!'

'એમ ન હોત તો ૩૦ રૂપિયાના મહિના ઉપર મદાર બાંધી લગ્ન કરી બેસત ખરા!'

'ત્યારે તો બંગાળમાં કેટલા બંગાળી છોકરાને તમે લગ્ન લાયક ગણો છો એ કહેશો?'

'એકય નહીં—'

'તો પછી શું બંગાળીઓનો વંશ નિર્વંશ થવા દેવો?'

'ભલે ને થાય! ભિખારીઓનો વંશ ન વધે એમાં શું નુકસાન છે હારાનદા—'

હારાનદા હસીને બોલ્યા—'એથી જ તમે લગ્ન નથી કર્યાં લાગતાં? ધંધો તો સરસ ચાલે છે. હવે લગ્ન કરી લો ને! તમારાં સંતાન તો ભિખારીનાં વંશજ નહિ થાય ને!' ને મને ખબર પડી કે હારાનદાના આત્માભિમાન ઉપર આઘાત થયો હતો.

'આપણે સહુ સરખા જ છીએ. હારાનદા.' મેં કહ્યું.

હારાનદા બોલ્યા—'હજુ ચડતું લોહી છે, નહિ સમજાય, પણ થોડા વખત પછી સમજાશે કે બાળકો વિનાનો સંસાર મરુભૂમિ...'

ટપાલીએ આવી કાગળ આપ્યો. કવર પર લાલ શાહીમાં છાપ્યું હતું—શુભવિવાહ. વળી કોણ પરણે છે? કવર બોલીને જોયું તો કોઈકિ જદુ-ગોપાલ વસાકના જ્યેષ્ઠ પુત્ર પાંચુગોપાલ વસાકની સાથે કો'ક હારા-ધન દાસની પુત્રી ચંચળાદાસીનાં શુભ લગ્ન થવાનાં હતાં અને મને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમાં મિત્રમંડળ સાથે—'

કોણ છે આ પાંચુગોપાલ વસાક ?

કવરમાંથી એક બીજો હાથે લખેલો કાગળ નીકળ્યો, એમાં લખ્યું હતું:

'ડાકટર સાહેબ, આશા છે કે તમને હું યાદ હઈશ, મારી જે પત્નીને હું તમારી પાસે લાવેલો, (પેલી નંદકુંવરનાં ગીતવાળી) એ આપઘાત કરી મૃત્યુ પામી છે.

હવે ફરી લગ્ન કરું છું, આશીર્વાદ આપજો કે સુખી થાઉં. જો આવી શકો તો અત્યંત આનંદ થશે–પાંચુગોપાલ'

પેલી સંતાન-ઇચ્છુક પગલીએ આપઘાત કર્યો હતો !

'જવા દો !' કહી હું ઊઠ્યો.

હારાનદા બોલ્યા—'બસ, ઊઠ્યા કે !'

'મારા હાથમાં સત્તા હોત તો શું કરત જાણો છો ?'

હારાનદાએ પૂછ્યું—'શું કરત ?'

'સહુને સાળાઓને ગોળીએ દઈ દેત, તોપને મોંએ દઈ દેત'

આટલું બોલી હું અંદર ચાલ્યો ગયો. એકવાર મનમાં થયું કે ઉપર કહી તે ચંચલાદાસીના પિતા હારાધનદાસને તાર કરી પાંચુગોપાલ સાથે એની દીકરીનાં લગ્ન કરવાની દાબીને ના પાડી દઉં. એને ગોનોરીયા છે. જરા વહેલો પોલીસને ખબર પણ ન આપી શકયો. એટલું યે ન કરી શકયો, ને છતાં યે બહાદૂરીની બડાશ હાંકું છું !

અમે અસહાય છીએ !

'કુ...ચ...કરતીક એક મોટર મકાન સામે આવી ઊભી.

આ શું ? આ તો રસુલપુરના જમીનદારના ઘરની મોટર. ડ્રાઈવરે આવી સલામ કરી એક કાગળ આપ્યો. કવર ફોડી જોયું:—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'આ વેળા માંદગી ખૂબ ભયંકર છે, અને અનીતિ જેવું કંઈ નથી, એટલે ચિઠ્ઠી મળતાં જ ઊપડીને ચાલ્યા આવજો—'કુંજલાલ.'

ઊપડ્યો. વેરાનને વીંધતી અમારી મોટર માર માર કરતી આગળ વધતી હતી.

ત્યાં જઈને જે સાંભળ્યું એ ટૂંકમાં આ હતું—મારા ડૉક્ટરી નીતિ-વિવેકને આંગે જે કરવા હું તૈયાર નહોતો, તે એક સામાન્ય દાયણે પૈસાને લોભે કર્યું હતું. પરિણામે જે બન્યું તે ખૂબ જ ભયજનક હતું.

કુંજલાલ બોલ્યો—'તમે બચાવો, ડાક્ટર સાહેબ!'

વિચારી જોયું. હવે મારા ડાક્ટરી પોઝીશનમાં ખામી આવવાની વાત નહોતી. હવે તો છે એ એક દર્દી! કારણ ભલે ને ગમે તે હોય. મેં કહ્યું-'વારૂ, બનતા બધા જ ઉપાયો કરૂં છું. આટલી દવાઓ મોટર મોકલી જલદી મંગાવી લો.'

'આ આવી સમજો.'—ને મોટર છુટી.

રાણી જીવી જાય, જે બીજું કાંઈ કોમ્પ્લીકેશન ન થાય તો. ધારો કે મારી બધીયે વિદ્યા-બુદ્ધિ અને કુશળતા જાણે સાર્થક બની, પણ તો પછી પ્રથમથી જ દવા શા માટે ન કરી? આ જ વિચારતો હતો! આમ થયું એમાંયે બાળક તો ન જ જીવ્યું ને! સમાજ જેને નથી ઈચ્છતું એને કોણ બચાવી શકે?

તેથી જે અભણ દાયને બદલે એ કામ મેં કર્યું હોત તો હું એ અવૈજ્ઞાનિક રીતે ન કરત. બાળક તો ગયું જ છે. અને મા પણ જાઉં જાઉં થઈ રહી છે! ગમે તેમ પણ આ વખતે તો હવે બચી જ જશે એમ લાગે છે! પણ—જવા દો, વધુ નથી વિચારવું.'

રસ્તો આખો વિચાર કરતો કરતો આવ્યો. કેવા અસહાય છીએ અમે ડૉક્ટરો! કેટલા અધૂરા જ્ઞાનનો બોજો માથે લઈને અમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરદીઓને ત્યાં તેનું વેચાણ કરતા ફરીએ છીએ. વિવેક–નીતિને નામે જેને ઓળખીએ છીએ તે છળ સિવાય બીજું શું છે ? એ છે ફક્ત એક મોહક શબ્દ, સુન્દર શબ્દજાળ ! એક જ નીતિ વિવિધ વાતો કહે છે. જે સત્ય છે તે કરવાની એ ના પાડે છે, જે અસત્ય છે, અન્યાય છે તેને એ સાથ આપે છે !

નીતિ–વિવેક એટલે કસોટીએ ચડાવેલી બુદ્ધિ નહિ પણ સામાજિક બુદ્ધિ. આ નીતિ–વિવેકને નામે જ લોકોમાં આજ સુધી સતી થવાનો ચાલ ચાલુ હતો. ગંગા સાગરને નિર્દોષ–અદોષ બાળકોનો ભોગ ચડાવાતો. અને આજે પણ એ વિવેક જ કાપાલિકને નર–બલી માટે તૈયાર કરે છે, વિધવાને દેહદમન અને ઉપવાસો કરવા કહે છે, માંદા પડતા દવા ન લેતાં માદળિયું પહેરવા લોભાવે છે. ને એ જનતના એક વિવેકે જ ડાકટરને વિચારશૂન્ય એક પશુ જેવો બનાવી દીધો છે. એ અડગ રીતે એક માન્યતાને ચીલે ચાલ્યો જાય છે. ન્યાય–અન્યાય કે ખરાં–ખોટાનો વિચાર કરી ખરે માર્ગે જ નથી જતો.

અને એથી વધુ અમે કરી પણ શું શકીએ ? કેટલી શક્તિ છે અમારી ? રાત–દિવસના ઉજાગરા કરી તન તોડીને મહેનત કરીએ, દવાઓ પછી દવાઓ આપીએ, લોહી મળમૂત્ર વગેરે તપાસીએ. તો કદાચ રોગ પરખાય. પરખાય પણ જાય નહિ. અને ન પરખાય તો યે ચાલ્યો જાય !

આથી શું સાબીત થાય છે ! અમે અસહાય છીએ ! તદ્દન અસહાય છીએ. અને છતાં દરદી માને છે કે તેનો જીવ અમે અમારા ખિસ્સામાં રાખીને ફરીએ છીએ ! ને તેઓ અમને રૂપિયા આપે છે, ખુશામત કરે છે, અને વિવિધ રીતે વખાણતા ફરે છે !

આસમાની

ઘેર પહોંચ્યો ત્યારે લગભગ રાતના નવ વાગ્યા હતા. હું નીચે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊતર્યો કે તુરત એક બાઈએ આવી પ્રણામ કર્યા.

"કોણ ?'

મોં નીચું કરીને એ ઊભી રહી. બોલી–'હું આસમાની.'

'શું જોઈએ છે તમારે ?'

'કંઈ નહિ, સહેજ મળવા આવી હતી.'

'સારું, અંદર આવો.'

અને એને સાથે લઈ હું અંદર ગયો. ઓળખી ન શક્યો.

'તમે કોણ ?'

'કેમ ? ન ઓળખી શક્યા ? હજુ થોડા જ દિવસ પહેલાં તમારી પાસે આવી હતી. હજુ પેલે જ દિવસે સાંજને ટાણે. મારા આખા શરીરે ધારાં હતાં. તમે એક રૂપિયો આપી, દવા લખી આપેલી. એ દવા ખાધી ને મારો બધો યે રોગ ચાલ્યો ગયો. હવે વધુ ખાવાની જરૂર છે ?'

અને હું આશ્ચર્યચકિત થઈ ગયો. ખૂબ જ અવગણનાપૂર્વક મેં એને જે દવા લખી આપેલી, એનું આવું પરિણામ જોતાં હું અવાક્ થઈ ગયો. આવું આટલું અસામાન્ય સૌન્દર્ય શું પેલા દરદ પાછળ છૂપાઈ રહ્યું હશે ? આશ્ચર્ય !

મેં કહ્યું–'સારું, એક શીશી વધુ ખાવ. પાસે પૈસા છે ને ? ક્યાં રહો છો તમે ?'

'રંગબઝારમાં. હા. હવે હું એ ખરીદી શકું એમ છું.'

અને મને ખબર પડી કે એ રૂપજીવિની હતી. આરોગ્ય અને સૌન્દર્ય ફરી મળ્યાં પછી હવે એને પૈસાનો શો તોટો !

એ ચાલી ગઈ. ને મેં મારા મનના વિવેકને વ્યંગમાં પૂછ્યું—

'આ પણ શું ઠીક થયું ? આવી એક મોહિની–અગ્નિશિખાને સમાજમાં છુટી મૂકી એમાં કયું સત્કાર્ય કર્યું ! એ તો સાવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બુઝાવા આવી હતી, મેં જ એને ફરી પ્રદીપ્ત કરી ને ! આ બરાબર થયું ખરું ?

હારાનદા આવ્યા હતા.

એ બોલ્યા–'વાહ ડાક્ટર ! હરીશભાબુ સાથે તમારે કંઈ ઝગડો થયો છે કે શું ?'

મેં કહ્યું–'ના કેમ ? બોલો તો !

'એ તમારા વિષે કેટલીયે વાતો કરતા ફરે છે. કહે છે કે એના છોકરાની માંદગી વેળા તમે એને ગળે પગ મૂકી તમારું લેણું વસૂલ કર્યું. પ્રી મળતી નથી કહી વખતસર જતા નહોતા ! ને અનિદ્રાએ પીડાતો છોકરો બિચારો તમારા હાથમાં પડી, વિના દવા-ઉપચારે મૃત્યુ પામ્યો !'

'એમ ?'

'હા, તે દિવસે બગેન ડાક્ટરને ત્યાં બેઠા બેઠા એ તમારી ખૂબ નિન્દા કરતા હતા. તમે તો દંભી છો વગેરે કેટલુંયે કહેતા હતા.'

અને જરા હસી હું મૂંગો રહ્યો.

હારાનદાની વાત ચાલુ જ હતી.—'એ કહેતા હતા કે હમણાં હમણાં તમારો સ્વભાવ અને ચારિત્ર્ય પણ ખૂબ બગડતાં જાય છે. કોઈ ગૃહસ્થ માણસને ઘેર તમને બોલાવવા પણ આફત રૂપ છે !'

'કઈ રીતે ?'

'રંગબઝારની એક વેશ્યા તમારે ત્યાં રોજ સાંજ–ટાણે આવે છે, હરીશભાબુએ સગી આંખે એ જોયું છે ! અને ઉપરાન્ત હમણાં તમે એક નાની ઉમ્મરની ચાકરડી પણ રાખી છે ! ભલા તમારે ત્યાં તો એક નોકર હતો ને અગાઉ ?'

'હા, આ ભાઈ એની જ વહુ છે. એ રંગમાં ઘેર ગયો છે. એની સ્ત્રી એના વતી કામકાજ કરે છે. એ પોતે જ રાખી ગયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. મેં નથી રાખી.'

'તમારી રસોઈ કોણ કરે છે ?'

'એ બાઈ જ.'

'શું કહો છો ? એનાં હાથનું ખાવું તમને ગમે છે ?'

'એના ધણીના હાથનું ખાવાનું તો ગમતું, પછી એના હાથનું ખાવામાં શો વાંધો ?'

હારાનદા જરા મૂંગા થઈ ગયા.

પળવાર પછી એ બોલ્યા—'આ ઠીક નથી ડૉક્ટર. કંઈજ કહેવાય નહિ. માનવીનું મન તો નિર્મળ છે ને ! એને ડગતાં શી વાર ?'

'ડગ્યું જ છે !'

'શું કહો છો ?'

'હા, અત્યારે તમારા નાક પર એક મુક્કો લગાવવાનું એવું મન થયું છે ! પણ એ ઇચ્છાને હું દબાવી રાખું છું—અને આ રીતે પેલી ઇચ્છાને પણ દબાવી શકું છું. ડરશો નહિ.'

"મારા નાક પર મુક્કો લગાવવાનું મન થાય છે ? શો અપરાધ મારો ?'

'શું જરૂર હતી આ બધા ખુશ-ખબર અહીં પહોંચાડી, મારી આવી નીરવ શાન્તિને ધૂળ મેળવવાની ! મેં તમારો શો અપરાધ કર્યો છે ? તમારી સાથે પોતાના જેવો સંબંધ રાખું છું અને વિના ફીએ તમારે ઘેર આવું છું એ જ કે ?'

'આ હા હા, આટલા બધા આકળા કેમ થઈ જાઓ છો ? તમારે માટે લાગણી છે એટલે જ કહું છું, નહિ તો મારે શું હતું ?' હારાનદા બોલ્યા.

'સારું, ત્યારે હવે ઊઠીએ.' કહી હું અંદર ચાલ્યો ગયો.

● ● ●

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિર્જન ઘર, અસ્તવ્યસ્ત પથારી, અને પથારી ઉપર જેમ તેમ પડેલાં ઢગલો એક પુસ્તકો. મચ્છરદાનીનો થોડોક ભાગ હવામાં ઊડતો હતો. ચાનો કપ, રકાબી ઉપર ઉલટો પડ્યો હતો—સવારે પીધેલી ચાનો પ્યાલો હજુ સુધી નહોતો ધોવાયો. ઘેર તાળું દીધું હતું. નોકરબાઇનો દોષ નહોતો. સામેની ભીંત પર જોયું તો વિવેકાનંદની છબી ઉપર જાસુસ ગરોળી આંટા મારતી હતી. ગાંધીજીની છબી ઉપર જોયું તો ત્યાં બીજી દેખાઈ. એની પૂંછડી ધ્રૂજતી હતી. એક પુસ્તક ખોલતાં જ તેમાંથી દસ રૂપિયાની નોટ નીકળી પડી ! કોણ જાણે કયારે એમાં મૂકીને ભૂલી ગયો હશશ ! આકાશ તરફ જોઇ, મૂંગો મૂંગો બેસી રહ્યો. ચંદ્ર અને વાદળાં સંતાકુકડી રમતાં હતાં. એ ચિત્ર ખૂબ જૂનું હતું અને છતાં નિત્યનૂતન પણ હતું એ ! મને એક ગીત યાદ આવ્યું ને હું વિચારવા લાગ્યોઃ

★

કયાં છે ? માનવીના શબ્દોનું મૂલ્ય-આટલું મૂલ્ય કયાં છે ? એકવાર વચન આપ્યા પછી જરાયે ફેરફારને અવકાશ નહિ ! પ્રેમ—ચાહનાનું કંઈજ મૂલ્ય નહિ ! માત્ર શબ્દોની જ કિંમત ! અજબ છે આપણો સમાજ !

'ડાકટર સાહેબ—'

'કોણ એ ? અંદર આવો.'

આ કોણ ! આ તો હરીશબાબુ !

'કેમ ? શું ખબર છે ?'

'એકવાર મારે ઘેર આવવું પડશે. મારી સ્ત્રીને ઓચિંતો જરા પેટનો દુઃખાવો ઉપડ્યો છે. તરફડાટ કરે છે—'

હારાનદાની વાત યાદ આવી. મનમાં થયું, નથી જવું. પણ એ જ પળે વિચાર આવ્યો. એમની સ્ત્રીએ તો મારું કાંઈજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બગાડયું નથી. અને બેગ લઈ હું બહાર નીકળી પડયો.

મફતનાં મૂલ્ય

હરીશબાબુની રીતભાતને લીધે મન મઝામાં નહોતું.

એ જ સમયે વહેલી સવારમાં ધૂમાધૂમ કરી એક સજ્જને મારી નિંદર ઉડાડી. બહાર આવીને જોયું તો એ એક ઓળખીતા વકીલ નીકળ્યા. ઊભા ઊભા ચશ્મા લૂછતા હતા.

'કંઈ મનમાં ન લાવતા. તમને ઊંઘતા ઉડાડયા છે...'

'ના, ના, કંઈ નહિ. બેસો, શા ખબર છે ?'

'ખબર તો માઠા છે. ડાકટર પાસે આવીએ ત્યારે નક્કી કંઇક આફત હોય જ. જરા 'ફેવર' કરવી પડશે; ઉદાર થવું પડશે.'

જરા કંટાળો ઊપજ્યો.

મેં કહ્યું, 'વાત શું છે એ તો પહેલાં કહો !'

અને વકીલબાબુએ ફરીથી ચશ્મા લૂછતાં શરૂ કર્યું, 'ફુલહાટીના નન્દ-મિતરવાળાઓને તો તમે ઓળખો ને ? એના જ કુટુંબની વાત છે. આજકાલ બિચારા ખૂબ ગરીબ થઈ ગયા છે, અને ઉપરથી આ ભયંકર દરદ ! દવા ઘણી જાતની કરી. ડાકટરની, વૈદ્યની, હોમિયોપેથિકની, અને હકિમની પણ. હમણાં અહીં ગંગા-કિનારે હવા-બદલા માટે આવ્યા છે. જોતાં ખૂબ દુઃખ થાય છે. તમે એની દવા કરવાનું માથે લેશો ?'

ટેવ મુજબ મેં કહી દીધું—'આવા બધા કેસમાં 'ફેવર' હું નહીં કરી શકું. માફ કરજો. મારી પાસે દવા કરાવવી હશે તો મારી ફી દેવી પડશે.'

'તેઓ ખૂબ જ ગરીબ છે છતાં...'

'બરાબર; તમને જ્યારે દયા જ આવે છે તો તમે જ એમના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વતી ફી આપજો. તમે તો ગરીબ નથી. અને દયા એ ચીજ પણ ખરાબ નથી, પણ તમારા હૃદયમાં સંચરેલી દયાને કારણે મને આર્થિક નુકશાન કરાવવું શું વ્યાજબી છે?'

ચશ્મા લૂછતાં જરા કચવાતા સ્વરે એ બોલ્યા–'ભલે, તમને ફી મળ્યા કરશે. પણ ડાકટરોને શું દયા–ધર્મ જેવું કંઈજ નથી હોતું? લોકો તો કહે છે કે તમે બહુ દયા–ધર્મ વાળા છો.'

મેં હસીને કહ્યું—'મને પોતાને ઊપજતી દયાને માટે મને જે આર્થિક નુકશાન અને અશાન્તિ થાય એ તો મારે ભોગવવી જ જોઈએ. અને એટલું મારે માટે પૂરતું છે. પણ દુનિયાના બીજા લોકોને ઊપજતી દયાનો ભાર જો મારે વહેવાનો હોય તો એ માટે તો હું લાચાર છું, મારી અશક્તિ હું સ્વીકારું છું.

પળવાર મૂંગાં મૂંગાં ચશ્મા લૂછ્યા બાદ વકીલ સજ્જન બોલ્યા–'ઠીક, કહો ત્યારે કયારે જશો?'

'સાંજકના જઇ આવીશ : ચાર–પાંચે લગભગ'

'ઠીક. ત્યારે એ જ નક્કી. જાઉં ત્યારે—' કહી એ જવા માટે ઊભા થયા.

મેં કહ્યું–'બેસો. ચા તો પીતા જાવ. આટલા ગુસ્સે કેમ થાઓ છો?'

અને વકીલ બાબુ પાછા બેઠા.

મેં શરૂઆત કરી: 'જુઓ મહાશય, ધીમે ધીમે હું એમ માનવા લાગ્યો છું કે દયા–દક્ષિણા આપી આપણે કદીયે કોઇનું પણ ભલું કરી શકવાના નથી, બોજામાં બોજો આ દેશમાં તો નહિ જ. બીજા દેશોમાં શી સ્થિતિ છે તેની તો ખબર નથી. લ્યો–સિગારેટ લ્યો.'

વકીલબાબુ બોલ્યા–'દયા દક્ષિણા આપ્યે કોઈનું ભલું નહીં કરી શકાય એટલે? કંઇ સમજાયું નહિ.'

'એટલે કે જો હું વિના ફીએ આવું–દવા કરું તો પછી કોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને બોલાવે નહિ, ને કોઈ બોલાવશે તો મારું કીધું કરશે નહિ. મારાં પ્રિસ્ક્રીપ્શનો પરનો વિશ્વાસ ઘટી જશે.'

'ના, ના, એમ તે કદી થાય ખરું?'

'મેં પોતે જોયું છે, અને એથી જ કહું છું. હજુ પેલે દિવસે જ અમારા આ લત્તામાં એક માણસને જોઈ ઓચિન્તી મને દયા ઊપજી. પૂછયું–શું થયું છે તને? તો એણે કહ્યું કે છેલ્લા ત્રણ મહિનાથી તાવ આવે છે, પેટમાં બરોળ છે, લિવર અને પાણી. દીન દરિદ્ર અસહાય ધારી મને દયા આવી, મારો સમય ખર્ચી એનું લોહી તપાસ્યું, પેશાબ તપાસ્યો, જોયું તો કાળો તાવ. નિયમ મુજબનાં ઈન્જેકશનો ન અપાય તો મરી જાય તેમ હતું, શું કરું? ગાંઠના પૈસા ખર્ચી દવાઓ મંગાવી. એનાં ઉપચારો શરૂ કર્યા. અને પરિણામ શું આવ્યું ખબર છે?

'એ સાજો થઇ ગયો હશે.'

'ના, બે ઈન્જેકશન લઈ એ ફસકી ગયો. સાંભળ્યું છે કે એ હવે રામુ વૈદરાજની દવા કરે છે અને એની મા પોતાનાં કંકણ વેચી એનો ખર્ચ વેઠે છે. What do you say?' (તમે હવે શું કહો છો?)

'પણ બધે જ આવા અકૃતજ્ઞી માણસો હશે એમ તમને કોણે કહ્યું?'

'ઓહ! તમે ન સમજ્યા. એ અકૃતજ્ઞતા નથી, એ તો માનવ–સ્વભાવ છે. જે સુલભ હોય એની આપણને કિંમત નથી હોતી. દુર્લભ હોય એના તરફ જ આપણે સ્વાભાવિકપણે ખેંચાઈએ છીએ. તમે અને હું પણ.'

'એટલે?'

'એટલે કે જો તમે પોતે જ આજે ટાઇફોઇડથી પીડાતા હો અને મને બોલાવો અને હું જો તમારી દવા વિના પૈસે શરૂ કરું તો બહુ બહુ તો ત્રણ ચાર દિવસ તમે મારી સારવાર નીચે રહેશો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જો તમે સજ્જન હશો તો મને કહેશો કે અમુક ડાકટરને એકવાર 'કન્સલ્ટ' કરવો જરૂરી નથી ? અને ત્યારે અમુક ડાકટરને બોલાવી, ફી આપી તમે તૃપ્ત થશો. ને જો તમારી પાસે વધુ નાણાં હશે તો તમે એથી પણ તૃપ્ત ન થતાં જ્યાં સુધી કલકત્તાનો કોઈ વિખ્યાત ડાકટર આવી તમારું શોષણ નહિ કરે ત્યાં સુધી તમને સંતોષ નહિ વળે. તમે આ જ કરશો, જો સજ્જન માણસ હશો તો. અને જેઓ અશિષ્ટ માણસો છે-જે આપણા દેશમાં મોટે ભાગે છે–તેઓ ત્રણ દિવસ સુધી તાવ ન ઊતરતો જોઇ ચોથે દિવસે તમને ન બોલાવતાં ફી વાળા કોઇ ડૉકટરને બોલાવશે, તમારી નિન્દા કરશે અને જે કારણે બીજા ડૉકટરને ફી આપી બોલાવ્યો હશે તે કારણે તેની દવા છેલ્લે સુધી લઈ જોશે. ટાઇફોઈડ તો જવાનો હશે ત્યારે આપમેળે જ જશે, પણ સારવાર વિના નહિ જાય. પૈસા લીધા વિના દવા ન થાય. એ તો સસ્તામાં નામ કમાવાનો કિમિયો છે કે આહા, ફલાણા ડાકટર તો દયાનો અવતાર છે ! છતાં અજબ જેવી વાત છે કે માંદગી જરાક વધતાં જ લોકો એ દયાના અવતારને પડતો મૂકી લોહીચૂસ જળોનો આશરો લે છે ! અને આ જ છે માનવ-સ્વભાવ.'

ને ત્યારે વકીલ બાબુ બોલ્યા 'કોણ જાણે ભાઈ!'

'જાણવા ન જાણવાનું કંઈ નથી. આ હકીકત છે. વાસ્તવમાં બને છે આવું. તમારા આ મિત્ર મહાશય–એમણે આટલી દવાઓ કરાવી છે; બહુ સંભવ છે કે એમણે કોઇને નિયમ મુજબ ફી નહીં આપી હોય. અને એથી જ જુદાજુદા વૈદ્ય-ડાકટરને દેખાડતા ફરે છે !'

'હા, એ સંભવિત છે. સહુએ એમના ઉપર દયા જ બતાવે છે !'

Here you are (હાં, હવે તમે સમજ્યા.) એથી જ એ કોઈના ઉપર વિશ્વાસ નથી મૂકી શકયા. ને કદાચ કોઈની દવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ બરાબર નહીં બાંધી હોય.'

'ઠીક, ત્યારે આજ સાંજે—'

'હા, ચાર વાગે આવીશ.'

વકીલબાબુ વિદાય થયા.

ઊભો થતો હતો ત્યાં જ હાથમાં નાનકડી બેગ ઝુલાવતો ઝુલાવતો એક જુવાન આવ્યો.

'જે ! જે ! આજ ત્રણ દિવસથી તમને નથી મળાયું. હું... કંપનીને રિપ્રેઝન્ટ કરું છું.' કહી એક કાર્ડ આપી એણે મને કહ્યું—'આ બધું અમારું લિટરેચર છે. આ એક ડાયરી છે તમારે માટે, ને આ છે બધી દવાઓનાં સેમ્પલ.'

'આભાર.'

'આ દવા તમે અજમાવી જોઈ છે ?' કહી એણે અનેકમાંનું એક સેમ્પલ મને બતાવ્યું.

'ના, એ હજુ કોઈને નથી આપ્યું. નામ જ યાદ નથી રહેતું.'

ને એ જરા હસીને બોલ્યો—'એ જરા અજમાવી જોજો. ક્ષય માટે અજબ અકસીર દવા છે.' 'વંડરફુલ.' (ચમત્કારિક) કલકત્તાના આ...આ ડૉક્ટરો તો એના સિવાય બીજી કોઇ દવા લખતા જ નથી ક્ષય માટે.' કહી એ કેટલાક વિખ્યાત ડૉક્ટરોનાં નામ બોલી ગયો. અને 'આ જુઓને કેટલાં પ્રમાણપત્રો મળ્યાં છે' કહી બંડલ એક કાગળો એણે મારી સામે ધર્યા. જોયું તો ખરે જ કેટલાક વિખ્યાત ડૉક્ટરોની સહીવાળાં પ્રશંસાપત્રો હતાં. અને ક્રોધથી મારા શરીરમાં ઝાળ વ્યાપી ગઈ.

મેં કહ્યું—'જુઓ. એ બધા ડૉક્ટરોનાં નામ ફરી મારી સામે ન લેતા. એમ કરશો તો તમારી દવાઓ પરની મારી રહીસહી શ્રદ્ધા યે ઊડી જશે. એ બધા ડૉક્ટરો વિષે હું સાચેસાચ શું માનું છું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ જાણો છો ?'

'શું ?'

'એ બધા છે હથોડા ડૉક્ટર –ઊંટવૈદ. ડૉક્ટર પદવીધારી પેટન્ટ દવાઓના ફેરિયા. એ લોકો દેશનું દુઃખ જાણતા નથી. દરદીની શક્તિ અશક્તિ કે સારાસારનો વિચાર કરતા નથી. જે દવાની જાહેરખબર એમને મળે છે–એજ દવા લખી આપે છે દવા તરીકે. ને જેની દવા જેટલી દુષ્પ્રાપ્ય એટલોજ એ મોટો ડૉક્ટર ! પરિણામે એ લોકોની દવા ઉપર–એ લોકોનાં પ્રમાણપત્રો ઉપર ખરેખરા ડાક્ટરો જરાયે વિશ્વાસ નથી મૂકતા. એમનાં મારણાં ખમ્મડાવવાં પડે છે દરદીને કારણે. અનિચ્છાએ–સ્વેચ્છાપૂર્વક નહિ !'

'દરદીને કારણે કેમ ?'

'કારણ, દરદીને શ્રદ્ધા હોય છે કે કોઈ મોટા ડૉક્ટર એને જોશે કે તુરત એનો રોગ ચાલ્યો જશે–એ સાજો થઇ જશે. મોંઘી દવા ખાધા વિના એની માંદગી નહિ જાય. દરદીઓ વૈજ્ઞાનિકો તો નથી, એ તો હોય છે સામાન્ય માનવી, અને માનવીનો સ્વભાવ છે દુર્લભને મેળવવાનો. અને અમે એની સ્વાભાવિક શ્રદ્ધાને વિના કારણે નબળી પણ શા માટે કરીએ ? માંદગી જો દુઃસાધ્ય હોય, દરદી પાસે જો પૈસા અને શ્રદ્ધા હોય, તો અમે એને એની શ્રદ્ધા મુજબ ચાલવા દેવામાં વાંધો ન લેતાં કોઈ મોટા ડૉક્ટરના હાથમાં સોંપી દઈએ છીએ. પછી ભલે તે મરે કે જીવે ! કોણ કઈ રીતે જીવે છે અને કોણ કઈ રીતે મરે છે એની ખબર નથી, છતાં તમે જે બધા ડૉક્ટરોનાં નામ લીધાં એ કોઇના ઉપર મને શ્રદ્ધા નથી. એ બધા બુદ્ધિવાન, ધનવાન વ્યપારીઓ છે, વૈજ્ઞાનિકો નથી. જરૂર પડયે એનું શરણું સ્વીકારીએ છીએ, પણ એમના પર શ્રદ્ધા નથી રાખી શકતા.'

એજન્ટ બિરાદર સડક થઇ ગયા. થોડીવાર મૂંગા રહી એ બોલ્યા:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તમે કહો છો એ સાચું જ લાગે છે, પણ તમેજ કહોને કે શું કરવું ? અમારે પેટને કારણે નોકરી કરવી પડે છે. કઈ દવા સારી ને કઈ ખરાબ એ તો તમે જ જાણો. છતાં એટલું નક્કી છે કે જો આ બાજુ આ ભાગમાં આ દવાનું વેચાણ નહીં વધે તો કાં તો મારી બદલી આસામ બાજુ થશે અને કાંતો મને પાણીચું પરખાવી દેશે.'

ચમકદાર સુટની અંદરથી એકાએક દીન-દરિદ્ર બંગાળીની મૂર્તિએ આમ દર્શન દીધાં !

મારાથી એનો વિરોધ ન કરી શકાયો.

ઉલટાનું કહેવું પડયું—'સારૂં, પ્રયત્ન કરી જોઈશ.'

'મુસીબત શું છે જાણો છો ! આ બધી દવાઓની ફોર્મ્યુલા જાણ્યા વિના એની સૂચના કરવાનું કોણ જાણે પણ મન ના પાડે છે.' મેં કહ્યું.

'કલકત્તાના બીજા ડૉકટરો તો બહુ ભલામણ કરે છે !'

'હા, એ તો જાણું જ છું, અને એ કારણે વચ્ચે વચ્ચે મારે સાંભળવું યે પડે છે કે હું 'અપટુડેટ' (આધુનિક) નથી. એ કારણે અનેક દરદીઓ મારા હાથમાંથી ચાલ્યા પણ જાય છે, વારૂ, રાખી જાવ, લીટરેચર વાંચીને વિચારીશ.'

એજન્ટ બિરાદર વિદાય થયા.

અને આવ્યા હારાનદા. એમનાં પત્નીને તાવ છોડતો નથી.

એમની સાથે કુમદબાબુ આવ્યા હતા. એ હારાનદાના પાડોશી હતા. 'સબ જાનતા' સર્વજ્ઞ સજ્જન. એ બોલ્યા—'વારૂ, ડાકટર સાહેબ, આ કવીનાઇન હવે કયાં સુધી આપશો ?'

'હજુયે બે દિવસ ભલે ચાલે.'

'વધુ કવીનાઇન આપવું શું સારૂં છે ? સાંભળ્યું છે કે એ એક જાતનું ઝેર જ છે. શરીરને ગરમ-ગરમ કરી નાખે છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તડ દઈને તમાચો મારવાનું મન થયું. છતાં એને બદલે હસીને કહેવું પડયું 'ના, એથી કંઈ નહિ થાય.'

એ લોકો ગયા, અને આવ્યા રામચરણસિંહ. એ એક તેજસ્વી (?) પુરુષ હતા. ગુસ્સે થઈને એક જણનું માથું ફાડી નાખ્યું હતું. અને એ ફાટેલા માથાવાળાની દવા મેં કરી હતી. અત્યારે મુકદ્દમો ચાલે છે. રામચરણસિંહ આવ્યા છે મારી પાસે ચાલાકી લડાવવા. હું એક મુખ્ય સાક્ષી હતો. થોડીવારે નિરાશ હૃદયે રામચરણસિંહ પાછા ચાલ્યા ગયા.

બકરાં ! બકરાં !

તણખલું તણાતું જાય છે.

સાંજે કૂલહાટીના મિત્તર વંશના વંશજ 'મિત્ર' ને જોવા ગયો. દરવાજામાં પ્રવેશતાં જ ચાર-પાંચ બકરાં દેખાયાં. અચાનક નજર પડી અગાસી ઉપર. ત્યાં અનેક બકરાં આળસ મરડી ગળું લંબાવતાં હતાં. આ શો ગજબ ! વરંડો પણ બકરાંઓથી ભરપૂર હતો. હકીકત શું છે ? બકરાંનું આ રાજત્વ શાને !

બેઠકખાનામાં બેસી અંદર ખબર મોકલ્યા. બેઠકખાનામાં પણ બકરાંઓનો અભાવ નહોતો. એ બધાં ફાવે એમ ફરતાં હતાં. આટલાં બકરાં અહીં કેમ ? મારું આગમન જાણી વકીલબાબુ બહાર આવ્યા. એ આ લોકોના એકના એક નિકટના સ્વજન હતા, બોલ્યાઃ 'ચાલો અંદર.'

અંદર જઈ દરદીનો ઓરડો જોયો, તો ત્યાં યે બકરાં. આ લોકોનું માથું તો ભમી નહિ ગયું હોય !

પૂછ્યા વિના ન રહેવાયું.

'આટલા બધાં બકરાં કેમ રાખ્યાં છે કહો તો ? ચારે બાજુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બકરાં જ બકરાં દેખાય છે.'

'એમને છાતીનો દુ:ખાવો છે ને! વૈદરાજ મહાશયે આ મકાનમાં અને ખાસ કરીને દરદીના ઓરડામાં બકરાં રાખવા કહ્યું છે.'

'ગજબ ! ભલે કહ્યું, પણ તેથી આટલાં બધાં બકરાં ?'

દરદીને જોયો, તપાસ્યો.

એ ગૃહસ્થ વૃદ્ધ અને જરા જીર્ણ હતા. મોં પર ધોળાં દાઢી-મૂછ હતાં. સતત ઉધરસ ખાતા હતા. હંમેશ તાવ રહ્યા કરે છે. ખબર પડતાં વાર ન લાગી કે એમને ક્ષય થયો છે. વૈદરાજ મહાશયે દરદ બરાબર પારખ્યું હતું. પણ એ વાત દરદી સામે ન ઉચ્ચારી. બકરાં પ્રકરણ જ ચલાવવું નક્કી કરી પૂછ્યું– 'કેટલા દિવસથી આ બકરાં પોષો છો ?' ઓચિન્તો પારેના ઓરડામાંથી કોઇક નારી-કંઠે ઉત્તર આપ્યો,–'હું તો પરણી ત્યારથી જોતી આવી છું, બકરાં' પાછળ ફરીને જોયું તો પડદા પાછળ ઊભું ઊભું કોઈ અમારી વાતો સાંભળતું હતું.

મેં કહ્યું—'બકરાં રાખવા આ દરદ માટે સારાં છે–' પડદા પાછળથી કંઈ જવાબ ન આવ્યો,

વકીલબાબુ બોલ્યા–'ચાલો, આપણે બહાર બેસીએ. તમારું જોવાનું તો પતી ગયું ને ?'

'હા, ચાલો.'

બહાર જઈને જોયું. બેઠકખાનાની જે ખુરશી ઉપર હું બેઠો હતો તેના ઉપર દાઢી ટેકવીને એક બકરું બેઠું હતું !

'બકરાં તો અહીં એક સમસ્યા થઈ પડયાં લાગે છે !'

'શું કહું ! એક બકરાને તો ભગાડી જુઓ, તો પછી બંસીબાબુના મા જીવ જ લઈ લે.'

'બંસીબાબુનાં મા પણ જીવે છે શું ?'

ચશ્માં લૂછતાં લૂછતાં વકીલબાબુ બોલ્યા—'હા, એ જીવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. આફ્રત છે. કેમ લાગે છે ?'

'જે લાગે છે એ કહેવાનું મન નથી થતું.'

'એટલે ?'

'એટલે કે એ બચે એમ નથી. એમને ક્ષય થયો છે.'

અને ઝડપથી ચશ્માં લૂછતાં લૂછતાં વકીલબાબુ બોલ્યા—'શું કહો છો ? ક્ષય તો બહુ ચેપી રોગ કહેવાય બરૂં ને ?'

'હા. ચેપી તો ખરો જ.'

'તમે ક્ષય જાહેર કરો છો ?'

'શંકા છે. કોઈ વાત ભાર દઈને પ્રગટ કરવા જેવો અહંકાર મને નથી, પણ મને મોટે ભાગે ક્ષય જ લાગે છે. વધારે તો થૂંક તપાસ્યા પછી કહી શકાય.'

'તો એમ જ કરો.'

'તો પછી કાલે થૂંક મોકલજો તપાસ માટે. અને એક વાત. દરદીને આ બધી વાત કહેવાની જરૂર નથી. ઉપરાન્ત મને લાગે છે કે વૈદરાજની દવા ચાલે છે એમજ ચાલવા દઈએ. મને શા માટે વધુ સંડોવો છો આમાં ?'

'ના, ના, કેસ તો તમારે હાથમાં લેવો જ પડશે. તમારા ઉપર જ અમને વધુ શ્રદ્ધા છે.'

વિના વાકયવ્યયે સવારે જ આવેલી પેલી નવી દવાનું પ્રિસ્ક્રીપ્શન લખી આપ્યું, અને હું ચાલ્યો આવ્યો.

આવતી વેળા વકીલબાબુએ પૂરેપૂરી ફી આપી દીધી.

બીજે દિવસે સવારે બંસીબાબુનું થૂંક તપાસ્યું. ક્ષય જ હતો.

રોજ સાંજે મૃત્યુપથ યાત્રી બંસીબાબુને ઘેર મારે જવાનું હતું. એ બચશે નહીં એમ જાણવા છતાં જવું પડતું હતું. લાંબી-પહોળી વાતચીત પણ કરવી પડતી. ક્ષયનું નામ સાંભળ્યા પછી વકીલબા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બુએ એ મકાનમાં પગ જ નહોતો મૂક્યો.

સાવધ માણસ !

લગભગ એક મહિના પછી–

તે દિવસે સાંજે બંસીબાબુને ઘેર ગયો હતો.

ઘરમાં ત્રણ જ જીવ હતા: માંદા બંસીબાબુ, એમનાં વૃદ્ધ માતા અને એમની પત્ની. વકીલબાબુ હવે નહોતા આવતા. એક ચાકરડી હતી એજ બધું કામકાજ કરતી હતી.

મારે લગભગ રોજ જવું પડતું. બંસીબાબુનાં મા મને દીકરા લેખે બોલાવતાં હતાં. બંસીબાબુની સ્ત્રી પણ હવે મારી લાજ નહોતી કાઢતી. એ નાની હતી. ઉમ્મર લગભગ વીસ–બાવીસ વર્ષની હશે.

બંસીબાબુની પત્નો જેવી અસામાન્ય રૂપસુંદરી દુનિયામાં મેં બીજી જોઇ નથી. તે દિવસે સાંજટાણે જઇને જોયું તો બંસીબાબુની પત્ની અરીસા સામે ઊભી રહી શણગાર કરતી હતી. મને જોતાંજ એણે છેડો માથા પર ખેંચી કહ્યું–'આવો, બેસો.'

મેં પૂછયું—'કયાં છે તમારાં મા ?'

'એ શિવમંદિરે પૂજા કરવા ગયાં છે.'

'ત્યારે ચાલો બંસીબાબુને જોઈ આવીએ, કેમ છે હમણાં ? કાલે તાવ કેટલો હતો ?'

'૧૦૨ સુધી જતો. પણ તમે હમણાં જ પાછા નહીં જઈ શકો: મા કહી ગયાં છે કે તમે આવો ત્યારે એમની રાહ જોજો. હું હમણાં જ પેલા ઘરમાં જઈ, અંબોડો વાળીને આવું છું. ત્યારબાદ આ બધાં બકરાંને હાંકીને ઘરમાં લાવવા પડશે. આ એક ઠીક કામ રાખ્યું છે મારા માટે !'

ને એ ચાલી ગઈ. હું બંસીબાબુને જોવા ગયો. જોયું. દિવસો ધીમે ધીમે ઘેરાતા જતા હતા. બંસીબાબુ એમના દરદ વિષે વિવિધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રશ્નો પૂછ્યે જતા હતા.

'હવે આ મટતાં કેટલા દિ' લાગશે? હૃદય કેમ લાગે છે તમને?' વગેરે વિવિધ જાતના પ્રશ્નો હતા.

ભીંત ઉપર એક ઘડિયાર ધીમે ધીમે ટક્ ટક્ કરી રહ્યું હતું.

આજુબાજુ બકરાં ફરતાં હતાં.

બંસીબાબુ ઉધરસ ખાતા હતા ને પ્રશ્નો પૂછ્યે જતા હતા.

અને હું બેઠો બેઠો ખોટા જવાબો આપ્યે જતો હતો.

પંદરેક મિનિટ પછી ચામાચોડિયાં જેવા એક બાળકને તેડીને બંસીબાબુનાં પત્ની આવ્યાં, આવીને એમણે મારો છૂટકારો કર્યો. એ બોલ્યાં—'ચાલો, હવે પેલા ઘરમાં બેસીએ. અરે કનઈયા, તું જરા બાબુ પાસે બેસજે ને.'

હું ચમકીને જોતો હતો. જેનો પતિ મરું-મરું થઈ રહ્યો હોય એ કેમ શણગાર નહિ ભૂલતી હોય? કપાળમાં કંકુની ટીલડી પર્યંત તે નહોતી ભૂલતી. દોરીયા ભાતની સાડી એણે સુન્દર રીતે પહેરી હતી. ઉપરાંત બિમાર પતિની પથારી પાસે કનઈયાને બેસાડી એ મારી સાથે વાતો કરવા આવી હતી.

બહાર આવીને મેં કહ્યું—'આ કરતાં ચાલોને બંસીબાબુના ઓરડામાં જ બેસીને વાતો કરીએ.'

'ગજબ થાય ને! મા આવીને જુએ કે હું એમની પાસે બેઠી છું તો તો કુરુક્ષેત્ર મચાવી દે ને.'

'એમ?'

'હા, જે વૈદરાજે આ બકરાં રાખવા-પોષવાની સલાહ આપી છે એજ કહી ગયા છે કે આ બધાં દરદોમાં સ્ત્રીનું સાહચર્ય ઝેર જેવું છે. મરણપથારીએ પડેલ પતિની જરા જેટલી સેવા કરવાની તક પણ તમે લેવા નહિ આપો!' અને એની બન્ને આંખો હિંસક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્ષોભ કરતી જાણે સળગી ઊઠી: એ પછી એ આપમેળે જ બોલી ઊઠી.—'મારે હવે પતિ-સેવા શી! જાણો છો વચ્ચે વચ્ચે મનમાં કેવા વિચારો આવે છે તે? ગંગામાં પડી ડૂબી મરવાનું મન થાય છે.'

'કેમ?'

'કેમ? મારું લગ્ન થયે કેટલો વખત થયો જાણો છો? ફક્ત ચાર જ વર્ષ. બધું જોવા જાણવા છતાં પિતાએ આ મુડદા સાથે મારાં લગ્ન કર્યાં! ભાગ્યમાં માંડયું હશે. ના, ના, હું બીજીવારની નહીં પહેલીજ વારની છું: એમણે જીવનભર કુંવારા રહેવાનું નક્કી કરી જીવનનાં પચાસ વર્ષ વિતાવી દીધાં હતાં. ત્યારબાદ જ્યારે માંદા પડયા ત્યાર માના આગ્રહને વશ થઈ મારી સાથે લગ્ન કર્યાં. વંશ ચાલુ રહે એ માટે વારસદારની ઇચ્છાએ! આ જુઓ વંશધર!' કહી એણે પેલું ચામાચીડિયા જેવું બાળક મારી સામે ધર્યું; એકા-એક નિંદર ઊડતાં બાળક ચીસો પાડવા લાગ્યું. હું શું કહું! મૂંગો થઈને બેસી રહ્યો. કોઈ વાંસામાં ધબ્બો મારતો હોય તેમ લાગ્યું, ફરીને જોયું તો એક મોટો રૂંવાટીવાળો બકરો!

બંસીબાબુનાં પત્નીએ કહ્યું—'મારે માટે એક જ કામ છે. આ ગંધાતાં બકરાંને ચરાવવા અને આ વંશધરને પાળીપોષીને મોટા કરવો!'

દરવાજો ખખડયો.

માત્ર એક અબોટિયું પહેરેલી વૃદ્ધા નારી પુત્રકલ્યાણેચ્છાએ શિવપૂજન કરી પાછી ફરતી હતી.

બે દિવસ પછી—

ઘેર પાછા ફરતાં જ ભજુઆએ એક કાગળ આપ્યો.

બત્તી કરીને જોયું તો ચમકયો! આ શું? એ હતો એક પ્રેમ-પત્ર. કોઈ એક કમળાએ એના પ્રાણેશ્વર પર લખેલો. કવર ઉલટાવીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોયું. મારાજ નામે લખાયેલો હતો એ પત્ર. ડાક્ટર ન લખતાં 'શ્રીયુત' લખ્યું હતું.

આમ કેમ બન્યું હશે ? મારો કાગળ તો નથી ! કોનો હશે ? પત્ર પૂરેપૂરો વાંચી ગયો. ખરાબ અક્ષરે લખેલો, ભૂલોથી ભરપૂર, વચ્ચે વચ્ચે અશ્લિલ ઈસારાઓ પણ હતા, છતાં કેટલો આવેગ ? કેવો આગ્રહ ભર્યો હતો એ પત્રમાં ! કુટુમ્બના નાના-મોટા સમાચારો, કેવા તુચ્છ બનાવોને ઉદ્દેશીને કેટલો ઉદ્વેગ !

પત્ર બીજીવાર વાંચતો હતો ત્યાં ભજુઆએ આવી ખબર આપ્યા કે 'બહાર એક ગૃહસ્થ તમારી રાહ જોતાં બેઠા છે.'

પત્ર એક બાજુ મૂકી બહાર ગયો. એ મહાશય અજાણ્યા હતા. એમણે કહ્યું—'હું શણની ખરીદી કરવા અહીં આવ્યો છું. મારે નામે એક કાગળ આવવાનો હતો. પોસ્ટ ઓફીસમાં તપાસ કરતાં ખબર પડી કે મારું અને તમારું નામ એક જ હોવાથી...'

'હા, તમારો કાગળ છે. ભૂલભૂલમાં મેં બોલી નાખ્યો છે. કંઈ મનમાં ન લાવતા.'

પત્ર લઈ એ ચાલ્યા ગયા પણ મારા મનમાં તરંગમાળા મૂકતા ગયા. ખાવાપીવાનું પતાવી સૂતો, ઊંઘ ન આવી. શું ખરે જ એ કદી નહિ આવે ? કંઈ સંભવ તો નથી, જે મળવાનો કોઈ સંભવ જ નથી, એને જ માણસ ઇચ્છે છે—એના ઉપર જ માણસ સ્વપ્નો રચે છે. એ દિવસે સવારે એને અંગે કંઈજ ન બોલ્યો—મૂંગો જ રહ્યો.

રાત્રિ કેટલી વીતી હશે ? ખબર નહોતી. બારીમાંથી હરણી નક્ષત્ર દેખાતું હતું. કેવું અજવાળું હતું !

એકવાર જો કલકત્તા જાઉં તો એ મને મળશે ખરી ? એનાં દર્શન થશે ? એની વાણી સાંભળી શકાશે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ના પાડવાનું તો કાંઈ કારણ નથી ?

ના, લખવું યે નથી ગમતું. માત્ર વાતો પછી વાતો જ વણવી ! વાતોમાં કદી યે અધીર-આતુર અંતરની આકુળતા પ્રગટ થઈ શકે ખરી ? એ તો નાના એવા ચમચાથી સાગર ઉલેચવા જેવું. પ્રકૃતિ જેવી જે ભાષા મળી હોત ! પ્રભાતનું સુરંગી આકાશ, વર્ષાનાં ઘટાટોપ વાદળાં વચ્ચે વારેવારે વીજળીની ઝબૂકટી, લહેરાતાં ફૂલોની સુવાસિત મૃદુતા વગેરે શું ભાષામાં આવી શકે ? કેટલું સ્પષ્ટ, કેવું સ્વચ્છ, કેટલું જીવંત હોય છે એ બધું !

'ડાક્ટર સાહેબ—'

'ઉતાવળો ઉતાવળો બહાર ગયો. જોયું તો બંસીબાબુનો નોકર કનઈયો.

'કેમ ?'

'જલદી ચાલો. શેઠની તબિયત સારી નથી—'

બંસીબાબુ તો ગુજરી ગયા, વધારામાં એક વધુ આફત. એમનાં પત્નીએ સાચોસાચ ગંગામાં પડતું મૂકયું !

ઝાલો ! ઝાલો ! ઝાલો !

અને એ આજુના એ ઉત્સાહી જુવાનોએ ગંગામાં ઝંપલાવી એને બેહોશ દશામાં બહાર કાઢી. પુષ્કળ સેવા સુશ્રૂષા પછી ભાનમાં આવતાં મને જોઈને તુરત એ બોલી ઊઠી—'આ શું ! હું હજુ જીવતી છું ! શા માટે મને કાઢી ? મારા જીવનમાં એવું શું રહ્યું છે જેને માટે હું જીવું ? ગરીબ પતિની સેવામાં સર્વસ્વ ગયું છે. પતિ ગયા છે, મા-બાપ જીવતાં નથી ! થોડા દિવસ પછી બાધા-પીધા વિના મારો છોકરો મારી આંખ સામે જ મરી જશે. રીબાઈ રીબાઈને મરવા માટે શું તમે મને બચાવી ? શું કામ મને કાઢી ? બોલો શું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામ બહાર કાઢ્યા—'

જવાબ આપવા જેવું શું હતું? એને ગંગામાંથી બહાર કાઢી—બચાવીને ખરે જ હું અપરાધી બન્યો હોઉં એમ મને લાગ્યું. ઘડિયાળમાં ટન્ ટન્ ટન્ ત્રણના ટકોરા થયા.

ડૂબનારાં અને તણુખલાં

બે મહિના વીતી ગયા.

જાણવા જેવું કંઈ બન્યું નથી. ડાકટર-જીવનના રોજીંદા બનાવોની ડાયરી હમણાં નથી લખી. હમણાં હાથમાં ટાઈફોઈડના બે દર્દી છે. નિઃસહાયની જેમ એમની દવા કરતો રહું છું. રોગ આપમેળે વધે છે અને ઘટે છે. હું રોજ બે વાર એમને ઘેર જઈ આવું છું, ને લગભગ દરેક વખતે થોડા રૂપિયા લઈ આવું છું.

પેલી બાજુના હારાનદાની સ્ત્રીને ક્ષય થયો છે. બીચારી જીવતી રહેવા કેવી ઝંખે છે! અને છતાં એ નથી જીવવાની. એને રોજ સાંત્વન આપી આવવું પડે છે કે સાજાં થઈ જશો, ચિન્તા શું કરો છો!

હારાનદા કોન્ટ્રાસેપ્શન કરે છે—સંતતિનિયમન કરે છે.

ધોપાલપાડાનો કાળા તાવનો દરદી સાજો થવા આવ્યો હતો. અચાનક એનું પેટ બગડ્યું છે. ચિન્તામાં છું.

મેલેરિયા, આમાશય, મેરી મેરી, દાદર—ગુમડાં માણસનાં દરદનો કંઈ પાર છે! અને અમારા જ્ઞાનનો યે કયાં પાર છે! અને એથી હાડચામનાં બનેલાં લોકો તણુખલું-તરણું જાણવા છતાં એને પકડે છે, એના તરફ હાથ લંબાવે છે. તે એમનાં હાડ-ચામમાં રહેલી નિર્બળતા છે ને અમે છીએ એ હતભાગી તણુખલાં. અમે તણાતાં જઈએ છીએ-ડૂબતો માણસ કયારેક અમારા તરફ હાથ લંબાવે એ આશાએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસુલપુરનાં રાણીજીને હવે સારું છે. મને એ બાપુ કહીને બોલાવે છે. મારા ઉપર એને અનહદ શ્રદ્ધા છે. કુંજલાલ મને દેવતા માને છે. રાણીજીની જમીનદારીમાં મારી પ્રેકટીસ જામી છે !

× × ×

'ડાકટર સાહેબ—'

'કોણ એ ? અંદર આવો !'

અંદર આવી રંગબઝારની પેલી આસમાની.. આ શું ? મોં આવું-આટલું ખરાબ કેમ દેખાતું હતું ? એ બોં-બોં કરીને ઉધરસ ખાતી હતી. આવીને તુરત એ નીચે બેસી ગઈ.

'શું થયું ફરીથી તને ?'

આજ મહિના દિ'થી તાવમાં પડી છું. પાસે કોઈ નથી કે તમને ખબર પણ મોકલી શકું ! ઉપરાંત રોજ રોજ તમને બોલાવવા જેટલા પૈસાયે કયાંથી લાવું ? એથી મરતાં-મરતાંયે આખરે હું જ આવી.'

અને એ જોરથી હાંફવા લાગી.

એનું ગળું, છાતી, નાડી વગેરે બરાબર તપાસી જોયું.

તાવ હતો.

'લોહી પડે છે મોંમાંથી ?'

'હા, આજ ચાર-પાંચ દિવસથી થોડું થોડું પડે છે, ઉધરસ સાથે. બાંસી બાતાં બાતાં ગળું ચિરાઈ ગયું લાગે છે !'

'રાત્રે ગરમી થાય છે ? પરસેવો વળે છે ?

'હા, પથારી-બોશિકું પૂરેપૂરાં ભીંજાઇ જાય છે.'

હું સમજી ગયો. દરદ જીવલેણ હતું. ક્ષયે ઘેરો ઘાલ્યો હતો. આસમાનીના જીવન-નાટકનો છેલ્લો પડદો પડવાને હવે બહુ વાર નહોતી.

દવા લખી આપી. જતાં જતાં એણે પૂછ્યું—'ફરી ક્યારે આવું ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તારે ફરી નહિ આવવું પડે. એ બાજુએથી નીકળીશ ત્યારે હું જાતે જ તને જોવા આપમેળે આવી જઈશ. ફી નહીં દેવી પડે. ક્યાં રહે છે તું ?'

'રંગ બજારમાં પેલું શિવાલય છે ને, એની સામેની ગલીમાં જ હું રહું છું.' કહી પ્રણામ કરીને એ ચાલી ગઈ.

પછી આવ્યા હરીશભાઈ. એમનાં સ્ત્રીનું શૂળ મારી દવાથી મટયું હતું. પરિણામે હું સારો માણસ ઠરેલો અને કદાચ એ કારણેજ મારે લગભગ રોજ તેમને શ્રીમુખેથી ખગેન ડોકટરની નિંદા સાંભળવી પડી હોત જો તે દિવસે ઓચિન્તા મેં એમને ચૂપ ન કરી દીધા હોત તો.

તેમની નિંદાને ચૂપ કરવા માટે તે દિવસે મેં કહ્યું હતું—'જુઓ હરીશભાઈ, એટલાં એટલાં કાર્યની નિંદા કરવાની જગ્યા આ નથી. તમારે તો કલબ છે-'બાંધવ સમાજ' છે, એ શા માટે છે ?'

અક્કલના ઓથમીર હરીશભાઈ બોલેલા—'નિંદા એટલે ? ખગેન ડોકટર જેવો ગળાકાપુ બીજો કોઈ છે ખરો ! આ તો હું એના મોઢા ઉપર કહી શકું છું, હું તો કોઈની સાડીબાર નથી રાખતો !'

'એ ગમે તે હોય પણ આ બધી વાતો અહીં મારે ત્યાં થાય એ મને નથી ગમતું.'

'બહુ સારૂં !' ને ત્યાર પછી હરીશભાઈએ કદી એવી વાત નહોતી કરી.

હરીશભાઈ આવ્યા.

એ પુત્રશોક વીસર્યા હતા.

આવતાં વેંતજ બોલ્યા—'વાહ, ડાકટર સાહેબ, 'ઓકાસા' ચીજ કેવી ? કયારેય વાપરી છે ?'

'ના, મને તો એનો કાંઈ અનુભવ નથી પણ તમે આ ઉમ્મરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ બધી ઉત્તેજક દવાઓ ન વાપરો તો!'

'ના, ના, ના, મારે માટે નથી પૂછતો. મારા એક મિત્રને માટે પૂછું છું.'

હરીશભાણુની જીભ ભલે ગમે તે કહેતી હોય, એમની આંખ અને મોં સાચી વાત કહી દેતાં હતાં. નિર્બળ માનવી! હું યે નિર્બળ જ છું ને!

★

નયન મલ્લિકને ત્યાં પહોંચ્યો ત્યારે પ્રભાત હતું.

નયન મલ્લિકને તો તમે ઓળખો છો ને! એ જ, જેને ત્યાં મહેન્દ્ર સાથે ઓળખાણ થયેલી. મલ્લિક મહાશય નેતરની તૂટી ગયેલ એક માચી પર બેસી દાતણ કરતા હતા.

'આવો, આવો ડાક્ટર સાહેબ, અરે બેઇ..., એક માચી દેજે તો—'

'કોણ માંદું છે?' મેં પૂછયું.

'એ મારી સ્ત્રીના પિયરના ગામ હિસાબે એક ભાઈ છે, એ અહીં વચ્ચે વચ્ચે આવતા રહે છે. આ વેળા આવતાં જ તાવમાં પટકાયા છે.'

'મહેન્દ્રબાબુ કયાં છે?'

'કોણ જાણે કઈ ખાડમાં પડયા હશે એ તો એ જ જાણે.' કહી ચાખડી ખખડાવતા એ અંદર ગયા. મલ્લિક મહાશયની ત્રણ પેઢીમાં એમનાં પત્ની સિવાય બીજું કોઈ નહોતું. સાંભળ્યું છે કે લાખોપતિ માણસ છે. છતાં—આંગણા ને પહેરવેશ પરથી એ ન માની શકાય એવી વાત છે. અને મને મહેન્દ્રની વાત યાદ આવી.

મલ્લિક મહાશય પાછા ફરી બોલ્યા—'ચાલો ત્યારે શ્યામલાલને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલાં જોઇ લઈએ, એ પછી ચા પીશું ને ?'

'હા, એજ બરાબર છે.'

શ્યામલાલને તપાસવા લાગ્યો. સોહામણો ને સ્વસ્થ જુવાન હતો. તાવ થોડોક હતો ખરો, પણ ખાસ કૈં વધુ નહોતો. એટલે કે એવું કંઈ નહોતું કે જે માટે દૂરથી પચ્ચીસ રૂપિયાનો ખરચ કરીને ડાકટર બોલાવવો પડે સાધારણ મેલેરિયા જ લાગતો હતો. તેથી આને મોટે મખ્ખીચૂસ મલ્લિક એકદમ આટલા બધા રૂપિયા કેમ ખરચતા હતા તે ન સમજાયું.

ગુસપુસ કરતાં મલ્લિક-પત્નીએ મલ્લિકને કહ્યું—'તમે તમારે શૌચપાણી પતાવી લોને, ત્યાં સુધી ડાકટર સાહેબ, શ્યામભાઇને તપાસશે.' એમ કહેતી એ મારા તરફ ફરી.

'હેં--હા-હા. આ ચાલ્યોને,' કહેતા બીતા મલ્લિક દાતણ-પાણી પતાવવા ઊપડયા.

વાત ધીરે ધીરે સ્પષ્ટ થવા લાગી. જોયું તો શ્યામભાઇ માટેનો મલ્લિક-પત્નીની ઉત્કંઠાનો પાર નહોતો. વિવિધ પ્રશ્નો કરી એણે મને મૂંઝવી નાંખ્યો. 'દાડમ રોજ કેટલાં આપવાં જોઈએ ? શહેરમાંથી કઈ કઈ દવાઓ મગાવવી પડશે ? શરીર ઠીક થયા પછી હવાફેર માટે કયું સ્થળ ઠીક પડશે ? મસુરી, શિલોંગ કે પૂરી ?' આખરે એ આપમેળે બોલી—'પૈસા એ નહિ આપે તો હું આપીશ, તમને જે જે કરવું ઠીક લાગે તે સાફ સાફ એક કાગળમાં લખીને આપતા જજો.'

'હું, અને શ્યામભાઈને તમે જરા કહેતા જાવ ને કે જરા સરખી રીતે દૂધ પીએ. દૂધ પીવું એ દુબળા શરીર માટે કેટલું ફાયદાકારક છે ? કોઈ પણ રીતે એ દૂધ નથી પીતા.'

દૂધ પીવાનું કહેવામાં તે વળી શો વાંધો હતો ? મેં કહી દીધું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોયું તો અધખીડેલી આંખે, હસતાં મોંએ, ૯૯ જેટલા જ તાવમાં શ્યામલાલ સૂતો હતો, ને મલ્લિક-પત્ની પ્રેમપૂર્વક એને પંખો કરી રહી હતી. કેવી ભાતૃવત્સલ મલ્લિક-પત્ની !

દાતણ-પાણી પતાવી મલ્લિક મહાશય બારણામાં દેખાયા-'ચાલોને ડૉકટર સાહેબ, બહાર બેસીએ.'

બહાર આવી ચા-પાણી પીતા હતા. મલ્લિક બાબુના ઘરની ચા કેવી હોય છે એ કહેવું મારી શક્તિ બહારનું છે. ચા જેવું એમાં જો કાંઇ હોય તો તે એટલું જ કે તે ગરમ હતી.

મલ્લિક મહાશય સવારનો નાસ્તો કરતા હતા. થોડાક પલાળેલા ચણા અને સાકર. સાકર ખાવાની એમની રીત જરા વિચિત્ર હતી, ચાવીને નહિ પણ ચાટી ચાટીને એ સાકર ખાતા હતા.

મારી સામું જોઈ હસીને બોલ્યા—'જીભને ઊંઠાં ભણાવું છું હો ડૉકટર સાહેબ !' ને પછી એમણે કામની શરૂઆત કરી.

'કેમ લાગે છે ?'

'ચિંતાનું કંઈ જ કારણ નથી. સારૂં થઈ જશે.'

'વારૂ, તાવ હોવા છતાં દાડમ બહુ વધુ આપવા શું સારાં ?'

'શો વાંધો છે ? દઈ શકો છો.'

ને એ વૃદ્ધ ચૂપ થઈ ગયા.

એ ફરી બોલ્યા-'આ વખતે ફી થોડીક માફ કરવી પડશે. ગરીબ માણસ છું, નિયમ મુજબની પૂરેપૂરી ફી કયાંથી આપી શકું ?'

'તો પછી અમારૂં કેમ નભે, બોલો.'

'વારૂ, થોડીક ઓછી કરી દો.'

સારૂં છે કે અમારા નસીબે દુનિયામાં આવા શ્યામભાઈઓ પડયા છે ને એથીજ અમે નભીએ છીએ.

ફી થોડીક ઓછી લેવી પડી. મલ્લિક મહાશય છોડે એમ નહોતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તણખલાંનું આશ્વાસન

પંદર દિવસ વધુ વીતી ગયા.

દિવસે કામ નહોતું. પડયો પડયો ઊંઘી ગયો. ઓચિન્તું એક વિચિત્ર સ્વપ્ન જોયું. જાણે એ આવી છે. બગીચામાં નીરવ અને નિર્જન, સુંદર અને શાંત જ્યોત્સનામાં જાણે અમે સામસામા બેઠાં વાતો કરીએ છીએ.

'પેલો–કેટલાયે યુગ પહેલાં તમારો એક કાવ્યમય પત્ર મળેલો. એ પછી તો તમે કાગળ જ ન લખ્યો ને! ભૂલી ગયા હતાને?'

'ના, ભૂલ્યો નહોતો; પણ...'

'પણ શું?'

'ભૂલી જવું અસંભવિત નહોતું.'

'તમે આ પેહેલાં આ રીતે બીજી કોઈને ચાહેલી ખરી?'

'હા,–નર્સ બ્રાઉનને.'

'એ સિવાય?'

'એ સિવાય તો કોઈ યાદ નથી આવતું. તું મળતાં બધાંજ ભૂલી જવાયાં હતાં.'

'હમણાં કવિતા નથી લખતા શું?'

'કહે તો હમણાં જ બનાવી કાઢું એકાદ—'

'બનાવો તો!'

ને સ્વપ્નમાં–સ્વપ્નભરી ઊંઘમાંજ હું કવિતા બનાવવા લાગ્યો. બરાબર યાદ છે, મારા ખભા પર માથું ઢાળીને એ બેઠી હતી, ને હું સ્વપ્ન ઘેરાયેલની જેમ બોલ્યે જતો હતો...

★

'ડાકટર સાહેબ—'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊંઘ ઉડી ગઈ. 'ખો—ખોં—ખોં–' કરતું બહાર કોઇ ખાંસે છે. ઊભા થઈ બારણું ખોલી જોયું, તો આસમાની ઉભી હતી, એના હાથમાં એક પોટલી હતી.

'આ શું આસમાની ! ઓચિન્તી !'

'બે ત્રણ દિવસથી તમે આવ્યા નથી એટલે ફરી એક વાર બતાવવા આવી.'

'કેમ છે ? અંદર આવ.'

'બરાબર નથી. ડૉકટર સાહેબ, આ વખતે મારૂં દરદ મટતું કેમ નથી ? કહો તો ?'

'મટી જશે. બે ચાર દિવસ લાગશે.'

'ઘટતું નથી ઉલટાનું વધતું લાગે છે. કાલે આખી રાત આંખ નથી મળી. આખી રાત બેઠાં બેઠાં ઉધરસ ખાતી હતી.'

અને ફરી એણે ખોં—ખોં કરી ખાંસવાનું શરુ કર્યું.

થોડીવાર પછી જરા સંકોચ સહ એ બોલી–'કંઈ મનમાં ન લાવો તો એક વાત કહેવી છે ડૉકટર સાહેબ.'

'બોલો, શું વાત કહેવી છે ?'

'મારાં ઘરેણાં–દાગીના જે થોડું ઘણું છે તે આપની પાસે લાવી છું–આપ જો દયા કરીને એ લઇ—'

'તારાં દાગીના–ઘરેણાં ? હું શા માટે લઉં ?'

'મફત કેટલા દિવસ આપને તકલીફ આપું ! ગયે વખતે એક શીશી દવા ખાતાં જ મને સારૂં થઈ ગયું હતું,–આ વખતે કેમેય કરતાં સારૂં નથી થતું. તમે મારૂં શરીર બરાબર તપાસી કોઇક સારી દવા આપોને !'

એનું માનસ સમજાયું. એ માનતી હતી કે હું એને મફત જોઉં છું. એટલે એની દવા બરાબર નથી કરતો. ભીખના ભાત તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડૂરજ હોય ને ?

મેં એને કહ્યું–'તને સારી જ દવા આપું છું. પહેલી વાર પણ તેં તો મને કંઈ આપ્યું નહોતું ! દવા બરાબ્ર આપી હતી શું ?'

અને આ જવાબ માટે તૈયાર ન હોય તેમ આસમાની બોલી. 'ના, હું તો એમ નથી જ માનતી, પણ પેલી પાંચીની મા કહેતી હતી કે વૈદને પૈસા પરખાવ્યા વિના માંદગી ન જાય. એથી જ હું–'

'સારું, પહેલાં સાજી થઈ જા, પછી દેજે બધું. દેવાનો વખત બહુ મળશે.'

'ઠીક. ત્યારે એક સારી જોઈને દવા લખી આપો, જેથી ચપટી વગાડતામાં માંદગી ભાગી જાય. કયાં સુધી વેઠવું !'

એની આંખના ખૂણામાં આંસુ બાઝયાં હતાં. હવે એનું એ રૂપ નહોતું. ગાલનાં હાડકાં બહાર નીકળી આવ્યાં હતાં. લોહી વિના ફિક્કા પડી ગયેલા મોં પર જીવનની જ્યોત બુઝાવા આવી દેખાતી હતી. એ બેડી બેડી ખાંસતી હતી–'ખોં–ખોં–ખોં.' એને કહ્યું, 'વારુ, આ વખતે એક કિંમતી દવા લખી આપી છે. બરાબર ખાજે. સાજી થઈ જઈશ.'

અનેક આશ્વાસનો આપી એને ઘેર પાછી મોકલી.

તણખલાંની આશ્વાસન–વાણી !

અંચળો સરે છે

કેટલીવાર સુધી એ રીતે બેઠો રહ્યો એની ખબર નથી, જેમ જેમ દિવસો જતા જાય છે તેમ તેમ મારી અસારતા મને સમજાતી આવે છે. છદ્મવેશનો અંચળો સરી પડે છે.

જ્ઞાનનો અહંકાર !—કેટલું અલ્પ છે અમારું જ્ઞાન ! જાણે મામુલી એવા એક દીવડાની વાટના પ્રકાશે વિશ્વવ્યાપી અંધકારને અજવાળવા ન મથતા હોઈએ ! ઘણાયના દીવડામાં તો વાટ પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી, માત્ર દીવડો જ લઈને આંટા મારીએ છીએ.

વિવેક !-એ તો પ્રચલિત કાયદા જેવો છે. સામાજિક શૃંખલાને અતૂટ રાખવા રચેલી એ સાંકળ છે. ન્યાય-અન્યાયના સંપર્કથી અભડાઈ જનારી, દયા-માયા અને સ્નેહમમતાની પરવા ન કરનારી. સમય અને સગવડતા અનુસાર એ વિવેક કેવળ વેશપલટા કર્યા કરે છે.

મારો બહાર જવાનો 'સુટ' અને મારો વિવેક, બેઉ લગભગ એક જ વસ્તુ છે. 'સુટ' એ કેવળ બાહ્યાવરણ છે-અમારા જીવન્ત શરીરની અને તેની વચ્ચે આકાશ-પાતાળ જેટલું અંતર છે.

અચાનક બહાર ધૂમરાણ મચ્યું.

કોઇકે કોઇકને માર્યું હતું. ગઝબની હોહા-હા !

થોડીવારે હરીશભાણ રોતા-રોતા અંદર આવ્યા. એમના માથા-માંથી લોહી વહેતું હતું. એમનું ખમીસ ભીંજાઈ ગયું હતું.

—પણ થયું શું ?

ભજુઆએ એમના માથા પર લાકડી મારી હતી.

ભજુઆએ ? મારા નોકર ભજુઆએ ?

'એકાએક !'

તપાસ કરતાં સાચી વાત આવી નીકળી—

હરીશભાણ ભજુઆની સ્ત્રી તરફ...પછીનું નથી લખતો. ભજુએ! સળગી ઊઠયો-'માર ડાલેગા' કહેતો-મહામહેનતે એને રોકી રાખ્યો.

પણ વાત અહીંજ સમાપ્ત નથી થતી.

હરીશભાણ મારે જ હાથે બાંધેલ પાટા સહિત ફરતા મિત્રમંડળમાં પ્રચાર કરતા હતા કે મારો જ ચડાવ્યો ભજુઓ એમને મારવા તૈયાર થયો હતો, નહિ તો શું તાકાત એ ભજુઆની...વગેરે.

'દુષ્ટને ચાબુકે જ ફટકારવો જોઈએ ને !'

પણ હું અશિક્ષિત ભજુઓ નથી. એ જે કરી શકે છે તે હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી કરી શકતો. અને પરિણામે હું મનમાં ને મનમાં હરીશભાણુને માફી આપવા લાગું છું ! અને રોજ એમના ફાટેલા માથાને સાંધવા હસતે મોંયે એનું ડ્રેસીંગ પણ કરું છું.

'કોણ એ ?'

હરીશભાણુનો નોકર રામધન.

હરીશભાણુનાં પત્નીએ મારે માટે થોડુંક શાક મોકલ્યું હતું.

એ ભલી બાઈ સાચે જ મારા પર માયા રાખે છે.

કયાં પતિ ને કયાં પત્ની !

હું એક પત્ર હાથમાં લઈ સ્તબ્ધ મને બેઠો છું—

પત્ર નયનભાણુનો છે, નયન મલ્લિકનો.

એમણે લખ્યું છે કે મહેન્દ્ર જેલમાં ગયો છે, અને ત્રીજી વારની નવી પણ પાંખ પસારી ઊડી ગઈ છે-શ્યામલાલની સાથે.

નયનભાણુ લખતા હતા. 'સંસારમાં હવે સુખ રહ્યું નથી. જિંદગીમાં હવે રસ રહ્યો નથી. મનમાં વૈરાગ્ય વ્યાપ્યો છે. મારા રોકડા દોઢ લાખ રૂપિયા અને બીજી બધી માલ-મિલકત, જર-જમીન કોઈ સત્કાર્યમાં વાપરી નાખવા માંગું છું. હું એક 'વીલ' કરવા માગું છું કે મારી પત્નીને-ભલે એ ગમે ત્યાં રહે-મારી મિલ્કતમાંથી ભરણપોષણનું ખર્ચ મળી શકે. એને હું ચાહતો હતો. એણે ભૂલ કરી છે તે સાચું, પણ એ ભૂલને પોતે પેટને કારણે પરાણે પરાણે વળગી રહે એમ હું નથી ઇચ્છતો. આ મારો મત છે. મેં પણ ભૂલ જ કરી છે ને-આ ઉમ્મરે એક કુમળી બાળાને પરણવાની. અને ભૂલનું કંઇક પ્રાયશ્ચિત પણ કરવું જોઈએ ને ! મારી બાકીની બધી યે મિલકત, જર-જમીન વગેરે બધું સ્ત્રી-શિક્ષણ પ્રચારમાં વપરાય એ જ મારી ઇચ્છા છે. તમને ટ્રસ્ટી બનાવવા માગું છું. તમારો અભિપ્રાય અને સૂચનાઓ જણાવજો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચાર કરતો હતો, માણસને આપણે કેટલો ઓળખી શકીએ છીએ ?

વાહ, એને પણ શું હું બરાબર ઓળખી શકયો છું ? એ પણ શું હું માનું છું એવી જ છે ? એ તો મારી આટઆટલી ચાહનાને ન સ્વીકારતાં બીજાની વાગ્દત્તા થઈને બેઠી છે !—મને એક લીટીનો કાગળ સુદ્ધાં લખવાની યે જરૂર નથી જોતી ! ત્યારે શું ? પણ હાય માનવ–મન ! બધી જ દલીલોને તુચ્છ ગણીને એ તો સ્વપ્નાં જ સેવતું હોય છે.

આસમાનીનું અવસાન

દિવસો ચાલ્યા જાય છે.

દરદી જીવે કે દરદી મરે. પૈસા રળી રહ્યો છું. નફરત આવે છે આ ધંધા પર. જે દિવસે 'કૉલ' ઓછા આવે છે તે દિવસે પણ શાંતિ નથી હોતી. શું જોઇએ છે ? સમજાતું નથી. આથીજ કદાચ માણસ ઉત્તરાવસ્થામાં ભગવાનને ઇચ્છે છે–એટલે કે એક એવી વસ્તુને ઝંખે છે કે જે મળતી નથી, પરિણામે મોહ ઘટતો નથી ! બાળક ચાંદો માગે એવી એ વાત છે. વચ્ચે વચ્ચે મેં આંખો મીંચી પ્રયત્ન કર્યો, પણ જે કોઈ છબી માનસપટ પર આલેખાય છે તે ભગવાનની નહિ પણ એની જ હોય છે ! અવર્ણનીય એ આંખો, ને અકથ્ય એવો એ દૃષ્ટિપાત !

જીવનના ગણ્યા ગાંઠ્યા દિવસો એક પછી એક વીત્યે જાય છે. આ જીવનમાં એને મેળવી શકયો છું ? નથી મેળવી શકયો. મારા સમસ્ત પ્રાણ–મનને પરિપૂર્ણ કરી એ તો નિરંતર અહીંજ બેઠી છે, અને એમ છતાં એ હાથમાં આવતી નથી ! મારે તો એ બાહ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગતમાં જોઈએ છે અને બાહ્ય જીવનમાં પ્રાપ્ત કરીને હારી પણ બેસવી છે. કેવું આશ્ચર્ય !

સાચે જ જીવનના દિવસો એક પછી એક ચાલ્યા જ જાય છે અને એક દિવસ મરી પણ જવાનું નક્કી છે; એ આવતા ભવે, નવા જન્મે મળશે ખરી ? આવતો ભવ–નવજન્મ છે ખરો ? માનવાનું મન થાય છે, આ જીવન પછીના બીજા જીવનમાં અમે એકબીજાને મળીશું, ત્યાં એ કોઈની વાગ્દત્તા નહિ હોય. ત્યાં એ હશે ફક્ત મારી, મારી અને મારી જ.

'ડાકટર સાહેબ–'

'કોણ એ ! અંદર આવો'

અને આવ્યા પેલા મોટી ભમ્મરવાળા.

'ડાકટર સાહેબ, તમે જ શું આસમાનીની દવા કરતા હતા. ?

'હા, કેમ ? શું છે ?'

'મહેરબાની કરીને જરા ચાલો, એની સ્થિતિ અત્યારે બહુજ ખરાબ છે.'

'આસમાનીને તમે ઓળખો કઈ રીતે ?'

'એ મારી દીકરી છે'

'તમારી દીકરી છે ?'

'હા મારી જ દીકરી. ઘેરથી ભાગી ગઇ હતી–એક જુવાન સાથે. ત્યારથી એને શોધતો હતો. એથી જ માંદગીનું બહાનું કરી બોટાં સર્ટિફીકેટ આપી આપી રજા લેતો હતો. મારી માંદગી–બાંદગી બધીયે બોટી વાત હતી, મૂળ માંદગી જ આ હતી.'

ને ડોકટર ડોકટર એ રડી પડયા.

'કોઈને મોંએ સાંભળ્યું હતું કે એ અભાગણી અહીં જ કયાંક છૂપાઈ છે. એથી એને શોધતો જ ફરતો હતો. આજે એ મળી ખરી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ કેવી સ્થિતિમાં ? શું થયું હતું એને ? એને મોઢે સાંભળ્યું કે તમે એના ઉપર ખૂબ દયા બતાવી છે. કહોને ડાકટર સાહેબ, એને શું થયું હતું ! એ બચશે ખરી ને ?'

હું કંઈ બોલી ન શકયો. માત્ર એટલું બોલી શકયોઃ

'ચાલો, જઈને જોઈએ.'

આસમાની અવસાન પામી છે.

બધા જ મરવાના છે. હું યે મરવાનો, કદાચ કાલે જ હું તો માત્ર એની વાત વિચારતો હતો, આસમાનીની નહિ, પેલીની. અજબ છે માનવીનું મન ! અત્યારે એ આવીને મન પર સ્વાર થઈ ગઈ ! આવું જ છે જીવન, આજ છે, કાલે ન યે હોય !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરૂરી શુદ્ધિપત્રક

"વૈતરણી તીરે"

પાનું	લીંટી	અશુદ્ધ	શુદ્ધ
૧૭	૧૮	ઉત્તાપ છે	ઊત્તાપ છે તે
૧૯	૧૩	ધણીએ	ધણીએ
૨૩	૧૮	વાટેને વાટે	વાટેને ઘાટે
૩૬	૧૨	ફૂલ	ફૂલ
૩૬	૨૦	સીમાડ	સીમાડા
૩૭	૫	આવતા	આવતી
૩૮	૧૯	નહોતું	નહોતું કાઢી
૪૦	૩	શશી	રક્ત
૪૧	૭	એકલા	એકાકી
૪૩	૨૦	ડાઢી	દાઢી
૪૪	૨૩	મનમાં	મનના
૪૭	૨૩	સાક	સાફ
૪૮	૨૪	હવા,	હતા,
૫૨	૧૪	સાન્દર્ય	સૌન્દર્ય
૫૩	૧૮	સીમ–રેખાઓ	સીમા રેખાઓ
૫૩	૨૪	નિરવતમાં	નીરવતામાં
૫૪	૨૫	ચારે બાજુ	ચારે બાજુ વાદળાં
૫૫	૨	સાંળળી	સાંભળી
૫૭	૩	થેાડાંડ	થેાડાક
૫૭	૧૫	દ્દિલસ	દ્દિવસ
૫૭	૨૦	નજદકમાંજ	નજદીકમાં રહેતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાનું	લીંટી	અશુદ્ધ	શુદ્ધ
૫૯	૨૩	વર્ણવેવી	વર્ણવેલી
૬૧	૧૦	બોલવી	બોલાવી
૬૨	૨૪	ધુમ્મસ	ધુમ્મસ
૬૨	૨૪	ભૂલ્યો	ભુલાયો
૬૩	૧૧	સાંળળી	સાંભળી
૬૩	૧૯	દોકડું	દોરડું
૬૩	૨૧	માત્ર નીચે	માત્રનીચે
૬૪	૫	મન	મને
૬૪	૨૩	જતી	જતા
૬૫	૨૨	કેટધા	કેટલાં
૬૫	૨૫	નિર્મળા	નિર્મમ
૬૬	૨	કરૂણમય	કરૂણામય
૬૬	૭	વિસ્મત્તિનાં	વિસ્મૃતિના
૬૬	૮	મૂત્યુનાં	મૃત્યુનાં
૬૭	૨૨	જે મરી શકે	જો મરી શકો
૬૮	૧૮	યોવન શ્રી	યૌવનશ્રી
૭૦	૬	રહીતી	રહી જતી
૭૧	૭	ચિતે	ચિત્તે
૭૩	૩	એ પેલા	પેલા
૭૩	૧૭	ધટા ટોપ	ઘટાટોપ
૭૪	૨૧	આકાંશા	આકાંક્ષા
૭૬	૧૨	અંધડારને	અંધકારને
૭૭	૧૫	ધવાર્યું	ધવાયું
૭૯	૭	તએ	તમે
૮૧	૪	ધરમાં	ધરમાં
૮૩	૫	કાજલ	કાજળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાનું	લીંટી	અશુદ્ધ	શુદ્ધ
૮૪	૧૬	સહાધ્યીયાનાં	સહાધ્યાયીનાં
૮૮	૧૧	દીધા	દીધી
૯૨	૧૦	નસમાંથી	એની નસમાંથી
૯૩	૯	ધરમાં	ઘરમાં
૯૩	૧૨	કલેન્ડર	કેલેન્ડર
૯૫	૧૧	કેમ કરી	કેમે કરી
૯૫	૧૪	હય	હૃદય
૯૬	૧૧	અમોધ	અમોઘ
૯૬	૧૮	વાગી	દાગી
૯૬	૨૧	ભવન્મરણમ્	તાવન્મરણમ્
૯૭	૨	ઓછું	આછું
૯૮	૨	કેમ	કેમે
૯૮	૩	મોફિયાનાં	મોર્ફિયાનાં
૯૯	૧૩	નિર્મળા	નિર્મમ
૧૦૧	૧	અવકામાં	અવકાશમાં
૧૦૧	૪	દાકડીન	ધકડીને
૧૦૧	૫	રાખીતે	રાખીને
૧૦૧	૧૦	પેલેા	પેલેા કાઢિયેા

"તણખલાં"

પાનું	લીંટી	અશુદ્ધ	શુદ્ધ
૧૦૭	૨૩	બેસે	બેઠી
૧૦૮	૬	એવા	એના
૧૦૮	૬	સંભળાવી	સંભળાતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાનું	લીંટી	અશુદ્ધ	શુદ્ધ
૧૦૯	૮	થોભીને	થોભને
૧૧૦	૪	ડબલ ન્યુમોનિયા જણાયો	એમને ઘેર પહોંચી દરદીને તપાસી જોતાં ડબલ ન્યુમોનિયા જણાયો.
૧૧૫	૨૪	પૃછ્યું	પૂછ્યું
૧૧૬	૧૧	હેય	હોય
૧૧૮	૮	મગજસાં	મગજમાં
૧૧૯	૧	ઘડી	ઘડી
૧૨૧	૨૩	પરે	પર
૧૨૩	૨૪	ખયેખર	ખરેખર
૧૨૪	૬	જીનનની	જીવનની
૧૨૪	૯	લાવવાસાં	લાવવામાં
૧૨૫	૪	તરજુઓ	તરજુમો
૧૩૨	૨૨	ગેાડીક	થેાડીક
૧૩૩	૯	હલા	હતા
૧૩૪	૮	અશાંતના	અશાતના
૧૩૫	૬	રીને	રીતે
૧૩૮	૩	વિવિધ	વિવિધ
૧૩૯	૧૫	ખાટું	ખોટું
૧૪૧	૧૩	આ કિમત	આની કિંમત
૧૪૫	૧૦	પગલી	પાગલીએ
૧૬૩	૩	ઘડિયાર	ઘડિયાળ
૧૬૭	૧૮	જ્ઞાનનેા	અજ્ઞાનનેા
૧૭૧	૭	મેાટે	માટે
૧૭૩	૧૧	પેહેલાં	પહેલાં
૧૭૬	૮	શ.રની	શરીરની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તણખલાં

સમાજજીવનના અંતસ્તલો સુધી પહોંચનાર એક સહૃદયી લેખકનું ઉત્કટ આત્મમંથનયુક્ત આ જીવનદર્શન છે. એ દર્શન એક ડૉક્ટરે કરેલું છે. એમણે રજૂ કરેલાં આ ચિત્રો કશા જ મોટા ફેરફાર વિના આપણા સમાજજીવનને પણ લાગુ પડે તેવા છે. એની નિરૂપણ-પદ્ધતિમાં પ્રબળ ઊર્મિવેગ સાથે વાણીસંયમનો જે સુમેળ વર્ત્યો છે તે એ એને ગૂજરાત પાસે મૂકવામાં વધુ પાત્ર બનાવે છે.

આ પુસ્તકની વિશેષતા એના શબ્દ-શિલ્પમાં રહેલી છે. આ ચિત્રાંકનનું સાચું બળ આ સમાજદર્શકની સહૃદય, તિરસ્કારવિહીન અને ક્ષમાવંત જીવનદૃષ્ટિમાં રહ્યું છે. લેખક પોતે આધુનિક બંગાળના જાણીતા સાહિત્યકાર છે.

'ડૉક્ટર સાહેબ!'

'કોણ એ? અંદર આવો.'

એ શબ્દોથી શરૂ થતા પ્રસંગોનો જે ઉઠાવ પોતે પોતાની અંતઃપીડિત એકલતાની વેદનામધુર પળોમાંથી કરે છે તેના તો હૈયે ચિર ભણકાર રહી જશે.

—ઝવેરચંદ મેઘાણી

એલ. કે. મેઘાણી
કલકત્તા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બે સમર્થ લેખકોની કૃતિઓ

← લેખક · તારાશંકર બંદ્યોપાધ્યાય
અનુવાદક · રમણિક મેઘાણી

રાષ્ટ્રની વર્તમાન પરિસ્થિતિની પાશ્ચાદ્‌ભૂ ઉપર બંગાળના આ યુગના નૂતન આદર્શ અનુપ્રણીત યુવકયુવતીઓનાં જીવન વિષે લખવાની લેખકની કલ્પના છે. એ કલ્પનાને આ પાનાંઓ ઉપર લેખકે સચોટ, મર્મગ્રાહી અને સમર્થ રીતે રજૂ કરી છે. આવી નવલકથા દસકા બે દસકામાં સહેજે ઘડાતી નથી. જીવનનું આવું દર્શન અંધારા આકાશમાં ચમકતા તારા જેવું છે.

પાના ત્રણસો અંશી
કિંમત રૂપિયા સાડા ચાર
ટપાલખર્ચ આઠ આના

શ્રી૦ શરદિન્દુ બંદ્યોપાધ્યાય કૃત→

નવીન ભાત પાડતી
ચોટદાર વાર્તાઓનો સંગ્રહ

અનુવાદકઃ રમણિક મેઘાણી

આ સંગ્રહમાંની એક વાર્તા વિષે સ્વ. શ્રી ઝવેરચંદ મેઘાણીનાં એક પત્રમાંથી.

× × × તમારું શરદિન્દુની વાર્તાનું 'કુમાર'વાળું ('ચંદનમૂર્તિ'નું) ભાષાન્તર બહુ સુંદર થયું છે. વાર્તા પણ અદ્‌ભુત છે. વાર્તા જ છે કે સત્ય ઘટના?

કિંમત રૂપિયા સાડા ત્રણ

★



પ્રકાશક–વિક્રેતા

એલ. કે. મેઘાણી, ૧૪ અમરતલ્લા સ્ટ્રીટ, કલકત્તા ૧

તમામ પુસ્તકો વિક્રેતાઓ પાસેથી આજે જ ખરીદો

CC-0.In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

KUMAR PRINTERY, AHMEDABAD